રચનાર

કવિ કૃપાશંકર ગંગાશંકર મહેતા

૫૦૫૩

નાશકારક ચોરી.

મુલ્ય રૂ ૨—૦—૦ બે રૂપીઆ.

૫૦૫૩

ડાંગવોપાખ્યાન
અથવા
નાશકારક ઘોડી.

સંસ્કૃત સાહિત્યુક્ત પંચાંકી નાટક.

રચિને પ્રસિદ્ધ કરનાર રૈકવ વિપ્ર—
કવિ કૃપાશંકર ગંગાશંકર મહેતા.

॥ इतर कर्मफलानि यदृच्छया ॥
॥ विलिख तानि सखं चतुरानन ॥
॥ अरसिकेषु कवित्व निवेदनम् ॥
॥ शिरसिमा लिख मा लिख मा लिख ॥

અમદાવાદમાં
" સમશેર બાહાદુર " છાપખાનામાં " સવાઈ-
ભાઈ રાયચંદે " છાપ્યું.
શાકે ૧૮૧૪ સને ૧૮૯૨
મૂલ્ય રૂ ૨—૦—૦ બે રૂપીઆ.

સંને ૧૮૬૭ ના ૨૫ મા આક્ટ પ્રમાણે રજીષ્ટર કરાવ્યું છે માટે કર્તાનો આજ્ઞાકારી લેખ મેળવ્યા શિવાય કોઇએ છાપવું, છપાવવું, અથવા ભજવવું નહીં.

अर्पण पत्रिका.

શ્રીમદ્ સદ્ગુરૂ પરમ કૃપાળુ પરમાત્મા—

કરૂણાશંકર ગણેશજી, રાવળ.

—સ્વસ્થાન—લીંમડી.

ઉત્કર્ષ— -હ્રદયાહ્લાદ—અથવા—

-હ્રદયમાં મુદ્રાંકિત થતા સ્નેહની છાયા,

મંદાક્રાન્તા વૃત્ત

આલ્હાદે આ સ્ફુરિત -હ્રદયે, સર્વ દેશાન્તરે જે,—
ખંડે ખંડે ભ્રમર ભમતો, જ્ઞાન કુન્ડાન્તરે તે;
લીપ્સાઓએ લલિત-રસના, દક્ષ! વૃક્ષે વળીને;
તૃપ્તી પામ્યો પિયુષ ઝરણું,-ઝીલતો જે મળીને.
આલ્હાદે આ -હ્રદય વિકસો, હર્ષ ઉત્કર્ષ દેશે,—
હર્ષોત્સર્ગે દિવિતિ! દિવિએ, મોક્ષદાત્રી-પ્રવેશે;—
શિષ્યોત્કર્ષે જલદ ઝરતો,-આત્મ-દેશે પ્રદેશે;
વૃન્દે વૃન્દે કમલ કલિકા, સીંચતો સર્વ દેશે.
ગ્રન્થીઓમાં રજકણુ કળા, પ્રેમ પાશે પડેલી;
બિમ્બે બિમ્બે રમણિય રવે,-સ્નેહ મુદ્રા જડેલી!!
જ્યાં ત્યાં દેખું-ચપળ ચપળા,-ઘૂમતી-હા! ઝુકેલી;
બ્રહ્માંડે એ ભ્રમણ કરતી,-કિન્નરે-રમ્ય કેલી.
ખીંચી લાવે સુઘડ જનને,- અર્પતી સ્વામિને એ;
સ્વામિ પોતે પ્રમહસિપદે, ભ્રાન્તિની શાન્તિ દેએ;
સ્થાપી અર્પે -હ્રદય મદથી, હા! અભિષ્ટો પ્રકાશે,—
સ્વાત્માને આ વિનય સહિતે અર્પતો શાન્તિ આશે.

લી૦ આપનો નવિન શિષ્ય—

કૃપાશંકર ગંગાશંકર.

નોટીસ

જે જે સદ્દગ્રહસ્થો અને નામદાર શ્રીમંત મહારાજાઓ તરફ આ પુસ્તક તેમના માન્ય ખાતર મોકલવામાં આવેલાં છે તે તે સદ્દગ્રહસ્થો અને નામદારો ઉગતા કવિઓના આશ્રય ખાતર આ પુસ્તકને કૃપા કરી ગ્રહણ કરશે એવી આશા છે અને જો તેઓને આ પુસ્તક પસંદ ના પડે અથવા તો રાખવાની મરજી નહીં હશે તો પુસ્તક પહોંચ્યાથી આઠ દીવસની અંદરમાં પાછું મોકલાવશે તો તે પુસ્તકને અમે પાછું ગ્રહણ કરીશું.

અમદાવાદ.		લી૦
તા૦ ૨૭—૭—૯૨	}	કૃપાશંકર ગંગાશંકર મહેતા.

॥ श्री गोवर्द्धनधरो विजयते ॥

ઊપોદ્‌ઘાત*

શ્રી મહાભારતમાંના કોઈ એક ભાગમાં વ્યાસ પ્રભુએ આ "ડાંગવોપાખ્યાન" વિષય વર્ણવેલો છે, જે આપણી સર્વોત્કૃષ્ટ ભાષા સંસ્કૃતમાં છે, તે ભાષાના જેટલો આનન્દાશ્ચર્ય ચમત્કાર અન્યભાષામાં એ પ્રમાણે લાવી મુકવો એ અત્યન્ત પરિશ્રમનું કાર્ય છે, છતાંપણ સામ્પ્રત સમયમાં એ માતુશ્રીએ ગુર્જર બાન્ધવોપર કાંઈ ન્યૂન કૃપા કરવાથી તેઓ તેમના પૂર્ણ પ્રભાવ સમજવાને કેવળ અશક્ય થઇ પડયા છે, તેથી આ આખ્યાનને ગુર્જર ભાષાનુસારે સુંદિર નાટયાકૃતીમાં ભાષાન્તરનું થોડુ ઘણું યોગ્ય રીતીએ ફેરફાર કરી લખવાનું યોગ્ય જાણી તેનો મેં આરંભ કર્યો છે, એ વિષયને પૂર્ણ ખીલાવટમાં લાવી રસીક કરી સાર્વજનોપયોગી કરવો એ મહાન્ વિદ્વજ્જનોનું કાર્ય છે, પરન્તુ સંસ્કૃત ભાષાના અભ્યાસનો ઉત્સાહને આજ પુસ્તકનું અધ્યયન એ દ્વિ કારણોએ કરીને આ કાર્ય મેં પોતાનેજ માથે લીધું છે, જેથી હું નિશ્ચય પૂર્વક કહુંછું કે આ વિવિધ પ્રકારના દોષોથી ભરપુર છે, પણ શાણા સુજ્ઞ વિદ્વજ્જનોને મારી નમ્રતાપૂર્વક એટલીજ વિજ્ઞપ્તી છે કે દોષિત્ ભાગને સુધારી લેઈ એના મુળ તાત્પર્ય ઉપર લક્ષ આપવા તસ્દી લેશો.

આ સંસાર સાગરમાં તરતાં જનોને ઘણી વખતે મોહ વમળ ડુબાવી દેછે, તે એવી રીતે કે તે મનુષ્યને પુનઃ જળ ઉપર આવી પોતાનુ કાર્ય સાધવાને કોઈપણ અવસર આપતું નથી, જો મનુષ્ય યોનીમાં ઉત્પન્ન થએલા પ્રાણીને આવી રીતે એકવાર મોહ વમળે પોતાની સત્તા નીચે લાધો તો ફરીને ચોરાશી લક્ષયોનીના ચક્ર ભ્રમણમાં પડવું પડે છે, જે ચક્રમાં પરિપૂર્ણ પ્રયાણ કરી ભ્રમણ કરતાં તે પ્રાંણિને અવર્ણિય દુઃખોનો અનુભવ થાય છે, માટે તે વમળ નિકટ ન વહન કરતાં મનુષ્ય માત્રે સાવધાન રહી નીજ કાર્યમાં પ્રવૃત્ત રહેવું એવો ઉપદેશ આ પુસ્તકનો છે

એમ હું સમજુછું, કારણ કે આ પુસ્તકમાં વર્ણવેલા નાયક "ડાંગવ" રાજાને મોહશત્રુએ પોતાને સ્વાધિન કરતાં પાણી ગ્રહણ કરેલી પત્નીનો તેણે ત્યાગ કરી ઉર્વશીનો સંયોગ થવાથી કેવાં ગહન દુઃખોનો ભોગ જો થઇ પડયો, તો *ચોરાશી લક્ષયોનીનું દુઃખ કેટલુ હશે? હું તો ખાત્રી પૂર્વક કહુછું કે મારી વિચારશક્તિ અને તર્કશક્તિ તે દુઃખોનું અનુમાન કરવાને ઘણીજ અશક્ત છે, કેમકે ભિન્ન ભિન્ન ભાસે ભિન્ન ભિન્ન બુદ્ધિ પ્રમાણે એક વિષયનો એકદમ સત્વર સહજ નિશ્ચય કરી પોતાનો અભિપ્રાય આપી દઇ કક્કો ન જાણનારા પુરા પંડિતરાજ થઈ બેસતું તેના જેવું છે, તેથી એ વિષયનો ન્યાયપૂર્વક નિશ્ચય કરવાને શાણા વિદ્વજ્જનોનેજ સોંપુછું.

માણુસને પોતાના [1]ષટ્શત્રુઓના વિપ્રિત વિચારથી વિરક્ત રહેવાને જીતેન્દ્રિય થવાની આવશક્યતા છે, હવે જીતેન્દ્રિય થવામાં પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયોનેજ વશ કરવી એટલે જીતેન્દ્રિય થયા એમ સમજવું એ અપૂર્ણતા દર્શાવેછે, કારણ કે તેમાં સર્વોપરી આપણું મુખ્ય જે મન આપણા સત્યાસત્ય સંપ્રદાયાદિ અનેક કૃત્યોને ઉત્તેજન આપવામાં જે પ્રમુખ છે તેને મારવું એટલે તેને સ્વાધિન કરવું, એજ મુ

---

* ॥ उक्तंचवृहन्नारादियपुराणे ॥ शार्दूल विक्रीडित व्रतम् ॥

लक्षंविंशति वृक्षयोनिजनिता लक्षंदशान्डोद्भवा ॥
लक्षंत्वाग्निमितास्तथा क्रमिगणा लक्षं नवाम्भोचरा ॥
लक्षारुद्रमितास्तथैव पशवो लक्षाब्धि संख्यानराः ॥
पूर्वपून्यसमुच्चयो भवति चेद्ब्रह्मण्ययोनिर्भवेत् ॥ १ ॥

અર્થ—વીશ લાખ વૃક્ષ (ઝાડ) યોની છે. દશ લાખ અંડજ (એંડા થકી ઉત્પન્ન થાય તે.) યોની છે. ત્રીસ લાખ ક્રમી (કીડા) યોની છે. નવ લાખ જળચર (પાણીમાં રહેનારા) યોની છે. અગીયાર લાખ પશુયોની છે. ચાર લાખ મનુષ્ય યોની છે. જો પૂર્વ જન્મનું પુન્ય સંચય થયેલું હોય તો મનુષ્ય યોનીમાં જન્મેછે. તેમાં ન્યાય માર્ગે વહન કરવાથી જન્મ મર્ણનો ફેરો ટળે છે. [1] કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, અને મત્સર.

ખ્યકાર્ય છે, અને જો તેમ થયું તો હું નિશ્ચય પૂર્વક કહુંછું કે મોહ વ-મળ ત્યાંથી હજ્જારો ગાઉને છેટે રહેછે; માટે હે વાચકવૃન્દ !! આર્ય-બન્ધુઓ! પહેલાં જે કાર્ય કરવાનું છે તેજ કરવું એટલે મનને મારવું જેથી આપણને આ ભવસાગર તરતાં કોઇ પણ પ્રકારનું અવલંબન આવી શકે નહીં.

હવે મોહ શત્રુજ આવો દુઃખપ્રદ છે એમજ નથી, પરન્તુ ક્રોધ પ-ણ હાનીકારક છે. એ સર્વેને સ્વિકારવા યોગ્ય છે, કારણ કે ક્રોધના આ-વેશમાં આવેલા જનો પોતે કેવા કાર્યનો આરમ્ભ કરે છે, અને તેવા કાર્યથી અન્તે કેવા પરિણામને પામે છે. એટલે સ્વલ્પમાં, ક્રોધાવેશી જનો જે પોતે અશુભ કાર્ય કરેછે, તેથી અજ્ઞાન હોય છે એમ જણાય છે, જેમકેઃ—જન્મેજય રાજાના પીતાને (પરિક્ષિત રાજાને) ભાવી બ-ળ વડે કરીને બ્રાહ્મણના શાપથી **તક્ષકસર્પ**ના દંશ દાહે પ્રાણ ખોવો પડયો હતો જેથી કરીને જન્મેજય રાજાએ ક્રોધાવેશમાં આવી "**સર્પ-સત્રયાગ**" એટલે "**નાગમેધ**" નામનો મહાયજ્ઞ પ્રારંભ કર્યો અને નિ-જ પીતાનો શત્રુવત્ વર્ત્તાએલો જે તક્ષક તેને તેની ખળતાના ખેલમાં છોડી દેઈ સર્વ નિરઅપરાધી પન્નગોનો અગ્નીમાં હોમ કીધો અને અ-ન્તે ભગવાન વ્યાસ પ્રભુના હાસ્યને પાત્ર થયો, માટે માત્ર મોહથીજ સાવધ રહેવું એ આવશ્યતું છે એમ જાણી કામાદી ષટ્ શત્રુઓના ઉપર થોડુંજ લક્ષ આપવું એ અન્તમાં શુભફળ દર્શક છે એમ હું કહી શકતો નથી.

કોઇ મહાન્ બળિષ્ટ જ્ઞાની ભગવદી પુરૂષને અપ્રસન્ન કરવાથી અ ને તેઓને છળવાથી વા, તેની સાથે વૈર બાંધવાથી અતુલ સુખ મુકીને અત્યન્ત દુઃખ ભોગવવું પડે છે, એ સર્વેને યોગ્ય રીતે માન્ય રાખવા જે-વું છે, કારણ કે ઘણા પુસ્તકોમાં તેમજ પ્રાચિન પુરાણોમાં અપ્સરા ઉ-ર્વશીને તેમ થવાથી ગહન દુઃખોનો અનુભવ થયો છે, અને તેઓના અ-ન્તઃકરણનો સંપૂર્ણ શાપ ભોગવવો પડયો છે; તેમાંનો આ એક અપ્સરા ઉર્વશીએ દુર્વાસા મુનીને અપ્રસન્ન કરવાથી અને નિંદવાથી કેવા દુઃખોનો અનુભવ કર્યો છે, તે વિશેનું આબેહુબ ચિત્ર દર્શાવી આપે છે.

પરમ કૃપાળુ શ્રી પરમેશ્વર જગત્પુજ્ય પિતા શ્રીકૃષ્ણ ભગવાન સાથે વૈર બાંધવાથી ડાંગવ રાજાને કેટલાંએક દુઃખો સહન કરવાં પડયાં છે, તે ઉપરથી હું ધારૂછુંકે આ વિષય પણ એક મોટી શીખામણ રૂપ છે; કારણ કે મહત્વવાનજનો સાથે વૈર બાંધવું એ અકાર્ય છે એમ એ એનુ ભાન કરાવે છે.

બીજું આ પુસ્તકમાં ડાંગવ રાજાની સ્ત્રીને લગતું વર્ણન છે, જે પોતાનો પતી દ્વિતિય પ્રિય પત્ની કરી સ્થાપે, વા કુલટાનો સંગ કરે, વા વેશ્યાનો યારી હોય, તો પેહેલીને વિરહાગ્નિ કેટલો સતાવે છે, તેનું ચીત્ર આબેહુબ દર્શાવી આપેછે, અને તેવી પિડિત સ્ત્રીને પોતાની શિયળ સાચવવાની અનન્ય વૃત્તિમાંથી ડગાવનારી કુલક્ષણી સ્ત્રીયો કેવી કેવી તરેહનાં કાવત્રાંઓ રચેછે, તોપણ જે સ્ત્રી ડગતી નથી તેનો અન્તે જય થાય છે; જેમકેઃ—આ પુસ્તકમાં વર્ણવેલા નાયક ડાંગવ રાજાની પાણી ગૃહણ કરેલી પત્ની જે દેવી મહારાણી પ્રતિસ્પર્ધિ નાઈકાની ભુમિકા નિર્માણ કરી છે, તેને પોતાનો પતી દ્વિતિય પ્રિયતમા કર્યાનંતર તત્સંબંધે આપત્તિના આવેશમાં આવી પડવાથી પોતાની વિપત્તિને વિદારવાના વિપ્રિત વિચારમાં પરદેશ પર્યટન કરી પાર પડવા પૂર્ણ પ્રિતી પાળી પ્રયાણ કર્યાનંતર પોતાના પતિનો પ્રિય મિત્ર જે પ્રતાપસિંહ તેની પ્રેમદા હીરાકુમારી જે રત્ન રૂપી રાજ પત્ની દેવી માહારાણીની અભ્યૂદય થએલી રાજરિદ્ધિના સમયથી પ્રેમપાશના આવર્ણમાં અવલંબન પામેલી એવી પ્રિય સખીની ભુમિકા નિર્માણ કરી છે, તેમજ તત્‌રાજ્યાશ્રયી મર્કટમણિસિંહ તેની પ્રેમદા શેમસેલનિહાર નામની તે બેઉ સતી સ્ત્રીયોનું નૂતન સખિત્વ પામેલીની ભુમિકા નિર્માણ કરી છે, તેણે શાવકવત્ નેષ્ટાચર્ણે નિંદ્ય કંદર્પ કુકર્માનુસારે ન્યાયમાર્ગેતરેપક્ષે જાર કર્મ કર્તાં સુંદિર સ્વચ્છ સુગંધીદાર સ્વાદિષ્ટ ફળ સ્વાનુભવ સિદ્ધ સંકલ્પ સમજ્યા પશ્ચાત્ સતી સખીત્વ પામેલા સંગથી શુની સુરભી સમાગમ સમયવત્ સંવાદ સાંધ્યાનંતર સંકોચાતી સુકાએલા સાપને સાંણસામાંથી સરી પડનો સંપૂર્ણ સમજીને પરપુરૂષ પ્રિતી દ્રઢ કરી પ્રેમપાશમાં પરિપૂર્ણ મગ્ન માની પ્રમાણ થએલી એટલે સ્વેચ્છાથી જારકર્મ કરનારી, પો-

તાની સુતન્વી સતી સખી દેવી મહારાજીને વિવિધ પ્રકારે કુછંદ કળા ક-મળ કાન્તાને કળામાં લાવી ક્રિયાથી કાયામાં કારમા ફાટી ક્રમી ઉત્પન્ન ક-રવાનાં સંપૂર્ણ સાહિત્ય સાધન કરી ગુપ્ત જાર કર્મનો જંગી જમાવ જ-માવીને જાર કર્મ જમાવવાની જરૂરતા જાણીને કુટિલ કાકભુષંડી કુચ્છિત કર્મ કરનારી કાર્તિક માસની કન્યકાકૃત વ્યભિચાર વર્ત્તનારી કામની, એક જામનીમાં ઉપર વર્ણવેલી રાજરત્ન રૂપી રામાની રઢીયાળી રિદ્ધિને રંડા રમતમાં એટલે એક નિમિષ માત્રમાં વિચ્છેદિત્‌જાણી લુંટાવવાની લાંબી લાલચથી લાભ લેવા લક્ષમાં લાવેછે, પણ તત્સમયમાં તે ચાર ચતુરા ચતુરાઈ ચુકયા વિના ચીરકાળ ચપળતા ચાહન કરતાં, ચીત્ત ચંચળ રા-ખી તે ચુડેલના ચક્ષુએ અંચલ બાંધી સમય સુચકતાનું સાધન કરી તે ચાંડાળીની ચોટને ચુકાવી ચિમનાચરતી કેવી શૂરવીરપણે સુધર્મ સંપાદન યુક્ત ન્યાય માર્ગે વહન કરતાં સતિત્વનું સંપૂર્ણ સંરક્ષણ સાંધી શિયળ વૃ-ત્તનું સાધન કરી પતિવૃતા ધર્મને સ્વાધિન કર્યાનંતર શિયળ સ્વરૂપી અ-ત્યુત્તમ શૃંગાર સુંદિર સાહિત્યયુક્ત સ્વપતિ વિરહ વેદના વમન કરેલા વાંરી વત્ વર્તિને અભ્યૂદય થયેલી આપત્તિનો અંત આણી અવસાન સમય સુચન થયા સતાં સર્વ દુઃખોનો સમાવેશ કરી પરિધાન કર્યાનંતર તે હીત શત્રુને શત્રુવત્ વર્તિ દુરાચર્ણિના દુર્ગોણોનો દુર્બોધ જાણિ નિષ્કલંકવત્ વ-ર્તનારી પાપી પ્રેમદા જે સેમસેલનિહાર તેનો સંપૂર્ણ પાપ કુંભ પ્રકાશ થઇ છલકાઇ જવાથી છાંની રીતે છળભેદ કર્યા છતાં પણ છેતરાએલી છેલ્લા વખતે પોતાના મન માનેલા મર્કટમણિસિંહને દુષ્ટ વિચારમાં લાવી દુષ્ટ વિચારથી સ્વહસ્તે લખાવેલો એક પ્રિયપત્ર સતી સખી હીરાકુમારી પ્રતી અપાવવાના પ્રયત્નમાં શ્રીરાજપત્ની દેવી મહારાજી સમક્ષ આવી મળવા થી કેવી રીતે તે સેમસેલનિહારને અને તેના મન માનેલા મર્કટમણિસિં હને ધીટકાર કરી તે અભિસારિકાના અહિત આભર્ણોનો અન્ત આણ્યાનં-તર સાનન્દાશ્ચર્ય યુક્ત ફરી મુખાવલોકન નહિ કરતાં પુનઃ પોતાની પાસેં પ્રવેશ ન કરે તેવા પ્રયત્નથી તેનો એકદમ અંતર્ક્રોધે સત્વર પરિત્યાગ કરે છે, પશ્ચાત્ પોતાના પાળેલા પરિપૂર્ણ પતિવૃતા ધર્મના પૂન્યપ્રભાવે પોતા-નો પતિ સત્વર વેગથી આવી મળેછે, એટલે સંપૂર્ણ સુખભોગવ્યાનંતર

ઇશ્વરનું ધ્યાન ધરતાં આ લોકમાં સુખ પૂર્વક રહીને અન્તે મોક્ષ ધામ એટલે સર્વોપરી અક્ષય ગોલોકની પ્રાપ્તીને પામેછે, એ પરપ્રિતી રૂપી વિ-પયની વિષ વલ્લરીને મન રૂપી વારિવાળી વધારવાની વિવેચના વર્તાવવી એ અકાર્યછે, એમ એ એનું ભાન કરાવેછે; એ સારી સ્ત્રીયોને ઉત્તેજક અને કુચાલવાળી કુલટા સ્ત્રીયોને શિખામણરૂપ છેઃ—ચાલતા કાળમાં ઘણી ખરી સ્ત્રીયોને થોડું વિદ્યાજ્ઞાન અને વિચાર કરતાં જો એને ગણીએ તો કશા લેખામાંજ નથી એવું જ્ઞાન આપવામાં આવેછે, તેથી સાંપ્રત સમ-યની પ્રમદાઓમાં ઘણુંજ થોડું જ્ઞાન હોયછે, જેથી કરીને કપટી, કુચાલી અને સર્વ દુર્ગાણોમાં શિરોમણી દુર્ગુણવાળી એટલે શિયળવૃત્ત ભંગ થયે-લી અને શિયળવત્ત ભંગ કરાવનારી સ્ત્રીયો ઘણીજ ફાવી જાય છે, અને તેણેજ કરીને પરપ્રમદા સંભોગ નામનો મોટો દુર્ગુણ કલીયુગમાં પ્રસ-રતો ચાલ્યોછે, પરન્તુ પ્રાચિન સમયમાં વિદ્વાન સ્ત્રીયો આગળ ઉપર વ-ર્ણવેલી કુટિલ સ્ત્રીયોનું કેટલું ચાલવા દેતી હતી, અને તેમને કેવાં કેવાં શાસ્ત્રનાં પ્રમાણ આપી તેઓના બોલવાને અમાન્ય કરતી હતી, જેથી ક-રીને ઉપર વર્ણવેલો દુર્ગુણ કેવી ટુંકી સ્થિતીમાં આવી પડતો હતો, એ જોવા લાયક નાટય આબેહુબ ચિત્ર દર્શાવી આપેછે.

મનુષ્યની એકજ સ્થિતી રહેતી નથી, કોઇ વખતે એવો સમય આવી પડે છે કે સ્વજન સાથે પણ વિરોધ કરવો પડે છે, પોતાનો અ-ત્યન્ત પ્રિયકર હોય છે તથાપી તેની સાથે પોતાના કુળનો ધર્મ સાચવ-વા માટે વા પોતાનું વાક્ય પાળવાને માટે વા કોઇ પ્રાણીપર અનુકંપા ઉત્પન્ન હોવાથી હરેક પ્રકારે પણ પરસ્પર મર્યાદા મુકીને વૈર ભાવે યુદ્ધ કરવું પડે છે તેથી પોતાના નિરંતર શત્રુ થઈ રહેનારા ઘણાજ ફાવી જાય છે, અને તેવોના યુદ્ધને કૈમારાવસ્થાનો ત્યાગ કરાવી યૌવાવસ્થાજ વ્યાપ્ત રહે એવા ઉપાયોની યોજના કરે છે, અને તેઓની સંપૂર્ણ સા-લ્હાદનો સત્કાર કરી હાંશીની વૃદ્ધિ કરે છે, વળી કોઇ અજ્ઞાત હોય તેને હાસ્યરૂપે કેવી રીતે જણાવે છે.

આ પ્રચાર શ્રી ગુર્જરભુમીમાં ગુર્જર ભાષાનુસારે શ્રીકૃષ્ણાશ્રયથી રચાયેલું શ્રેયસ્કર નાટય સંસારાનુસરતા વિનિમય વ્યાવહારિક સુધર્મ

સંપાદન યુક્ત ન્યાય માર્ગે વહન કરનાર સર્વ સાક્ષર મંડળ સમક્ષ, નમ્રતા પૂર્વક વૃદ્ધ શિક્ષા સમાન સુબોધ યુક્ત સર્વરસાલંકાર સંપ્રકાશિત, પરમેશ્વરાભિમુખ પ્રાપ્તિ પ્રમાણ, ભવાબ્ધિ સંપાદન દુઃખ દર્શિત, ત્રિવિધી તાપને દુરાવસ્થા દર્શિત, યથાજ્ઞાનેન સંપાદન શૈલી, મન્દ બુધ્યાનુસારે મારી શક્તિથી લખાએલું મુકવાની અનિવાર્ય અભિલાષા ઉત્પન્ન હોવાથિ આ "ડાંળવોપાખ્યાન" નામનું નવિન નાટય મુકવાનો જે અત્યન્ત શ્રમ લઉછું તે વૃથા નહી જાય એમ હું ધારૂંછું.

વાચકવૃન્દ ! આ પુસ્તક માત્ર આખ્યાનાકારે એટલે નાટયાકૃતીમાં ન હોવાથી તેનુ ભાષાન્તર કરવામાં મૂળની સાથે મેં વધારે લક્ષ આપ્યું નથી—કારણ કે યથાસ્થિત પૂર્વોક્ત ડાંગવોપાખ્યાનાકારે નાટયા કૃતિમાં લેખન કરતાં નાટયાભિધાન આપી શકાતું નથી, કેમકે નાટક શાસ્ત્રની શૈલીથી ભિન્નતા જણાવેછે, જેથી લેખન કરતાને લેખક દોષ દર્શાવી આપે તેમછે, માટે તે આખ્યાનાનુસારે રૂઢિ પ્રસિદ્ધ મિશ્ર નવલ વાર્ત્તા નિવેદન કરી દુર્ગોણાનો દુર્બોધ દર્શાવી શિયલનો સર્વોપરિ અત્યુત્તમ અક્ષય બોધ તથા એવા કામાન્ધ પુરૂષોને તેમજ કુટિલ સ્ત્રીયોને કર્ણભંગ શિક્ષા સમાન સુબોધયુક્ત સદ્ગ્રન્થોનું અવલોકન તથા ધર્મ ધુરિન્ધર પુસ્તકોનું શ્રવણ અહર્નિશા રહે એવા હેતુથિ ડાંગવોપાખ્યાનાતિરિક્ત ક્વચિત્ વિષય વર્ણવેલો છે અને નાટય સંજ્ઞા સંપાદન કરી છે.

"સાહિત્ય દર્પણ"માં દર્શાવ્યા પ્રમાણે આ આખ્યાનને ત્રોટક રચનામાં પણ રચી શકાય તેમ છે, કારણ કે પાંચ, સાત, આઠ, કે નવ અંક પણ થઇ શકે તેમ છે, દેવતાઇ વર્ગ (દૈવી મનુષ્યો) ભૂવર્ગ મનુષ્યોની સાથે પાત્ર વર્ગમાં પણ ઉતરે છે; માત્ર વિદૂષકના નિયમ પ્રમાણે સર્વત્ર વિદૂષક આવી શકતો નથી, અને પ્રાધાન્ય રસ યથાયોગ્ય આવી કૈશિકી આદિ વૃત્તિનું યથાસ્થિત સ્વરૂપ આવી શકતું નથી. (કૈશિકી, ભારતી, આરભટી, અને સાત્વતિ એવી ચાર પ્રકારની દ્રશ્યમાં વૃત્તિઓનું સ્વરૂપ સંધાય છે; તેમાં પ્રાધાન્યપણે ત્રણ ત્રણ રસ પરસ્પર મળવાથી વૃત્તિનું એકેકુ સ્વરૂપ બંધાય છે, જેમકેઃ—કરૂણ, હાસ્ય અને શૃંગાર, એ ત્રિ રસ મિશ્રિત હોવાથી "કૈશિકી" વૃત્તિનું યથાયોગ્ય સ્વરૂપ બંધાયું

એમ ગણાય છે. વીર, અદ્ભૂત, અને હાસ્ય, એ ત્રિ રસ મિશ્રિત હોવાથી "ભારતી" વૃત્તિનું યથાસ્થિત સ્વરૂપ બંધાય છે. ભય, બિભિત્સ, અને રૌદ્ર, એ ત્રિ રસ મિશ્રિત હોવાથી "આરભટી" વૃત્તિનું યથાયોગ્ય સ્વરૂપ નિર્માણ થાય છે. અને તદ્રુત્, અદ્ભૂત, વીર, અને રૌદ્ર, એ ત્રિ રસ મિશ્રિત હોવાથી "સાત્વતી" વૃત્તિનું યથાયોગ્ય સ્વરૂપ સંધાય છે, તેમાં શૃંગારાદી રસવર્ણન કરવામાં પરસ્પર વર્ગ વૈર કે સ્વામિ વૈરનો કદાચિત્ સંભવ થાય છે તોપણ યથાયોગ્ય કૈશિકી વૃત્તિનું સ્વરૂપ સંપૂર્ણ આવી શકતું નથી, અર્થાત ખંડિત થએલું ગણાય છે, માટે સાહિત્યદર્પણાદી કાવ્ય કૃતિના ગ્રન્થકારે કેટલેક ઠેકાણે રસવર્ણન નિચે પ્રમાણે કર્યું છે:— **શૃંગાર** રસનો શ્યામ વર્ણછે, તેનું મુળ કારણ રતિ, અને તેના અધિપતી શ્રીકૃષ્ણ ભગવાન છે, (સઘળા રસને ઉત્પન્ન કરતા શ્રીકૃષ્ણજ છે, તે ક્યારે અને કયે કયે સ્થળે કયા કયા કારણસર તે નવ રસને ઉત્પન્ન કર્યા, અને શાકારણથી શૃંગાર વિનાના આઠ રસને બીજા સ્વરૂપને સ્વાધીન કર્યા એ સઘળું વિસ્તાર પૂર્વક લેખન કરવાને ગ્રન્થભુયસ્ત્વના ભયથી અત્રે વિવેચના કરતો નથી, અને આ પ્રસંગે તેની જરૂર પણ જણાતી નથી; પરન્તુ જે જ્ઞાતાને પોતાની જીજ્ઞાસા તૃપ્ત કરવાની ઇચ્છા હોય તેમણે "**રસીક પ્રિયા**" નામના ગ્રન્થનું અવલોકન કરી પિયુષનુ પાન કરવું જેથી પોતાની જીજ્ઞાસા તૃપ્ત થશે.)

તે સંયોગ અને વિપ્રયોગ એવા ભેદથી બે પ્રકારનોછે. **હાસ્ય** રસનો શ્વેતવર્ણ છે, તેનું મુળ કારણ હસવું અને તેના સ્વામિ વામનજીછે, અને તે પણ ઉત્તમ, મધ્યમ, અને અધમ, એવા ભેદથી ત્રણ પ્રકારનો છે. **કરૂણ** રસનો કપોતના જેવો વર્ણ છે, તેનું મુળ કારણ શોકથી અનુંકંપાનું અભ્યૂદય થવું, અને તેનો સ્વામી કરૂણદેવછે, તેપણ સ્વનિષ્ઠ, પરનિષ્ઠ એવા ભેદથી બે પ્રકારનોછે. **રૌદ્ર** રસનો રક્ત વર્ણછે, તેનું મુળ કારણ ક્રોધ, અને તેનો સ્વામી રૂદ્રદેવછે. **વીર** રસનો સુવર્ણ જેવો વર્ણછે, તેનું મૂળ કારણ ઉત્સાહ, અને તેનો સ્વામી ઈન્દ્રદેવછે. અને તે દાનવીર, દયાવીર, યુદ્ધવીર અને ધર્મવીર, એવા ભેદથી ચાર પ્રકારનો છે, **ભયાનક** રસનો શ્યામવર્ણ છે, તેનું મૂળ કારણ ભય, અને તેનો દેવ યમરાજાછે, અને તેપણ સ્વ-

નિષ્ઠ, પરનિષ્ઠ, એવા ભેદથી બે પ્રકારનો છે, **બિભત્સ** રસનો નીલવર્ણ છે, તેનું મૂળ કારણ જુગુપ્સા, અને તેનો સ્વામી મહાકાળ છે; અને તેપણ સ્વનિષ્ઠ, પરનિષ્ઠ, એવા ભેદથી બે પ્રકારનો છે. **અદ્‌ભુત**રસનો પીતવર્ણ છે, તેનું મુળ કારણ વિસ્મય પ્રાપ્તી, અને તેના સ્વામી બ્રહ્માછે, તે પણ ઉપર પ્રમાણે સ્વનિષ્ઠ, પરનિષ્ઠ, એવા ભેદથી બે પ્રકારનોછે. **શાન્ત** રસનો ચન્દ્રબિંબ સાદ્રશ વર્ણછે, તેનું મૂળ કારણ નિર્વેદ, અને સત્વગુણી અને તેના સ્વામી પરબ્રહ્મનારાયણ છે. રસશાસ્ત્રને જાણનાર શ્રેષ્ટ કવિઓએ રસમાંથીજ રસની ઉત્પત્તી કહેલી છે, શાસ્ત્રવેત્તા યથાયોગ્ય રસનું વર્ણન કરવાવાળા પુરૂષો એમ કહે છે કે, શૃંગાર રસથી હાસ્ય રસ ઉપજે છે, અને કરૂણારસમાંથી રૌદ્રરસનો આવેશ આવે છે, અને અદ્‌ભૂત રસમાંથી વીરરસ શૂરપુરૂષોમાં ઉપજે છે, અને તેમજ બિભત્સરસમાંથી શાન્ત અને ભયાનકનો પ્રાદુર્ભાવ થાય છે. નવરસમાં જે પરસ્પર શત્રુતા પ્રાપ્ત થયેલી છે, તેને પણ વક્તવ્યતાએ નીચે પ્રમાણે વર્ણવી છેઃ—બિભત્સ અને શૃંગારને અન્યો અન્ય નિરંતર શત્રુતા રહેલી છે, તેમજ વીર અને ભયાનકને પરસ્પર હંમેશાં શત્રુ ભાવછે, તેમજ કરૂણા અને હાસ્ય રસને પણ અન્યો અન્ય શત્રુતા રહેલી છે. હવે શૃંગારાદિ નવરસ વર્ણન કરવામાં તેના જે જે ભેદ ઉપર વર્ણવ્યા છે, તેમાં આ નીચે પ્રમાણે નિયમ છેઃ—શૃંગાર રસમાં સંયોગ શૃંગાર અને બીજો વિપ્રયોગ શૃંગાર એવા બે પ્રકારનો નિર્ણય છે, તેમાં સંયોગ શૃંગારમાં કાંઇ પણ પ્રેમનો નિયમજ નથી એમ વર્ણવાય છે, અર્થાત્ અવર્ણિય પ્રેમાશક્ત પ્રતિમાનું ચિત્ર આપી શકાય છે. તેમજ વિપ્રયોગ શૃંગારમાં સ્ત્રી પુરૂષની જુદાઈને લીધે પરસ્પર એક બીજાના હૃદયમાં અખંડ પ્રેમ વ્યાપી રહેલો વર્ણવાય છે. તેજ પ્રકારે નવે રસના ભિન્ન ભિન્ન ભેદ કાર્યવશાત કામમાં લાવવાનો નાટકશાસ્ત્રમાં નિર્ણય કરેલો છે. એક રસમાં બે અથવા ત્રણ રસ મિશ્રિત થવાથી પ્રત્યનીકાદિ પંચદોષ દર્શાવી આપે છે, જેમકેઃ—બિભત્સરસમાં વીર અને શૃંગારરસનું વર્ણન કરે, તેમજ કરૂણા રસની મધ્યે રૌદ્ર રસનું વર્ણન કરે ત્યારે "પ્રત્યનીક" નામનો દોષ થાય છે. જે સ્થળને

વિષે નાયક અથવા નાયીકા એક બીજાના હૃદયમાં કપટ રાખીને આલિંગન કરે ત્યારે એવી રચનામાં "નિરસ" નામનો દોષ થાય છે. જે રચનામાં એક સ્થળે અનુકુળ અને પ્રતિકુળ વર્ણન થાય છે, ત્યારે "દુઃસંધાન" નામનો દોષ થાય છે. જ્યાં રસની ઇચ્છા નથી ત્યાં રસીક કવિતાનું વર્ણન થાય ત્યારે "પાત્રદુષ્ટ" નામનો દોષ થાય છે.) જો કે હાસ્ય અને શૃંગાર ક્વચિત્ ક્વચિત્ આવે છે, તોપણ શું ? તે પ્રાધાન્યપણે નહીં, એટલે ખંડીત થયેલું ભાસે છે, અને પ્રત્યનીક, નીરસ, વીરસ, દુઃસંધાન, અને પાત્ર દુષ્ટ એવા એવા કેટલાએક દોષ રેખા વૃત્તિ સ્વરૂપ છિદ્રયુક્ત થાયછે, તેમજ ચતુર્વિધાકૃતિમાં ભિન્ન ભિન્ન રસયુક્તિ રમણ કરે છે, એટલી ખામાંથી તાણી તુશીને ત્રાટક રચના રચવી પડે છે, માટે તેમ કરતાં મારી કલમને અટકવાની આજ્ઞા માગી નાટક નિયમાનુસારે મુખ્ય દશ રૂપકમાંથી "નાટક" સંજ્ઞા જેની છે તે સંજ્ઞામાં ઉતારૂં છું, આ આકૃતી નાટક શાસ્ત્રના નિયમ પ્રમાણે દ્રશ્યના દશ રૂપકમાં જે દશ ભેદ છે, તેમાંથી નાટક સંજ્ઞાનો જે ભેદ દર્શાવ્યો છે, તે રૂપકમાં જાય છે, જો કે:—ઘણા ભાગમાં શૃંગાર રસ કરતાં કરૂણારસનું પ્રાધાન્ય વિશેષ હોવાથી આમાં કાંઈ પણ અંક સંજ્ઞાનું લક્ષણ ભળી શકે છે, અને નાયક, ઉપનાયક, પ્રતિસ્પર્ધિનાયક, નાયીકા, ઊપનાયીકા, પ્રતિસ્પર્ધિ નાયીકા, અને વિષય વિરોદ્ધત નાયક નાયીકા જેની સંજ્ઞા પ્રાપ્ત થાય છે, ત્યાં શૃંગાર રસ પણછે, તેમજ નીચ પાત્રો, સમપાત્રો અને ઉત્તમપાત્રો પણ છે, અધમાધમપાત્રો સંપૂર્ણ સંયુકત નથી, એ સર્વત્ર મિશ્રિત હોવાથી આ પુસ્તકની નાટક સંજ્ઞા યોગ્ય ધારી મેં તે નામ રાખ્યું છે; પરન્તુ કાવ્યાલંકાર તથા નાટક રૂપકના પ્રવિણ પુરૂષોને કદાચિત્ દોષ યુકત દર્શાયમાન થાય તો તે ક્ષમા કરી માત્ર દ્રષ્ટાન્તસિદ્ધ સમજી વાંચી લેવું, એવી મારી નમ્રતા પૂર્વક સર્વેને વિજ્ઞપ્તિ છે.

પૌરાણિક કથા ભાગ અને બીજી કેટલીએક જાણવા જેવી સુચના આપવાને માટે તે શબ્દ અથવા નામ ઉપર "क" થી તે "ग" સુધી અક્ષર માંડીને ગ્રન્થની છેવટે "પરિશિષ્ટ" આપ્યું છે. તેમાં જે જે ગ્રન્થોમાંથી બાહ્યસ્વરૂપ અને અંતર્ગતસ્વરૂપમાં વર્ણવેલી વાર્તાઓ લાગુ પડતી

લીધી છે, માટે તે તે ગ્રન્થકારોનો હું માન્ય પૂર્વક મ્હોટો આભાર માનું છું અને તેઓનાં નામ પણ તેને છેડે સંજ્ઞામાં દર્શાવી આપ્યાં છે.

આ પુસ્તકના પ્રુફસીટો મારાથી મારી કેટલીએક અનિયમિત વ્યવસાને લીધે બરોબર તપાશી શકાયાં નથી માટે હરકોઇ જગોએ છાપની ચુક રહી ગઇ હોય તો તે વિદ્વાન ગૃહસ્થોએ સુધારીને વાંચી લેવું એવી મારી સર્વેને વિજ્ઞપ્તિ છે.

આ પુસ્તકની રચના જુદા જુદા રંગમાં થયેલી છે કારણ કે આરંભ કર્યા પછી ખેદ પમાડનારાં બેહદ વ્યવધાનો મારા શીરે પર આવી પડયાં હતાં; તોપણ આમાંનો કેટલોએક ભાગ મારી મસ્તદશામાં લખાએલો છે તે બેશક વાંચીને વિચાર કરવા લાયક છે; એમ કેટલાએક વિદ્વાનોનું મત છે.

આ પુસ્તકમાં મારા પ્રિયમિત્ર ભાઇ જગમોહનદાસ વંદરાવનદાશ શેઠ જે. પી. તથા ભાઇ લાલભાઇ દલપતભાઇ શેઠ તથા ભાઇ ચીમનલાલ મોતીલાલ શેઠ. સામળ બેહેચર વાળા તથા ભાઇ સારાભાઇ, દલપતભાઈ અને પુરૂષોત્તમભાઇ મગનભાઇ હઠીશંગ તથા ભાઇ શીવલાલ હરીલાલ એઓ ગર્ભ શ્રીમંતોએ મારા પ્રતિ મિત્ર મમતા દર્શાવીને મને જે અત્યુત્તમ આશ્રય આપેલો છે તેથી હું તેમનો માન્યપૂર્વક મોટો આભાર માનું છું.

આ પુસ્તકનાં હેન્ડબીલો ઘણા વખત થયાં નિકળેલાં પણ કેટલાએક સ્નેહીઓના તેમજ તિર્થરૂપના કૈલાસ વાસને લીધે પુસ્તક ઘણુંજ મોડું બાહાર પડે છે તેથી અગાઉના ગ્રાહકો ક્ષમા કરી માન્યપૂર્વક પુસ્તકનો સ્વિકાર કરશે એવી આશા છે;

સને ૧૮૯૨ શાકે ૧૮૧૪ — લી. કવિ કૃપાશંકર ગંગાશંકર મેહેતા
અમદાવાદ પંચભાઇની પોળ — ગ્રંન્થ કર્તા.



डांगवोपाख्यान.

अथवा

नाशकारक घोडी.

અંક ૧ લો.

પાત્રજનો.

સૂત્રધાર............નાટકાચાર્ય
સુભાગ્યવંત........તેનો એક સહાયકારી નટ
કુમારીકાઓ........વરવાંચ્છિત કન્યકાઓ
વિદુષક............એક સહાયકારો મસ્કરો
નટી..............સૂત્રધારની સ્ત્રી
શૌનક.............શુનકરૂષિનો પુત્ર અને રૂષિમંડળનો મૂખ્ય વૃદ્ધાવસ્થાનો રૂષિ.
ચ્યવન.............ભૃગુરૂષિનો પુત્ર અને રૂષિમંડળનો અગ્રેસર રૂષિ
સુતપૌરાણિક.....રોમહર્ષણનો પુત્ર અને રૂષિમંડળનો વકતા (પુરાણી)
જન્મેજય..........પરિક્ષિત રાજાનો પુત્ર અને હસ્તિનાપુરનો રાજા
ચંદ્રશેન............તેનો એક પ્રાણપ્રિય મિત્ર
વ્યાસ..............પરાશર મુનિના પુત્ર ભગવાનનો ચોવીસમો અવતાર અને કલીયુગના વ્યાસ મુનિ
વૈશંપાયન.........એક મુમુક્ષુ ઋષિ અને વ્યાસ મુનિનો શિષ્ય

૫૦૫૩

॥ श्री कृष्णायनमः ॥

ડાંગવોપાખ્યાન.

નાશકારક ઘોડી.

(*નેપથ્યે Pનાન્દી) **અંક ૧ લો.**

शार्दूलविक्रीडित वृत्तम्.

कृष्णोमे विहितं करोतु सततं, कृष्णं भजे सादरम् ॥
कृष्णेनाप-हृतं समस्तदुरितं, कृष्णेनदत्तं धनम् ॥
कृष्णान्मुक्ति रभिस्मिता सरभसं, कृष्णस्य पुत्रोस्म्यहम् ॥
कृष्णे रंजतुमे मनः करुणया, भोकृष्णमां पालय ॥ १ ॥

(રંગ ભુમીમાં નાન્દી) શાર્દૂલવીક્રીડિત છંદ.

જેને વેદ વિષે વદે પ્રથમથી,—વિશ્વાસ વશે ભણ્યો;
એવો એક પવિત્ર [1]પુંસ અવની, આકાશ વ્યાપી રહ્યો;
અન્યાર્થે ન મળે પ્રવેશ ભવમાં,—બ્રહ્માંડ બારે કર્યો;
[2]રૂદ્રાગે શિવ શબ્દ સાર્થક થયો, [3]પદ્દાર્થે ઇન્દુ રહ્યો.

---

* નાટક કરતી વેળાએ પડદો નાખવામાં આવે છે તેની પાછલી બાજુએ નાટક કરનારા વેશ ધારણ કરેછે તે સ્થળ.

P મંગળાચરણ. ૧ પુરૂષ. ૨ શિવ માર્ગિના મત પ્રમાણે ઈશ્વર જગતમાં અગીયાર સ્વરૂપે પ્રસિદ્ધ છે, અને તે પ્રત્યેક રૂપને રૂદ્ર કહે-છે. તે વિશે શ્રીમદ્ ભાગવતના તૃતિયસ્કંધમાં દ્વાદશાધ્યાયે નીચે પ્રમા-ણે કથાનક છેઃ—બ્રહ્મદેવે અંધતામિસ્ત્ર, તામિસ્ત્ર, મહામોહ, મોહ અને અજ્ઞાન, એવી પાપી સૃષ્ટિ જોઇ, તેથી બ્રહ્માએ શ્રી વિષ્ણુભગવંતનુ ચિંતવન કરીને માનસીક સૃષ્ટિ ઉત્પન્ન કરી, તથા તેમાંઃ—

અંતમાં નિયમીત કાળ કરતાં, ⁴પ્રાણાયમે જે ચઢે;
એવો હોય ⁵મુમુક્ષુ પ્રાણિ પળમાં, ચાલ્યો ચઢે તે ગઢે;
પાછો યત્ન કરી વળે પલકમાં, શોધાય તેના કરે;
છે એવો પ્રતિપાળ એક Pયુગમાં, ગોગાવ¹યોગે ફરે.

सनकंच सनंदंच सनातनमथात्मभूः ॥
सनत्कुमारंचमुनीन्निष्क्रियानूर्ध्वरेतसः ॥ ९ ॥

અર્થ—સનક, સનંદન, સનાતન, અને સનત્કુમાર, એ પ્રકારે સનકાદિ ઉત્પન્ન કર્યા, અને તેઉને કહ્યું કે તમે સૃષ્ટિ ઉત્પન્ન કરો, ત્યારે તેમણે ઉત્તર આપ્યો કે અમે તો મોક્ષ (ગોલોકની પ્રાપ્તિને) ઇચ્છિએ છીએ, અમારે પ્રપંચ કર્તવ્ય નથી. એવું વચન સાંભળવાથી બ્રહ્માને તત્કાળ ક્રોધ ઉત્પન્ન થયો, જેથી બ્રહ્માની ભ્રૂકુટી થકી નીલવર્ણ પુરૂષ ઉત્પન્ન થયો, તેમણે મોટા શબ્દ કરીને રડવા માંડયું, અને કહ્યું કે મારૂં નામ પાડો. મને રહેવાનું સ્થળ બતાવો.—

यदरोदीःसुरश्रेष्ट, सोद्वेगात्त्वबालकः ॥
ततस्त्वामभिधास्यंति नाम्नारुद्रइतिप्रजाः ॥१०॥

એવાં તે બાળકનાં વ્યગ્રચિત્તનાં વચન સાંભળીને બ્રહ્મા કહે છે કે, રડીશમાં, છાનો રહે, પ્રજામાં તારૂ નામ રૂદ્ર પાડું છું, એ પ્રમાણે કહ્યા છતાં તે રૂદ્ર અગીયાર વાર રડયો, ત્યારે બ્રહ્માએ એનાં બીજાં અગીયાર નામ પાડી અગીયાર સ્વરૂપ ઉત્પન્ન કર્યાં અને એ અગીયાર સ્વરૂપને અગીયાર ઠેકાણાં, અગીયાર સ્ત્રીઓ આપી. તે અગીયાર સ્વરૂપનાં નામ નીચે પ્રમાણેઃ–

मन्युर्मनुर्महिनसो महांश्छिवःक्रतुध्वजः ॥
उग्ररेताभवःकालो वामदेवोधृतव्रतः ॥१२॥

અર્થ—મન્યુ. મનુ, મહિનસ, મહાન, શીવ, ક્રતુધ્વજ, ઉગ્રરેતા, ભવ, કાળ, વામદેવ, ધૃતવ્રત એ પ્રમાણે તેનાં નામ પાડી પછી તેઓને રહેવાનાં અગીયાર સ્થાનક આપ્યાં તેનાં નામ નીચે પ્રમાણે છેઃ—

हृदिंद्रियाण्यसुर्व्योम वायुरग्निर्जलंमही ॥

જેના પૂર્ણ પ્રભાવથી જગતમાં, સર્વત્ર કાર્યો કરે;
જેના નામ થકી જનો ભવતરી, મોક્ષસ્થ નામે ફરે;
નિત્યાનંદ કરાવનાર પળમાં, કલ્યાણ આજે કરો;
ભક્તિ સ્થીર થયે સધાય સઘળે,—[૭]પીનાકિ [૮]પાણી [૯]ધરે.

સૂત્રધાર—(નાન્દી થઈ રહ્યા પછી પ્રવેશ કરીને) હવે એટલો મંગળા ચરણ નો વિસ્તાર બહુ છે (નેપથ્ય ભણી જોઇને) સુભાષ્યવંવ ! આ સભા સદો એ પ્રાચિન કવિયોના રસ પ્રબંધ જોએલા છે, માટે હું અહીં એક નવીન ઉગતા વિદ્યાર્થિ શ્રી રાજનગર નિવાસી રૈકવ-બ્રાહ્મણ ગૃહસ્થ કૃપાધર વિરચિત "ડાંગવેપાખ્યાન" નામનું અપૂર્વ નાટક ભજવી બતાવવા ઈચ્છુછું, તેથી સર્વે પાત્ર વર્ગ પોત પોતાને ભાગ આવેલો [૧૦]ભુમિકા સંપૂર્ણ લક્ષ રાખીને ભજવે તેવું તેમને કહી રાખ.

॥ सूर्यश्चन्द्रस्तपश्चैव स्थानान्यप्रकृतानिते ॥११॥

હૃદય, ઈન્દ્રિયો, પ્રાણ, આકાશ, વાયુ, અગ્નિ, જલ, પૃથ્વી, સૂર્ય, ચંદ્ર, અને તપ, એ પ્રમાણે ક્રમે કરીને અગીયાર સ્થાન આપ્યાં. એટલે ઇશ્વર હૃદયમાં, ઇન્દ્રિયોમાં, પ્રાણમાં, આકાશમાં, વાયુમાં, અગ્નિમાં, જળમાં, પૃથ્વીમાં, સૂર્યમાં, ચંદ્રમાં, અને તપમાં પણ વ્યાપ્ત છે. વળી તેને અગીયાર સ્ત્રીયો આપી તેનાં નામ નીચે પ્રમાણે છેઃ—

धीवृत्तिरुशनोमाच नियुत्सर्पिरिलांऽबिका ॥
इरावतीसुधादिक्षा रुद्राण्योरुद्रतोस्त्रियः ॥ १२ ॥

અર્થ—ધી, વૃત્તિ, ઉશના, ઉમા, નિયુત, સર્પિ, ઈલા, અંબીકા, ઇરાવતી, સુધા, અને દીક્ષા. આ પ્રમાણે સ્ત્રીયો આપી.

૩ લલાટ રૂપી પાટલો, તેના અર્ધ ભાગને વિષે ચન્દ્રમા રહ્યો છે એવો. ૪ શ્વાસોશ્વાસ રોકવાની ક્રીયા. ૫ ધર્મનું જ્ઞાન મેળવવાની ઈચ્છા રાખનાર. P સત્યયુગાદિ. ૬ યોગાવયોગ તે કાંઇ જોતો નથી ને ભક્ત જનોની પાસે સાવધ થઇ જવાને સત્વર વિચરે છે એવો. ૭ મહાદેવજી. ૮ હાથ. ૯ નાટય કર્ત્તાના શીર ઉપર ધારણ કરો. ૧૦ વેશ.

નટ—(પ્રવેશ કરીને) જેવી આપની આજ્ઞા.

સૂત્રધાર—આ સભામાં પોતાનું હીત જાણી આર્યપંડીત જનો અત્રે આવાગમન કરી બીરાજેલા છે, તેમને હું શીર વડે પ્રણામ કરીને વિનતી કરૂં છું કેઃ—

આર્યા છંદ.

જાણો સર્વ તમે જન,—દારા મોહથી થનારૂં જે કાજ,
હે જન! ચિત્ત દઇને, સુણજો રચના રસીક તમે આજ.

(એમ કહી ગાવા માંડેછે.) **રાગ મરાઠી ચાલનો કલ્યાણ.**

શ્રી *વૃહત્પતી. સહાય થઈ દે સન્મતી,
આર્ય બંધુ બાળ કાજે કીધી આકૃતી.—ટેક.
ભર્તૃ[1] ભુમી[2]ભ્રાત[1]ભર્ણુ! ભર્તૃ[2]ભૂ[3]ભુવન;
પ્રૌઢ પ્રેમથી પ્રભાદે, ધરણીધર ધી વન. શ્રી વૃહ૦
ધીર ધર્ણુ વીર વર્ણુ, ન્યાઈ નરને નેક;
કળાને કૌશલ્ય કર્ણુ, તરૂણી તર્ણુ ટેક. શ્રી વૃહ૦
આદી નિતી પ્રિતી [4]ક્ષિતી, ક્ષય થઇ જણાય;
વરદઇ વિદાર કષ્ટ, [5]નષ્ટ સુખ સૃજાય. શ્રી વૃહ૦
સંહારી [6]ષટ્ શત્રૂ સાથે, સોંપી સુંદિર સંપ;
સ્વદેશાભિમાની જ્ઞાની, કાઢી કર કુકંપ. શ્રી વૃહ૦
ભરમ જે ભૂગોળ ભાળ, જાણુને જણાય;
સરળ પંથ શા'સ્ત્ર કેમ, કોઈને કળાય. શ્રી વૃહ૦
તે પ્રયાણ કાજ આજ, આ કરે સમાજ;
ખેલવંત ખંત મહંત, શોધીને સુ કાજ. શ્રી વૃહ૦
"આર્ય સુબોધ" સૌને બોધ, દેછે જે અવશેષ;
પ્રાચિન પોતે ગ્રન્થો ગુંથી, ભજવે ભારી [7]ભેષ, શ્રી વૃહ૦

---

* અનંત કોટી બ્રહ્માંડના અધીપતી, મહોટામાં મોટાના પતી.
૧ ભરણ પોષણ કરનાર. ૨ પૃથ્વી. ૩ ઘર. ૪ પૃથ્વી. ૫ ભાગી ગયેલું. ૬ કામાદિ ષટ્ શત્રુ. ૭ વેશ.

વીર વર્ણવ્યો વીશાળ, શાન્તને શૃંગાર;
ગ્રાહક ગૃહણ કરશો કરૂણ, હાસ્યનો સુસાર. શ્રી વૃહ૦
ગુણવંતા ગુણના ગ્રાહક સૌ, વિનતી ધરજ્યો ધ્યાન;
ક્ષમા કરી સ્વીકારો આને, આપી આદરમાન. શ્રી વૃહ૦
*શામળિયા સુંદિર વર માગું, આપો સુતને આજ;
સહાય કરી આ સૂત્રધારને, વત્સ વિજયને કાજ. શ્રી વૃહ૦

નટ—હે આર્ય નાટકાચાર્ય! પ્રથમ આપણે પરિજન સહિત સર્વોત્તમ વાગ્દેવ્યાનું સ્તવન કરીશુ? કે જેથી આપણું કાર્ય સાફલ્ય થાય.•

સૂત્રધાર—હા જેવી તારી ઇચ્છા. પણ શ્રેષ્ટ સંપ્રદાય તો એમજ છે કે, આવા શુભ કાર્યાવસરે આદૌ સત્વર તે માતુશ્રીનું સ્તવન થવું જોઇએ.

નટ—(પોતાના હાથમાં એક વીણારૂપી વાદીત્રથી સંગીત શાસ્ત્રાનુસારે નૃત્ય સહિત સ્તવન કરવું ઇચ્છિને વિણાને સ્વરાનુરાગે ચઢાવવાનો પ્રયત્ન કરે છે. તે સમય નેપથ્યમાંથી ઝીંણા અને ઉંચા સ્વરે સાત કુમારિકાઓ એક સ્થાનકે ગોળાકારે ભ્રમણ કરતાં પોતાના [1]વૃન્દ મધ્યે એક [2]મ્રેન્મય કુંભ જળે સહવર્ત્તમાન [3]કાર્પાસરક્ત તંતુ વેષ્ટિત પુષ્પાક્ષત ચંદન કુમકુમથી સુસોભીત કરેલો મુકીને સર્વે કુમારીકાઓ તે કુંભને નમન કરતાં ફિકરે તાળી પાડી ગાંન કરતાં ઉભાં થાયછે)

કુમારીકાઓ— ગરબી છંદ.

"પડવેની પણ પ્રીત, ગટમટ ભુલીરે;
મારે હરી વીના એક વાત, સર્વે સુનીરે." એ રાગ.

(નેપથ્ય અંતર્ગત થાય છે, ને ઉપરનો સઘળો દેખાવ દેખાય છે.)

સુખદાયક મારી માત, આજ પધારોરે,
આ બાલકડાંના બોલ, માત સ્વિકારોરે. આ બાલ૦
દુઃખ ભંજન રંજન માત, માન વધારોરે;

---

* શ્રીકૃષ્ણ. ૧ ટોળું. ૨ માટીનો ઘડો.
૩ કપાસનો રાતો કરેલો તાંતણું વિંટેલો

આ [1]પંક[2]હિ બાળી નાંખ, માત અમારોરે. આ પંક૦
શુભ વાહન રૂડુ હંસ, આપ ધરોછોરે;
મા પુસ્તક રાખી પાસ, પાઠ કરોછોરે. મા પુસ્ત૦
જન લાયક મારી માત, જગ જયકારીરે;
મા વદન પુનમનો ચંદ, જાઊ બલીહારીરે. મા વદ૦
ત્રઇલોક તમારૂં તેજ, સર્વે ભાળેરે;
આ [3]પામર પંડિત થાય, મા તુજ માળેરે. આ પામ૦
[4]વિરંચિની જે બાળ, હરખું નિરખીરે;
છે કુમળ ઘણી મા કાય, [5]સોવન સરખીરે. છે કુમ૦
મમ રૂદે વસ્યાં જે માત, રંગ રશીલીરે;
નર સુરવર સારે સેવ, છેલ છબીલીરે. નર સુ૦
સ્વપ્ને પુન્ય પસાય, દરશન દીઠુંરે;
આ હરખ ન મનમાં માય, લાગે મીઠુંરે. આ હર૦
રમઝમ કરી મુજ માત, રમીએ રંગેરે;
આવોને આપણે ઘે'ર, સખીયો સંગેરે. આવોને૦
રવીવાર ઉઠી પ્રભાત, નીમ કરૂછુંરે;
મા ચન્દ્ર જુવોને ચિત્ત, ચિમ્ન ધરૂછુંરે. મા ચન્દ્ર૦
આલ્હાદ હવે પ્રકાશ, મંગળ કરીએરે;
જો બુધ તણું જે બીજ, અંતર ધરીએરે. જો બુધ૦
મા ગુરૂ કરયા વિણ આપ, આવી મળજોરે;
આ શુક્રવાર જો થાય, મા ઝટ વળજોરે. આ શુક્ર૦
મા શની સુખે શરમાય, ગણતર ગણતાંરે;
આ વાર ગણ્યા મેં સાત, ભણતર ભણતાંરે. આ વાર૦
અવલોકી મારી માત, પાવન થઈએરે;
મા કૃપા તમારી થાય, શંકર મળીએરે. મા કૃપા૦

---

૧ પાપરૂપી કચરો. ૨ નિશ્ચે.
૩ ગરીબ, અભણ. ૪ બ્રહ્મા. ૫ સૂવર્ણ.

નટ—અરે કુમારીકાઓ! ખોદે કોળ ને ભોગવે ભુજંગ કે?

સૂત્રધાર—સાંપ્રતસમયાનુસારે તા'રા કહેવા પ્રમાણેજ છે, કે બળી યાના એ ભાગ, પણ ભવતુ! તુંપણ મનેપ્સિત કાર્ય કરી લે.

નટ—(વીણા વગાડતાં) **પદ રાગ જંગલો.**

આજ માત પધારો પ્રેમથી હું સંભારૂ. ટેક૦
સ્મરણ કરૂં શ્રી સારદ માતને હું પ્રેમે;
જેથી સુખ સર્વે હું ધારૂ. આજ માત૦
મોટા માન વડે હે મુજ માત સંભારૂ;
તમ આવ્યે થશે સઉ સારૂ. આજ માત૦
સ્તૂતી આપ શુણી પ્રિતે પધારો મા ત્રૂઠી;
આવી દાન દીયે પ્રિય! વારૂ. આજ માત૦
ભલે ભાવ કરી ભવપાર હે માત ઉતારો;
વેણુ પુસ્તક પાણુમાં ધારયું. આજ માત૦
હંસવાહની આપ પધારો સન્મુખ ભાળી;
ત્રૈણ લોકમાં તેજ તમારૂ. આજ માત૦
નીમકહરામી કદી હું માત નથી થવાનો;
સોંપશો તે ચાકરી સંભારૂ. આજ માત૦
પધારો હે માત! પધારો, પ્રેમથી હું સંભારૂ;
પધારો પ્રેમથી હું સંભારૂ. આજ માત૦
આજ માત પધારો પ્રેમથી હું સંભારૂ;
આજ માત પધારો પ્રેમથી હું સંભારૂ.

(નેપથ્યમાં શબ્દ થાય છે કે,—

આર્યો નમન કરો! નમન કરો!! (એટલામાં સરસ્વતી હંસારૂઢ થઈ પડદામાંથી સંગીત નૃત્ય કરતાં પ્રવેશ કરેછે.)

સૂત્રધાર—(વિનય પૂર્વક નમન કરતાં) જયજય, માતુઃ! આપના ચરણ કમળ પ્રત્યે વંદન કરૂછું.

કુમારીકાઓ—(નમન કરતાં) માજી! આપના ખોળામાં મુસ્તક નમાવીએ છીએ.

નટ—(નમન કરતાં) માતુશ્રી! હું પણ આપને કોઇકર જોડી નમન કરૂંછું.

સરસ્વતી—કલ્યાણ! હું ત્રિભુવન[1] પતિના ભવનમાં આ વીણા નામના વાદિત્રવડે શ્રીસર્વોત્તમ નારાયણદેવની સ્તુતી કરતી હતી, ત્યાં તા'રા નાટક પાત્રોની સ્તુતી સાંભળીને આ રંગ ભુમીમાં સત્વર વેગથી આ-વાગમન કર્યું છે, માટે હે નાટકાચાર્ય! માગ તારી શી ઈચ્છાછે.?

સૂત્રધાર—માતુશ્રી! આપની પ્રસન્નતા હોવાથી માગુંછું કે,—

વસંતતીલકા છંદ.

હે માત! આજ કરજે, મતિ શુદ્ધ મા'રી;
આ નાટય કાર્ય કરવા, ઘટમાં ઉતારી;
જાણો [2]સુધા રસ ઘણો, પ્રિય ચિત્ત લાગે;
માટે નમી નિયમથી, તુજ વત્સ માગે.

સરસ્વતી—(અભયદાન આપે તેમ હાથ કરીને.) તથાસ્તુ !! એમ કહીને)

આર્યા છંદ.

સુધારસ પાન તું કરજે, ભવભંજન તારક તુને થાપૂં;
જનમન રંજન થાશે, વિબુધ વડો થા સુબુદ્ધિ હું આપૂં.

કુમારીકાઓ—માજી! માજી! અમારા પ્રતિ દ્રષ્ટી કરો.

સરસ્વતી—કલ્યાણ! તમારાં મનોપ્સિત કાર્ય સફળ થાવ.

સૂત્રધાર—માતુ શ્રી! અધુના અભિવંદન કરૂંછું; પરન્તુ આવા શુભ કાર્યાવસરે સેવક જનની વિનય પૂર્વક વિનંતી શ્રવણ કરી પુનઃપ-ધારવાની કૃપા કરશો.

(સરસ્વતી, કુમારીકાઓ, અને નટ જાય છે. ને Pવિદૂષક પુનઃ પધારવાની કૃપા કરશો. એ શબ્દ શ્રવણ કરીને વિચિત્ર વેશે વિવિધ ચાળા કરતો પ્રવેશ કરે છે.)

---

૧ ઇન્દ્ર ભવનમાં ૨ અમૃત.

Pવિદૂષક, રંગલો, મશ્કરો ઇત્યાદિ નામ નાટકમાં જે પુરૂષ વિવિધ પ્રકારના ચાળા કરી શ્રોતાજનના અથવા જોનારના મનમાં હાસ્ય ઉત્પન્ન-

વિદૂષક—બંદાને એકવારતો પધારવા દે, ને હોંશીયારીતો જો! પછી તને ગમે તો પુનઃ ફક્કડને ફરી નોંતરજે.

સૂત્રધાર—ભાઇ તું કોણ છે?

વિદૂષક—કોણ તે કોણ! *પ્રજાપતિએ પ્રાદુર્ભાવ કરેલો અને નિયંતાએ નિર્માણ કરેલો મોક્ષગામી મનૂજ! (સૂત્રધાર વિચારમાં પડયો છે એવું જાણી) કેમ કાંઈ વાંધો પડે છે કે શું?

સૂત્રધાર—ભાઈ, હાલમાં એ સઘળુ તા'રૂં આડુ અવળુ બોલવું રહેવા દે, મને તારા ભાષણ ઉપરથી ને વેષ ઉપરથી માલમ પડે છે કે તું કોઇ સદ્ગ્રહસ્થનો માનીતો [1]ચર ચપટ બેસારૂં એમાંનો હાસ્યરસ ઉપજાવનારો છે, માટે મ્હારી નાટય મંડળીમાં "વિદૂષક" નો ભાવ બજવીશ તો તને બીજીવાર પણ નોં'તરીશ.

વિદૂષક—એકવાર આવ્યાનું તો પુરૂં કર, પછી બીજી વાર.

સૂત્રધાર—ભાઈ શું?

વિદૂષક—(રાંધવા બેઠો હોય તેમ ચાળા કરી જમવાનું બતાવેછે.) શુ તે એજ તો, [2]મરજાદીછું. માટે [3]સ્વયંપાક સંભાળુ ત્યારે સઘળુ સુજે.

સૂત્રધાર—(જરા હશીને) મહારાજ, વળી મરજાદી કયારના થયા છો?

વિદૂષક—તે વાત પછી, પણ કાંઇ મિષ્ટાન્ન કરવાનું મળે તેમ છે?

કરે છે તેને લગાડવામાં આવે છે, એ જનતે ઘણું કરીને બ્રાહ્મણ હોયછે, અને રૂપમાં વિચિત્ર દેખાય છે. અંગે ખુંધો, આંખે બાડો અથવા કાણો. પગે લુલો અથવા લંગડો. વસ્ત્ર પણ તરેહવાર પહેરેલાં, તેનું મુખ્ય તાત્પર્ય એવું છે કે એ નામ ધારણ કરનારો પોતાનો એવો વેષ કરે છે કે જેથી બીજાને સ્વભાવિક રીતે તેને જોઈનેજ આશ્ચર્ય અને હાસ્ય ઉપજ્યા વગર રહેજ નહીં, અને એનું બોલવું પણ તેવુંજ.

* બ્રહ્માએ ઉત્પન્ન કરેલો. ૧ ચાકર, નોકર.

૨ શ્રી વૈશ્નવી સંપ્રદાયાનુસારે શ્રી ગોસ્વામી વર્ય વલ્લભાચાર્યજીના મત પ્રમાણે શ્રી વલ્લભ દિક્ષાર્થિઓને વર્તવાનો ન્યાય પુર્વક એ એક સર્વોપરી શ્રેષ્ટ સંપ્રદાય છે; પરન્તુ—

સુત્રધાર—જો ભાઇ મા'રા કહ્યા પ્રમાણે કરીશ તો તને અહીં એક મહીના સુધી નિત્ય મિષ્ટાન્ન મળશે પણ મરજાદી શા માટે થવું—

વિદૂષક—(રાજી થઈને કુદતો કુદતો હસ્તે મ્હોડે એકદમ સત્વર વચે બોલે છે.) વારૂં ત્યારે તો ગંગા નાહ્યા, શુકન તો [1]સુરભીના થયાતા હો! (એમ કહી વળી વિચિત્ર ચાળા કરે છે, એટલે સુત્રધાર)

સુત્રધાર—(ધીરે સ્વરે) ક્યાં સાંભળે છે. (વાગ્ વિવાદાનુસારે) હું પુછુંછું તેનો કાંઈ ઉત્તર ?

, **વિદૂષક**—(મિષ્ટાન્ન મળવાના મદમાંજ પ્રસન્ન વદનથી) કલ્યાણ! મન કામના સફળ થાવ !!

સુત્રધાર—ભવતુ. વયસ્ય! તે હું માથે ચઢાવુંછું; પણ મરજાદી શા માટે થવું પડયું?

વિદૂષક—જો ભાઈ, આ અસાર સંસાર સાગરમાં તો કહેવત છેકે **"આવ્યા એવા જાવ, ને ગોળને પાણીએ ના'વ"** માટે કાંઇ પોતાના આંતમાનું સાર્થક કરવું જોઈએ ના ?

સુત્રધાર—વાહવા, ધન્ય છો પણ તારાથી આ વયમાં મર્યાદા પુરસ્સર કેમ પાળી શકાય છે? (અર્થાત જુવાનીનો ઝપાટો મહાન્ વિકટ અને વિકારીછે માટે.)

વિદૂષક—જો ભાઈ, હું પણ એક શોખીન જીવડો હતો હો! લોકો તો મને લાલ કહેતા, ભવઈઆતો મને ભાથી કહેતા, અને સંસ્કૃત માંતો મારાં નાંમ ઘણુંય છે પણ તેમાં કાંઈ સાર ન દીઠો, એટલામાં ઈશ્વર કૃપાથી અમારા પાડોશી એક [2]પ્રજાપતિને ઘેર ગધેડો મરવા

મરજાદી એ શબ્દ સંસ્કૃત "મર્યાદ" શબ્દ ઉપરથી અપભ્રંશ થઈ નિકળ્યો જણાય છે. "મર્યાદ" એટલે નિતી પુરસ્સર વર્ત્તવાની શૈલી અને મર્યાદી એટલે મર્યાદા વાળો, અર્થાત્ નિતી પુરસ્સર વર્ત્તનારો. તે મૂળ શબ્દ મર્યાદ તે ઉપરથી મર્યાદી અને તેનો અપભ્રંશ થઈને મરજાદી થયું હોય તેમ જણાય છે. ૩ પોતાની મેળે રાંધેલું. ૧ ગાયના. ૨ બ્રહ્મા. પણ કુંભારને એ નામથી ઓળખાય છે.

પડયો તો. ત્યારે તેનો ³અવસાન જોઇ પ્રજાપતિએ કહ્યું કે "ભાઇ! ભાવે કભાવે જે કાંઈ થઈ આવે તે શરી વિષ્નું ભગવાન પાહેથી માગી લેજે" એટલામાં ત્યાં થઈને એક*શ્રાવકી જતી હતી, તેને પણ તે ગધેડા ઉપ ર દયા આવી અને કહ્યું કે "ઉભા ઉભા શીતાના પતિનું શમરણુ કરો, અમથા કેમ ઉભા રહયા છો" વળી એટલામાં એક ફૂફડ ફુડચંદશાનું ફુ લેકુ ફરવા નીકળ્યું, તેમાં પણ મોટો ઘાંટો કાઢીને "**રામબોલો! ભાઈરામ!!**" એવાં સાજન લોકોએ સાજનીઆં આગળ પાછળ ગાવા માંડેલાં એટલે નક્કી થયું કે આંના વના અંતે છુટકો નથી! માટે લાવને પહેલેથીજ લોહ ચુંબક થઇને પડીએ પછી કયાં જવાનો છે!

સૂત્રધાર—વાહવા, તું પણ ઠીક ગમતી દેખાય છે, બોલ પછી.

વિદૂષક—પછીમાં પાછેવાઇ પડેલાએ, બીજુ શું?

સૂત્રધાર—ભાઇ શું પછેવાઈ પડેલા?

વિદૂષક—શું તે એજ તો! શોખના સોટા સંભાળું, ને પાછળ ભરડો પંપાળું.

સૂત્રધાર—ભાઇ કેમ એમ?

વિદૂષક—કેમ તે એમજતો!

સૂત્રધાર—તેનું કાંઈ નામ કે એમજ!

વિદૂષક—ગાંડો દેખાય છે, ભરી સભા વચ્ચે આબરૂના અડધા થવું છે કે શું?

સૂત્રધાર—ના ભાઇ ના, તા'રી આબરૂ આખી રહે તેમ કરજે, પણ¹પાનેતર ને પરણેતર તો જોડે હોય ના! માટે બોલ.

વિદૂષક—શું મારી કથા, હાં હાં શોખના સપાટા ગપાટા સાથેથી તને થોડા ઘણા સંભળાવું, જો સાંભળ જે, ને હુંકારો ભણજે હો!

---

³ છેલો વખત એટલે મરવાનોસમય.

* दयाधर्मों शृणोतीतिश्रावक : तस्य पत्नी श्रावकी

¹ લગ્ન કરતી વેળાએ કન્યાને પહેરવાનું વસ્ત્ર.

સૂત્રધાર—વારૂં તું બોલતો ખરો.

વિદૂષક—ભાઇ બોલું તે શું? બાપનો બુધવાર. બોલું ત્યારે તો [1]બોળુ ગણાઉછું, અને ખાંનગી વાત કેહેતાં દીલ ખણસાય છે. પણ તને કહ્યા વીના ચાલે તેમ નથી. માટે સાંભળ, શોખનાં ખાસડાં ખાઇ ખાઈને તો માંથાના વાળે પારકા કરી દીધા! જો આટલામાં એકે વાળ ઉગ્યો જણાય છે? (એમ કહી પોતાનું માંથુ ઉઘાડું કરીને બતાવે છે, અને પોતાનો એક હાથ માથા ઉપર ફેરવતાં ફેરવતાં)

આગળ કોરૂં પાછળ કોરૂં, કોરૂં [2]કરતું ભાળું;
મોહ વમળમાં ડુબેલાનું, અંતે મ્હોડું કાળું.

માટે ભજ ગોવિંદ ભજ ગોવિંદ ગોવિંદ ભજ, મુઢ મતે! એમાં સાર છે, ભાઇ શોખમાં સાર કાંઇ નથી.!!

સૂત્રધાર—શોખમાં કાંઈ સાર ન દીઠો? તેના જેવી મઝા તો બીજા એકેમાં જણાતી નથી.

વિદૂષક—અરે ભાઇ. શોખની મઝામાં તો કેટલો કુટાયો! જાતના તો [3] નાગર, જેથી કાંઈ તેમાં કેહેવાનું હોય? અને વળી પાછો હું નિમંત્રણાક! એટલે કાંઇ બાકી?

સૂત્રધાર—(સ્મિત હાસ્ય કરતાં) વાહ! નાગરની તો [5]નગરવરૂપિણીગતી. એટલે—

વિદૂષક—(સત્વર વચમાં બોલેછે.) ત્યારે કાંઇ અમારા રૂપમાં ન્યૂનતા છે કે?

સૂત્રધાર—(વધારે હાસ્યથી) વાહવા! તારા રૂપમાં તે કહેવું શું? તને જોઇને તો આંધળી બેડાં ફોડે. કેમ વારૂ?

વિદૂષક—તે કેમ ન ફોડે? અમારા રૂપનો ભભકો તો એવો! જે-

---

૧ વગર સમજણનો બુદ્ધિહીન. ૨ હાથની હાથેળી જેવું. ૩ **નગરે વસન્તિ તે નાગરા**: નગરમાં વસે તે નાગર. ૪ જેને ઘણા જન બોલાવે અને પૂછતા આવે એવો. ૫ સર્પ, પર્વત, અર્થાત સર્પ જેવી વાંકી અને પર્વત જેવી મોટી ફેલાએલી.

અમને દેખીનેજ આંધળી અંજાઈ જાયા અને વળી (પોતાના દેહ પ્રતી-હસ્ત કરીને) આ અમારો નવ લખો પોશાક !!

સૂત્રધાર—(આનન્દાશ્ચર્યયુક્ત) હાં તારો પોશાક જોઇનેજ પાછેવાઈ પડે, કેમ વારૂ?

વિદૂષક—(વિચીત્ર ચાળાથી) હા એમ અમારો પોશાક કાંમણગારો તો કહેવાય, પણ તું એ પરિક્ષકતો પાકો દેખાય છે.

સૂત્રધાર—વારૂં, ત્યારે તાહારે અધુના અત્રે આવ્યાનું કાંઈ પ્રયોજન કે માત્ર અણચિંતવ્યું અનાયાસે આવવું થયુ?

વિદૂષક—જો સાંભળ, એ મારી કપોળ કથાને કરમ કથા બધીએ મને કહી સંભળાવુંછું; પણ (નેપથ્ય પ્રતી હસ્ત કરીને) આ તા'રા ઘરમાં ઘુઘરાનો ધમધમાટ ધમકારો શાંનો થઈ રહ્યો છે, તે તું મને કહી શકે? પણ મનેતો લાગે છે કે તુંએ મારી પેઠે મોહમાં મંડાણો હોઇશ કેમ વારૂં? (એમ કહી વળી વિચિત્ર ચાળા કરી સભાસદો-ને હસાવે છે.)

સૂત્રધાર—તે તા'રી વાત જાણ્યા શીવાય મારાથી સાહસ કેમ કહી શ-કાય; માટે બોલ, તું કેવા મોહમાં મંડાણો હતો.

વિદૂષક—સાંભળ, મારે બાયડીનું તો બહુ સુખ છે, પણ ભોગ જોગે મારા એક ગોઠીઆએ મને એક દહાડો વાત ઓડે વાત કરતાં કહ્યું કે આપણા [1]બાહારના બાગમાં કાલે મેં પણ એક [2]રામા રતન ભાળ્યુંતુ!" એમ કહી પછી તેના મા'રા મ્હો આગળ રૂપના વખા-ણુના તો વાવટાજ બાંધી દાધા! કે જેથી બંદાતો આંધળા ભેંત બનીને મોહની જાળમાં ફસાઇ પડયા!!

સૂત્રધાર—વારૂં બોલ પછી.!

વિદૂષક—પછીમાં એ, કે [3]મોટાએ મારતા મીયાંની તરવારથી મોટી

---

૧ ગામ બહારના.   ૨ સ્ત્રી રૂપી રત્ન.

૩ કોઇને બે ત્રણ પુત્ર હોય, ત્યારે તેના મોટા પુતને પોતાના કુ-ટુંબીઓ આદી સર્વેજનો "મો'ટા" એવી સંજ્ઞાથી બોલાવે છે, વા કોઈ—

સમશેર બજાવી, એટલે તેને આડુ અવળુ સમજાવી [૨]સલામ કરીને પણ ઘેર લાવ્યા.

સૂત્રધાર—(મંદમંદ હાસ્ય મુખ મુદ્રાથી) વાહવા ! બહુ મોટી સમશેર બજાવી, બોલ પછી !

વિદૂષક—પછી [૩]પાણી ગ્રહણ કરેલી પ્યારીનો તો પ્યારજ ભુલી ગયા, ને [૪]નવોઢાની સાથે નવા થયા ! પણ તેમાંથીતો [૫]નયન ફુટાને [૬]વૈશાખ નંદન કેહેવાયા !!

સૂત્રધાર—શું તારા જેવો [૭]નાગર પુરૂષ કદાપી કાળે નયન ફુટોને વૈશાખ નંદન કહેવાય ?

વિદૂષક—તો એ કામજ ગધેડે બેશીને ઘેર ઉતર્યા જેવું છે ! જોને મોટા મોટા રાવણ સરખાય પરદારાના પ્યારમાં તો પાયમાલ થઈ ગયેલા જણાય છે, તો મારે (પોતાના દેહ પ્રતી હસ્ત કરીને) [૮]આ ખરનીગતીમાં મરવાનું આવે તેમાં શી નવાઈ ?

સૂત્રધાર—વળી વૈશાખનંદન કહેવાતાંય છુટકો નથી કે શું ?

વિદૂષક—નારે ભાઇ ! મારેતો બળાત્કારે જીવતાં ચીતામાં બળી મરવાનો વખત આવી પડયો, ત્યારેજ ત્યાંથી દુ:ખના મારયા નાઠા નાઠા અહીં થઈને ઘરની [૧]ધરણીને [૨]પ્રણામ કરી [૩]પડખામાં લેવા ઘેર જતા હતા એટલામાં તમારે બારણે [૪]કંટકમર્દનથી માંડવો શણગારેલો દીઠો ત્યારે

પુરૂષ કોઇ પણ કાર્યમાં લઘુતાને પામ્યો હોય તો તેની મશ્કરી માટે પણ એ શબ્દ વાપરે છે. ૨ પગે લાગીને. ૩ પોતાએ પરણેલી. ૪ નવી નારી. ૫ નેત્રનો ફુટેલો. ૬ ગધેડો. ૭ ચતુર. ૮ ગધેડો.

૧ પોતાની સ્ત્રી. ૨ જયારે કોઇ સ્ત્રીનો પોતાના પતીપર અત્યન્ત પ્રેમ છતાં તે પુરૂષનું અન્યદારાપર મોહીત થઇ સુખ લેવું થાય. ત્યારે તે સ્ત્રીની પોતાના પતીપર અતિશય અવકૃપા થાય છે, પછી તે પ્રસંગે પરદારાપર લાગેલા પુરૂષને તત્સંબંધે આપત્સમય આવી પડવાથી અન્તે પ્રષ્ટાઈને મૂળની સ્ત્રી સાથે નમન કરીને પણ તેની કૃપા મેળવવી પડે છે. ૩ સંપ કરી પોતાને સ્વાધીન કરવા. ૪ ખાસડાં.

જાંણ્યું જે અહીં કોઇ વેષધારી ઠેશ મારી દેશભારીઓને ભારે ભુતી નાંખી ધુતી લેવાને આવેલો જણાય છે, માટે લાવને હું એ હસ્તા[૫]રોતા ગોળ મટોળીયાનું જે કાંઈ મળે તે જઇને લઈ આવું; એમ જાણી અહીંયાં આવ્યા છીયે.

સૂત્રધાર—વારૂં બોલ પછી. !

વિદૂષક—ગાંડો દેખાયછે. પછીમાં પછવાડાવાળું અને આગળ પરદારા પર કુદ્રષ્ટી કરે તેનું મોહોડું કાળું.

સૂત્રધાર—વાહવા એતો તેં ઠીક કહ્યું, પણ તા'રે તારી પ્રિયાને પ્રબોધ[૬] દેવા અત્યારે જવું છે કે પછી !

વિદૂષક—ના, તું અહીં શું કરવાનો છે તે જોયા પછી.

સૂત્રધાર—ત્યારેતો મા'રા કામમાં તા'રે પરીપૂર્ણ મદદ કરવી પડશે. કેમ વારૂં થશેના ?

વિદૂષક—વારૂં શું કરવું પડશે ? જો કદાપી તા'રી વાતને પુરતો ટેકો નહીં મળતો હોય તો તેને માટે તને એક મોહોટો પાટડો લાવીને પણ નીચે ટેકો મુકી આપીશ.

સૂત્રધાર—અરે ! તું મર્યાદી થઈ આમ મુરખાની પેઠે શું લવે છે; અત્રેતો અમે એક નાટક ભજવી બતાવનાર છીએ. તેમાં પૂર્ણ પ્રયોગાવધી સુધી પ્રસંગોપાત ટીંખળ કરી આ સર્વ સભાસદોનાં મન રંજન કરવામાં તારી જરૂર છે, અને તેમાં તા'રે આપણા પ્રયોગનો મુખ્ય ઉદ્દેશ તેમના હૃદયમાં ઉતારવાનો છે.

વિદૂષક—એજ કે બીજું કાંઇ છે વળી ? હોયતો ભેગાભેગી કહી દેજે બાપુ ! અહીંતો એકનાય ગોવાળ ને બેનાય ગોવાળ.

સૂત્રધાર—એજ.

વિદૂષક—(વીચીત્ર ચાળાથી) ઓ ! હો ! હો ! હો !! બહુ ભારે કામ શોધી કાઢયું ! પણ એમાંજ મારીતો ગહનગતી છે, જો ! (ઓડકારખા-

---

૫ થોડા ઘ્રતથી વાળેલા મોદિકને હસ્તા કહે છે, અને ઘણા ઘ્રતથી વાળેલાને રોતા કહેછે. ૬. બોધ કરવાને.

ઇને) હોઇયાં!!! મા'રા પેટમાંતો તારૂં કેહેવું બધુંએ ઉતરી પડયું. તેમ છતાં કોઇનું ગળુ સાંકડું હશે તો હવેથી એક હાથનું હાથમાં વેલણુ લેતો આવીશ. માટે ફીકર કરીશમાં.!

સૂત્રધાર—અરે મુરખા, અહીંઆં વળી વેલણુની શી જરૂર પડી છે!

વિદૂષક—તો તા'રા જેવાના ગળામાં ભરાઈ રહેતું હોય તેનું ગળુ પ- હોળું કરવા જોઇએ ના? તે વીના તેના હૃદયમાં તારૂં મૂળ તાત્પર્ય શી રીતે ઉતરી શકે.

સૂત્રધાર—રે મુરખ! એમ કટુ ભાષણુ કરવામાં અત્રે તા'રી મહત્તા જણાતી નથી; માટે શ્રેષ્ટ સંપ્રદાયાનુંસારે સંભાષણુ કરવામાં તત્પરથા.!

વિદૂષક—લે ભાઇ તને કડવું લાગ્યું તો હવેથી આ એ રહ્યું; પણુ તું અહીં શો પ્રયોગારમ્ભ કરવાનો છે, તે મને કહે, એટલે હું મારી મેળે મીઠા મીઠા પાકા પાકા મેવાની ઓંડળો ગોંડળોવાળીને બેશી રહું, પછી તારી મરજીમાં આવે ત્યારે મને બોલાવી લેજે.

સૂત્રધાર—જો ભાઇ આ નાટકના પાંચ અંક છે, તેમાંના પહેલા અંકમાં તો પ્રાચિન કાળના બ્રહ્મર્ષિઓ પોતાના બ્રહ્મચર્ય પાળવામાં તથા વર્ણાધિપતી થવામાં કેવા તત્પર રહેતા હતા, અને મોક્ષદાઈ શ્રી ભગવત કથા વાર્તા સબંધિ પ્રશ્નોત્તર કરવામાં કુશાગ્ર બુદ્ધિથી કુશળ રહેવામાં કેવા તત્પર હતા, તદનંતર ક્ષત્રિય વીરો શત્રુવત વર્તાએલા પ્રાણિને પોતાએ અવલોકન કરવાથી ક્રોધાવેશમાં આવી તેનો પ્રાણુ ત્યાગ કરવાનાં અણુચિન્તવ્યાં અકાર્ય કાર્યો કરવાને કેવા સત્વર થાય છે, તત્સમયે શ્રેયસ્કરાધિપતી સત્યાસત્ય વિચારોપરી આરૂઢ થવાને મુખ્ય મિત્રોપદેશ થયા સતાં મન સંકલ્પિત કાર્ય કરવામાં પ્રશ્ચાત કેવા પરિણામને પામે છે. અને સ્વશીરાંકુશાધિપતીના હાસ્યને પાત્ર થવાથી પશ્ચાત પશ્ચાત્તાપ કરતાં નિર્દોષ થવાને કેવા ઉપાયોની યોજના કરવી પડે છે, એ વીગરે કેટલુંએક વર્ણન કરવામાં આવશે.

બીજા અંકમાં પૂર્વેના યોગાભ્યાસી મુનીઓ તપશ્ચર્યા કરવામાં તત્પ-

ર થઇ જીતેન્દ્રિય થવામાં પંચેન્દ્રીઓને પ્રણામ પૂર્વક પશ્ચાત્તાપ કરવાનો સમય કેવો નિકટ લાવી મુકતા હતા, અને ત્રિભુવન પતિના સાદ્રષ્ય રાજ્ય સ્થાનોમાં પણ બ્રહ્મર્ષિઓની માન્ય પૂર્વક કેવી પ્રતિષ્ટા થતી હતી; તદ્વત અખિલ બ્રહ્માન્ડની સર્વત્ર પ્રજામાં બ્રાહ્મણોનો બ્રહ્મત્વાચરણાભય ગણવાને મહાન બલિષ્ટ રાજાઓ પણ કેવા અસમર્થ થઇ પડયા હતા તે, અને કોઇપણ મહાન્ બલિષ્ટ જ્ઞાની અને પ્રતાપિક ભગવદી પુરૂષોને અપ્રસન્ન કરવાથી વા તેઓને છળવાથી વા તેની સાથે વૈર બાંધવાથી તથા તેની નિન્દા કરવાથી કેવા સમર્થાસહ્ય શાપને આધિન થવું પડે છે, એ વિગરે કેટલાએક ઐશ્વર્ય કૃતિના આશ્ચર્ય કારક કર્તવ્યોનું કિંચિત કિંચિત વર્ણન કરવામાં આવશે.

ત્રીજા અંકમાં સ્વકૃતિએ ગ્રહણ કરેલા અનિવાર્ય શાપને ભોગવતાં વિપ્રિતવર્ણે રણમાં કેવા અવર્ણિય દુઃખનો અનુભવ કરવો પડેછે, કોઇ સ્ત્રીના રૂપની પ્રસંશા પ્રમાણ કરવાથી વા તેને પોતાની દ્રષ્ટિએ દેખવાથી કામી પુરૂષો કેવા મોહ પાશમાં બંધાઇ પડેછે, અને તેમાં તેને ¹દશા પ્રાપ્ત થવાથી મદન સત્તા વડે અંતે પિડાઇને નવોઢાને સ્વાધીન કરવામાં કેવા પ્રયત્નોની યોજના કરવી પડેછે. તત્સમયે પોતાએ પાણિગ્રહણ કરેલી સતિ પત્ની પોતાના પતિનું વ્યગ્રચિત્ત જોઇ તેને પ્રિય વસ્તુ મેળવી આપવામાં અજ્ઞાત પણે કેવી સહાયતા કરે છે, પશ્ચાત્ મન સંકલ્પિત કાર્ય થવાથી પાણિ ગૃહણ કરેલી પત્નિનો પ્યાર કેવા પ્રકારે ભુલી જાય છે· અને નવોઢાની સાથે ષટ્ રૂતુ શૃંગારાદિ વિલાસ કરવામાં કેવો તત્પર થઈ સર્વોપરિ સુખ માંની લે છે, પશ્ચાત આપત્તિ આવી પડવાનો સમય કેવો નિકટ વર્તેછે, અને મૂળ પ્રિયાનિ અવ કૃપાને કેવો પાત્ર થઇ પડેછે, એ વિગરે કેટલા એક પ્રસંગોપાત વાસ્તવિક વિષયોનું વર્ણન કરી બતાવવામાં આવશે.

---

૧ કામી પુરૂષોને અત્યન્ત કામ વ્યાપે છે ત્યારે તેને "દશા" એટલે દશ પ્રકારની પીડા પ્રગટ થાયછે તેનું આગળ પ્રયોગમાં પ્રમાણ આપવામાં આવશે.

ચોથા અંકમાં પોતાની વિપત્તિને વિદારવાના વિપ્રિત વિચારમાં પોતાની સર્વોપરી સમૃદ્ધિનો કેવા પ્રકારે પરિત્યાગ કરવો પડેછે, પશ્ચાત્ પરદેશ પર્યટન કરવામાં ભિન્ન ભિન્ન રાજ્ય સ્થળે રખડવાથી કેવાં અસહ્ય કષ્ટો સહન કરવાં પડે છે. અને અંતે એવા દુષ્ટ કૃત્યો કરનારને કોઈ પણ સહાયતા નથી કરતા ત્યારે અત્યન્ત દુઃખથી પીડાઇને અન્તે પોતાની મેળે અહંમમત્વ માન્ય કરવાને જીવતાં ચીતા પ્રવેશ કરવાનો સમય કેવો સમીપ આવી પડે છે, તત્સમયે પોતાના દિર્ઘાયુ બળે કોઇ વીર માતા કેવા પકારે આવી મળેછે, અને અનુકંપા ઉત્પન્ન હોવાથી શર્ણુ વચન પ્રદાન કરી તેનું કેવું રક્ષણ કરેછે. તે અને કોઇ સતિ પત્નીનો પતી પરદેશ પ્રયાણ કરે ત્યારે તેને વિરહાગ્ની કેટલો સતાવે છે, અને એવી પિડીત સ્ત્રીની શિયળ ભંગ કરવાને કુટીલ સ્ત્રીયો કેવા ઉપાયોની યોજના કરે છે, તત્સમયે સતિપત્ની પોતાને અભ્યૂદય થએલી આપત્તિનો કેવા પ્રકારે સત્વર અન્ત આણેછે, એ વિગરે કેટલાએક પ્રસંગોપાત વિષયોનું વર્ણુન કરવામાં આવશે.

પાંચમા અંકમાં શર્ણુવચન પ્રદાનકરનારને પોતાના પ્રિયજનો પ્રતી પ્રતિસ્પર્દ્ધિપણે યુદ્ધ કરવાને કેવા પ્રકારે તત્પર થઈ સનમુખ જવું પડે છે; અને અન્યો અન્ય વૈરભાવે [1]કમઠપ્રષ્ટ કઠોર વજ્ર વચનોનો કેવો પ્રહાર કરવો પડેછે, અને જે મીષ વડે યુદ્ધ કરવાનો સમય પ્રાપ્ત થાયછે તે મીષ જયારે નાશ પામે છે ત્યારે પશ્ચાત અન્યો અન્ય કેવા પશ્ચાત્તાપને પામે છે. તથા પ્રથમથી મીષ ગ્રહણ કરીને ભ્રમણ કરનાર અન્તે કેવા ધિઃકારને પાત્ર થઇ પડેછે. પશ્ચાત પોતે પ્રષ્ટાઇને પોતાની મૂળ પ્રિયાની અવકૃપા નાશ કરવાને કેવા પ્રકારે સ્વસ્થાનકે જવું પડેછે, તે અને તેમનો પુનઃ સંયોગ થવાથી ઉદ્ભવ થતા સુખનું થોડું ઘણું વર્ણુન કરવામાં આવશે.

વિદૂષક—ત્યારે આ વાત તો અલ્યા બધીએ મને મળતી આવી માટે બોલ, તું ખરૂં કહે આ બધું મારી મોહનીની વાત સાંભળી લેઈને મારા ઉપર તો જોડી કાઢયું નથી.

---

૧ કાચબાના બરડા જેવાં કઠીણ.

સૂત્રધાર—ના ભાઈ ના, આતો પ્રથમથીજ રચના કરી મુકેલી છે.

વિદૂષક—વારૂં ત્યારેતો ઠીક, પણ તા'રે મુળ પ્રિયાછે કે નવોઢા ?

સૂત્રધાર—અરે ભાઈ નવોઢાની વાત શી ! જો પેલી મારી પ્રાણ પ્રિય સ્ત્રી આવે, તે મા'રા કામમાં કેવી મદદ કરેછે.

નટી—(પ્રવેશ કરીને) પ્રાણનાથ! વંદન કરૂંછું. (એમ કહી વંદન કરે છે એટલે)

સૂત્રધાર—પૂર્ણ આશીષ પ્રિયા, આવ. (એમ કહી મર્યાદાલિંઘન કરેછે.)

નટી—આર્ય ! શી આજ્ઞા ?

સૂત્રધાર—પ્રિયા ! શું તારા જાણવામાં નથી ! કે આજ આપણે પરિજન સહિત સત્વર સાવધ થઇ રેહેવું.

નટી—આર્ય સરવે જાણુંછું. તદપિ આપની આજ્ઞાનુસાર વર્ત્તવું એજ મને ઉચિત છે. (થોડી વારે) પ્રિયપ્રાણનાથ! નિત્યે એકના એક નાટય પ્રયોગ કરવાથી સર્વેનાં મન રંજન થતાં નથી, કારણ કે [૧]પટુતાથી સ્વાનુભવ વિચારતાં કદાપિ નિત્ય ભુકત કરવાને પણ મિષ્ટ પદાર્થો મળે તો તેના પર પણ અનાદર થાયછે, માટે આપણે આજે એક નવિન નાટક ચુંટી કાઢયું હોય તો ઘણુંજ પ્રિયકર થઇ પડે; માટે પ્રાણનાથ તેની કાંઇ આજ્ઞા ?

સૂત્રધાર—આર્યે ! હા, આજે તો આપણે એક નવિન ઉગતા વિદ્યાર્થિનું રચેલું **ડાંગવોપાખ્યાન** નામનું અપૂર્વ નાટક આ સર્વે શ્રોતા જનો સમીપ વિદિત કરવાનું છે ; કેમ તેમાં તારી શી ઇચ્છા છે.

નટી—આર્ય સ્વામિનાથ ! શું એ નવિન રચના કર્ત્તા ×આંગ્લ ભુમી નિવાસી છે ?

સૂત્રધાર—હે પ્રિયતમા ! શું તું એમ ધારે છે કે. જેવો આંગ્લભુમી નિવાસી છે તેવોજ રસિક રચના કરી જાણેછે; ને પંડીતાઈ શું આંગ્લ ભુમીમાંજ ભરેલી છે? ના તેમ નથી, તેનો સત્ય વીચાર કરતાં આપણી આર્યભુમીની જે વીરમાતા તેનીજ તેવોએ પ્રણામ પૂર્વક

---

૧ ડાહાપણ. × ઇન્ડિયા.

કૃપા મેળવેલી છે, પ્રિયા ! **માનવધર્મશાસ્ત્રાદિ** અનેક આર્યભુમિના ગ્રન્થોપરથીજ તેવોએ પોતાનાં સત્યાસત્ય ન્યાય સંપ્રદાયાદિ અનેક વાસ્તવિક વૃહત્ લઘુ કાર્યોનો મુખ્ય વિચાર વર્ત્તાવ્યોછે. તો વિદ્વત્તા કઇ ભુમીની કહેવાય? પરન્તુ કેહેવત છે કે **"ભણે તેની વિદ્યા, અને મારે તેની તરૂવાર"** માટે પશ્ચાત ગમે તેમ હો, પરન્તુ આ અવર્ણિય રચના રચનાર આંગ્લભુમિ નિવાસી નથી.

નટી—પૂજયાર્ય શિરછત્ર સ્વામિનાથ ! ત્યારે એ નિર્વર્ણિય છટાયુક્ત રસિક રચના રચનાર કોણ છે, અને કયાં સ્વસ્થાન છે, તે જરા લઘુતામાં વિદિત કરવાની કૃપા કરશો?

સૂત્રધાર—આર્યે ! હા, સાંભળ:—

શાર્દૂલ વિક્રીડિત છંદ.

વન્દે સર્વ સહાય નિત્ય કરતા, છે વિપ્ર જાતી ભલી;
તેમાં [1]રૈકવ કુલોદ્‌ભવે પ્રગટછે, તે [2]અર્ભકોના ધણી;
છેP ભૂભર્તે નિવાસ [3]રાજનગરે, સ્વસ્થાન શોભા શુચી;
ગંગાશંકર [5]આત્મ જે સુરચિતા, [6]પંચાશ્ર પોળે વશી.

નટી—વાહ પ્રાણનાથ ! ત્યારે આપણે જરૂર સભાસદોને વિદિત કરવું એ યોગ્ય છે.

સૂત્રધાર—આર્યે ત્યારે આપણે.———

વિદૂષક—(વિચીત્ર ચાળા કરતો વચે બોલેછે.) ઓ મારા બાપ! ચારનાં બારીયાં તુરીયાં ચાલેછે, પણ ચીભડાં ચાલતાં નથી!!

સૂત્રધાર—ચુપ ચુપ મુરખ, બકવા માં કર.

નટી—સ્વામીનાથ ! એ કોણ છે?

સૂત્રધાર—હે પ્રાણ વલ્લભા ! એ મુર્ખતાને પામેલો મશ્કરો ચરછે તદપિ તું *ભીરૂ થતીમાં.

---

૧ રાયકવાલ બ્રાહ્મણ ૨ બાળકોના મહેતાજી ૩ અમદાવાદ ૪ પવિત્ર ૫ પુત્ર. ૬ પંચભાઈની પોળે P ભર્તભુમી આર્યભુમી ઇત્યાદિ. *બીહીકણ.

નટી—નાના સ્વામીનાથ ! આપના વિધમાન હું કદાપી ભીરૂ નથી.

વિદૂષક—આવી જાવ ! ભીરૂ ભીરૂ રમવું હોય તો, એતો મને સારી રીતે રમતાં આવડેછે (એમ કહી ખભો ઠોકેછે.)

સૂત્રધાર—અરે ભાઇ તું છાંનો રહે, આ સુજ્ઞ સભાસદો તને જોઇને આશ્ચર્ય પામેછે.

નટી—આર્ય પુજ્યનિક ! રાત્રી રહી થોડી ને વેશ ફરવા ઘણા માટે શી આજ્ઞા છે?

સૂત્રધાર—આ સભાસદોનુ મન રંજન થાય એવું એકાદ ગાયન કર કે જેથી અત્રે બીરાજેલી સર્વે શોખીલી સભા ખુશી થાય.

નટી—જેવી આપની આજ્ઞા. પણ હે સ્વામીન્! કહો શા વિષયપર ગાઉ?

સૂત્રધાર—હુંતો ધારૂછું કે,———

વિદૂષક—(વચમાં બોલે છે.) ભાભી મારૂં વર્ણન કરો જોય !

સૂત્રધાર—ચુપચુપ, એમ ગરબડ માંકર. હે પ્રાણવલ્લભા ! વસંત રૂતુનું. વર્ણન કર.

વિદૂષક—ના ના, આજતો છેતર છેડવાની રત છે, માટે તેનું કરો.

સૂત્રધાર—તો ઠીક છે તેમ કર, તેનું પણ મન રાખ.

નટી—પ્રાણ પ્રિય ! જેવી આપની આજ્ઞા. (એમ કહી ગાવા માંડે છે.)

લાવણી.

"હવે ધણી સાથે નહીં રહેવું (૨)" એ રાગ.

શો [૧]સરસ સુઘન સોહાય, (૨) શીતળ [૨]મહિ માંય,
ચિત્ર ચરચાય, વિચિત્રો દળના;
સુખકાર ભિન્ન ભિન્ન સદા રંગ વાદળના.
શો ઘ્રષણ [૩]ઘોષ ઘુઘવાટ, (૨) કરે કર કડાટ,
વાટ ત્રટ ઘાટ, વહે પૂર [૪]વારી;
શું [૫]મયુર મેઘ [૬]મંલ્હાર ગાય છે ભારી.

---

૧ રસે ભરપુર સારી વૃષ્ટી. ૨ પૃથ્વી. ૩ આકાશમાં અન્યોઅન્ય વાયુનું ઘર્ષણ થવાથી જે કડાકા થાય છે તે. ૪ પાણી. ૫ મોર. ૬ મલાર રાગ.

સિંહ શુણી શોર સરસડી, (૨) ફરે ફડફડી,
ક્રોધે કડકડી, કમોતે મરતો;
મુજ સમ ધુરતો ગર્જના કોણુ એ કરતો.
આ સરર [૭]સરિતા સરે, (૨) [૮]ઘેલી થઈ ફરે;
પ્રાણુ પતિ હરે, મધ્યમાં મહાલી;
જે વડવાનળ શીરછત્ર વરેછે વહાલી.
ઝુમી ભલી ભાળિયે ભરી, (૨) તૃણાંકુરે કરી,
શી લીલોતરી સાડીએ શોભે;
ઉરવશી દ્રગે દ્રઢ દ્રશી સ્થિર થઈ સ્થોભે.
કૃષિકાર કર્મ નિજ કરી, (૨) ઠંડ થરથરી,
મહેનતે મરી, જગત જીવાડે;
હળથી દળ ગળતી કરે સાચવીનાડે.
પક્ષી પત્રે પરવરી, (૨) પ્રીતીને પરહરી;
શું ? હલકે રહી, સુર ઉચ્ચારે;
મન મગ્ન શ્રોત શુણી સ્તબ્ધ બને તે વારે.
શો ઈશ્વરનો મહિમાય, (૨) વર્ણું શું ત્યાંય,
સ્રષ્ટિ સુખ સાંય જાઉ બલિહારી;
પુરો શ્રોતાજન ! ઈશ્વર આશ તમારી.

સૂત્રધાર—આહા હા ! ! શું અદ્‌ભૂત ક્રિયાથી આલાપ કર્યો છે !

વિદૂષક—ઓ ! હો ! હો ! હો ! ! ભાઇ કેવા ફુલાઇ ગયા ! પણ ગાતાંતો મનેય આવડે છે, ને વહુતો વાઘનેય વાહાલી હોય ! માટે ફુલાશોમાં !!
(એમ કહી નાશી જાય છે)

સૂત્રધાર—પ્રિયા ! જ્યારથી તેં આલાપનો આરંભ કર્યોછે, ત્યારથી આ સર્વે સભ્યજનોનું અન્તઃકરણ હાર્ષિત થઈને તારા પ્રતિ અત્યન્ત આક-

---

૭ નદી. ૮ વૃષારૂતુમાં સરિતાઓને રજસ્વળાપણું પ્રાપ્ત થાય છે, તેથી પોતાના પતીને મળવાની ત્વરાથી ગાંડો ઘેલી બની જાય છે; અને મલીન થઇ સત્વર દોડતી દેખાય છે.

પૈણુ થયેલું જણાય છે, માટે હવે પ્રયોગારંભ સત્વર થવો જોઈએ.

નટી—પ્રાણનાથ! આપની આજ્ઞાથી સર્વે પાત્રવર્ગ તૈયાર છે, પરન્તુ જ્યારથી મ્હેં આલાપનો આરમ્ભ કર્યો ત્યારથી તમે ક્ષણ ક્ષણ પર્યંત ઉંડા વિચારમાં ઉતરતા હતા તેનું કારણ શું ?

સૂત્રધાર—હાં તે ખરૂં કહેછે, પ્રિયા! જો સાંભળ:—

ગીતી છંદ.

વાહ! કૃતિ શું કીધી, કીરતારે તે વિચારમાં લેતો;
ડાંગવ નૃપ જય જામ્યો, મણિમર્કટ શીટકારમાં પડતો.
વળિ પ્રિયા! બીજો વિચાર જો સાંભળ.—

शार्दूल विक्रीडित वृतम्.

नाटयंनृत्यकलासुवेषकुशलै, प्रोक्तंनमेतद्विभो;
वेषानांगणनानलक्षचतुरा, शितेर्हितोषायते;
तुष्टश्चेत्करुणांकुरुष्वकरणे, रुष्टस्तुवेषावधि;
वेषस्त्वांशरणागतोस्म्यकुशलः किंसाधनंसाधये.
दाताकोपिभवाद्दृशोनभगवन्, मादृग्नकोयाचको;
याच्यांक्वापिननाशमेतिकरुणो, याचोविभुंत्वामहं;
पात्रापात्रविचारणातुभवतां, दानेनादीनायमे;
कीर्तिस्तेप्रसरिष्यतेपुनरहो, ह्याकाशवन्मादृशै.

(એમ કહીને દંપતી જાય છે.
અને પડદો પડેછે.)

ઈતિ પ્રસ્તાવના.

પ્રવેશ ૨ જો.

સ્થળ—*નિમિષ. અથવા ×નૈમિશારણ્ય.

પાત્રજનો.

શૌનકાદિ રૂષિયો. અને પછીથી સુતપોરાણિક.

શૌનક—અહો ધર્મોત્સાહી! ત્વરાથી સર્વે એક ચિત્ત થઇને સ્વાસને બીરાજો. (સર્વે સ્વસ્થચિત્તે પોત પોતાના દર્ભાસને બેસેછે.)

ચ્યવન—(શૌનકને) મહારાજ! નિત્ય નિયમારંભનો સમય થયોછે.

એક રૂષી—જરા વિલંબ છે, સત્વર માં કરો.

શૌનક—ભવતુ. પરન્તુ સુતપોરાણિકને પધારવાનો સમય *સવિતાનારાયણ સુચવે છે. માટે સૂર્યોપસ્થાન વિગરે નિત્ય કર્મથી પરવારી સ્વસ્થ થવું એ યોગ્ય છે. (સઘળા રૂષીઓ પોત પોતાનું નિત્ય કર્મ આરંભે છે, તેમાં કોઇ [1]પ્રાણાયામ કરે છે, કોઇ [2]સૂર્યોપસ્થાન કરે છે. ને કોઇ [3]ગઉમુખીમાં હસ્ત ઘાલી [4]ગાયત્રી મંત્રનો જાપ કરે છે, કોઈ [5]નોળી કર્મ કરેછે, વળી કોઇ ચિત્તવૃત્તિ સ્થિર કરી સમાધી રૂપે પ્રાણને બ્રહ્માન્ડમાં ચડાવેછે. એ પ્રકારે પોત પોતાનું +આન્હિક કર્મ પરવારે છે, તેમ તેમ ધ્યાન માર્ગ મુકીને સ્વસ્થ ચિત્ત કરે છે. સઘળા એક ચિત્તે થયા એટલામાં સુતપોરાણિક પ્રવેશ કરે છે, તેને જોઇ સર્વે રૂષિયો પોત પોતાના દર્ભાસને ઉભા થઇને દ્વીકર જોડી નમસ્કાર કરેછે. ને તેમની ગાદી ઉપર દર્ભાસન મુકીને)

---

* સૂર્ય નારાયણ. ૧ શ્વાસોશ્વાસ રોકવાની ક્રીયા. ૨ સૂર્ય દેવની મંત્રવડે ઉપાસના. ૩ સઘળા મંત્રનો જાપ કરવાનું એ એક મુખ્ય સાધન છે. + નિત્ય કર્મ. ૪ સૂર્યદેવની ઉપાસના કરવાનો એ એક મહાન્ મુખ્ય મંત્ર છે. ૫ નાકેથી જળ પીવા વીગેરેની અદ્ભૂત ક્રીયા, જે યોગી લોકો કરે છે તે.

×ચંપકારણ્ય. બદ્રિકારણ્ય. દંડકારણ્ય. અર્બુદારણ્ય. પદ્મારણ્ય. ધર્મારણ્ય. બ્રહ્મારણ્ય. જંબુકારણ્ય. નૈમિશારણ્ય. પૂન્યારણ્યેતિ. દશારણ્યયુતે.

સર્વે ઋષિયો—(દર્ભાસન પ્રતિ હસ્ત કરીને) માહારાજ દર્ભાસને બીરાજો.

સુતપૌરા—(દર્ભાસને બેસતાં બેસતાં) ગોવિન્દ! ગોવિન્દ! ગોવિન્દ!!

શૌનક—[૧]અર્ઘ્ય ક્યાં? અર્ઘ્ય ક્યાં?

એક રૂષિ—આ રહ્યા માહારાજ. (એમ કહીને લાવી આપે છે.)

સુતપૌરા—હેમુમુક્ષુ ઋષિયો! આ તમારો ભગવદી પ્રેમ જોઇ મારા મનને અત્યાનન્દ પ્રાપ્ત થાય છે.

શૌનક—(ઋષી મંડળ પ્રતીદ્રષ્ટિ કરીને) કેમ સર્વેની [૨]આજ્ઞા છે?

સર્વે ઋષિ—શ્રીમન્મહાગણાધિપતયે નમઃ નિર્વિઘ્ન મસ્તુ.

શૌનક—(અર્ઘ્ય લેઈને પોતાના દર્ભાસનપરથી ઉઠીને સુતપૌરાણિકનું પુજન કરે છે.)

સુતપૌરા— **શાર્દૂલ વિક્રીડિત છંદ.**

ધર્માન્તે સુખ શાન્તિ થાય સઘળે, પૂન્યાશ્રયે પામિયે;-
લક્ષ્મીને ઘર વાડિ ગાડિ [૩]ભવમાં પૂજ્યાસને જામિયે;
મુક્તી જે મળવી કઠીણ જગમાં, તે અન્યથી ના મળે;
જ્યારે જ્ઞાન વિચાર ભક્તિ કરશો, મોક્ષાર્થ ત્યારે ફળે.

શૌનક-મોક્ષ સ્થાન સમાન દાન અમને, વિદ્યા થકી આપિયું;
ના'ના શાસ્ત્ર પુરાણ પાઠ સઘળા,-મોક્ષ સ્વયે સ્થાપિયું,
હે સ્વામી! કરૂણા કરો દિનપરે, શું ભિન્ન આથી રહો;
સર્વોત્કૃષ્ટપણાવડે સઉ નમે, સ્વેચ્છા થકી શું કહો.

(ધુપદિપાક્ષત ચંદન કુમકુમ વડે ના'ના પ્રકારના સુગંધયુક્ત કુસુમ થકી પુજન કરી રહ્યા પછી પોતાના આસન ઊપર નમન કરીને બેસેછે.)

સુતપૌરા—અહો! પરમાત્માની ભક્તિ પ્રમાણ કરવાને માટે તમો સર્વ મહર્ષિયોએ કામ, ક્રોધ, લોભ, મોહ, માયા અને મત્સરનો ત્યાગ કરી પરિપૂર્ણ પ્રિતી વડે શ્રદ્ધાભક્તિ સમન્વિત થઇને આ [૧]અવસાન સમયારંભ પ્રાપ્ત થાય એવું [૨]દારૂણ તપ કરવા માંડયું છે, માટે તમારાં

---

૧ પુજન કરવાનો સાંમાન. ૨ શ્રેષ્ટ સંપ્રદાયાનુસારે નિતિપ્રમાણ એ વાક્ય વર્તે છે. ૩ સંસારમાં. ૧ છેલો વખત. કઠીણ.

મન વાંચ્છિત ફળ તમને જગદિશ્વર આપે એવી મારી સૃષ્ટિ કર્ત્તા નિયંતાને વિજ્ઞપ્તિ છે.

શોનક—(સુત પૌરાણિકને જરા હસ્તા મુખથી) અહો મહારાજ! અમારા ઉપર આપની પૂર્ણ પ્રિતિ છતાં અમારૂં કલ્યાણ કેમ ન થાય.

સુતપૌરા—નહીં, નહીં, અમારી પ્રિતિથી તો કાંઇ થાય નહીં, પણ તમે અત્યન્ત અન્તઃકરણને શુદ્ધ ભાવ રાખી પૂર્ણ પ્રિતિવડે દેવનું યજન કરોછો, માટે તમને તમારો મોક્ષાર્થ ફળશે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે:— ॥ अनुष्टूपवृत्तोश्लोक ॥

॥ नकाष्टेविद्यतेदेवो, पाशाणेनाहिम्रन्मये ॥

॥ भावेहिविद्यतेदेवो, तास्माद्भावोहिकारणं ॥

અર્થ—[૩]કાષ્ટમાં દેવ વિધમાન નથી, [૪]પાષાણુમાં પણ નથી, તેમજ [૫]મ્રન્મયમાં પણ નથી, પરન્તુ ભાવ રાખીને ઉપર વર્ણવેલી હરેક વસ્તુતાથી ચૈતન્ય રહિત મુર્ત્તિને દેવરૂપ ગણીને શાસ્ત્રોક્ત [૬]પ્રતિષ્ઠા પૂર્વક જે નર નારી યજન કરેછે અને જેવી રીતે પોતાના મનમાં માને છે તેવીજ રીતે ભાવના કારણથી તેને તેવાંજ ફળ આપેછે.

સર્વેઋષિ—(સુતપૌરાણિકને) હે [૭]અનઘ! અધુના એક નવલ કથારસ હરિવાર્ત્તા શ્રવણ કરવાને ઇચ્છિએ છીએ.

શોનક—અહો! અજ્ઞાનરૂપી [૧]તિમિરને જ્ઞાનવડે નાશ કરવાવાળા અને ધ્યાન માર્ગે [૨]ઉન્મિલિત રાખોછો ચક્ષુષ, એવા હે સુતપૌરાણિક! તમને પ્રેમ પૂર્વક નમસ્કાર કરૂંછું અને વિનતી કરૂંછું કે:—

માલિની છંદ.

[૩]પરિજન પરમાર્થે, કેટલો હર્ષ પામે,
સુનયન સમ ભાગે, શ્રેયથી સૂખ જામે,

---

૩ લાકડુ, ૪ પથરો, ૫ માટી. ૬ મુર્ત્તિમાં ચૈતન્ય લાવવાનિ ક્રિયા ૭ પાપથી રહિત. ૧ અંધારૂ. ૨ વિંચેલાં. ૩ આશપાશનો સાથ.

પરમ પદ પછીથી, પામવા પ્રેમ બાંધ્યો;
હરિ રસ શુભ લેવા, આપથી સ્નેહ સાંધ્યો;
પ્રભુ કથન કરોને, [૪]ડાંગવે જે કરેલું;
[૫]ગહન દુખ સહેલું, શા થકી [૬]શ્રી ધરેલું;
સહન સરવ કીધું, યુદ્ધ તે યાદવોએ;
હરિભગત થઈને, શા થકી પાંડવોએ.
વદનથિ વદ તાતા, પાંડવો એમ પોતે;
[૭]સ્વજન પિતુ અમારા, કૃષ્ણ મોટા કહો તે;
પછિ વિરૂધ થયેલા, શા થકી તે વદોને;
વિનય મુજ ગ્રહીને, આપ કૃપા કરોને.

સુતપૌરા— **શાર્દૂલ વિક્રીડિત છંદ**

હે ધર્મજ્ઞ ! વિચારિ વાત કહુછું, સ્થીતી કરી સાંભળો;
અન્યો અન્ય કરેલ યુદ્ધ કરથી, તેમાં હતો થાંભલો;
એતો ડાંગવ એકલો પછિ રહ્યો, [૧]વૃષ્ણી થયા એકઠા;
પાંચે પાંડવ તો મળી પ્રથમની, પેઠે ગયા તે કથા.

અનુષ્ટૂપ વૃત.

[૨]શ્રણું શૌનક [૩]ધર્મજ્ઞ, ડાંગવે જે કરયું હતું;
વૃશ્ની પાંડવ સંગ્રામ, તે કે'વા મન તો થતું.

સર્વે ઋષિ—(નમૃતા સહ પાણી[૪]દ્વય સંપુટ કરીને) જયજય પરમ કૃપાળુ! અમે સર્વે એક ચિત્ત રાખિ શ્રવણ કરીએ છીએ.

(પડદો પડે છે)

---

૪ એક રાજા. ૫ ભારે ૬ લક્ષ્મી, (અર્થાત લક્ષ્મીથી ભરપૂર રાજ્ય મુકીને) ૭ પોતાના માણસ તેથી પણ વિશેષ આ પ્રમાણે સ્નેહ પાશ બંધાયેલો હતોઃ— ॥ શ્લોક ॥

कृष्णमातापिताकृष्णो, कृष्णस्वजनबान्धवा ॥
विष्णुर्ज्ञातिचगोत्रंच, पान्डवानांप्रियोहरी ॥

૧ યાદવકુલ. ૨ સાંભળ. ૩ ધર્મના જાણનારા. ૪ હાથ જોડીને.

प्रवेश ३ जो.

સ્થળ—*હસ્તીનાપુરમાં ચીમન બાગ.

પાત્રજનો.

જન્મેજય અને પછીથી ચન્દ્રસેન.

જન્મેજય—(વસંત ઋતુમાં એક દીવસે પ્રાતઃકાળના પ્રથમ પ્રહરમાં શયન ગૃહમાંથી ઉઠીને [5]દંતધાવન [6]મલશુચી, વિગરે [7]આન્હિક કાર્ય [કરીને] પોતાના ચીમન બાગમાં પ્રવેશ કરેછે. પ્રવેશ કરતાં પોતાના આરામની અંદર નાના પ્રકારનિ વેલો અને વૃક્ષો પ્રતિદ્રષ્ટિ કરતાં પરિક્રમણ કરેછે.) અહો! આ સુવાસિત પુષ્પોના વૃક્ષોની સાથે [8]ઘર્ષણ થઇ સરિતા [9]ત્રટ તરફથી મંદ મંદ સુગંધીમય વાયુ વા'યછે, અને ફુંવારાની[1]સહસ્ત્ર ફણાઓના [2]વૃન્દ છિદ્રમાંથી [3]તિવ્રધારાઓ ફુટી વૃ-શાઋતુ સમાન આશપાશ ચંપો, ચંબેલી, મોગરો, જાઇ, જુઈ, ગુ-લાબ, ગુલબાસ, કેતકિ, પારિજાતક, માલતી અને મન્દારાદિ અનેક સૂર્યવંશિ તેમજ ચન્દ્રવંશી પૂષ્પોના વૃક્ષો ઉપર મંદમંદ વૃષ્ટિ કરેછે; નાના પ્રકારનિ બીજી વનસ્પતિ, તેમજ લીલોતરીપણ સુંદિર પ્રકાર-થી ખીલી રહીછે. ચંદનના વૃક્ષો, આમ્રના વૃક્ષો, અશોકવૃક્ષો, રંભાના વૃક્ષો, ઈત્યાદિ અનેક વૃક્ષોની ગંભીર ગટાઓ થઇ રહી છે. આહા! ભુભામનીએ લિલોતરીરૂપી લીલા રંગનિ સાડી પહેરીછે, તેમાં વિચિ-ત્ર રંગના ફુલરૂપી બુટ્ટાઓ સુશોભિત થઇ રહ્યાછે; અને કોકિલપક્ષિ કલ્લોલ કરેછે, મયુર પક્ષી તો ટેંહુંક! ટેંહુક! ટેંહુકાર કરી રહ્યાછે, મેંના પોપટ અને બીજાં ના'ના ના'ના પ્રકારનાં અનેક પક્ષીઓ દશે દિશા ઓમાંથી ગણગણાટ રૂપે ગાન કરી રહ્યાછે; અને [4]સરોજરૂપી સ્વચ્છ

---

* હાલમાં જે ઠેકાણે દિલ્હિ વસ્યુંછે તે સ્થાને પૂર્વે જેનગર હતું તેને હસ્તિનાપુર કહેતા હતા. અને પાંન્ડુવંશી પરિક્ષીત રાજા રાજ્ય કરતા હતા.
૫ દાતણ કરવું. ૬ મળમુત્રનું સાફ કરવું. ૭ નિત્ય કર્મ. ૮ અથડાઈને. ૯ નદીનો કાંઠો. ૧ હજારનિ સંજ્ઞા ૨ સમુહ ૩ ઝીણી. જોરાવર. ૪ કમળ

સુગંધીદાર પદાર્થોની [૫]પ્રષ્ટે [૬]ભ્રમરાલિ પોતાના ઘોરનાદે ગુંજાર શબ્દ કરેછે. આહા! જેમ સ્ત્રી પુરૂષો નવલ નવલ ના'ના પ્રકારના શૃંગાર પરિધાન કરી ક્રીડાઓ કરેછે, તેમજ આ પક્ષીયો પત્રરૂપી અલંકાર ગૃહણુ કરી કલાપ ક્રમે શોભાયમાન થઇને વિહાર કરેછે. આહા! શું જગતકર્ત્તાની ઐશ્વર્યતામાં અદ્ભૂત કૃતિછે. (એમ કહીને ગાવા માંડેછે.)

"ભટકા હું મેં બારા બરસ તક શેહેર બહોતફીર આયારે" એરાગ.

વાહ! કૃતી વિશ્વેશ્વર તારી, વિશ્વ વિશે વિસ્તારીરે;
આ સંસાર અસાર સારમાં, [૨] રચનાનો રસ ભારીરે. ટેક.
ગ્રહ ઉપગ્રહ વિજ [૧]વાસર[૨]વાસુ, વરસે ગ્રેહે વારીરે;
*તડિત [૩]તાડિકા [૪]તાડન કરતી, (૨)ઝગમગ જ્યોતિ +ઝવારીરે. વાહ૦
[૫]ખગોળ ગોળે[૬] ખેચર ખેડે, વનચર ચરે વન ચારીરે;
તેમજ સ્થાનક માંહિ સ્થળચર, (૨) જળચર જ્યાં જળ જારીરે. વાહ૦
પુષ્પ પદમ સર પશુ પક્ષીપર, [૭]પુંસ નપુંસક નારીરે;
વન ઉપવનમાં વિવિધ પ્રકારે, (૨) નૌતમ લીલા ન્યારીરે. વાહ૦
તરૂવર [૮]વલ્લિ વૃક્ષ વનસ્પતી, શિતકર સરિતા સારીરે;
[૯]નીર માન્યું હે! જગત નિયંતા, (૨)જનમન રંજનકારીરે. વાહ૦
ગ્રિષ્મ શરદને વસંત વરશા, શિશિર સોહે શિતકારીરે;
ષટ્ રૂતુ વરણુન વદને વદુ શું, (૨) હેમંત જે હીતકારીરે. વાહ૦
[૧૦]ત્રિકુટી [૧૧]ત્રિભૂમાં તેં ત્રયભાગે, ત્રિભુવનપતિ શુભ કીધુંરે;
કાળ ક્રમણુની ગણુના ગણુતાં, (૨)દાયક સુખ તેં દીધુંરે. વાહ૦
આદી નિયમ નિયંતા સ્થાપી, ચરચા તેં ચરચાવીરે;
કૃતિ ચમત્કૃત ભાસે ભારી, (૨) ભાવે ભવમાં ભાવીરે. વાહ૦

---

૫ પાછળ. ૬ ભમર અને મધમાખી.
૧ દીવસ. ૨ એક નાગનું કુળ. * વીજળી. ૩ એક દૈ'ત્યણી. ૪ મારવું. + ક્રીર્ણોદય. ૫ આકાશ. ૬ ગ્રહો. ૭ પુરૂષ. ૮ વેલો. ૯ જળ. ૧૦ ત્રૈણુ પ્રકારે. ૧૧ સ્વર્ગ, મૃત્યુને પાતાળ.

ઇચ્છા તારી જગહીતકારી, પુરણ મુજને પ્યારીરે;
આરામ વિષે આ વાસ તમારો, (૨) તેથી બન્યો સુખકારીરે. વાહ૦

(આ પ્રકારે ઐશ્વર્ય કૃતીના આશ્ચર્યકારક કર્તવ્યોનું વર્ણન કરતાં પરિભ્રમણ કરે છે.)

ચન્દ્રસેંન—(પ્રવેશ કરીને સ્વગત.) ચાલ રામ! મારા પ્રિય બાન્ધવને શોધી કાઢું પોતે પધાર્યાં બે ત્રણ ઘટીકા વ્યતિત થવા આવી હોય તેમ જણાય છે. (પ્રખ્યાત. પરિક્રમણ કરતાં) આહાહા! આ મારા પ્રાણુ પ્રિય બાન્ધવનો બાગ દીવસે દીવસે કેવી [1]કીશોરાવસ્થાને પામે છે; આ [2]વિસ્તિર્ણ બાગમાં ફરતો મણીચોક શું શોભિ રહ્યા છે, વળી આ ચોકને મધ્ય ભાગે [3]કુસુમકુંડા કેવી શોભા આપે છે, અને બાગની મધ્યે મો'ટા ફુંવારાની સહસ્ત્ર ધારાઓ કેવી આકાશ માર્ગે ઉંચી ઉડી રહી છે, આહાહા! તે જેમ [4]પુનરપી મેઘરાજા પધારતા નહોય? તેમ જણાયછે; વાહ! ફુંવારાનું વારી વળી નીચે કુંડમાં પડી અદ્રષ્ય થઇ જાયછે, ને તે બાગથી ઘણા [5]દીર્ઘ પથ્યમાં નિર્મળ ઝરારૂપે [6]વહન કરેછે. વળી આ બાગના એક ભાગમાં વનના જેવી વૃક્ષોની ઘટા કેવી શોભી રહીછે, અને બીજામાં સુગંધીમય પદાર્થોની પ્રૌઢ વાટીકારૂપી સમાન વૃક્ષો કેવી શોભા આપેછે, બગીચામાં યોગ્ય સ્થળે ફરતા નાં'ના નાં'ના ફુંવારાઓ પણ કેવા શોભી રહ્યા છે. અને ફુંવારાની આશપાશ સુખદાયક સમાન બેઠકો પણ કેવી શોભે છે. બાગના [7]દ્વાદશ દરવાજાના દ્વારનો ઘાટ અને [8]શિલ્પિકાર્ય જેઇ [9]પ્રવાસીજનો આશ્ચર્ય પામે તેમ છે. વળી આ બાગના મધ્ય ભાગમાં આરસપાણ, ચંદન કાષ્ટ અને હસ્તિદંત યુકત [10]તિવૃક્ષીયા કરેલો મોટો રત્ન મહાલય કેવો

---

૧ બાલ્યાવસ્થાની શોભાને. ૨ વિસ્તાર પામેલો. ૩ ફુલનાં કુંડાં. ૪ ફરીને. બીજીવાર. ૫ લાંબા રસ્તામાં. ૬ વહે છે. ૭ શીવપુરાણમાં એક ઠેકાંણે એવી કલ્પના કરેલીછે કે કૈલાસપુરીને બાર દરવાજા છે, તેથી આ રાજાએ પણ કૈલાસપુરી પ્રમાણ કરવાને તેમ કર્યું હશે. ૮ કડીયા, સુતારની કારીગરી. ૯ આવતા જતા વટે મારગુ. ૧૦ ઝીણું નકશી કામ.

શોભે છે; તેમાં સ્ફાટીકમણીના [૧૧]યુગ્મ સ્થંભો કેવા ઝળકી રહ્યા છે, અને સુવર્ણપત્રથી મઢેલાં હીરા જડીત્ર દ્વાર પણ કેવી શોભા આપે છે. વાહવા! મેહેલની સૌંદર્યતા પણ જેવી જોઈએ તેવીજ રચેલી છે, વળી આ રત્ન મહાલયની સંમુખ લતાગ્રહ છે, તેનું વર્ણન કરવાને તો કવિની શક્તિ પણ સર્વાનુસારે પહોચી શકે તેમ સંભવતું નથી, તો મારી શી ગણતી! આતો અવર્ણિય શોભા રચેલી છે; વાહવા! આ જોતાં મનુષ્યને સહજ નિશ્ચય થઇ શકશે કે શું આ [૧]મઘવાનો આરામ હશે! (એમ કહી બાગનું વર્ણન કરતો ભ્રમણ કરે છે.)

રાગ માઢ. અથવા—

(ઇન્દ્ર સભામાં ગવાતી ઢબની ગજલમાં પણ ઉતરી શકેછે.)

વર્ણવું શું બાગ બન્ધુ બેશ આ બન્યો; એ ટેક૦
[૨]વિશ્વકર્માએ સ્વકાજે (૨) કોડથી કર્યો. વર્ણવું૦
શું ખીલી શોભિત સુંદિર શેરોની શીળી,
વેગે જાણે વન [૩]નંદનનું (૨) વેહ્યું છે વળી. વર્ણવું૦
આ અથાગ ફુલ ફલ દ્રુપ ફાલી જે ફળે;
શું સુગંધદાર આ (૨) [૪]મન્દાર આ મળે. વર્ણવું૦
ચંપા પારિજાતક જાઈ જુઈ જે જણાય;
ચંબેલી હરિચન્દ મન્દ (૨) શો સુંદલ સુહાય. વર્ણવું૦
સૌ સુવાસદાર બેહેકેછે બટ મોગરો;
વાસ શું વશ્યો વિશાલ (૨) મન મોહન હરો, વર્ણવું૦
આ ગુલજાર આ ગુલદાઉદી સોહે સન્તાન;
પુષ્પ પદમને પરાગ (૨) કેવડો કન્તાન. વર્ણવું૦
આદી કોટી જાત કોટી ભાત વૃક્ષ વેલ,
ફુંવારા ફરતી શું આવી (૨) રહીછે રૂડી કેળ. વર્ણવું૦

---

૧ ઇન્દ્ર. ૨ દેવના કડીયા સુતાર. ૩ ઈન્દ્રનું નંદન વન. ૪ ઈન્દ્રના નંદન વનમાં જે પાંચ મોટાં વૃક્ષ કહેવાય છે, તેનાં નાંમ, મન્દાર, હરિ- ચન્દન, પારીજાત, કન્તાન, અને કલ્પ વૃક્ષ. ૧૧ જોડાએલા.

બિલોરી બેઠકો બાગની બની ઘણી;
ચતુરંગી આ ચોકે ચોંડી (૨) છે ફૂણીમણી. વર્ણવું૦
મધ્ય મેહેલ જે માંણુક મોતીથી ભર્યો,
સોનેરી શું સાજ સોહે (૨) સ્વર્ગથી સર્યો. વર્ણવું૦
ધન્ય મિત્ર ! ધન્ય બુદ્ધિ ધન્ય તારી ટેક,
જોઇ મુસાફર આ (૨) આરામ ચા'યછે અનેક. વર્ણવું૦

(આ પ્રમાણે વર્ણન કરી જોતો જોતો પરિક્રમણ કરે છે. ત્યાં જન્મેજ્ય રાજા સન્મૂખ મળે છે, અને બંને મિત્ર અન્યો અન્ય એક એકને ભેટે છે, પછી પરસ્પર હસ્તાંગુલી ગ્રહણ કરી લતાગ્રહ સંમુખ ગતી કરેછે, ત્યાં જતાં પવનના ઝપાટાથી પુષ્પ, ફળ, મહોર. વૃક્ષોપરથી ખરતાં બન્નેપર પડેછે તે જેમ રાજાને વધાવી લેતાં હોય તેમ જણાય છે. તે જોઇને)

ચંન્દ્રસેન—હે પ્રિયતમ! આ સર્વ વૃક્ષો આપની આમન્યા માની[1] રહ્યા છે. અને જેમ આપને પૌર [1]કન્યાયો આચારથી વધાવે છે, તેમ ના'ના પ્રકારના પુષ્પો થકી આપને આ વૃક્ષો વધાવી લેછે, અહો! આ મન્દાર વૃક્ષ તો જાણે આપને નીચો નમી મળવાને આવતો હોયનીશું, તેમ જણાય છે.

જન્મેજય—હે પ્રાણપ્યારા મિત્ર બંધુ! જુવો જુવો, શું સરજનહારની ખુબી છે; આહા! એની કૃતિનો પાર પામવાને તો કોઇ પણ સમર્થ નથી! મોટા દેવ, દાનવો અને ઋષિયો થઇ ગયા તેપણ પાર નથી પામ્યા. બ્રહ્મા, ભારતી, શુક, સુત, અને વેદવ્યાસ સરખા પણ તેનો પાર પામવામાં વિજય નથી પામ્યા; તો આપણી શી ગણતી!

(એમ કહી બન્ને જણ લતાગૃહમાં થોડીવાર બેશી ઉપર વર્ણવેલા

---

૧ ॥ उपेन्द्रवज्रावृतम् ॥ मरुत्प्रयुक्ताश्चमरुत्सखाभं तमर्च्यमारा दभिवर्तमानम् ॥ अवाकिरन् बाललताप्रसुनै ॥ राचारलाजैरिव पौरकन्या ॥ १ ॥

[૧]હર્મ્યમાં જાય છે, ત્યાં સાંમા સાંમી ખુશકારક ખુરશીઓ નાંખી મહેલની બારી પાસે સ્થિતિ કરી [૨]માધવ ઋતુની મહત્તા માની મગ્ન માને છે. અને હાસ્યથી ભરપુર એક એકનાં મન અત્યન્ત પ્રફુલ્લિત છે, તેવામાં જન્મેજય રાજાની દ્રષ્ટિ બહાર પડવાથી પોતાના બાગમાં એક નાગનું મંડળ [૩]કેલી કરતું જોવામાં આવ્યું તેને જોઇને)

જન્મેજય—ભાઈ, જરા આમતોદ દ્રષ્ટિ કરો, આ નાગ મંડળ કેવી ક્રીડા કરે છે. (એમ કહી બંને બારણે જુવે છે.) આહા! શું પ્રભુની પ્રભુતા છે. સર્વેને પ્રસન્ન રાખવાના પદાર્થો તેમ ધર્મન્યાય નિતિથી વિરૂદ્ધ વર્ત્તિ ભ્રષ્ટ થનારાઓને તથા મનુના ચીલાને [૪]ઉલ્લંઘન કરી [૫]વિરક્ત વર્ત્તનારાઓને માટે સિક્ષાર્થે આવા કાળ રૂપી સર્પ પણ નિર્માણ કરી મુક્યા છે. વળી એ [૬]વિષપ્રદ અવાચ્ય પ્રાણિયોને કેટલું ગ્નાન આપેલું છે કે જેથી તેઓ કેવા હર્ષથી રમણ કરે છે. નિયંતા! તારા નિયમની રચના અને યોગ્યતા એક ન્યારીજ છે, કે જેવાં જેનાં નામ તેવોજ તેનો આકાર, અને તેવાજ તેનામાં ગુણ આપ્યા છે. વળી સંસારી જનોને મગ્ન થવાને તેમજ દંપતિઓને ક્રિડા કરવાને વળી ધંધાર્થિયોને આરામ લેવાને દીવસના અંતે નિશા નમાવે છે. વાહવા! તારી અદ્દ્ભૂત ક્રિયાનેતો પોહોચવાને કોઈ પણ સમર્થ નથી. (એમ કહી પાછા ખુરશીઓમાં બેસે છે. અને "નાગ મંડળ પ્રબંધ" પોતાના મિત્રને શ્રવણ કરાવેછે.)

નાગ મંડળ પ્રબંધ. કવીત, અથવા મનહર છંદ.

નામના પ્રમાણા કાર, *પટુતાથી ચિતરીને;
તરીને તમાસો જુવે, તેવો એછે જગમાં;
જગમાં સાકાર નથી, એના વીના બીજો કોઇ;
જો કોઇ કદાપિ હોય, ચાલી જુવે ×નગમાં;

---

૧ રત્ન મહેલ. ૨ વસંત ઋતુ. ૩ રમત. ૪ ઓલંઘવું. ૫ જુદાઈથી. ૬. વિષને આપનાર, * ડહાપણ. × પર્વત.

નગમાં [3]પ્રયાણ કરે, તદપિ શું તેણે થયું;
ને થયું સમાધી રૂપ, અંગ પ્રાણ કામના;
કામના કૃપાને ધણી, [4]ચિમન એ [5]નખમાં છે;
[6]ખમાંછે એ ઇશ્વરની, ન્યારી ગતી નામના.

ચન્દ્રસેન— **લાવણી.**

"અધબીચ મોહોબત તોડી એ દરદી દીવાના" એ રાગ.

સુણ ભ્રાત સાર, (૨) આ વાર વદુ હું વદને;
ગ્રહણ કરો ચિત ચતુરાઈથી સુખ શાન્તિ રે' સદને.
આ સમે હોત, (૨) મણી મુગટ સુગટ ધરનાર;
આનન્દે અન્તર [8]સ્થાપિ સ્થિર આશ્રમ સ્થળ ઠરનાર.
એ પ્રોઢ પુન્ય, (૨) પતિ પીતા હતા તમ [9]હયાત;
બિરાજ બાહુ એ બહુ બોઇ ધોઈ ક્ષાર સાક્ષાત.
રહીરાજ નિતિ, (૨) અનુકૂળ મૂળ ટૂ કાપી;
ચક્રવર્ત્તિ સમ રહિ ચકવે મહિં મહિપતીએ માપી.
શ્રીનગર [1]શ્યામ [૨] સુખકર શંકર કૈલાસે;
તેમ આપને અહિં હતું જેમ [2]વાસવ સ્વર્ગ અવાસે.
પણ આપ શીર, (૨) હે વીર વિશેષે ભાર;—
રાજકાજનો તેથી નહિ તો સુખ તણો નહિપાર,

જન્મેજય—(તે સાંભળી પૂર્વે પોતાના પિતાને [7]તક્ષક સર્પનો દંશ હોવાથી મર્ણ પામ્યા છે, એવું સ્મરણ થવાથી શોક ઉત્પન્ન થઇ એકદમ સત્વર ક્રોધાવેશમાં આવી જુસ્સાથી બોલે છે.) અરે! આવા કાળેજ મારા પુન્યવાન પીતાનો પ્રાણ લીધો છે, અને હું તે દુષ્ટોને દ્રષ્ટિએ દેખી આનન્દ પામું છું! ધિક્કાર છે મારા જીવને! કે આ દુર્ગુણિઓ-ને મેં જીવતા મુકયા છે!! ને અધુનાપણ જીવતા જવા દેઉછું! (એમ

---

૩ જવું. ૪ સુખ. ૫ હાથમાં. ૬ આકાશ. ૭ ઘર. ૮ ધરીને.
૯ જીવતા. ૧ શ્રી કૃષ્ણ ભગવાન. ૨ ઈન્દ્ર.

કહી તેના ઉપર ક્રોધાવેશથી પોતાની પાસેનું ખડ્ગ નાગુ કરી તે નાગ મંડળ પ્રતી સત્વર વેગથી દોડે છે. એટલે ચન્દ્રસેન આશ્ચર્ય પામીને)

ચન્દ્રસેન—હેં ! હેં ! હેં !! આ શુ? કોના ઉપર આટલો સત્વર ક્રોધ કરો-છો.? (એમ કહી તેનો ખડ્ગ ગ્રહેલો હસ્ત પોતે ગૃહણ કરીને ધીરેથી [3]અસી ખુંચાવી લઈ પોતાની પાછળ મુકી દેછે. અને તેને પાછો ખુરશી ઊપર બેસારેછે. અને તે નાગ મંડળને [4]ગુપ્તરીતે પલાયન કરા-વેછે.) બેસો બેસો ! મને સમજાવો તો ખરા, કે શું છે? (એમ કહી તેના શરીર સામું જોઇને સ્વગત) આહાહા !! ક્રોધથી કેવો વિક્રાળ વર્ત્તાય છે!

વસંત તિલકા છંદ.

શું [5]રક્ત નેત્ર નમતાં, ભભકા ભરેલાં;
કે આ [6]કૃષાનું સરજયો,-મનથી કરેલાં;
[1]રોમાંકુરો [2]રગતથી, તન [3]તિષ્ટ દિસે;
ક્રોધે કરી કઠણ આ. બહુ દંત પીસે.
ઉભો થયેલ મુજથી, કર એક લાંબો,
એ ક્રોધથી વધિ ગયો, [4]ગરટેજ આંબો;
જે સિંહ પુત્ર ગણતા, સમસિંહ દેખો;
વિક્રાળ સિંહ કરતાં, અતિ આજ કોપ્યો.

જન્મેજય—(ક્રોધ યુકતદીર્ધસ્વરે) બસ, મને જવાદો ! ને એ દુષ્ટોનો [5]પ-રાભવ કરવા દો !

ચન્દ્રસેન—ભાઇ મને કહો તો ખરા, કે તમારેને એને શું વૈર છે, કે જેથી તમે આટલા બધા ક્રોધાવેશમાં આવી સત્વર એ નિરપરાધી પ્રા-ણિયોનો દેહાંત ઈચ્છોછો.

---

૩ તરવાર. ૪ શત્રુને દ્રષ્ટિએ દેખવાથી અત્યન્ત ક્રોધ ઉપજેછે માટે તેણે તેને પલાયન કરી દેવરાવ્યું. ૫ રાતાં ૬ અગ્ની.

૧ શરીરના રૂવાડાંનાં અંકુરો. ૨ ક્ષત્રિય લોહીથી. ૩ શરીર ઉપર ઉ-ભાં થયેલાં. ૪ ઉકરડો. કહેવત છે કે "ઊકરડામાં આંબો વધ્યો" ૫ નાશ.

જન્મેજય—(ક્રોધયુક્ત) શું એ નિરપરાધી છે?

ચન્દ્રસેંન—ભાઈ આ સમય તો એ અવાચ્ય પ્રાણિયોનો કાંઇ પણ દોષ જણાતો નથી.

જન્મેજય—(ક્રોધ યુક્ત જુસ્સામાં બોલે છે.) શું મારા પીતાનું વૈર ન લેવું જોઇએ? શું મારે તેમને જીવતા જવા દેવા જોઇએ? અરે કોઈ દહાડો નહી! શું હું ક્ષત્રીય પુત્ર નથી!? કે તેમનું વૈર વાળ્યા વીના રહું! શું કૃષ્ણ પરમાત્મા ભગવાને સ્વમાત પિતાનું વૈર લેવાને પોતાના સગા મામાને નહોતા માર્યા!? શું મારા કુળના પુજ્ય ભીમસેને પોતાની પ્રિયપત્ની દ્રૌપદીને માટે એવી પ્રતિજ્ઞા નહોતી કરી કે "દ્રૌપદીનો ચોટલો હું દુષ્યાસનના લોહિમાં ખરડાએલા મારા હાથેજ વાળીશ" ત્યારે શું હું મારા પીતાનું વૈર નહિ લઊં? શું હું મારા આવા પવિત્ર કુળને લાંચ્છન લગાડું? અરે તેમણે તો પોતાના સબંધીઓ ઊપરજ પોતાના પ્રિય સગાઓને માટે વૈર વાળ્યુંછે, તો હું આ નાગ, કે તેને ને મારે કાંઇ પણ સબંધ નથી. તો શું તેના ઉપર વૈર ન લઉં? શું પક્ષીરાજ ગરૂડે પોતાની પ્રિય માતુશ્રીને માટે માશી ઉપર વૈર વાળીને તેના સહસ્ર છોકરાઓને નહોતા મારી નાંખ્યા? તો ધિક્કારછે મારા જીવતરનો શરમ છે મારા ક્ષત્રિય વિર્યને! કે હું મારા પિતાના [1]અરીના કુટંબિઓને જોઈ ખુશી થાઉંછું. શું પરશુરામે પોતાના માત પિતાનું વૈર લેવાને [2]નક્ષત્રી પૃથ્વી નહોતી કરી? માટે બસ! પ્રાણ જાય તોપણ હું મારા પિતા પ્રતિનું એ કાર્ય કરયા વગર ચુકવાનો નથી.

ચન્દ્રસેંન—એતો તક્ષક સર્પે દંશ કરેલો છે, તેમાં બીજાને શું.

જન્મેજય—અરે! સ્વજાતિય ખરા કની, માટે જરૂર હું તેના સઘળા કુટુંબીઓના પ્રાણ ત્યાગ કરીશ!

ચન્દ્રસેંન—

ગજલ.

"ગઇ બએક બએક જો હવા પલટ." —એ રાગ.

સુણ મિત્ર[3] હીત પવિત્ર આ, પ્રિય! પ્રેમ [4]પાથે [5]પ્રેર તુને;

---

૧ શત્રુ. ૨ ક્ષત્રી વિનાની. ૩ કલ્યાણ. ૪ રસ્તે. ૫ પ્રેરણા.

સુક્ષ્મ દ્રષ્ટિથી દ્રષ્ટ તું કરી કર, [६]શાન્તિ ભ્રાન્તિ વિદારને. સુણ૦
જન્મ મર્ણુ જે જનને નડે, [७]જરા હાની [८]ગ્લાની કુડી કરે;
સુખ દુઃખ જે સંસારે અડે, ભય ભાઇ એ દુખદા ભણે. સુણ૦
લાભાલાભ નિર્ભયતા ક્ષમા, રોગી રોગ રંગ રમે [१]રમા,
સર્વે [२]વીધીને વશછે ગમા, [३]કૃષીકાર [४]લાદે તેવું લણે. સુણ૦
લખ્યા લેખ જે આ લલાટના, કે કુઘાટના કે સુઘાટના;
શિલ્પિ કામ સોહે સલાટના, કોર્યા બ્રહ્માએ તેમ ભાલને. સુણ૦
નિયમિત કાર્યની આ કૃતી, થયું થાય છે ન ટુટે મથી:
આમાં શુભફળ મળવું નથી, પ્રિયમિત્ર આતું શાને હણે. સુણ૦

જો ભાઇ જીવવું, મરવું, સુખ, દુઃખ, ભય, ક્ષેમ, રોગ, હાની. અને નિર્ભય તેમજ લાભાલાભ એ સર્વે વીધી વશછે, તેમાં કોઈનો દોષ નથી. જેમ બ્રહ્માએ લલાટમાં લખ્યું હોય છે, તેમજ કાળે કરી થયાં જાયછે. અને તે નિર્મિતકાર્ય થવામાં પરદોષ ગણિ તેના ઉપર ક્રોધથી [५]દ્રોહ કરવો ને તેઓના પ્રાણ ત્યાગ કરવા એ વિષયમાં મારૂ મન સાક્ષીભુત થતું નથી; અને આપ તેમ કરશો તો ક્ષત્રિયનો ધર્મ છે કે મનુષ્યને સહજ [६]અવસાન સમય પ્રાપ્ત કરે એવા પ્રાણિયોને દેહાંત શિક્ષા કરવી; પણ પવિત્ર પિતાનો સ્વર્ગવાસ થયાં દીર્ઘકાળ થયો નથી માટે મિથ્યાલોકાપવાદ ગ્રહણ કરવાનો સંભવ સુચવે છે, અને તે વિષે આપણા રામશંકર શાસ્ત્રીજી પ્રસંગોપાત વારંવાર એક ગાથા કહેતા હતા તે જુવો સાંભળો;—यद्यपिशुद्धंलोकविरुद्धं ॥ नाकरणीयंनाचरणीयं ॥

અર્થ—જો શુદ્ધ હોય પણ લોક વિરૂદ્ધ થતું હોય તો તે કરવુંએ નહીં, ને આચરવું પણ નહી. માટે એ વિષયમાં મારો કિન્ચિત વિચાર નથી.

જન્મેજય—હું યુકિતથી તેમને હણીશ, સઘળું મારી સગવડમાં છે અમારા પિતામહે અશ્વમેધાદિ યજ્ઞ કર્યા છે, તેમજ હું યથા

---

૬ ક્રોધની શાન્તિ. ૭ વૃદ્ધાવસ્થા. ૮ સભા ક્ષોભથી શરમાઈ જવું.
૧ સ્ત્રી. ૨. બ્રહ્મા. નશીબ. ૩ ખેડુત. ૪ વાવે. ૫ ઇર્ષા. ૬ છેલ્લો વખત.

શાસ્ત્રોક્ત શ્રી યજ્ઞનારાયણનું યજન કરી "નાગમેધ યજ્ઞ" કરીશ; એટલે લોકાપવાદ થશે નહીં, અને જેથી મારા પીતાનો શત્રૂ તેમજ તેના સઘળા જાતિ વર્ગોનો મારા પોતીકાના હાથેજ અગ્નિમાં હોમ કરીશ.

ચન્દ્રસેન—(તેનો અત્યાગ્રહ જોઇને ક્રોધાગ્નિ શાંન્ત કરવા સારૂ) વારૂં ભાઈ તેમ કરજો, પણ હાલ ક્રોધ કરવો એ મીથ્યા છે.

જન્મેજય— શિખિરણી છંદ.

પિતાનું પર્વારયું, પરમ પદ જ્યારે [1]દહનથી;
થયા સ્વર્ગાવાસી, જરૂર ઝટ ચાલ્યા ભવનથી;—
તમારા શત્રૂનાં, સકળ કુલ મારે મન ધરૂં;
પછી હું સર્વેને[2] દહન કરવા સુધમ કરૂં.

ચન્દ્રસેન—(શોકાગ્નિમંદ પાડવા સારૂ શિતળ જળનું પંચ પાત્ર ભરીને તેના સંમુખ ધરેછે.) હા, આપે જે કહ્યું તે ખરૂંછે, ને આપ તો સત્યવકતાજછો; પણ આ લ્યો જળપાન કરો. (એમ કહી પંચપાત્ર તેના હસ્તમાં આપે છે.)

જન્મેજય—(તે લઇને પાન કરે છે ને થોડીવારે શાન્ત થયા પછી) ભાઈ કેટલો સમય થયો હશે. !

ચન્દ્રસેન—દ્વી પ્રહર સુર્ય પોતાની ગતિએ સંપુર્ણુ પહોચ્યો હોય તેમ જણાય છે.

જન્મેજય—અહોહો ! આજ તો બહુ સમય થયો. ચાલો સર્વે રાહ જોતા હશે (બન્ને સમુદ્રગ્રહમાંથી નીચે ઉતરી બાગની બાહાર આવેછે ત્યાં સારથી અશ્વરથ લેઇને ઉભોછે તેમાં બન્ને બેસીને જાયછે.)

(પડદો પડેછે.)

---

૧ સર્પના વીષ રૂપી અગ્નીથી બળીને. ૨ યજ્ઞમાં હુત દ્રવ્યાર્થે.

પ્રવેશ ૪ થો.

સ્થળ—નાગમેધ કરવાનો યજ્ઞ મંડપ.

પાત્રજનો.

જન્મેજય, ચન્દ્રસેન, મંત્રી, ઉપમંત્રી, ગુપ્તમંત્રી, કેટલા એક રાજયકાર્યભારીઓ, સભાસદો, મુખ્યાચાર્ય, ગુરૂ, *રૂત્વિજો અન્યબ્રાહ્મણો, રૂષિયો, ²નગ, નાગ, અપ્સરજનો, ³કિન્નરો, ભાટ, ચારણો, કેટલાએક પુરવાસી જનો અને ચાકર નોકરો વિગેરે પશ્ચાત વૈશંપાયન મુની અને શિષ્યો સહુવર્ત્તમાન વ્યાસ પ્રભુ૦

(નેપથ્યે.) **ॐशान्ति! शान्ति!! शान्ति!!!**

रुद्रकलशस्य त्याग:भस्मनाल्लाटे.

(યજ્ઞની પુર્ણાહુતી થયા પશ્ચાત્ ⁵અવભ્રથ સ્નાન કરી પુનઃ યજ્ઞાસને સ્થિત થાય છે એટલે અન્તર્પટનો ત્યાગ થાય છે)

જન્મેજય—(હીકર જોડી યોગ્ય રીતે નમન કરતાં) સર્વ બ્રહ્મ રૂષિ માત્રને મારો સાષ્ટાંગ નમસ્કાર છે. (નીચો નમી નમન કરેછે.)

સર્વ બ્રાહ્મણ—કલ્યાણ મસ્તુ ! રાજા જન્મેજય, તારો જ્ય જયકાર થાવ.

જન્મેજય—(મુખ્યાચાર્ય પ્રતી દ્રષ્ટિ કરીને) મહારાજ ! યજ્ઞ સંપૂર્ણ થયો?

મુખ્યાચાર્ય—હા વત્સ, યજ્ઞ સંપૂર્ણ થયો, પરન્તુ યજ્ઞાંગે ઉપકાર્ય ન્યુન છે.

જન્મેજય—શું ઉપકાર્ય ન્યુન છે મહારાજ?

---

* યજ્ઞમાં વરેલા બ્રાહ્મણો. ²**तस्य यज्ञे महासिद्धा, नगाना-गाश्च चारणा: देवर्षयश्च देवाश्च, अप्सरोभि:समागता:** ³ ગન્ધર્વ. ⁴ પ્રત્યેક યજ્ઞ યાગમાં રૂદ્ર એટલે માહાદેવનું સ્થાપન આવશ્ય કરવું પડેછે, અને તે યજ્ઞની પૂર્ણાહુતી થયા પશ્ચાત તેમનું વિસર્જન કરે છે. ⁵ **यज्ञान्तेऽवभ्रथस्नानं*** * *

મુખ્યાચાર્ય—મંત્રાશિર્વાદ, સર્વેને દક્ષિણા, યોગ્યજનોને શિરપાવ. અને ભુયસી દક્ષિણા અન્ય બ્રાહ્મણોને.

જન્મેજય—માત્ર એટલુંજ ન્યુન છે? (એમ કહી મંત્રીને આજ્ઞા કરેછે) સુવર્ણ મુદ્રાઓ, અને વસ્ત્રાલંકાર વિગરે લાવો.

મંત્રી—(જીહા. લાવું. (એમ કહી યોગ્ય રાજ્ય કાર્યભારીને સુચવેછે, અને તે કહ્યા પ્રમાણે લાવેછે એટલે) કેમ લાવ્યા?

કાર્યભારી—જીહાં લ્યો (સ્વલ્પ કાલમૌન રહીને) કેમ સુગંધીમય પદાર્થો લાવું?

મંત્રી—હા લાવોને. (રાજ્ય કાર્યભારી તેમ કરે છે)

જન્મેજય—ચંદનવડે સર્વ બ્રાહ્મણ ઋષિઓ વિગરેનાં ભાલ ચરચો અને કંઠમાં સુગંધીમય પૂષ્પ માળાઓ આરોપણ કરો. અને સુગંધતેલ ગુલાબજળ વીગરે સુગંધીમય પદાર્થોવડે સર્વ બ્રહ્મર્ષિઓ માત્રને મગન કરો, કે જેથી આપણાં આરંભેલાં યજ્ઞ કર્મ સંપુર્ણ થાય, ને કોઇ પ્રકારે લોકાપવાદ લાગે નહી તેમ કરો.

મંત્રી—(રાજાને યોગ્ય રીતે નમન કરતાં) મહારાજા! મને આજ્ઞા છે.

જન્મેજય—હા, બ્રહ્મર્ષિયોનું પુજન કરો.

મંત્રી—જેવી શ્રીમન્‌મહારાજાની આજ્ઞા. (એમ કહી અંગવસ્ત્રથી પોતાની કટી કશીને બાંધે છે, અને બ્રહ્મ સભામાં પુજનાધિકાર, ચલાવે છે, તે જોઈને સર્વ બ્રાહ્મણો પ્રથક્ પ્રથક્ આશિર્વચન વદે છે)

બ્રાહ્મણો—નૃપવર્ય જન્મેજય મહારાજાનો જયજયકાર હો!

૧ લો બ્રાહ્મણ— **શાર્દૂલ વિક્રીડીત છંદ.**

*શ્રી મત્પંકજ વિષ્ટરો નર હરી, નારાયણઃ [૧]શ્રીપતી;
બ્રહ્મા વિષ્ણું [૨]મહેશ્વરા ચ્યુત રમા, સૂર્યાદિ [૩]ખેટાઃ[૪]સતી;

---

* શોભાયમાન કમલ પુષ્પની માળાઓથી વિંટાએલા એવા "નરહરી" નૃસિંહદેવ. ૧ શ્રીકૃષ્ણ ૨ મહાદેવ તથા અચ્યુત (કેસવ) ને લક્ષ્મી. ૩ ગ્રહ. ૪ ગાયત્રી.

[5]સુત્રામા [6]સુર [7]વિત્તપાળ [8]વરૂણઃ ભાગીરથી નર્મદા,
શ્રીમન્મંગળ મંડપે ચિર કુરૂ, [9]સિદ્ધિઃ [10]સુધીઃસર્વદા.

૨ જો બ્રાહ્મણ—યાવશ્ચન્દ્ર [11]હિરણ્ય ગર્ભ[12]ભુવિમાં, પુણ્ પ્રભાથી તપે;
યાવત્સૃષ્ટિ વિષે વહે નિયમથી, [13]તત્વો શ્ચતુર્વિંશજે;
યાવત્વેદ પ્રવર્ત્તિ વિપ્રવદને, યાવત્સ્ત ધર્મે શુચી;
તાવદ્રાજ્ય તપો અતી ક્ષિતિપતી, ક્ષ્મા [14]નન્દ ખન્ડે વશી.

૩ જો બ્રાહ્મણ—[15]હન્હીમાં [16]ત્રિપિડા વધો ક્ષિતિપતી, ઐશ્વર્ય આરોગ્યતા;
વાધો વૃત્તિ વિશેષ પુન્ય પદમાં, વાધો સુકિર્ત્તિ [17]ક્ષિતી,
વાધો ત્રાસ તમામ સૈન્ય દળમાં,—દુષ્ટો તણા ચિત્તમાં;
વાધો પ્રેમ સદા સુનમ્ર નરમાં, વાધો પ્રભા વિત્તમાં.

સર્વે બ્રાહ્મણો— મન્દાક્રાન્તા છંદ
રાજ્યાંગે [1]સંતતિ સકળ હો, સ્નેહથી સર્વ તારે;
ભારે ભંડાર [2]ભવન ભારિને, કાર્ય સારાં સુધારે;
[3]અબ્ધી સાતે સકળ [4]સુર વસે, રાજ્ય તારૂં વસોને;
આશિર્વાચા [5]ભૂસુર ભણતાં, કાર્ય સિદ્ધાન્ત હોને.

---

૫ ઇન્દ્ર. ૬ તેત્રીશ કોટી દેવ. ૭ કુબેરભંડારી ૮ વરૂણદેવ, ૯ નવેનિધિ અને અષ્ટમી સિદ્ધિ, ૧૦ સારી બુદ્ધિ. ૧૧ સુર્ય. ૧૨ પૃથ્વિતલમાં ૧૩ પૃથ્વ્યપ્તેजोवाय्वाकाश कालदिगात्ममनांसिनवैव, रूपरसगंध स्पर्श संख्या परिमाण पृथक्त्संयोग विभाग परत्वापरत्व गुरुत्व द्रवत्व स्नेहशब्द बुद्धि सुखदुःखेच्छा द्वेषप्रयत्न धर्माधर्म संस्कारा श्चतुर्विंशतितत्वाः ॥ ૧૪ ઇન્દ્રખંડ. શૈલખંડ તામ્રખંડ ગભસ્તિખંડ. નાગખંડ. સૌમ્યખંડ. ચારણખંડ. ગાંધર્વખંડ ભર્તખંડેતિ નવખંડ મંડીતે. એ નવેખંડની પ્રથ્વીમાં તારૂ રાજ્ય હો. ૧૫ દીવસમાં. ૧૬ आसने विप्रपिडाच, भोजनेबालपिडनम् ॥ शय्यायां वनितापिडा, तत्रापिडादिने दिने ॥

૧ પુત્ર પૌત્રાદિ. ૨ ઘર. ૩ સાત સમુદ્ર. लवणेक्षु सुरा सर्पिदधी क्षिरशुद्धोदकादि सप्तार्णव. ૪ દેવ. ૫. બ્રાહ્મણ.

જન્મેજય—હે પંડીત જનો ! [૬]ભૂદેવો, અને સર્વ મુનિશ્વરો ! તમને મા'રો પ્રેમ પૂર્વક સાષ્ટાંગ નમસ્કાર છે; તમારો સમાગમ થવાથી મને અહ્માનન્દ પ્રાપ્ત થયો, તમારા સરખા વિદ્વાન બ્રહ્મર્ષિયોની પ્રતિમાના દર્શનનો મને અત્યન્ત લાભ થયો, તે સર્વે મા'રા પૂર્વજોના પૂન્ય પ્રતાપથીજ થયો સમજાુછું. (પ્રધાન પ્રતિ દ્રષ્ટી કરીને) વારૂં સર્વ શ્રેષ્ટ મંડળનું પુજન પરિપૂર્ણ થયું ?

મંત્રી—જી હા, સર્વ શ્રેષ્ટ મંડળનું [૭]સમ્યક પુજન થયું. (જન્મેજય રાજા બ્રાહ્મણોને સૂવર્ણ મુદ્રાદિ દક્ષિણા આપે છે. તે લેઇને)

સર્વે બ્રાહ્મણો—આયુષ્યમાન્ જન્મેજય મહારાજા ધિરાજનો જયજયકાર થાવ !! (સર્વે બ્રાહ્મણો જાય છે. એટલે નેપથ્યમાં શબ્દ થાય છે કે,—) વૈરીદળ નિકંદન કરી પૂન્યનો પુંજ પ્રગટ થયો ! ભલે પાંડુવંશ ભલે! ચીરંજીવી જન્મેજય વંશગાદી ચીરંજીવી ભલે ! અજીત મૃત્યુ લોકના ઇન્દ્ર ! સવઈ બાપ ! સવાઈ ! ! (ઇત્યાદિ બોલતા ભાટ ચારણો પ્રવેશ કરે છે.)

વીરવકતાભાટ—(ખોંખારો કરીને) **કવીત.**

ચક્રવર્તિ [૧]ચક્ર [૨]ચક્ર,—પાણીકો પ્રમાન કીયો;
[૩]નક્રચક્ર ! [૪]અક્રચક્ર [૫]ચક્રવાકૂ ચા'તહે;
કીર્તિકો પ્રચંડ ચંદ્ર, [૬]અંડમે અખંડ હુવો,
[૭]પિંડકો અપિંડ [૮]પિંડ, મોક્ષમે પપાતહે;
આદીકો [૯]સપિંડીધ્યાન, ધ્યાનમે [૧૦]ધીમાન લહે,
દહે [૧૧]દૂશી દોષ કોષ, [૧૩]કોષ મે [૧૪]શ્રીખ્યાતહે;
કીર્ત્તિકો પ્રવાસ પુની, વિસ્તરો આકાશ વત્,
ધર્મ સિંધુ [૧૫]દયાદધી, આપુને કહાતહે.

---

૬ બ્રાહ્મણ. ૭ રૂડા પ્રકારથી.

૧ યશચક્ર. ૨ શ્રીકૃષ્ણ ભગવાન. ૩ ઉત્તરગતીનો સૂર્ય. ૪ અદ્રષ્ટ. ૫ પર્વત સમાન પ્રૌઢ થવું. ૬ બ્રહ્માન્ડ. ૭ માનુષીક દેહ. ૮ લિંગદેહ. ૯ ઉત્તરક્રીયા. ૧૦ બુદ્ધિમાન. ૧૧ વૈરી. ૧૨ દોષનો ભંડાર. ૧૩ દ્રવ્યનો ભંડાર. ૧૪ લક્ષ્મી. ૧૫ દયાનો સમુદ્ર.

સ્મિતવક્તા ભાટ—(ખોંખારો કરીને) **કવીત.**

પાંડુવંશી! પુન્ય જ્યોત, કલ્પ વૃક્ષ કામધેનુ,
ચિંતામણી રત્ન એક, આપુકો ગવાયોહે;
ગ્યાન હુમે દાનહુમે, તીનું લોક પરજામે,
જાકો જસવાસ બળ, બહુતમે છાયોહે;
મનુહુમે ઈન્દ્ર આપ, મહીમા અમંદ ચંદ,
[16]ભુમી દુધા દોહન કે, [17]પ્રજા વચ્છ પાયોહે;
[18]નિરાપેક્ષી [19]ન્યાયતંત, [20]નાકમે [21]નિપાત એસો.
ન્યાયાધીશ! ન્યાયનેક, આપુકીપર છાયોહે.

ભલે ભલે! હસ્તિનાપુર ગાદી ભલે! પરમાર ગાદી! સવઇભા! સવાઈ!

હીતવકતા ભાટ—(સ્મિતવકતા ભાટને) અલ્યા જડસા લલકારીતો ઠીક!

સ્મીતવકતા ભાટ—(વીરવકતા ભાટને) રાંડના ધોતાળ, કેસે "લલાકારી તો ઠીક" જોયું? (એમ કહી હીતવક્તાભાટને) ત્યારે તા'રૂ ડા'પણ અછાંનું રહેશે કે? બોલને તુએ એક કવિતા કે સવિતા કેવો શોભે છે.

હીતવકતા ભાટ—લેને ત્યારે હુંએ લલકારૂંછું (એમ કહી ખોંખારો કરી મોઢે હાથ ફેરવે છે.)

કવીત.

ગાદીપે અનેક ભુપ, ભયા ભાનુ દેહ રૂપ,
સત્ય સૂર પૂર વાકો, વર્નન વિખાન્યોહે;
હુવા જ્યુધિષ્ટીર ભીમ, સહદેવ યા નીકુલ;
અર્જુન અજીત વડો, જગતમે જાન્યોહે:
પરિક્ષિતે કીધું રાજ્ય, પૂન્યસેત બાંધી પાજ,

---

૧૬ ભૂમીરૂપી ગાય, ૧૭ પ્રજા રૂપી વાછડાં. ૧૮ આપેક્ષા વીનાનો. ૧૯ ન્યાયનો તંત્ર. ૨૦ સ્વર્ગ. ૨૧ અર્થાત્ સ્વર્ગમાં ધર્મરાજાનો પક્ષપાત રહીત સત્ય ન્યાય છે એવો.

ધીરવીર આપ એક, વૈરી મન માન્યોહે;
જય! જય! પામો આદિ, તપો અવિચળ ગાદી,
[1]તપોધન તપે એમ, નેક ટેક નાન્યોહે.

સ્મિતવક્તા—ભલા ભલા. ભાવના ભાંડ બેટા તીરંબાજ, શો લલકારો કર્યો છે!

વીરવક્તા—અલ્યો તમારૂં રહાતળ જાય! મુરખો શીદ વઢો છો. જરા શ્રીમન્મહારાજાની મરજાદા તો રાખો, ભુંડો સીદ એછું અદકુ બોલોછો. ઠેકાણું જોઈને બાટાઇ કરોતો ભલે.

(એટલામાં એક ચારણ બોલી ઉઠે છે.)

ગુણગ્રાહી—અન્નદાતા! પૃથ્વીપતી મહારાજાધીરાજ બેઠા પ્રમાણ!!

નામ રહંતા રાજમેં, નાંણા નહીં રહંત;
કીરત રહંતા કોટડા, પાડયા નહીં પડંત.

જન્મેજય—હે યાચકો! આ વર્ણન કરવામાં કેવળ મિથ્યા અતિશયોક્તિ થાય છે, માટે યજ્ઞ નારાયણ રૂપ શ્રીકૃષ્ણ ભગવાન સંબંધી કાંઈક વર્ણન કરો.

ગુણગ્રાહી— **રેણકી છંદ.**

"શર શર પર શધર અમરતર અનુસર, કરકર બળધર મેળ કરે;
હરીહર સુર અછર અવર અતી મનહર, ભરભર અતિ ઊર હરખ ભરે;
નીરખત નર પરવર પરવર નીરજર, નીકર મુકુટ શીર શેવર નમે;
ગણુરવ પટ ધરર ફરર પદ ઘુઘર, રંગભર સુંદિર સ્યામ રમે. જીયેરંગ૦
ઝટપટ પટ ઊલટ પલટ નાટવટ, ઝટલટ પટકટ ધટનીપટ લળે;
કોકટ અતીઉત્ ત્રુકટ ગતિ ધનકટ. મનડર મટલટ લીપટ મળે;
જુમનાં ત્રટ પ્રગટ અમટ અતી, રંગજટ સુરહટ ખેખટ તીણ સમે;
ગણુરવપટ ધરર ફરર પદ ઘુઘર, રંગભર સુંદિર સ્યામ રમે. જીયેરંગ૦"

જન્મેજય—બસ બસ, પ્રધાનો! આ યાચકોનાં મન પ્રસન્ન વસ્ત્રાલંકાર આપે તેવું યજ્ઞ ભંડારીને સુચના કરો.

---

૧ તપરૂપી ધનછે એવા તપસ્વી.

(પ્રધાન તે પ્રમાણે કરેછે એટલે ભાટ ચારણો જાયછે અને વેશંપાયન રૂપી તથા વ્યાસ મુની પ્રવેશ કરતાં નેપથ્યે શબ્દોચ્ચાર થાય છે કેઃ—

सच्चिदानंद ! सच्चिदानंद ! तत्त्वमसि ! ब्रह्मास्मि ! प्रज्ञानमानंदं ब्रह्म ! सर्वंखल्विदंब्रह्म ! अयमात्माब्रह्म ! ॐनमःशिवाय, ॐतत्सत् परमात्मने नमः ॥

વ્યાસાદિ—ગોવિંદ ! ગોવિંદ ! ગોવિંદ !! (ઈત્યાદિ બોલતા પ્રવશ કરેછે. તેમનો સત્કાર કર્યાનંતર વિનય પૂર્વક નમન કરીને)

જન્મેજય—હે [1]ભગવન્ ! આપને [2]આમંત્રણ સતાં પણ આ યજ્ઞ કાર્યની સમાપ્તિ થયા પશ્ચાત્ અવભ્રથ સ્નાનાનંતરે આ યજ્ઞ કર્મના પૂન્ય પ્રભાવે આપના પાદાર્વિંદ અત્રે સ્થિત[3] થયેલા સર્વેને પવિત્ર કરવા ધર્યા છે, અને આપનું [4]શ્રેયસ્કર દર્શન થવાથી હું તથા અત્રેની સ્થિત થયેલી સર્વત્ર પ્રજા સંસ્કારી ગણાશે. [5]અધુના અમારા પ્રારબ્ધ રૂપી વાયુ આપની વૃતિને અત્રેથી આ યજ્ઞ કર્મનું ફળ શ્રેયસ્કર કિંવા અશ્રેયસ્કર વ્યતિત કર્યા શિવાય અન્ય સ્થળે ભમાવવા સમર્થ ન કરે એજ માત્ર પ્રાર્થના સહ યાચના છે.

વ્યાસ—હે રાજન્ ! હું તને ધર્મ ન્યાય નિતિ સહ સિક્ષાર્થે તારા અજ્ઞાન રૂપી [6]તિમિરનો જ્ઞાન [7]ચક્ષુષવડે નાશ કરવા સત્યાસત્ય વિચાર કરીને કહુછું કે, સર્વ [8]પન્નગ માત્રને તેં મિથ્યા યજ્ઞકુંડ કરી અગ્નીમાં [9]હુત દ્રવ્યાર્થે હોમ્યા; પરંતુ તારા બળવાન પિતાને તો [10]ભાવી બલવત્ર થઈને બ્રાહ્મણના શાપથી [11]તક્ષક સર્પે દંશ કર્યો તત્સંબંધમાં તેં યજ્ઞ નારાયણનું યજન કરી કેવળ ક્રોધયુક્ત થયો સતો સર્વ નિરપરાધી [12]અહિના પ્રાણ ત્યાગ કર્યા. તદ્યથા ભવતુ !

---

૧ દેવને, મુનીને, બ્રાહ્મણને, સાધુને, તથા ભગવદી પુરૂષોને બોલાવતી વખતે "ભગવન્" એ નામે બોલાવવા એવો નાટક શાસ્ત્રનો નિયમ છે. ૨ નોતરૂ. ૩ બેઠેલા. ૪ શુભ કરનાર. ૫ હાલમાં. ૬ અંધારૂં. ૭ નેત્ર. ૮ સર્પ. ૯ અગ્નીમાં હોમવાનો પદાર્થ. ૧૦ થનાકાળ. ૧૧ નવકુળ નાગમાંનો એક નાગ. ૧૨ સર્પ.

બ્રાહ્મણના શાપથી અને ભાવી બળે તક્ષક સર્પે દંશ કર્યો, તદપિ તેં તક્ષકને શત્રુવત વર્ત્તિને હણવાને ઉદ્યમ કર્યો, પરન્તુ તેમાંતો તે તક્ષક [13]અવસાન સમયારંભ પ્રાપ્ત હોવાના સમયમાં મહાન્ પુરૂષને સર્વ વૃતાન્ત નિવેદન કરી શર્ણાશ્રિત થયો, તે થકી તારા ચિન્તવ્યા પ્રમાણે તવ પિતાનો અરિ પ્રાણ પ્રકૃતિ ચૈતન્ય સહ કલીયુગનો વાયુ ગૃહણ કરવાને આશ્રિત થયો. [1]અદ્યેન્હિ માત્ર તેં ક્રોધ યુક્ત પ્રાણ કરી [2]ધીહિન થઇ સર્વ નિરપરાધિ [3]પન્નગોનો નાશ કર્યો, એ અયોગ્ય સંભવે છે; જો! તારા પિતાને સર્પ દંશ થયો તે માત્ર નિમિત્તરૂપ હતું. અર્થાત તે પ્રકારે પ્રાણ ત્યાગ પ્રાપ્ત થવાનો સંભવ હતો; અને તે સર્વત્ર ભાવીબળ સદ્યઃ સિદ્ધ કરી આપેછે, કારણ કેઃ—

॥ શ્લોક ॥ અનુષ્ટૂપ વૃતમ્ ॥

॥ વિધાત્રા લિખિતં ભાલે ॥ ભુતં ભવ્યં ભવત્ચયત્ ॥

॥ સુખંદુઃખં ભયંક્ષેમં ॥ સર્વંન્નૈવ વિધેર્વશાત્ ॥ ૧ ॥

અર્થ—એમાં કોઇનો દોષ નથી. કારણ કે જેમ વિધાત્રીએ લલાટમાં અવર્ણિય વર્ણાક્ષર પંક્તિ સુશોભિત કરેલી છે, તેમજ ભુત ભવિષ્ય, અને વર્તમાન થયાં જાયછે, સુખ, દુઃખ ભય, અને ક્ષેમ એ સર્વે [4]વિધિ વશ છે. તે થકી હે રાજન્! તેં કેવળ સર્પસત્રયાગ મિથ્યા કરી [5]પ્રત્યવાયને પાત્ર થવાનો સંભવ કર્યો છે.

જન્મેજય—(નમૃતા યુક્ત) કૃપાળુ! મેં શાસ્ત્રાનુંસારે યજ્ઞ કર્યો તદપિ આપના [6]શુભાનનમાંથી મિથ્યા યજ્ઞ કર્યો એમ ઉચ્ચાર થાય છે એ આશ્ચર્યવત્ મારા અજ્ઞાનપણાને ભાષ્યમાણ થાયછે.

વ્યાસ—વિચારહીન થયું માટે પ્રત્યવાય સંપાદન સમજાય છે, યથા શાસ્ત્રન્યાયે સમજ કર!

---

૧૩ છેલો વખત, અર્થાત્ પ્રાણાન્ત સમય.

૧ આ દીવસને વિષે. ૨ બુદ્ધિહીન. ૩ સર્પ ૪ નશીબ. કર્મ. ૫ દોષ. ૬ શોભાયમાન મુખથી.

જન્મેજય—મહારાજ આપ કૃપાળુથી સમજવા ઇચ્છુંછું.
વ્યાસ—હે ક્ષિતિ પતિ! જો સાંભળ, તે વિષે વ્યાવહારમયુકમાં કહ્યું છે કેઃ— ॥ શ્લોક ॥

॥ केवलं शास्त्र माश्रित्य ॥ न कर्तव्योहि निर्णयः॥
॥ युक्तिहिने विचारेतु ॥ धर्महानि प्रजायते ॥

અર્થ—કેવળ શાસ્ત્રનો આશ્રય રાખી મન સંકલ્પિત કાર્ય કરવાનો કદાપિ નિર્ણય કરવો નહીં, કારણ કે યુક્તિહીન અવિચારે ચીંતવ્ય કાર્ય કરવાથી એટલે જીજ્ઞાસા, દયા, નિતિ, પરાક્રમ, અને પુરૂષાર્થ એ ધર્મના પંચ વિધાકૃતિના પંચાંગનો અન્યો અન્ય કાર્ય કરતાં ભંગ થાય, અથવા પૂર્વાપર વિચાર કર્યા શિવાય કાર્ય થાય, વા લોક વિરૂદ્ધ કાર્ય થાય, વા દેશાચાર, કુળાચાર, ગ્રામાચારાદિ અનેક યુક્તિ હિન કાર્ય થવાથી ધર્મની હાની થાય છે, માટે માત્ર તેં તો ક્રોધાવેશ માં આવી લોકાપવાદને માટે શાસ્ત્રનું શ્રેયસ્કર અવલંબન કરી યજ્ઞ કર્મ વિચારહિન આરંભ્યુ તો શ્રેયસ્કરનો સંભવ ક્યાંથી? પરન્તુ પ્રત્યવાયને આશ્રય આપવાનો સંભવ પ્રાપ્ત થવો સંભવે છે.

જન્મેજય—(ગ્લાની પામેલી મુખ મુદ્રાથી ગદ્‌ગદ્ કંઠે) કરૂણાળુ સ્વામીન્! ત્યારે હવે શું થવાનો સંભવ છે? ભાવીબળ એતો સદ્યઃસિદ્ધજછે.
વ્યાસ—[1]હે માનદ! હે જન્મેજય! [2]ભીરૂમાં થા, સર્વ બ્રહ્મર્ષિયોનાઆશિર્વચનથી શ્રેયસ્કર થઇ પડશે, પરન્તુ ભાવીબળ એતો સદ્યઃસિદ્ધ છે, માટે કોઇ પ્રાણીપર મિથ્યા [3]દ્રોહ ન કરવો. પરન્તુ મિથ્યા વૈર કરવાનો પ્રચાર તું કાંઇ નવિન કરતો નથી. એતો તારા પૂર્વજોથી પરંપરા મિથ્યા વૈર કરવાનો પ્રચારનો ચાલ્યો આવે છે. પૂર્વે તારા પિતામહે પણ વૈરભાવે શ્રીકૃષ્ણ ભગવાન સાથે મિથ્યા સંગ્રામનો સમય સંપાદન કર્યો હતો, તદ્યથા [4]અદ્યાચરિત સર્વ કાર્ય તેં પણ મિથ્યા કરયાં; માટે હે મિત્ર વલ્લભ! જ્ઞાન થકી વિચારીને જો, અને પૂર્વાપર

---

૧ મને માનના આપનાર ૨ ભય માં પામીશ. ૩ અદિસ્યા.
૪ આજ આચરેલું.

સંબંધ વિચાર કરતો સતો વેરભાવ તજીને પ્રજાનું સંરક્ષણ કર!
(એવાં વચન કહીને વ્યાસજી જવાનું મન કરી ઉભા થાય છે. એ-ટલે રાજા પોતાના યજ્ઞાસન ઉપરથી ઉઠીને વિનય યુક્ત નમન કર-તો સતો પુનઃ બેસારીને.)

જન્મેજય—હે મુનિ સત્તમ! હું તો બાલક કલીની છાયારૂપ [1]પંકથી અત્યન્ત [2]મલિનત્વતાને પામેલો છું. અને મારા પિતા મહાદિ પૂર્વજો તો ધર્મના જાણુનારા હતા. તેમ સતાં હે વિપ્રો! હરિ સાથે શા કાર્યાવસરે મિથ્યા યુદ્ધ થયું, તે કૃપાનાથ! કૃપા દ્રષ્ટી કરી વિદિત કરવા આપના કુમલ હૃદયને આજ્ઞા કરી મારા [3]પુદ્‌ગલને પવિત્ર કરશો; કારણુ કે મને આશ્ચર્ય રૂપ લાગે છે કે જગત્‌પૂજ્ય પીતા શ્રીકૃષ્ણુ ભગવાન્ સાથે મારાપિતામહાદિ મિથ્યા વૈર કરે, કેમકે:—

વસંતતિલકા છંદ.

યત્દેશકે [4]સદનમાં, થતિ કૃષ્ણુ વાર્ત્તા;
તત્દેશને ગૃહપતી, દ્વિ પવિત્ર યાત્રા;
ત્તતિર્થ રૂપ ગણુતાં, નર નારિ જાયે;
જો ત્યાં જઈ શ્રવણુથી, [5]ભવ મુક્ત થાયે.
નિત્યે પ્રભુ સ્મરણુથી, [6]વિધ વિઘ્ન જાયે;
ક્ષૂધા તૃષા તન થકી. મનથી પલાયે;
નક્રોધ થાય નરવા, સુત નારિને ત્યાં;
યત્દેશકે સદનમાં. હરિનામ છે જ્યાં.

માટે હે જગદ્‌ગુરૂ! તમારા મુખાંવિન્દથી જે વાણી નીકળે છે તે અમૃતરૂપ અમારા મનને અત્યાનન્દ કર્ત્રિ છે, માટે સુખ સ્વરૂપી વચનામૃત પાન કરાવો. (એવું સાંભળવાથી વ્યાસજી પ્રસન્ન થઈ વૈશંપાયન મુનીને સંજ્ઞા કરે છે કે તમે વિદિત કરો.)

વૈશંપાયન—હે રાજન્! તું સ્વસ્થ ચિત્તે શ્રવણુ કર.

---

૧ કચરો. ૨ મેલાપણું. ૩ શરીર, દેહ. ૪ ઘર. ૫ સંસાર. ૬ વિવિધ પ્રકારનાં.

જન્મેજય—કૃપાનાથ! આપના સન્મુખ સ્વસ્થ ચિત્તેજ સ્થિતછું.

વૈશંપાયન—અથાચરિત તેં જે કાર્યારંભ કર્યો છે, તે કાર્યાન્ત થયા પશ્ચાત્ સ્વસ્થ ચિત્ત થવું સંભવેછે. (જન્મેજય રાજા તે વાક્ય શ્રવણુ કરીને, તત્સમયે સર્વે બ્રાહ્મણો અને મુનિયોને વિનય પૂર્વક નમન કરી યજ્ઞાચાર્યની આજ્ઞા માગી સર્વાવશેષ કાર્યનો અન્ત સંપૂર્ણ સત્વર વર્તાવે છે, પશ્ચાત રાજ્યાશ્રયને યથાયોગ્ય વસ્ત્રાલંકાર અર્પ્યાં પશ્ચાત્ દિનતા પામેલા પ્રાણિયોનાં મન રંજન કરે છે, તદપશ્ચાત્ યજ્ઞ કર્મ નહિવત્ કરતાં માત્ર મહોત્સવ સ્પૃષ્ટ દર્શાયમાન થાય છે. ગુપ્ત મંત્રીને વાદિત્રો અને વાહનો આણવાની સુચના કરે છે, અને અન્યજનો પોત પોતાના મહાલય પ્રતિ ગતિ કરે છે, પશ્ચાત્ સર્વેને પોતાની સાથે આવવાની આજ્ઞા કરી રાજ્યનિતિ પ્રમાણાનુસારે પોતે ગજારૂઢ થઈને સૈન્યસહ વાગતે ગાજતે નગરમાં પરિક્રમણ કરી પોતાના રાજ્ય મહાલયમાં પ્રવેશ કરે છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—હસ્તિનાપુરમાં રાજ્ય મહાલય.

પાત્રજનો.

જન્મેજય, મંત્રી, ઉપમંત્રી, ગુપ્તમંત્રી, રાજ્યકારભારિયો, મસલતિયો, ચોબદાર, વૈશંપાયન, વ્યાસમુની, અને રાજ સભા વિગરે કેટલા એક શ્રેષ્ટ નગરવાસી જનો.

જન્મેજય—(વૈશંપાયનને) હે અનઘ! હવે હું સ્વસ્થ ચિતે થયો, માટે વિલંબ નહીં કરતાં સઘળું વૃતાન્ત કહેવાની કૃપા કરશો.

વૈશંપાયન—હે રાજન્ યાદવોને ને પાંડવોને જે સંગ્રામ સંભવ થયો તેતો કેવળ ડાંગવ રાજાના કારણથીજ થયો સમજાય છે.

જન્મેજય—જગત્ પૂજ્ય દયાળુ સ્વામીન્! એ ડાંગવ કોણ હતો અને ક્યાં સ્વસ્થાન હતું તે જરા લઘુતામાં કૃપા કરી વર્ણવશો.

વૈશંપાયન—હાં રાજન્ જે સાંભળઃ—

શાર્દૂલવિક્રીડિત છંદ.

પૂર્વે ડાંગવ ચંદ્ર વંશજ[1] હતો, કાશી પુરીને વિશે;
[2]પર્દારા પર મોહથી મગન થૈ, દુઃખી પછી એ દિસે;
તે શર્ણે સઘળે ગયો પણ નહીં, કોયે પછી રાખિયો;
રાખ્યો નિત્ય સહાય શ્રેષ્ટ કરતાં, ભીમે ભલો દાખિયો.

હે નૃપવર્ય! તે સમયમાં યાદવોને ને પાંડવોને તો મિથ્યા વૈર થયું, કારણ કે દુર્વાસા મુનીનું વાક્ય પાળવાને અર્થે શ્રીકૃષ્ણ ભગવાનને સંગ્રામ કરવાનો સમય સાચવવો પડયો, [3]યજ્જાતં, તે હે ભારત! એકાગ્ર ચિત્ત વૃત્તિયે તું શ્રવણ કર;

જન્મેજય—જયજય પરમ કૃપાળુ સ્વામિન્! મારી પણ પ્રાર્થના સહ [4]યાચના માત્ર એજ છે.

(પડદો પડે છે.)

प्रथम अंक समाप्तम्.

---

૧ ઉત્પન્ન થયેલો. ૨ પરદારા. ૩ જે ઉત્પન્ન થયું તે. ૪ માગવું.

डांगवो पाख्यान. नाशकारक घोडी. नवरस-वर्णन सहीत पंचांकी नाटक.

અંક બીજો.

પાત્રજનો

દુર્વાસા ઋષી........અત્રીઋષીનો પુત્ર અનુસુયાથી ઉત્પન્ન થએલો.

વિષ્ણુશર્મા...........તિર્થવાસી મુમુક્ષુ બ્રાહ્મણ.

જીવ્હેન્દ્રી....
ઘ્રાણેન્દ્રી. ...
નેત્રેન્દ્રી......
શ્રવણેન્દ્રી ...
મનેન્દ્રી ...
} દુર્વાસા ઋષીના અંગની પાંચ કર્મેન્દ્રીયો.

ઇન્દ્ર... ... . દેવ માત્રનો રાજા. ત્રિભુવનપતી.

બૃહસ્પતી... ... ...દેવ માત્રના ગુરૂજી.

ચિત્રરથ.... ...
પુષ્પદંત... ...
} કિન્નરો. (ગાંધર્વ, ગવૈયા. ઇત્યાદિ.)

ડંભા............
રંભા............
ચિત્રાંગદા... ...
મેનકા... ... ...
દેવકા...........
ત્રિલોત્તમા .....
ચિત્રલેખા... ...
સહજન્યા ... ...
} ઇન્દ્રની અપ્સરાઓ. (વારંગનાઓ.)

ઉર્વશી... ... .. ઇન્દ્રની પ્રિયતમ અપ્સરા.

અંક બીજો
પ્રવેશ ૧ લો.

સ્થળ—નર્મદા તિર્થની તાપસી પૃથ્વી.

પાત્રજનો.

દુર્વાસામુની અને કેટલાએક ધ્યાનમાં સ્થિત થયેલા તપસ્વી મુનીયો.

ષદુર્વાસા—(ધ્યાનમાંથી અવચિંતા સ્વસ્થ થાય છે, પશ્ચાત્ સ્વગત વિચાર કરે છે.) અહો! આ સ્થળે મેં ધ્યાનમાં અત્યન્ત કાળ વ્યતિત કર્યો; તદપિ મનોપ્સિતકાર્ય થયું નહીં, એ શું મહારા તપમાં ખામી હશે? વા ધ્યાનમાં સ્થિત થઈ કોઈ પદાર્થમાં [1]લુબ્ધ થયો હોઈશ? વા અન્યકાર્ય કરવાની મેં [2]સ્પૃહા રાખી હશે! (કિંચિત કાળ મૌન રહીને) માત્ર મેં શિવશક્તી શીવાય કોઈની સ્પૃહા રાખી નથી! અને અન્ય [3]લભ્ય ગણ્યું નથી! તદપિ પરમ કૃપાળુ પરમેશ્વરે મારા ઉપર પ્રસન્ન થઈ દર્શન દીધાં નહીં. અરે! આતે શું મારા ભાગ્યનીજ ખામી? કે પૂર્વે [4]અધમ કર્મ સંચય કરેલાં હશે? (વળી કિંચિત કાળ વીચાર કરીને) નાના, પુર્વના શુભ સંચય કર્મ વીનો આવી સ્થિતિને પામું ક્યાંથી? કે જે હું ઈશ્વરના ધ્યાનમાંજ નિરંતર સ્થિતિ કરૂછું; અને મારી ચિત્ત વૃતિ ઈશ્વર ભક્તિમાંજ પરાયણુ રહે છે. (એમ કહી વળી શિવશક્તીના ધ્યાનમાં પડે છે. અને સમાધી રૂપે પ્રાણુ ચઢી જાય છે, એટલે શિવશક્તી તેને ધ્યાનમાંજ દરશન દેછે. તત્સમયે નેપથ્યમાંથા શબ્દ થાય છે કે.—)

મન્દાક્રાન્તા છંદ.

રેરે વિપ્રો! અચળ નથિઆ, [5]જ્યોત [6]ખદ્યોત કેરી;

---

૧ લોભી. ૨ ઇચ્છા. ૩ મળવું. ૪ નીચાં. ૫ પ્રકાશ. ૬ ઉદય થતા સૂર્ય સમાન રક્તવર્ણું પ્રકાશ પામેલો એક જીવડો. અર્થાત્ આ દેહ પણ તેવો છે. એટલે સૂર્ય નથી.

ઘેરી ધારો [7]ધનધન [8]ઘરે. મોક્ષ ઉદ્યોગ [9]હેરી;
વામો વામો[1] વમળ[2] દધિનો, ધ્યાન ઓંકાર ધારી;
પામો પામો પ્રબળ પદવી, પ્રેમથી મુક્તિ મારી૦

(તત્પર્યંત શીવ શક્તી અંતર્હિત થાયછે, અને દુર્વાસામુનિ ધ્યાનમાંથી મુક્ત થઇને પુનઃ સ્વગત વિચાર કરેછે.) અરે નર્મદા તિર શિવાય અધેન્દ્રાવધી સુધી મેં અવશેષ યાત્રાઓ કરી નહીં; માટે ગચ્છ પ્રાણીયા! હવે ઉમા મહેશ્વરનાં પણ દર્શન થઇ ચુકયાં છે, તો તિર્થાટણ કરી પવિત્ર થવું એજ સર્વોત્કૃષ્ટ મને ઉચિત છે. (એમ કહી ત્યાંથી ઉઠેછે. અને પડદો પડેછે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—બદરિકાશ્રમ. અથવા બદર્યાશ્રમ.

પાત્રજનો.

દુર્વાસામુનિ. અને કેટલાએક તપશ્ચર્યા કરતા ભિન્ન ભિન્ન સ્થિત થયેલા રૂષિયો. યક્ષ રાક્ષસાદિ અનેક વનચરો ભ્રમણ કરતા.

દુર્વાસા—(વિવિધ પ્રકારે સર્વ તિર્થની યાત્રાઓ કરયા પશ્ચાત્ પર્યટણ કરતા સતા બદર્યા શ્રમને પામ્યા છે, અને તેવનાશ્રમની સન્મુખ નિકટ સુંદિર ગંગોદક સ્થાન છે એમ નિશ્ચય કરી તે સ્થળે પૂનઃ મહાન્ તપશ્ચર્યા કરવાનો મનસા નિશ્ચય કરી તપાશ્રમની શોભાને અવલોકન કરતાં પરિક્રમણ કરતા મન્દાકીની સરીતા સન્મુખ ગતિ કરેછે.) અહો! આવંનાશ્રમ કેવો આનંદ દાયક સુશોભિત દેખાયછે! આહાહા! શું અનાયાસે ભાગ્યોદય સમીપ વર્ત્તેછે! કે જે

૭ તપરૂપી ધનની વૃષ્ટી. ૮ ધરમાં. ૯ મોક્ષરૂપી ઉદ્યોગમાં પ્રવર્ત્તિ કરીને.
૧ સમુદ્ર સરિતાઓ વિગરેના જળમાં વળતી ભમરી૦
૨ સંસારરૂપી સમુદ્ર૦

થી આ તપો ભુમીને હું પામ્યો૦ (એમ કહી સ્વભાગ્યની શ્લાઘા કરતા વનની શોભા વર્ણવે છે.)

વસંત તિલકા છંદ.

અપ્રાપ્ત પ્રાપ્ત કરવા, મણિ એક લાધ્યો;
આહા !! ભાગ્યોદયે પ્રથમથી, પ્રતિબંધ બાંધ્યો;
વાહવા !! સંતો સદા [1]વલકલો, ધરિ ધ્યાન ધારે;
શું વર્ણુ હું [2]વરપતી, તણિ કીર્ત્તિ ભારે૦
વાઃ! શું પ્રભુ પ્રથમથી, તપહીત કારી;
મોટી મહેશ્વર મતી, મનથી વિચારી;
આહા! કૃપા તમતણી, [3]વરવિપ્ર વા'રે; શું વર્ણું૦
અન્યાશ્રયે પણ યદી, શ્રુતિ કર્મ સોંપે;
તો આ વતાશ્રમ તણી, ગતિ સર્વ લોપે;
ત્યારે તપોવન પછી, [4]વરશું ન સારે; શું વર્ણું૦

આહાહા !! પુર્વે મને શ્રી પરિબ્રહ્મ નારાયણે જે અત્યુત્તમ આશ્રમ કહયો હતો. તે આજ હશે! કેમકે આશ્રમની સૌંદર્યતાના પ્રભાવ પરથી સ્પૃષ્ટ પ્રગટ જણાયછે. કેવું રમણીય સ્થાન છે! આહાહા !! ઉદ્ભવ થતા શ્વેતાંકુરથી રક્ત થયેલા ના'ના ના'ના વૃક્ષોના પલ્લવોને, ઉન્મત્ત થએલા વનગજોના ગંડસ્થળમાંથી ઝરતાં મદજળ છંટાવાથી પ્રફુલ્લ થઈને નીલ વર્ણે વિચિત્ર રંગની પુષ્પ માળાઓ ધારણ કરી વન ભૂમીને તે ના'ના ના'ના છોડવા કેવી શોભા આપી રહયાછે. અરે! પેલા પણ હસ્તી શીશુના શુંઢાદંડોથી મર્દન થઇને ચુરે ચુરા થઇ ગયેલા મોટા મોટા વૃક્ષો, વાનર સેનાને દેખી ત્રાસ પામતા કંપવા લાગ્યા હોય તેમ જણાયછે? વળી વન વાનરોએ કુદા કુદ કરતાં હચહચાવી દીધેલાં કંભિપલ વૃક્ષોમાંથી પડતાં પલ્લવ અને મંજરીગો, તેમજ વિવિધ પ્રકારના રંગથી ભરપુર પુષ્પ

---

૧ એક જાતના ઝાડની અંતર છાલ. ૨ જગતકર્ત્તા૦ ૩ સ્નાન સંધ્યાદિ બ્રહ્મ કર્મથી સંયુક્ત વિપ્રો. ૪ શ્રેષ્ટ.

કુંજોથી આ અરણ્ય ભૂમી કેવી વિચિત્ર દેખાય છે. આહા! [૧]મૃગપતી મદોન્મત થઇને કામ ક્રીડાથી શિથિલ થયેલી મૃગલીયોના [૨]યુગ્મ સમુહમાં ભંગાણુ પાડી ભાન ભુલેલા કાળા મૃગના ટોળામાં પોતાની પૂર્ણ સત્તા દર્શાવી સત્વર વેગથી કેવા દ્રોડતા કરેછે. આહા! [૩]અવનીમાંથી અહર્નિશ ઉડતી રજથી કામવશ સ્ત્રીના મુખપંકજ સમાન કદમ્બ પાટલ અને હરિચન્દ ચંપાદિ વૃક્ષોના પુષ્પરૂપી પર્વત કેવા શ્યામવર્ણું મલિન દેખાય છે. વળી વ્યોમતો જેમ તે રજથી ઘનાચ્છાદન થયું હોય નીશું? તદ્દત્ અંધકારમય ભાસેછે. બકુળના વૃક્ષો, પુન્નાગના વૃક્ષો, અને [૪]બાણુાસનાદિ અનેક વૃક્ષોની ગંભીર ગટાઓથી જેમ ગિરિદુર્ગમાંની ગહવર ગુફાઓ તૈઆર થઇ રહી હોય તેમ જણાય છે. અને આ વિવિધ રંગનાં વિચિત્ર પક્ષિયો પોતાના મધુર નાદે કેવાં ગુંજાર શબ્દથી ગાન કરી રહ્યાંછે. પોપટ અને કોકીલ પક્ષિયોનાં ટોળાંએ ફોડેલા દાડમ રસનું પાન કરી મીષ્ટ મદરસ સંચય કરવાને ભ્રમર અને મક્ષિકાઓ તો ગણુગણાટ કરતાં. તે રસાળ વૃક્ષોની પ્રષ્ટે પરિધીયોની પેઠે તોરણરૂપ થઇ પડી કેવી સુંદિર શોભા દર્શાવી આપે છે. આહા! વટેમાર્ગુઓએ લવંગ પલ્લવની શય્યાઓ રચી મુકેલી છે. તેના ઉપર નાગરવેલથી વિંટાયેલાં સોપારીના લુમખાંથી અને આગળ પાછળ એલાયચીના તેમજ કેતકી વીગરે સુગંધમય પુષ્પોના છોડથી તે કેવી સૂશોભિત દેખાય છે. મહેલના જેવા અનેક લતા મંડપોથી આ વનભૂમી જેમ [૫]શતક્રતુની પ્રાચીન ઇન્દ્રપુરી હોય તેમ જણાય છે. વળી રૂષી મંડળ પર્ણકુટીયો બાંધી તપશ્ચર્યા કરતા ભિન્ન ભિન્ન સ્થિત થયેલા ભાસે છે. (વેગળેથી તેમને નમન ચિન્હ કરેછે.) અહો! યક્ષો અને રાક્ષસો પણ આમ તેમ ભ્રમ્યાં કરે છે. અહો! આ પર્વતનાં શિખરો (પોતની તરફ વળેલાં જોઇને) મને આવકાર આપતાં હોય તેમ જણાયછે. આ ગંધમાદન ગિરિની દીર્ઘતા ક્યાં સુધી હશે! એ ભક્તિ વિરક્ત માનુષિક દેહની કલ્પનામાં આવી શકવું ઘણુંજ કઠીણછે. અહો! આ

---

૧ સિંહ. ૨ સ્ત્રી પુરૂષનું જોડવું. ૩ પ્રથ્વી. ૪ બાણ અને આસન નામના છોડ. ૫ ઇન્દ્ર.

યજ્ઞશાળામાં [1]હોતાએ [2]હુતદ્રવ્યાર્થે હવ્ય કવ્ય દ્રવ્યો તૈયાર કરી રાખ્યાં જણાય છે. રૂષીશ્વરો કોઇ આશ્રમમાં જણાતા નથી. (સૂર્ય સાંમી દ્રષ્ટી કરીને) ખરે! બ્રહ્મકર્મ કરવાનો સમય પ્રાપ્ત થયો છે, માટે [3]પતિત પાવિની મન્દાકીનીમાં સ્નાન કરવા ગયા હશે. હવે આપણે પણ વિલંબ કરવો એ યોગ્ય નથી; માટે ચાલ હવે સત્વર, સ્વદેહતો શુદ્ધ કરી લેઉ! (એમ કહી ઉપરનો વસંતતિલકા છંદ પઠન કરતા મંદાકીની સરીતા સમીપ જાય છે. એટલે પડદો પડે છે.

प्रवेश २ जो.

સ્થળ—[4]મન્દાકિની સરીતાનો ત્રટ.

પાત્રજનો

દુર્વાસામુની. વિષ્નુશર્મા. પછીથી જીહવેન્દ્રી. ઘ્રાણેન્દ્રી. નેત્રેન્દ્રી. શ્રવણેન્દ્રી. અને મનેન્દ્રી.

દુર્વાસા—અહો! આ મન્દાકિની સરિતાનું નિર્મળ જળ કેવું સુશોભિત દેખાય છે. જેનો વેગતો [5]સારંગ સમાન છે. વાહ! જાણે નીલબીંબોપરી શ્વેત મુક્તાફળની હારો [6]દ્રુત વિલંબિત થતી હોયની શું? તદ્વત્ આ વિમળ જળ દેખાય છે. આહા! આ સ્થળતો દેવને પણ દુર્લભ છે; વાહ, મારૂંતો પૂર્ણ ભાગ્ય! જેથી હું આ પવિત્ર તિર્થભુમીને પામ્યો. આ સમાન તપશ્ચર્યા કરવાનો યોગ્યાશ્રમ હવે પુનઃપ્રાપ્ત થવો સંભવતો નથી. આહા! આની સમાનતાતે અન્ય તિર્થ કયું કરી શકે તેમ છે. (એમ કહી દર્ભાસન માંડી સ્થિતિ કરે છે.

---

૧ અગનીમાં આહુતી આપનાર. ૨ હોમ કરવાનો સાંમન. ૩ પાપીને પાવન કરનારી. ૪ ગંધમાદન પર્વતમાંથી વહેનારી કોઇ એક નદી. ૫ ઘોડો, પવન. ૬ ઉતાવળથી ચાલીને એકદમ પાછું આવવું.

વિષ્ણુશર્મા—(પ્રવેશ કરીને દ્વિ કર જોડી યોગ્ય રીતિએ નમન કરતાં.)

દ્રુતવિલંબીત છંદ.

[1]વિજય વાંચ્છિત [2]વિત્ત વિદારિને;
સકળ તિર્થ સમાગમ ધારિને;
લલિત મુર્ત્તિ સુકોમળ આમળી;
અખિલ વિશ્વ વિલોકન છે ભલી.

પરમ કૃપાળુ સ્વામિન્! આપનું દેવાંશી સ્વરૂપ અત્રે કયાંથી પ્રગટ થયું છે?

દુર્વાસા—શ્રી નર્મદા તીરથી.

વિષ્ણુશર્મા—કાંઇ પ્રયોજન, કે માત્ર સ્વેચ્છાથી.

દુર્વાસા—ઇચ્છા તો પ્રાણી માત્રને બળવત્તરી છે. પરન્તુ યાત્રાભિલાશે.

વિષ્ણુશર્મા—કયા કયા તિર્થવાસી [3]પુદ્‌ગળોનો ઉદ્ધાર કરી [4]અનઘ વર્તાવ્યા?

દુર્વાસા—શ્રી પુષ્કરજીને આદ્યે લેઇ સાગરાવધી યાત્રાયો કરી, પશ્ચાત્ બદર્યાશ્રમને પામ્યો, તદનંતર આ સર્વોપરી શ્રેષ્ટ તિર્થને પામ્યો છું.

વિષ્ણુશર્મા—હવે પછી કયા કયા તિર્થવાસી પ્રાણીઓને પાવન કરવા પ્રવર્ત્તિ છે.

દુર્વાસા—પ્રારબ્ધ વાયુએ આ તપો ભૂમીમાં તપશ્ચર્યા કરી આત્મ સાધન કરવા આસન મંડાવ્યું છે, તે સંપૂર્ણ થયે અન્ય તિર્થે પ્રાણ કરવા આ મનોવૃત્તિને વેગ આપવો એ આત્માનુંસારે અનુકુળ સાથે [5]વીધી વશ છે.

વિષ્ણુશર્મા—સાક્ષાત શીવ શક્તી સ્વરૂપ અંશાંશે આપનું અનાદિ કાળોદ્‌ભવ થતું છે, માટે મારા દેહાત્માને પવિત્ર કરવા અત્રે નિયમિત કાળ વ્યતિત કરી મારી યથા શક્તી સેવા ગ્રહણ કરવા આપને મારી પ્રાર્થના સહ યાચનાછે.

---

૧ પંચેંદ્રીયોને જીતવાની ઈચ્છા રાખીને. ૨ દ્રવ્ય. ૩ જીવ. ૪ પાપ રહીત. ૫ નશીબ.

દુર્વાસા—સત્પુરૂષોને બ્રહ્મ વાક્ય જનાર્દન: એવું [1]નિમિત્ત રૂપ ગણી-ગૃહણ કરવું એ યોગ્ય છે; માટે [2]ભવતુ. પછી જેવી તા'રી ઇચ્છા.

વિષ્ણુશર્મા—વારૂં મહારાજ ! મારા ઉપર આપે આટલી બધી પૂર્ણ કૃપા કરી એ મા'રૂં સંપૂર્ણ ભાગ્ય સમજુ છું. તો હવે આપ આ-પના કાર્યમાં પ્રવૃત્ત થશો. હું આપની કૃપાથી યથાશક્તી સેવા કરી પાલન કરીશ, (બન્ને જણ સ્નાન કરી પ્રભાકરને જલાંજળી-થી અર્ઘ્ય આપી આસને બેસે છે. ને વિષ્ણુશર્મા સંધ્યા વંદનાદિ બ્રહ્મ કર્મ કરવા આરંભે છે, ને મુની ધ્યાન માર્ગે પ્રાણ ચઢાવી સ્તબ્ધ થાય છે, પશ્ચાત્ નેપથ્ય અંતર્ગત્ દુર્વાસા એક સ્થુળ વસ્ત્ર પટાંતરે નેપથ્ય સમ દર્શાવી અંતર્હિત થાય છે, એમ પ્રૌઢ સંધ્યા કાળ વ્યતિત થવાથી પૂર્વ પ્રમાણાકાર દેખાય છે, તેમાં માત્ર દુર્વા-સાનું અંગ ભિન્નતા જણાવે છે. ને વિષેષમાં પંચાગ્ની સહીત ધુમ્ર ગુચ્છેથી ઘનાચ્છાદન સમાકાશ દેખાય છે. તદુપરી મુની ઉર્દ્ધ બા-હુથી સૂર્ય સંમુખ દ્રષ્ટી કરી નિજાસને ઉતિષ્ઠવત્‌દેખાયછે. તેને જોઈ વિષ્ણુશર્મા એકાએક ભયભીત થઇને.)

વિષ્ણુશર્મા—મહારાજા ક્ષમા કરો!! ક્ષમા કરો!!! આપનું શુષ્કાંગ જોઇ મને અત્યંત ખેદ ઉત્પન્ન થાયછે, અહો! (જરા ઉંચું જોઇને) આપના આરંભેલા તપના ધુમાડાથી આકાશમાં તો અસિત પર્વતોનાં શિ-ખરો ઉપરા ઉપરી અથડાયાં કરે છે, અહો! આપનું દારૂણ તપ જોઇને ઇન્દ્રરાજા ભયભિત થયો હોય તેમ મને ગત નિશાએ સ્વ-પ્નવત્ સુચના થઇ છે. માટે આપનું તપ ભંગ કરવાને સદ્યઃઅ-થવા કોઈને પ્રેરણા કરતો હોય એમ મા'રા મનને સંકલ્પ વિક-લ્પ થયાં કરે છે. (કિંચિત્‌કાળ શુન્ય રહીને એકાએક ભયથી) એ આવ્યું! એ આવ્યું ! મહારાજ ! કોઇ આવ્યું!! પ્રાણ પ્રકૃતિ જા-ગૃત કરો. (એમ કહી આરંભેલા તપની ઊત્કૃષ્ટતા વર્ણવેછે.)

---

૧ થવાકાળ. ૨ તેમ હો

પદ. રાગ પ્રભાતને મળતે.

અલ્પ વિચારમાં વર્ષ ઝાઝાં થયાં, ઓ હરી સાધના સર્વ કીધી;
ઓ હરી! ઓ હરી! પાળજે પ્રાણુને, ભક્તિ તા'રી ઘણી હાથ લીધી. અ૦
પ્રાણુ તો અંગમાં છે નહીં કે જશે, એમ સંભવ ઘણો થાય મ્હારે;
કેમ હું તો ધરૂં ધૈર્ય દેખી મુની! આવજે ઓ પ્રભુ! આજ વ્હારે. અલ્પ૦
અંગ સુકાઇને કાષ્ટ જેવું થયું, રાફડા જંતુએ માંહી કીધા;
ફળ નિવાર જળ વાયુના ભક્ષથી, ચારસેં વર્ષના તાપ લીધા. અલ્પ૦
ઉર્દ્ધપાદે ધર્યું ધ્યાન છસેં સુધી, આંખ ઉંડી ગઈ તેજ ટાંણે;
સૂર્ય સાંમી કરી દ્રષ્ટી પોતે પછી, ઉર્દ્ધબાહુવળી એમ નાંણે. અલ્પ૦
ભૂમી દ્રષ્ટી ધરી ધ્યાન ધાર્યું ઘણું, એક પાદે ધર્યું ધ્યાન ઝાઝું;
એમ સંખ્યા ગણું કેટલાં અબ્દ હું, તોયછે આપને નિત્ય તાજું. અલ્પ૦
અલ્પ વિચારમાં વર્ષ ઝાઝાં થયાં, ઓ હરી સાધના સર્વ કીધી;
ઓ હરી! ઓ હરી! પાળજે પ્રાણુને, ભક્તિ તા'રી ઘણી હાથ લીધી. અલ્પ૦

અહો! આ પ્રમાણે તપશ્ચર્યા કરતાં પંચ શહસ્ત્ર વર્ષ પરિપૂર્ણ થયાં તદપિ મુની શાર્દૂલ જાગૃત થયા નહીં, ઉઠરામા મધ્યાન્હ સમય પ્રાપ્ત થયો, માટે મધ્યાન્હ સંધ્યા કરી લેઉ. (ઉઠેછે અને મંદાકીની સરીતામાં સ્નાંન સંધ્યા કરવા જાય છે. તત્સમયે મુનીના દારૂણ તપથી પોતાના શ-રીરની પાંચે ઇન્દ્રીઓને કિંચીતપણ સુખ નહીં મળવાથી ક્રોધાયમાન થઈને સ્ત્રીઓ રૂપે દુર્વાસાની સમીપ આવતાં કોઇ એક એકાંત સ્થળે વિચાર કરે છે.

નેત્રેન્દ્રી—અયિ સખી મનેન્દ્રી! દુર્વાસામુની અમને આજ્ઞા કરશે કે અન્ય સ્થળે જાવ ત્યારે?

મનેન્દ્રી—(ગર્વથી) વાહવા, સખી નેત્રેન્દ્રી! તુંને તો મુનીએ અત્યંત અંધ કરી છે ને શું! જો તેમ હોય તો સાંભળ સખી;—

શિખિરિણી છંદ.

વિના નેત્રે ક્યાંથી, ન્હદય કમળો દ્રષ્ટી કરશે;
વિના કર્ણે ક્યાંથી, શ્રવણ ગુણ સિદ્ધાન્ત ધરશે;

વિના ઘ્રાણે ક્યાંથી, ગ્રહણ[1]ગુણ ગામી થઈ પડે;
વિના જીહવા ક્યાંથી [2]ક્રમવિજય કાંમે [3]કરકડે.

નેત્રેન્દ્રી—(સહર્ષે) બલિહારી સખી મનેન્દ્રી! ચાલો ત્યારે તો; પરન્તુ એ સમસ્ત તારા હાથમાં છે.

***સર્વે ઇન્દ્રીઓ**—(ક્રોધ યુક્ત) અરે નિર્દય પ્રાણધારા આ તૃષ્ણારૂપી અરી અમારી પ્રષ્ટે પડયો છો તે દુ:ખ અમારાથી સહન થતું નથી! (સ્વગત) અરે ક્રોધી નીકટ ક્રોધ ક્યાં કરીએ છીએ. (પ્રખ્યાત,)

રાગ આશા ગોડી.

"કામ છે દુષ્ટ વિકારી, આહા! પ્રભુ કામ છે દુષ્ટ વિકારી;" એ રાગ.
દુ:ખની વાત વિચારો, આહા! પ્રભુ દુ:ખની વાત વિચારો. એ ટેક.
બાળ સુકુમળ અંગ અમારાં, કેમ સહે ×તિવ્ર બાણુનો ભારો. આહા!૦
આપ અમાપ મતિ અતિ સુંદિર, તાપ તજી પરિતાપ વિદારો; આહા!૦
આમ નિરંતર કષ્ટિ કરીને, દુ:ખ પ્રભુ અમ દેહ વધારો; આહા!૦
દુ:ખ [1]દવે પ્રભુ [2]દગ્ધ થયેલાં, સુખ [3]વારી વડે આપ ઉગારો; આહા!૦
[4]પ્રૌઢ [5]ગિરિ સમ દુ:ખ અમારે, અજાણ્યું આપનું લેશ ન મારો; આહા!૦
ઇચ્છા પિડે છે અંગ અમારે, દુ;ખ [6]દધિ અતિ છેક છે ખારો; આહા!૦
[7]નોકા નથી દધિ દુર થવાને, નોકા કૃપા રૂપી આપ ઉતારો; આહા!૦
કેમ દયા નથી લેશ પ્રભુજી, વ્હાલ ધરિ ઝટ સ્વાલ સ્વિકારો. આહા!૦

હે મહામુને! હે વિપ્ર! તમારા શરીરની અમે ઇન્દ્રીઓ છીએ માટે અમારા પ્રતિદ્રષ્ટી કરો અને અમને આજ્ઞા આપો કે અમારી ઇચ્છામાં આવે ત્યાં અમે જઈએ.

દુર્વાસા—(ધ્યાનમાંથી અલ્પકાળે સ્વસ્થ ચિત્તે થઈને) હે બાળાઓ! તમે મા'રા શરીરને પ્રિયકરછો અને શા માટે જવું ઈચ્છો છો?

---

૧ ગંધ ગૃહણ કરવાનો ગુણ ૨ તપથી જીતવાનો ક્રમ ૩ સત્તા બતાવવી.
*तदाकलेवरं खिन्नं, शुष्कमांसं मुनिश्वर ॥ पंचैतेइंद्रीयाण्येव, स्त्रीयोभुत्वासमागता × ઝીણા અણીયાના શરીયાનાં. ૧ દુ:ખરૂપી અગ્ની. ૨ દાઝેલાં. ૩ સુખરૂપી જળથી. ૪ મોટા. ૫ પર્વત. ૬ દુ:ખ રૂપી સમુદ્ર. ૭ વાંહાંણ.

(એવાં મુનીનાં વચન શ્રવણ કરીને પાંચે ઈંદ્રીયો અંતર્ક્રોધે દુર્વાસા પ્રત્યે પ્રથક્ પ્રથક્ બોલે છે.) મહારાજ સાંભળીયે,—

જીંહ્વેન્દ્રી—"અરેરે કરમ આશું આચર્યું રે, એ રાગ.

અરેરે મુનીરાજ આ શું કરોછો, ક્રોધ કરી શાને મુને દમોછો; અરેરે૦
જીંહ્વેન્દ્રી મુજ નામને જાણો, માનો ન માનો દુઃખ દીયોછો; અરેરે૦
ચાખ્યું નહીં કાંઈ સ્વાદિષ્ટ શાણા, કનિષ્ટ સવી મા'રો જન્મ કરોછો;અરેરે૦
આપ કને નહીં માપ કરૂં શું ? [1]અષ્ટ નિરંતર [2]નષ્ટ કરોછો; અરેરે૦
રજા દીયો રાજ જાવાને મુજને, [3]કુંજ કરૂં તમે ધ્યાન ધરોછો. અરેરે૦

હે [4]તપોધને ! તમારો સંગ થયા પછી કાંઈ સમય શોભન રસ મેં ચાખ્યા નહીં, માટે મને સત્વર આજ્ઞા આપીને શુખ શાન્તિ કરશો; એજ મારી પ્રાર્થના સાથે યાચના છે.

ધ્રાણેન્દ્રી— ઈંગ્રેજી રાહની ચાલ.

મહારાજ ! મહારાજ ! મહારાજ ! મુને દ્યો રજા મહારાજ;
ઉપકાર આપનો નથીતો, શું કરૂં હું કાજ. મહારાજ૦
ધ્રાણેન્દ્રીં મુજ નામ છે, રહુ નાસીકાને ઠામ;
સુગંધીમય પદાર્થ મ્હેં, સુંઘ્યા નહીં સુ નામ. મહારાજ૦
આપનું અમાપ તાપ, તાપ દેહ ડાંમ;
મહારાજ અર્જ એટલી, સ્વિકારશો તમામ. મહારાજ૦

હે [5]મુની શાર્દૂલ ! તમારો સંગ પામીને સુગંધ કુસુમનો પ્રેમલ ગંધ કાંઈ કાળે મળતો નથી. માટે મને સત્વર આજ્ઞાઆપીને સુખ શાન્તિ કરશો.

નેત્રેન્દ્રી—"નાગન કે બચે નાગ ઉસે પ્યાર ના કરના" એ રાગ.

ઓ પ્રભુજી ! ઓ પ્રભુજી ! અર્જ આ લહો;
જાવાને રજા દીયેજી, *કામના હરો. ઓ પ્રભુ૦

---

૧ ષડ્રસ, ભોગ અને શાન્તિ. ૨ ભાગી નાંખવું. ૩ આનંદ. ૪ જેને તપરૂપી ધન છે એવા. ૫ મુની વૃન્દોમાં સીંહ રૂપ. * મનની ધારણા.

ભુમીમાં તમે [2]પળોતો, દ્રષ્ટિ ના ધરો;
આપ સંગ સ્વામી ઝામી, અંધ શું કરો. ઓ પ્રભુ૦
અંગના અનંગ રંગ, ભંગ શું ભરો;
તાપ જાપ જાપી જાપી, કષ્ટિ શું કરો. ઓ પ્રભુ૦
નેત્ર ઈંદ્રી નામ માંરૂ, દુઃખી શું કરો;
દાસીને દયા કરી આ, તાપને હરો. ઓ પ્રભુ૦

હે પરમ કૃપાળુ સ્વામિન્! આપનો સંગ થયા પછી સારા સારા પદાર્થો કોઇ કાળે મારી દ્રષ્ટિગત થયા નહિં, માટે મને પણ અન્ય સ્થળે જવાની આજ્ઞા કરી શુખ શાન્તિ આપવા કૃપા કરશો.

શ્રવણેન્દ્રી—"અધબીચ મહોબત તોડી બેદરદી દીવાના" એ રાગ.

વર વિપ્ર સાર (૨) આ ધાર મનોરથ મા'રા;
અંગ રંગના ભંગ કરીશું, દુઃખ વેઠવું ભારા.
નહીં ગાન તાન (૨) નહીં માન અમાને માંની;
કર્ણ ઇન્દ્રી નામ કહ્યું પણ, નિત્ય રડું રણ છાંની.
વણ અપરાધે, (૨) શાંને મુને રે સંતાપો;
પ્રાણ બચાવો માહરા, મુની કષ્ટ કૃપાળુ કાપો.
છો શીર છત્ર (૨) પણ અત્ર રજા હું માગું;
સ્પૃષ્ટ [3]કરિણી નષ્ટ કરી, આ કષ્ટ! કહો હું તાગું.
રહી આજ સુધી (૨) કુબુદ્ધિ મરે મધ માંખી;
કર્મ ક્રોધમાં બોધ બળે શું, દુર મુનેતો રાખી;
તો કેમ રહુ (૨) કહુ કેમ વૃથા વિચારી;
આજ્ઞા આપો ઈશ હવે આ, દુઃખ દીસેછે ભારી.

હે મહામુનેન્દ્ર! તમારો સંગ પામીને ના'ના પ્રકારનાં ઉત્સાહપૂર રસમય વચન મ્હેંયપણ શ્રવણ કર્યાં નથી, માટે મને પણ આજ્ઞા કરશો.

મનેન્દ્રી—(ક્રોધમય મુદ્રાથી) **ગીતી છંદ.**

હે દુઃખી'! દુઃખ નાંખી, ભટકે ભવમાં ભલે તું ભૂલી;

---

૨ ગતી કરવી. ૩ હાથણી.

પણ અમને જે નાંખી, છોડ હવે આ દુઃખની શૂળી.
નહીં તો વિપ્રિત થાશે, ગાશે ગાથા અથાગ ભૂ લોકો;
તવ અંકુશ મુજ અંગે, ઢંગે રહીને વિચાર લ્યો ચોખ્ખો.

દુર્વાસા—(સ્વગત) આહાહા !! શું મનેન્દ્રીનો ગર્વ છો આ સમય સ્પષ્ટ પ્રગટ જણાય છે, કે સર્વોપરી સર્વસ્વને આકર્ષણ કર્ત્તા કુટીલ મનેન્દ્રીજ છે, અને પંચેન્દ્રીયોમાં પૂર્ણ સત્તાવાનપણ એજ છે, જેથી અન્ય ચાર ઇન્દ્રીયો તો બીચારી તેને વર્ત્તિનેજ ચાલેછે, માટે પ્રથમ તેનેજ મારવી જોઇએ. અરો સત્યાસત્ય ભાષણ કરાવનારી અને મોહ જાળમાં બંધન કરાવી સંસાર સાગરમાં તરતા જનોને મિથ્યા મોહમાં મગ્ન પમાડનારી પણ એજ છો આહા !! રૌરવાદિ નર્કકુંડમાં નંખાવનારી પણ એજ દુરાચર્ણિ દેખાય છે! માટે તેનો સંગ કરવાથી આપણું મનેપ્સિત કાર્ય થશે નહીં. પણ ભવતુ! ચીંતા નહીં, તેનાથી તો હું કેવળ વિરક્તજછું! અને તેનો નાશ કરવાનો સમય પણ સર્વેશ્વરે સમીપ લાવી મુક્યો છે. (પ્રખ્યાત.) હે મનેન્દ્રી વિનાની ચાર ઇન્દ્રીયો! તમને હું સ્વર્ગનુ સુખ આપવા ઈચ્છુંછું, માટે [1]આક્રંદમાં કરો. પરન્તુ મા'રા શરીરને વિષે મનેન્દ્રીનું કામ નથી;

મનેન્દ્રી—[એ પ્રમાણે દુર્વાસાનું વચન શ્રવણ કરતાંજ નિરાશ હોવાથી ધરણીપર ઢળી પડે છે) અરેરે। હર હર, શંકરા ! (અચેત થાય છે ને થોડીવારે સાવધ થઇને) અરે પ્રભુ! આપે આ શું કહ્યું? અને આ શું થયું? હાયા હાયા! હવે મને સહાયતા કરશો કે નહી? (ઉભી થઇને મુનીના સન્મુખ હાથ જોડીને) હે ભગવન્ ! હે મુનીરાજ ! મને આ દુઃખ દાવાનળમાં ક્યાં નાંખી દીધી! હાયા હાય !! તમને આમ નિર્દય થવું છાજે!? અરેરે। મુનીરાજ! મારી તૃષ્ણાઓ મને બહુ પીડે છો માટે શર્ણાગત વચન વૃષ્ટિ વરસાવી ઠંડી કરો કે જેથી મને સુખ શાન્તી થાયા! (નિશ્વાસ નાંખીને)

---

1 શોકથી બુમારોળ કરવું તે.

પ્રભુ! તમારા વિના મને કોઇ સહાયતા કરે એવું નથી. હે મુનીરાજ! તમો તો સાક્ષાત ઈશ્વર રૂપછો, અને કર્તૃ અકર્તૃ સમર્થછો માટે મને વિષયાદિ ભોગથી સુખી કરશો.

દુર્વાસા—(વિષયાદિ ભોગથી સુખી કરશો એ શબ્દ સાંભળીને અતિશય ક્રોધ મુદ્રાથી) રે દુષ્ટા! હજુ તું સમજતી નથી? તતઃકારણાત્ અધસમયે તને ધારૂં તો બાળીને ભસ્મ કરી નાંખુ! અને શું તું અતી વાચાલ થઇ વિષયાદિ સુખની ઇચ્છાએ મમસંમુખ મિથ્યા ઉચ્ચાર કરેછે? એકવાર મનસા વિચારીને જોતો ખરી! કે હું કોણછું? અને મમ સાદ્રષ્ય તને સુખ કોણે આપ્યું? અને વિષય તો હળાહળ વિષરૂપ જાણુંછું!! (રક્ત નેત્ર થાય છે)

મનેન્દ્રી—(ભયભીત થઇને નીચું જુવે છે, અને સ્વગત વિચારે છે.) અરેરે! હવે હું ક્યાં જાઉં, ને શું કરૂ. હાયા હાયા મને એકલીને કોણ રાખે. અરે! અમે પંચેન્દ્રીયો સમાન સુખ દુઃખમાં હોઇએ તો તો ઈચ્છા પ્રમાણે વર્ત્તિએ, પણ આ સમય મારો એકે ઉપાય રહ્યો નથી. (પ્રખ્યાત) અરે અનાથના નાથ! ત્યારે હું શું સદા નિરાશી? અરે પ્રભુ! મારી તૃષ્ણાઓ મને બહુ પીડેછે. હાય હાય! હવે હું શું કરૂં ને ક્યાં જાઉં! (-હૃદય ભરાય છે તેથી સજળ નેત્રે)

પદ.—રાગ શીતાજીના મહિનાનો.

આમ કષ્ટ ઉપર પ્રભુ કષ્ટ, ક્યાંરે લગી આપશો;
વર્તાવો શું વિષોદક વૃષ્ટિ, કષ્ટિ ક્યારે કાપશો.
રે રે! પૂર્ણ પ્રતાપીક પૂર્ણ, અપૂર્ણ આ શું કરો;
મ્હારા પ્રાણ જશે પ્રાણાધાર, આધાર અંગે ધરો.
પ્રભુ પૂર્ણ કૃપા થકી આપ, કૃપા કરી રંકનાં;
કરો કષ્ટ નિવારણ નાથ, હરો દુઃખ[2] વંકનાં.
આપી[3] અગ્ર થકી અવિનાશ, તેં આશ નિરાશતે;

---

૨ વાંકી ગતીએ ચાલનારી. ૩ પ્રથમથી.

કીધી કેમ મુને મન ભંગ, અપંગ આ વારતે.
હું[૪] બ્રહ્મ પિતાની બાળ, આ કાળ રણે રડું;
કહો કેમ કરૂં ક્યાં હું જાઉ, જળે કે દવે પડું.
નથી સુખ સહ્યું મુજ નાથ, અનાથ હુંતો રહી;
નથી લીધો ભલો ભવ લા'વ, [૫]ભૂદેવાલયે રહી.
મારા મનમાં હું માનતી એમ, આ જન્મને ધન્યછે;
મળ્યા વિપ્ર મુને રહુ સાથ, સુખી કોણ અન્યછે;
રૂડા સ્વાદ સુશોભિત શ્રેષ્ટ, [૬]અથેષ્ટ હુંતો ગ્રહું;
હતા અંગ ઉમંગ સુ રંગ, એ ભંગ થવે દહું,

અરેરે! પૂર્વે મ્હેં શાં પાપ કરયાં હશે, તેમ હોયતો શ્રવણુ કરો મહરાજ.

રોળાવૃત.

પુર્વે કર્મને કાજ, સજા ક્યાં સુધી સે'વી;
અવધી થઈ ભગવંત, રંકને મારી દેવી.
દેહ તજ્યાની રજા, પછી ક્યાં સુખની શાન્તિ;
કરો કૃપા પ્રભુ આપ, ધરો નહીં મનમાં ભ્રાન્તિ.

(અલ્પ કાલ મૌન રહિને વળી ગદ્ ગદ્ કંઠે) મને કોઇ સહાયતા કરોરે એ સખીયો! તમે પણ આવાં નિર્દય શું થાવછો! મ્હેં તમને આવાં નહોતાં જાણ્યાંરે! હાય હાય! અરે પ્રિય ભગિનીયો! તમે સંપ કરી મને આવા દુઃખ દાવાનળમાં એકલી મુકીને જશો? જો તમારે આમ કરવું હતું તો મને આગળથીજ કે'વું હતું. હાય હાય! હે મુનેદ્ર! તમારી સહાયતા વીના મારો પ્રાણુ નીકળી જશે. અરેરે મારા પાદ ભાગી ગયાછે. અરે! મને ચક્કર આવેછે. હવે હું શું કરૂં ને ક્યાં જાઉં. હે પ્રાણિયા જરા શાન્તિ રાખ. થોડી વાર પછી જવું હોય તો જજે; પણ મા'રો ઉભરો મને કાઢવા દે. (એમ કહીને આક્રંદની સાથે સજળ નેત્ર.)

લલિત છંદ.

અવધિતો થઈ, આ સમે હરી; તદપિના ઉરે, પ્રાર્થના ધરી;

૪ બ્રહ્માની પુત્રી. ૫ બ્રાહ્મણુના શરીર રૂપી ધરમાં. ૬ પરિપૂર્ણ.

સકળ સારમાં, સાર આપછો; કયમ તજી મુને, આપ જાવ છો.
વલ વલું ધણી, એજ કારણે; જન બિજે કિયે, જાઉ બારણે;
વર થકી મુને, આપ રાખશો; સમતુલે સદા, નિત્ય દાખશો;
અરજ એ ધરો, ઉરમાં પ્રભો; સબળ આપછો, હે પ્રભો! વિભો!
પળ પળે પ્રભો, પ્રેમ રાખતી; જયમ કરો પછી, તેમ દાખતી.
તદપિ આ સમો, કેમ આવિયો; ન સુખ સંપતિ, કર્મે લાવિયો;
જરૂર જાણજો, આ સમો જશે; સમજ વિપ્ર હું, શી ગતી થશે.
અચળ સુખની, આશતો હતી; પણ હવે ધણી, ×નિસ્પૃહી થતી;
સરવ કાળ શું, મૂખથી ભણું; *કમઠ પ્રષ્ટ આ, દુઃખ છે ઘણું;
દહન કૈં થયા, હું મનેન્દ્રિથી; લખિ શકે નહિં, લેખું લેખથી;
તદપિ ચિત્ત તું, અગ્ર ચેતજે; પછિ બધું કહયું, તુર્તે દેખજે.
પ્રથમ ચેતજે, જ્ઞાનના કરે, ધન રળી રળી, ધુળમાં ધરે;
મન વિચારથી, જ્ઞાનના ચઢે; પલક એકતો, દુઃખના પડે.
[1]અચળ જ્ઞાન આ, વિપ્રને થયું; [2]લલિત સૂખજે, હાથથી ગયું;
કરમ ફુટ હું. એવડી બની; અરથ માહરે, લુંટિ ગૈ ધની[3].
ઉભય સૂખની, [4]ભુક્ત હું હતી; કયમ કરી પછી, દુઃખ દેખતી;
પ્રથમ ધારતી, [5]પ્રષ્ટ આપશે; [6]સતત માહરૂં. દુઃખ કાપશે;
વશ કરી મુને, વિપ્ર સુભટે; શરમ સારથી, સુખ સૌ ઘટે;
મરમ માહરો, જાંણિને હવે; દહન ના કરો શાપના દવે.

દુર્વાસા—(દૈવ રટણ મુકીને) હજુ તા'રૂં ટાયલું પૂરૂં થયું કે નહીં? ચાલ હવે હુંતો ઇન્દ્રપૂરીમાં જાઉછું. અને તને સુખ કદાપિ મળવાનું નથી! પરન્તુ મારી પાસે સ્વસ્થાને રહેવું હોયતો સુખેથી રહે. અને અન્ય સ્થળે જાવું હોય તોપણ તને મારી સ્પૃષ્ટ આજ્ઞાછે.

× ઈચ્છા રહિત. * કાચબાના બરડા જેવું કઠીણ.

૧ જાય નહીં તેવું. ૨ સુંદિર. ૩ ધનવાળી વખત. ૪ ભોક્તા. ૫ પાછળથી. ૬ નિશ્ચે.

મનેન્દ્રી—(ગદ્ ગદ્ કંઠે)　　ગીતી છંદ.

હે સ્વામી તવ સંગે, અંગે નહીં તો કરૂં શું કો' જઇને;
સખીયો વિણ સુખ ક્યાંથી? પાળો પોતે [7]વિષોદકો પઇને.

(સર્વે ઇન્દ્રીયો દુર્વાસાના અંગમાં સ્વસ્થાને પ્રવેશ કરે છે. અને મનેન્દ્રી પ્રવેશ કરતાં મનમાં) અરે! જેને અચળ જ્ઞાન થયું તે આપણાથી કેમ છુટે. "भावितव्यंभवत्येवकर्मणामीद्रशागतिः" એ વાક્યપર દ્રષ્ટિ રાખી હવે તો નિત્ય વર્ત્તવું. એજ આત્માનું સાર્થક છે. અને [8]સ્વચ્છંદી પણે વર્ત્તવું તે હવે યોગ્ય નથી. હશે! ચારને સદા અસુખી સુખી કરી તેમાંજ મન વાળીશું. પણ કાંઇ સ્વચરીત્ર લઢાવવામાંતો બાકી રાખી નથી. પણ પાણીથી પાશાણ ફેગાઇ કદાપી ફાટે નહીં તે સત્ય છે.

વિષ્ણુશર્મા—(પ્રવેશ કરીને) મુનીરાજ! અત્યંત કાળ વિત્યો હો.

દુર્વાસા—હે પરમ ભક્ત શિરોમણી! માગ તા'રી શી ઇચ્છા છે?

વિષ્ણુશર્મા—(કરદ્વય સંપુટ કરીને) મહારાજ! આપની કૃપાથી મા'રે પૃથ્વીમાં કોઈ પદાર્થ અલભ્ય નથી. તેમ અન્યેચ્છા પણ રાખતો નથી; માત્ર મોક્ષ સાધન મેળવવા ઇચ્છુંછું. અને આપ જેવા સત્પુરૂષોનો સંગ તેમ સેવા ઇચ્છુંછું.

દુર્વાસા—તથાસ્તુ! તથાસ્તુ! ભકતવર્ય!　　(પડદો પડે છે.)

પ્રવેશ ૪ થો.

સ્થળ— સ્વર્ગમાં ઇન્દ્રપુરીનો રાજ માર્ગ.

પાત્રજનો.

દ્વારપાળ અને દુર્વાસા મુની.

દુર્વાસા—હે રક્ષપાળ! તું સુરેન્દ્રને સુચના કર કે દુર્વાસા મુની તવ સમીપ આવવાની આકાંશા કરી અત્રે આવ્યા છે.

---

૭ ઘણા ઝેરનાં પાણી. ૮ પોતાની મરજી માફક ચાલવું.

દ્વારપાળ—(યોગ્ય રીતે નમન કરીને) જેવી આપની આજ્ઞા મહારાજા
(એમ કહીને જાય છે ને દુર્વાસા ઇન્દ્રપુરીમાં પ્રવેશ કરીને રસ્તે ચાલતાં ચાલતાં સ્વર્ગની શોભા પોતાની ઈન્દ્રીયોને દેખાડે છે.

ગરબી છંદ. રાગ ગુરૂ ગોવીંદના મહીનાનો.

વાહ! વાહરે સુરપતી સ્વર્ગ, શોભા સારીરે;
સર્વોપરી સુ સોભિત શ્રેષ્ટ, છે સુખકારીરે.
જોતાં હર્ષે ઘણી મુજ કાય, સાચ્ચે વાધીરે;
આતો વિશ્વકર્માનુંરે કૃત્ય, છે સુર સાથીરે.

શો કિલ્લો રચ્યો અદ્ભુત, [1]હાટક પ્હાણેરે;
મણીમય કીધો છેરે સર્વ, સુરના શાંણેરે.
હીરા માંણુક કાંગરે કોર, કોટ ચણાવ્યોરે;
તેમાં સ્ફટીટ અંતર ઓળ, રત્ને જડાવ્યોરે.
જાણે ઉગ્યા અનુપમ ચંદ્ર. [3]ભ સઉ સાથેરે;
નાચે [4]ઉર્ધ જુવો હંસ મોર, તાથેઈ માથેરે.
આહા! જળહળ જયોત પ્રકાશ, મણી મન લાગેરે;
નીશા પડે નહીં કોરે દીશ, [5]પુરકે [6]પાગેરે.
[7]ગડીવાળી છે કોટની માંય, વાંકશો કીધોરે;
દર્વાજાનો પછી માંહી બંધ, [8]ચોદ્ધા લીધોરે.
ઘણા ચંદન કાષ્ટનાં દ્વાર, ઘાટે ઘડીયાંરે;
મોંઘા માંણુક સોને સર્વ, સાથે મ'ડીયાંરે.
મણી સ્થંભ જે ચિત્ર વિચિત્ર, દ્વારની સાખોરે;
મંગળ મય ત્યાં લખીયા શબ્દ,—સુરજન સાધોરે.
તરીયા તોરણ લટકે દ્વાર, મુકતા ફળનાંરે;
હીરા માંણુક લાલ ઝવેર, મણી માંહી મળતાંરે.

---

૧ સોનું. ૨ વિશ્વકર્મા. ૩ નક્ષત્રો. ૪ કોટની ટોચારે. ૫ ઇન્દ્રપુરી ૬ તેના આગળ પાછળ. ૭ કિલ્લાને ઠેકાંણે ઠેકાંણે બેવડો વાળેલો હોય છે તે. ૮ જબરો.

*લોહ શંકુ સમાન સુવર્ણ, શંકુ જડીયારે;
દ્વારે બંધ થયો અતી હેમ, પટ થકી મંડોયારે.
લસ્કર આવી શકે ત્યાં કેમ, વચમાં પરતુંરે;
અલ્યા ! ભય ગયું સુરનાથ, દૈત્યના ડરનુંરે.
[1]દિવ્ય દેવ તણું આરે સ્વર્ગ, સાચે સાચુંરે;
અહો ! ભાગ્ય ભણું મમ આજ, આ સ્થળ રાચુંરે.
(આગળ ચાલતાં)શા રસ્તા કર્યા સુ વિશાળ, સડક શી કીધીરે;
તેમાં પાદથી [2]પલવા કાજ, હાર બે લીધીરે.
રસ્તે રેતી જુવો [3]હીમ રૂપ, શોભતી સારીરે;
પંચેન્દ્રીયો વિશે મન ઉન, લેજો ધારીરે.
નીશા નામ થવે કેમ થાય, દીપને માટેરે;
અહો ! મુક્યા મણી મન રીઝ, દીપને સાટેરે.
હેમ [4]કુંડ અને મણી સ્થંભ, હાર બે બાજુરે;
તેમાં અંતર એકને એક, વૃક્ષ બીરાજ્યુંરે;
પારી જાતક સાથ અશોક, શોભે સારાંરે;
સદા કાળ ફળે નિજ પુષ્પ, ન્યારાં ન્યારાંરે.
હેમ કુંડ જે રત્ન જડીત્ર,–[5]સવિતા ચળકેરે;
તેને અંતર જે છે સ્થંભ, તે પણ ઝળકેરે.
કુંડ મધ્યે લધુ લધુ વૃક્ષ, કુસુમ કેરાંરે;
તેમાં ભિન્ન પ્રકારના ભેદ, વૃક્ષ ઘણેરાંરે.
કેવી ગટા થઈ ધન ઘોર, વૃક્ષના યુથેરે;
તેમાં ઉજવળ નિર્મળ અંશ. કલ્પ કુસુમેરે.
અહો મંદીર સુંદિર હાર, શોભતી સખિરે;
ઉંચાનીચી નહીં નહીં વંક, સીધી મ્હેં પખિરે.
[6]સમાનિકા [7]સમુહી છે શ્રેષ્ટ, બેઠક બા'રીરે;

---

* લોહોડાના ખીલા. ૧ શોભાયમાન ૨ પગથી ચાલવાને. ૩ સોનું. ૪ સોનાનાં કુડાં. ૫ સૂર્ય. ૬ સમાન પ્રકારે. ૭ સમુહવાળી.

ઝરૂખાનો શો કીધો તોડ, કઠેરા બારીરે.
અહો! મંદીર સુંદિર માપ. જાણુવા પીળાંરે;
[1]પટકુળ ધર્યા [2]કેતુ કાર, લાલને લીલાંરે.
તરીયા તોરણુ ઘે'રે ઘે'ર, ઝુંમર ઝુંમેરે;
કોરે કુંડમાં સુંદિર [3]ગાન. કલ્પ કુસુમેરે.
(દીર્ઘ દ્રષ્ટીએ જોતાં) આહા! [4]ઇન્દ્રાગાર સહસ્ર, [5]ભાનુ જેવોરે;
મહા તેજ તણો ભંડાર, દીસે કેવોરે.
તેનું વર્ણન કેમ કરાય, દ્રષ્ટે દેખીરે;
આહા! [6]ભારતી થાકે આપ, પોતે પેખીરે.
(આ પ્રમાણે સ્વર્ગની સોભા વર્ણવતો જાય છે ને પડદો પડે છે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—ઇન્દ્ર મહાલય.

પાત્રજનો

ઇન્દ્રરાજા. બ્રહસ્પતિ. પ્રધાન. અને પાછળથી પ્રતિહાર.

ઇન્દ્ર—કેમ? ગુરૂજી મહારાજા સાંપ્રત સમયમાં તો [7]દનુજનો ભય જણાતો નથી; પરન્તુ પશ્ચાત્ ભાવી બળ શું વર્ત્તાય છે?

બ્રહસ્પતી—(અલ્પકાળ ધ્યાન માર્ગે વિચારીને) ભાવી બળમાં એજ કે હવે દનુજ માત્રનો ભય નાશ થયો છે. માટે ઉપાધી રહીત નિષ્કંટક રાજ્ય કર, અધુનાતને તેમ તારી પ્રજાને કોઇ પ્રકારનો ઉપાધી નથી. અને,——(બોલતો બંધ પડે છે.)

ઇન્દ્ર—કૃપાનાથ! કાંઈ નવલ વાર્તા ધ્યાન માર્ગે વર્તાય છે કે શું?

બ્રહસ્પતિ—હા, નવિનમાં દુર્વાસા મુનિ તારી પુરીમાં પધાર્યા છે.

---

1 લુગડાં. 2 ધ્વજા પતાકા. 3 ભ્રમર પંક્તી છાજલી ઉપરના કુંડાં પછવાડી ગાન કરે છે. 4 ઇન્દ્ર ભુવન. 5 સૂર્ય. 6 સરસ્વતી 7 અસુર, દૈત્ય.

ઇન્દ્ર—(ભય ભીત થઇને) હેં! દુર્વાસા મુની પધાર્યા છે? એતો મહા ક્રોધ-મય ક્રોધ વર્તાય છે ને શું! ધારે તો ઇન્દ્રાસનના પણ અધિકારી સઘ:થઇ પડે તેમછે. માટે કાંઇ નવાજુની થશે કે શું?

બ્રહસ્પતિ—હા, મહાન્કાળેશ્વરની છાયામાંથી કોઇ ખશી જાય તેમ છે! માટે નવા જુની તો થશેજ.

ઇન્દ્ર—નવા જુની તે ભયકારક છે, કે અભય કારક?

બ્રહસ્પતિ—પાવક નિકટ પ્રયાણ કરવું તે નિર્ભય કેમ હોય? પરન્તુ સા-વધ રહી નીજ કાર્યમાં પ્રવૃત્ત રેહેવાથી અભયકારક કલ્યાણકારી થશે. તથાપી કોઇ નાયિકાને ક્ષત લાગશે.

પ્રતિહાર—(પ્રવેશ કરીને યોગ્ય રીતે નમન કરતો) જય, જય, ત્રિભુ-વનપતિ આપની પુરીમાં દુર્વાસામુની પધાર્યા છે; અને અત્રે આ-વાગમન કરવા આપને સુચવેછે.

ઇન્દ્ર—ભવતુ. પ્રતિહારા તેમને સભ્યસ્થ મંડપમાં સત્વર પ્રવેશ કરાવ. (પ્રધાન પ્રતિદ્રષ્ટી કરીને) પ્રધાના! યોગ્ય જનોને સુચના કરો કે જેથી સર્વે તત્પર થાય. પશ્ચાત્ સભ્યસ્થ મંડળ સહીત મુનીરાજ-ના સંમુખ જવું જોઇએ. (પ્રધાન તેમ કરવાને જાય છે. અને ઇન્દ્ર તથા બ્રહસ્પતી સભા મંડપમાં જવા ઉઠેછે. (પડદો પડેછે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—ઇન્દ્ર રાજાનો સભા મંડપ.

પાત્રજનો.

ઇન્દ્રાદિતેત્રીસકોટીદેવ. બ્રહસ્પતિ. પ્રતિહાર. ચિત્રરથાદિ-કિન્નરો. અને રૂષીગણો વિગરે પશ્ચાત્ દુર્વાસા તદપશ્ચાત્ રંભા. રંભા. મેનકા. ચીત્રાંગદા. દેવકા. તિલોત્તમા. અને ઉર્વશી. ચીત્રલેખા અને સહજન્યા વીગરે.

ઇન્દ્ર—(પ્રધાન પ્રતીદ્રષ્ટી કરીને) પ્રિય પ્રધાના! પૂર્વોકત સર્વ સાવધ છે?

પ્રધાન—મહારાજ! સર્વે સાવધછે. વાદીત્રો પણ આવી પહોચ્યાં હોય તેમ જણાય છે.

ઇન્દ્ર—(સેનાધિપતીપ્રતી દ્રષ્ટી કરીને) કેમ સેનાપતી, સેના તઇયાર કરી ઐરાવત શૃંગારયોછે?

સેનાપતિ—દેવેન્દ્ર! આપની આજ્ઞાનુસાર સર્વે તૈયારછે.

ઈન્દ્ર—ચાલો ત્યારે મુનીરાજના સન્મુખ જઇએ. (બ્રહસ્પતીપ્રતી દ્રષ્ટી કરીને) કેમ ગુરૂજી મહારાજ?

બ્રહસ્પતી—હાં વિલંબ શાંને માટે થવો જોઇએ. ઉતિષ્ઠ. "શુભસ્યશિઘ્રં" (એમ કહીને ઉઠવા જાયછે એટલામાં પ્રતિહાર પ્રવેશ કરેછે.)

પ્રતિહાર—(યોગ્યરીતે નમન કરતાં) જય જય ત્રિભુવન પતી! કોઇ મુનીરાજ પધારે છે.

ઇન્દ્ર—(સહર્ષે) ભવતુ. પ્રતિહાર! પધારવા દે. [પ્રધાન પ્રતી] શ્રેયસ્કર ભતી, કેમ પ્રધાના? (એટલામાં તો)

દુર્વાસા—[પ્રવેશ કરેછે એટલે ઇન્દ્રાદિ સાષ્ટાંગ દંડવ્રત કરેછે)

તોટક છંદ.

સુરનાથ સમાગમ આજ સર્યો;[1] તિમિરાન્ત અનન્ત મહન્ત થયો,
શતવર્ષ[2] વિરંચી વહે વયમાં, તવ રાજ્ય રહો અમરામરમાં.
સુરનાથ ટ[3]શચી પતિ આપ રહો, ત્રિભુમાં ભવમાં ભવ ભાવ લહો;
તવ તાપ રહો અસુરો દળમાં, તવ રાજ્ય રહો અમરામરમાં.

ઇન્દ્ર—તથાસ્તુ તથાસ્તુ મુનીરાજ! પધારો. (દુર્વાસાનો હસ્ત ગ્રહણ કરી પોતાના ઇન્દ્રાસને બેસારેછે, ને પોતે જોડે આસન મંડાવી બેસેછે. પશ્ચાત્ આજ્ઞા થવાથી સર્વે બેસેછે. એટલે સ્વગત) આહાહા! અદ્ય દીવસને ધન્યછે, અને મારા સુક્રતને પણ ધન્યછે, જે આવા પવિત્ર પૂજ્ય મહાન મુનીશ્વરે મારા ઉપર પૂર્ણ કૃપા કરી અને સર્વેને કૃતાર્થ કર્યા. તસ્માત્ મુનીરાજની શી ઇચ્છા છે પુછુંતો ખરો. (દુર્વાસા પ્રતિ દ્રષ્ટિ કરીને) આહાહા! મહારાજ, આપનું અત્રાવાગમન

---

૧ અજ્ઞાન રૂપી અંધારાનો. ૨ બ્રહ્મા. ૩ ઈન્દ્રાણી.

થવાથી અમર જનોનાં હૃદયકમળ અત્યંત હર્ષથી પ્રફુલિત થઇને કમળ પુષ્પની પાંખડીયો પરિપુર્ણ પખરાવા માંડી હોય તેમ જણાયછે, કારણ કે અમારા હૃદયમાં "क्षिणे पुन्ये मृत्युलोके वसंती" એ મહાન્ ભય નિરંતર વાસ કરી મંથન કરતો હતો, તે હવે આપના સાક્ષાત શ્રેયસ્કર દેવેશ્વર શંકર સ્વરૂપના દર્શન પ્રસાદથી જ નાશ થયો હોય તેમ જણાયછે; માટે મહારાજા! આપનું આવાગમન માત્ર અમારા હૃદયછેદક દુષ્ટ ભયનો નાશ કરવા માટેજ કે અન્ય પ્રયોજનાર્થે તે જરા નિવેદન કરવા કૃપા દ્રષ્ટી કરી અમારી જીજ્ઞાસા તૃપ્ત કરશો-

દુર્વાસા—હે સુરેશ્વર! હું તપ કરી કરીને બહુ કાળથી સુકાઇ ગયોછું; શુષ્કાંગ થવાથી મારા શરીરની કર્મેન્દ્રીયોએ મને સ્ત્રીયો રૂપે ક્રોધ મય વચનની વૃષ્ટી કરી, તસ્માત્ હું ચીર કાળ તપશ્ચર્યા કરનારો હે પાકશાસન! સાંપ્રત સમયમાં મારી ઇન્દ્રીયોને સંતોષ કરવાના કારણથી તવ સમીપ આવ્યોછું.

ઈન્દ્ર—જેવી આપની આજ્ઞા. (એમ કહી વિવિધ પ્રકારનાં સુગંધિમય તેલ મગાવી મુનીના ઉપર મંદમંદ વૃષ્ટી કરે છે. તદનંતર સુવાસિત પુષ્પોના હાર કંઠમાં આરોપણ કરે છે. કેસર, કસ્તુરી, કપુરાદિ પરિમળ સુગંધ ચંદનકાષ્ટ સહ ધાર્ષિત ચૂર્ણગંધોદકે સર્વાંગ ચર્ચે છે, અને ષડ્રસ સ્વાદિષ્ટ ભોજન ભક્ષાર્થે વા, ઈન્દ્રીયોના સંતોષને અર્થે મુખ આગળ મુકે છે, વળી મનોરથ પરિપૂર્ણ થાય તેમ ઇન્દ્ર રાજા આચર્ણ કરે છે.) હે તપોધનો આપની જેમ ઈચ્છા હોય તેમ મારી જીજ્ઞાસા તૃપ્ત થવા ઈચ્છે છે. માટે નિર્સંશય આજ્ઞા કરવી. અને તેમ કરવામાં કદાચિત દોષ આવે તો ક્ષમા કરી સેવા ગ્રહણ કરવી મુનીરાજ. અમેતો સર્વે અજ્ઞાત આપનાં અર્ભક છીએ.

દુર્વાસા—દેવેન્દ્ર! તું કાંઈ અજ્ઞાત નથી. પણ હે શતક્રતુ! મારી શ્રવણેન્દ્રીને તૃપ્ત કરવાને અપ્સર જનોનું સંગીત શાસ્ત્રાનુસારે નૃત્ય ગીત શ્રવણ કરવાને ઇચ્છુછું.

ઇન્દ્ર—મહારાજ! જેવી આપની આજ્ઞા. (એમ કહી અનુચર પ્રત્યે) પ્રતિહાર! વારાંગનાઓને સત્વર વેગથી સુચવો કે અત્રે ત્વરીતાવાગમન કરે.

પ્રતિહાર—જેવી દેવેન્દ્રની આજ્ઞા. (એમ કહી જાય છે.)

મદંભા અને રંભા—(પ્રવેશ કરીને યોગ્ય રીતીએ વંદન કરતાં)

સ્વેચ્છાચરણી ગજલ.

[1]કિલ પ્યારી કીનીરે (૨) મુનેહો! રૂમઝુમ (૨) રંજન કરીઆ,—
તો તરીઆ, ન તરીઆ, ન ઠરીઆ, [2]પરકર છે ક્રમ(૨)પ્યારી કીનીરે ટેક.
મુની વંદન સુર સદન સદન જ્યાં, (૨) [3]પાત નિકંદન મંથન; (૨)
કરતાં ફરતાં ભસ્માર્થે તૈયારી કીનીરે. [૨] કીલ પ્યારી કીનીરે૦—

(નૃત્ય કરી રહ્યા પછી નમન કરે છે એટલે દુર્વાસા.)

દુર્વાસા—ચીરંજીવીભવ. (ઈન્દ્રપ્રતી) દેવેન્દ્ર! આ દેવાંગનાઓએ સંગીત નૃત્ય કળા અત્યંત સંપાદન કરેલી જણાય છે.

ઇન્દ્ર—મહારાજ, એ સર્વ આપનોજ પ્રતાપ સમજીશું. (પ્રધાન પ્રતી) પ્રધાનો! આ અપ્સરાઓને એકેક ઐક્યવલ્લિ હાર આપો (પ્રધાન આપે છે એટલે તે લીધા પછી પલાયન કરે છે.)

ચિત્રાંગદા અને મેનકા—(પ્રવેશ કરીને રીતી પ્રમાણે વંદન કરે છે)

ઇન્દ્ર—(મેનકાને જોઇને) અહોહો! કોણ મેનકા.

મેનકા—જી હા. [એમ કહી નમન કરે છે.]

ઇન્દ્ર—પ્રધાનો! મેનકા ઘણે દીવસે દેખાઈ હો! [અપ્સરા પ્રતી] મેનકા! આટલા દીવસ ક્યાં ગઈ હતી?

મેનકા—શિરછત્ર સ્વામિન્ દીનોધારક પ્રાણપતી! હું વૈકુંઠાદિ તિર્થમાં પર્યટણ કરવાને ગઈ હતી.

ઇન્દ્ર—એમકે. ત્યારેતો શ્રેયસ્કર થયું [દુર્વાસાની વાત સ્મરણ થવાથી] લ્યો હવે મહાન્ મુનીશ્વરને હાવ ભાવવડે સંગિત શાસ્ત્રાનુસારે નૃત્ય ગીતથી પ્રસન્ન કરો.

---

૧ નિશ્ચે. ૨ જેનો પારકા હાથમાં નિયમ છે તે. ૩ પાપ.

અપ્સરાઓ—જેવી મહેન્દ્રની આજ્ઞા (એમ કહી તેપણ સંગીત નૃત્ય સરૂ કરે છે) કેરબો.

પ્રાણ પ્યારા મા'રા વા'લા મુની લેજો પ્રણામ;
લેજો પ્રિય પ્રણામ, લેજો પ્રિય પ્રણામ. પ્રાણ પ્યારા૦—
શીવ સ્વરૂપે શોભા સારી, વારી જાઉં બલીહારી;
ધારી ભસ્માંગે ભવતારી, સંહારી સુરારી. પ્રાણ પ્યારા૦—
આજ ભલે અમરાપુરીમાં, આવી તાર્યા દેવ;
પાતિક સર્વે નાશ થયાં, તવ દર્શનથી તતખેવ. પ્રાણ પ્યારા૦—
ધન્ય ધન્ય આ ધન્ય સમયને, ધન્ય થયું આ નાક;
દુર્વાસા ઋષી રાય પધાર્યા, સુંદિર શોભા વાક. પ્રાણ પ્યારા૦—

(નૃત્ય કરી રહ્યા પછી નમન કરે છે એટલામાં દેવકા અને તિલોત્તમા પ્રવેશ કરે છે અને રીતી પુરસ્સર નમન કરેછે.)

ઇન્દ્ર—(ઉર્વશીના ચરણ કમળનું સ્મરણ થવાથી અન્ય અપ્સરાઓપર અનાદર થાય છે તેથી) પ્રધાનો! મેનકાને દિવલીહાર અને એક રત્ન વેષ્ટિતનૂપુરની જોડ આપો. અને ચીત્રાંગદા વીગરેને પણ દિવલીહાર આપી વીદાય કરો.

પ્રધાન—જેવી સુરેશ્વરની આજ્ઞા. (એમ કહી તેમ કરે છે.)

ઈન્દ્ર—(સ્વગત) અહોહો! દંભા, રંભા, ચિત્રાંગદા, મેનકા, દેવકા અને તિલોત્તમાદિ સર્વ અપ્સરાઓ આવી પોહોચી. પરન્તુ અદ્યસમયે લલિતાંગી પ્રિયતમા કેમ પ્રવેશ કરતી નથી. અરે! એશું નહીં જાણતી હોય જે મહેન્દ્ર મૃદુભાષિણીપર અત્યંત ઉત્સુક થઈ રહ્યો હશે, ને રાહ જોતો હશે (પ્રધાનપ્રતી પ્રખ્યાત) પ્રધાનો! અધુના—(એટલું કહીને શબ્દોચ્ચારનો લોપ કહેછે, ને અધિક ચિંતાથી વ્યગ્રચિત્ત મુખ મુદ્રા થાય છે એટલે દુર્વાસા.)

દુર્વાસા—(ઇન્દ્રપ્રતી દ્રષ્ટી કરીને સ્વગત) અહો! ત્રૈલોક્યાધિપતી સુરેશ્વર જેને કહીએ તેજ આ મહેન્દ્ર! હેં! આહાહા! તે પોતેજ આ સુર સભ્યસ્થ વૃન્દ મધ્યે પોતાના દેહનું ભાન ભુલ્યો હોય તેમ જણાય

છે. માટે એનું કારણ શું હશે વારૂ? (અલ્પકાળ વીચાર કરીને) આંહ, એતો મ્હેં જાંણ્યું. તદપિ પુછું તો ખરો. કે જેથી સત્યાસત્ય પ્રાપ્ત થાય. (પ્રખ્યાત) દેવેન્દ્ર! તારૂં ચિત્ત અકસ્માત કેમ વ્યગ્ર જણાય છે? અને શબ્દાચ્ચારનો શાથી લોપ થયો? (એમ કહી અપ્સરાઓપ્રતી) અહો! તમે પણ દેવાંગનાઓ કહેવાઓછો, માટે મહેન્દ્રના મનોવીચાર તમને પણ પ્રાપ્ત થવા જોઇએ.

અપ્સરાઓ—મહારાજા! સાંભળીયે;—મહેન્દ્રને કોઇના વિશેષ તપની શંકા ઉત્પન્ન થાય ત્યારે તેના તપમાં ભંગાણ પડાવનારૂં પોતાનું સર્વોપરી શ્રેયસ્કર સાધનરૂપ સુકુમાર હથિયાર શ્રીઅપાર્વતીના રૂપનો ગર્વ છોડાવવાવાળી અને સ્વર્ગની સારભુત શોભા એવી અમારી પ્રિય સખી ઉર્વશીએ અધુના આપનું દર્શન કર્યું નથી એજ મહેન્દ્રના ચિંતાતુર ચીત્તનું મુખ્ય કારણ હશે મહારાજ.

ઇન્દ્ર—પ્રધાના! ઉર્વશીને આમંત્રણ પહોચ્યું છે કે નહી?

પ્રધાન—દેવેન્દ્ર! ઉર્વશીને આમંત્રણ પહોચ્યું હોય તેમ જણાય છે, પરન્તુ આપનું અજ્ઞાત છે, કે તે મનસ્વી માનુની છે.

ઇન્દ્ર—હા, તેને મનસ્વિપણું તો પ્રથમથીજ પ્રાપ્ત થયેલું છે. જુવો સાંભળો,— શિખિરિણી છંદ.

[1]યદા પ્રાદુર્ભાવે, [2]પ્રમહસિ પદે પ્રેમ ગણુતી;
નિમગ્ના [3]પ્રેમાબ્ધો. શિથિલિ સમ શાન્તી ન ભણુતી;
[4]સુરેશેચ્છા સૌથી, સબળ—બળવાળી થઇ નથી;
મનસ્વી માને છે, [5]સતત મન મા'રૂં પ્રથમથી.

ઉર્વશી—(નેપથ્યમાં પોતાના શરીર સાંમુ જોઇને) આહાહા! મારા સ્વરૂપની સમાનતાતો અનંત કોટી બ્રહ્માંડમાં પણ કોઇ કરી શકનાર નથી. આહા! આજ મેં મારા અંગે સોળ શૃંગારયુક્ત અભિસારિકા-

---

૧ જ્યારે નારાયણ રૂષીની જંઘામાંથી ઉત્પન્ન થઈ ત્યારે. ૨ મોક્ષપદ. ૩ પરસ્પરના પ્રેમ રૂપી સમુદ્રમાં નિમગ્ન થયા પછી. ૪ ઇન્દ્રની ઇચ્છા. ૫ નિશ્ચય.

વેષમાં નૂતન હીરા જડીત્ર ચંદનહાર તથા સુવર્ણાલંકાર મુક્તા-યુક્ત વેણી ગુંથન કર્યુછે, તેમાં દિવ્ય પાટલાદિ અનેક પુષ્પના ચિત્ર વિચિત્ર વસ્ત્રાલંકારો મિશ્ર થવાથી મારા સ્વરૂપની શોભાનું વર્ણન કરવામાં તો બ્રહસ્પતી કે ભારતી પણ ભણતાં ભુલી જાય! આહા! મારા જેવી તે બીજી કોણ ભાગ્યશાળી હશે! કે જેની સ્વચ્છ કીર્તિનો પ્રચંડ ચંદ્ર ત્રિભુવનમાં પ્રસરાઇ રહ્યોછે, અને જેના ચરણ કમળનું અહર્નિશ ઇન્દ્રાદિ સેવન કરી રહયાછે, જેથી સ્વર્ગ શિરો-મણી મહાન્ મણી મુકુટમાં તો હુંજ ગણાઉં છું. [ઇન્દ્રનું આમંત્ર ણ સ્મરણ થવાથી) અરે! આજે અવણાં મહેન્દ્રે ત્વરિતાવાગમન કરવાને સુચવ્યા સતાં હું કેમ બેશી રહુંછું! માટે ચાલ ત્યાં સત્વર જઇ પહોચું. મારા શીવાય તેની સભા અંધકારમય થઈને ભાન ભુલેલી ભાસતી હશે. માટે ચાલ પુર્ણ પ્રકાશિત કરી સર્વેને શોભાવી ઠેકાણે લાવું.

[એમ કહી ગર્વમાં ત્વરાથી વિપ્રિત વેષે પ્રવેશ કરે છે, અને ઇન્દ્રા-સને મુનીને બેઠેલા જોઇ અનિયમે નમન કરી મુનીના સંમુખ દ્રષ્ટી ક-રીને ઉભી રહે છે. તે જેમ ચિત્રવત્ વનીતા સુવર્ણમય ચહાછાદન આવ-ણુપર આળેકેલી હોયની શું ? તદ્વત્ આશ્ચર્ય પામી એકી નજરે દુર્વાસાને જુવે છે, અને મહાજર્જરી ભુત મુનીને દેખીને પોતાના મનમાં વિપ્રિત વિચાર ઉઠે છે.] અરે ! આ જટીલના મુખ આગળ મારૂં સંગીત નૃત્ય મિથ્યા જશે! મારૂં નૃત્યતો સાક્ષાત્ ભગવાન, ભાનુ, બ્રહ્મા, રૂદ્ર, અને ઇન્દ્રાદિ દેવોને જોવા યોગ્ય છે; કારણ કે તેવો સંપુર્ણ સમજી શકે છે. અને આ મુનીતો ઘણો વૃદ્ધ અને ઇન્દ્રીયો પણ મૃત થયેલી જણાય છે. કર્ણેન્દ્રી પણ શ્રવણ નહીં કરી શકતી હોય, અને નેત્રેન્દ્રીયે પણ પોતા-ના તેજનું પરિબળ સાનિધ્યાકર્પણ કર્યું હોય તેમ જણાય છે, તોએ મા-રી અલોકીક પ્રતીમાનું સ્વરૂપ શું જોઈ શકશે! આહા! આવા નિર્બિજ કંદર્પ રહીત મુનીયો પણ પડયા છે. હેં! પણ વૃથા છે તેનું અત્રાવાગમન કે મારો આલાપ શ્રવણ નહીં કરી શકે, ને મારા સર્વોપરી સ્વરૂપનું

ધ્યાન પણ નહીં ધરી શકે. (પ્રખ્યાત) પ્રાણનાથ! પ્રમદોત્તમાને શી આજ્ઞા છે?

ઇન્દ્ર—પ્રિયા! શું તું જોતી નથી? જે મહાન્ મુનીશ્વર પધાર્યા છે.

ઉર્વશી—(સ્વરૂપાભિમાને ગર્વથી અશુદ્ધિવત્ ભાષણ કરે છે.) શીરછત્રસ્વામિન્! શું આ જટીલ મારૂં સંગીત નૃત્ય શ્રવણ કરી શકશે? નહીંજ કરી શકે! માટે મારો આલાપ શ્રમ અધુના વૃથા છે!!

દુર્વાસા—(એવું ગર્વિષ્ટ વચન સાંભળીને અને પોતાના પ્રભાવથી તેના મનોવિચાર જાણીને ક્રોધાગ્ની પ્રદિપ્ત થવાથી રક્ત નેત્ર કરીને] હે દુરાચર્ણિ! તારા રૂપને ધિક્કારછે! તારા ગાનને, તારી કળાને, તારા નૃત્યને, ને તારા સ્વરની માધુર્યતાને પણ ધિક્કારછે.! હે રંડા! તું ઘોર કર્મની કરનારી સ્વર્ગની અધિકારી નથી! અઘ સમયે તને બાળીને ભસ્મ કરી દેઉ પણ ગ્નાતાછું! કે જેથી ઇન્દ્ર સભસ્થોની અવજ્ઞા ઉત્પન્ન કરવાની શંકા પ્રાપ્ત થાય છે. અરે! પાતકી, નીચ, વિષયાશક્ત, સ્વરૂપાંધ દુર્બુદ્ધે! શું તેં મને બધિરાંધ કહી ઇન્દ્ર સભ્યસ્થ સમક્ષ નિંદા કરી? તો તેનું ફળ આવશ્ય તુને પ્રાપ્ત થવું જોઈએ! હે દુર્બુદ્ધે! માહાગર્વની ભરેલી! તું ઇન્દ્ર સન્મુખ નૃત્ય કરવાને યોગ્ય નથી. તસ્માત્ તું ભુલોકમાં ઘોડી રૂપ થઈને સાંપ્રત કાળ વિચાર. અને મૃત્યુ લોકમાં નૃત્ય કરતી ફર.!! અરે! મા'રા તપની કીર્તિના મહાન્ માર્તંડનો અંધકાર ગણનારી તડિત તારૂણી! તારા ચપળ તરંગથી હવે ત્વરિત અદ્રષ્ય થા!! અરે! આ પવિત્ર ઇન્દ્ર પુરીપર ભાર રૂપ વહન કર્ત્રિં, કલંક રૂપી ચાંડાળી નારી! સત્વર વેગથી નષ્ટ થઇ મ્રત્યુલોકમાં ચાલી જા!!!

ઉર્વશી—(એવો શાપ શ્રવણ કરતાં આક્રંદ કરતી સજળ નેત્રે એકા એક) માં પાહી! માં પાહી! જગદ્ગુરૂ માં પાહી! (એમ કેહેતામાં તો તત્કાળ શાપથી મ્રત્યુલોકમાં સરી પડેછે.)

ચીત્રલેખા અને સહજન્યા—(શોકથી આક્રંદ કરતાં) પાહી! પાહી! પરમ કૃપાળું પાહી!! અરો જેવો ઇન્દ્રના પક્ષપાતી હોય તેવો,

અને મારી સખીના પ્રિયકર હોય તેવો તેનું રક્ષણ કરો! રક્ષણ કરો! અરે! પ્રિય એની પ્રાણ પ્યારી ઉર્વશી!! (એમ કહી ધરણી-પર ઢળી પડેછે.]

ઇન્દ્ર—(મુનીનો ક્રોધમય શાપ શ્રવણ કરવાથી આક્રંદની સાથે સજળ નેત્રે.)

પદ. રાગ ભરથરીનો.

"જનુની જીવોરે ગોપી ચંદની" એ રાગ.

ક્ષમારે કરો રૂષી રંકને, અબલા નીચ વિચારજી;
ભુલીરે ભુંડી એતો ભામની, વાધ્યો દુષ્ટ વિકારજી. ક્ષમારે૦—
બુદ્ધિરે જેની પગ પાંનીએ, એવી નીચ એ નારજી;
ક્ષમારે કરો શીર છત્ર છો, પામું આપ પ્રસારજી. ક્ષમારે.
ધણારે ઘાતે ધાડો ધાતકિ, ધણો પામીએ ઘાતજી;
પુરીરે પાપી પોતે પ્રેમદા, પામી પુરો નિપાતજી. ક્ષમારે.
ઇન્દ્રપ્રતી જુવો પ્રેમથી, નારી અજ્ઞાની જાતજી;
ત્રાસ પડયો ત્રિયા કારણે, વાળી વિપરીત વાતજી. ક્ષમારે.
વ્યગ્ર ચિત્તે વ્યાધી નીપજે, પ્રિયા પ્રાણ આધારજી;
રાજ્ય કહો કેમ ચાલશે, ભાગ્યું મારૂં હથીયારજી. ક્ષમારે,
કહોતો હું કિંકર આપનો, આપી રાજ થઉં મુની રાયજી;
ક્ષમારે કરો હુંતો રંક છું;—સાગર સુખ સુકાયજી. ક્ષમારે.

હે જગદ્‌ગુરૂ! ક્રોધને શમાવો, ને એ અજ્ઞાની અબળાનું રક્ષણ કરો. હે ભગવન્! આપ આપના દયાળુ સ્વભાવે પ્રસન્ન થઇને એને શાપથી મુક્ત કરો.

સર્વે દેવો—(ગદ્‌ ગદ્‌ કંઠે કરદ્વય જોડીને) મહારાજ! કૃપા દ્રષ્ટી કરો. કૃપા કરીને શાપાનુગ્રહ કરો, આતો સ્વર્ગનું સાધન ભાગી પડે છે. અરે પ્રભુ! હવે અમે શું કરીશું? [શોકથી નિશ્વાસ મુકતાં અ-શ્રુપાત થાય છે.]

દુર્વાસા—(સર્વે દેવોનાં દીન વાક્ય શ્રવણ કરવાથી અનુકંપા ઉત્પન્ન હોવાથી) હે દેવેન્દ્ર! તારૂં અસાર સુખ નાશ પામતું હોય અને સ્વ-

ગનું સાધન ભાગી પડતું હોય તો તારી પ્રિયા દીવસે તુરગી અને રાત્રીએ સુંદિર સ્ત્રી રૂપ થશે. એવું મારૂ સિદ્ધ વચન છે.

ઇન્દ્ર—(ગદ્ગદ્ કંઠે) **શિખિરિણી છંદ.**

વિના નારી પ્યારી, ક્યમ કરિ કહો આ રહિ શકે;
ભુલોકે પામેલી, અખિલ દિન નારી થઈ ટકે;
તથાપી મા'રે એ, નથિ નથિ નથી કામની કશી;
કહો ક્યારે આવે, સુરપતિ પુરે એ સુખ શશી.

દુર્વાસા—(સ્વગત) અરો આવા ક્ષણ ભંગુર ક્ષણિક સુખને મારે શું કરવું છે. મારે તો અક્ષય સુખની પ્રાપ્તી કરવી છે, માટે પુનઃતપશ્ચર્યા કરવાને જાઉ. (ઉઠેછે) હે શતક્રતુ આક્રંદમાં કર. સાડા ત્રણ વજ્રનો સંયોગ થશે ત્યારે તારી પ્રીયા પાછી સ્વર્ગમાં આવશે. (એમ કહી જાયછે એટલે)

ઇન્દ્રાદી—(નમન કરતાં) જય જય પરમ કૃપાળું સ્વામિન્! અધુના અભિવંદન કરીએ છીએ, પરન્તુ પુનઃપધારવાની કૃપા કરશો.

ઇન્દ્ર—(ઉર્વશી મૃત્યુચારી થવાથી શોકાબ્ધિમાં નિમગ્ન થઇને)

શિખિરીણી છંદ.

અરો પ્યારી પાંખો, શિથિલ સુર વૃન્દે કરી પડી;
ભુલો કે ભાવેલી, યમભય જને તું જઈ ચ'ડી;
તપસ્વીના તાપે, ત્રિભુવનપતી હું ક્યમ કરૂં;
સ્વભાવે શાન્તીમાં, હૃદય તવ બાળી નવ ઠરૂં.

અરેરે પ્રિયા!! હાય,હાય!——

માલીની છંદ.

નથિ નથિ નથિ કીધી, વાત પૂરી પ્રિયાથી;
સુરપતિ બળ ભગ્યું, કષ્ટ કારી ક્રિયાથી.
હૃદય મુજ બળેછે, દુઃખિ નારી થવાથી;
રજનિ દિવસ પામું, દુઃખ પ્યારી જવાથી.

અરેરે પ્રાણ પ્યારી ઉર્વશી! હવે તું પાછી પુનઃ ક્યારે પ્રાપ્ત થઈશ. (એમ કહી તે નિશ્વાસ નાંખી પડેછે.)

પ્રધાનાદિ—મહારાજ! આમ શોકાબ્ધિમાં નિમગ્ન થઈ પશ્ચાત્તાપ કરવાથી હવે આપણું કાંઇ પણ સફળ થાય તેમ છે નહી. માટે મહારાજા! **यद्भावि तद्भविष्यति** જે થવા કાળ હોય છે તે થયાં જાય છે. તસ્માત્ કાળ કમણુની અદ્‌ભૂતકૃતી આગળ કોઇનું કાંઈ પણ ચાલી શકતુ નથી. માટે એ વાક્યપર દ્રષ્ટી કરીને શોકાર્ણવથી મુક્ત થાવ. મહારાજ, આપતો જ્ઞાતા છો પરન્તુ કહ્યું છે કે,—**अभ्युदयेक्षमा**, અને **आपत्तिधैर्यं** ઉદયકાળ હોય ત્યારે સર્વ જનોપર ક્ષમા કરવી, અને આપત્સમયે ધૈર્યવાન થઇને અભ્યુદય થયેલી આપત્તિનો સત્વર નાશ કરવો જોઈએ મહારાજ.

ઇન્દ્ર—અરે! હું ધૈર્યવાન તે કેટલો થાઉં. (ચીત્રલેખા અને સહજન્યા પ્રતીદ્રષ્ટી જવાથી) અરે! પણે પેલી પ્રિયાંગનાઓ પણ મુર્છાંગત થયેલી જણાય છે, માટે ચાલ તેને તો સાવધ કરૂં. (એમ કહી તેની પાસે જાય છે.)

સહજન્યા—(શુદ્ધીમાં આવીને) સખી! સાવધ થા, સાવધ થા. મહેન્દ્ર તારી પાસે પધાર્યા છે.

ઇન્દ્ર—સુંદરી! સાવધ થા, સાવધ થા. (સચેત થાય છે એટલે) અરે! તારી સખી આવા અનેક ઉપાધી ઉત્પન્ન કરે છે, અને પછીથી બહુજ ત્રાશી જાય છે પરન્તુ,—

માલિની છંદ.

તવ સખિ ભય ભારે, [1]શંકરાંશે થનારૂં;
[2]સુરપતિ બળ ભાગ્યું, સ્નેહને રક્ષનારૂં;
સમય સુચક સાધી, સર્વ સિદ્ધિ સુધારી;
[3]લઘુ વય કરિ નાંખ્યો, શાપને તાપ કારી.

---

૧ દુર્વાસાથી. ૨ ઇન્દ્ર, ૩ ઓછી અવધનો.

માટે જા પ્રિયા, તારી સખી હજુ મૃત્યુ સ્વર્ગાંતર વિભાગે મધ્ય સ્થળમાં પોતાનો પ્રભાવ નાશ થવાથી રખડતી રખડતી ચાલી જાય છે. તેને તું તારા પ્રભાવથી શોધી કાઢીને સૂચવ કે તારા શાપને મહેન્દ્રે નિ- રંતર તો નિરાશ કરી નંખાવ્યો છે, માટે હવે તું કશી બીક રાખીશ માં. કારણુ કે સાડાત્રણુ વજ્રનો સંયોગ કરવાને હું નારદ મુનીને બો- લાવી પાછી તુંને સત્વર સ્વર્ગમાં આણુવાની ત્વરિત યોજના કરીશ.

અપ્સરાઓ—બહુ સારૂ, દીનોધારક પ્રાણુપતી, હ્યો ત્યારે હવે અમે અમારી પ્રિય સખીને સત્વર જઈને ભેટીએ. (એમ કહેતી પ્રણુામ કરી ઉઠેછે. ને પડદો પડ છે.)

અંક બીજો સમાપ્ત.

डांगवोपा ख्यान. नाशकारक घोडी. नव-रस वर्णन सहीत पचांकी नाटक.

અંક ૩ જો

પાત્રજનો.

શ્રીકૃષ્ણ ભગવાન.	જગત્પુજ્ય પીતા. સર્વ વ્યાપકઈશ્વર અને અનંત કોટી બ્રહ્માંડાધિપતી.
લક્ષ્મીજી...	જગત્પુજય માતુશ્રી.
બળભદ્રજી.	તેમના જેષ્ટ ભ્રાત.
નારદજી...	સ્વર્ગનો એક મુની. અને શ્રીકૃષ્ણ-ભગવાનનો પરમ ભક્ત.
ઉર્વશી (નાશકારક ઘોડી.)...	ઇન્દ્રની પ્રિયતમઅપ્સરા.
ચિત્રલેખા	ઇન્દ્રની અપ્સરાઓ.
સહજન્યા	
ગાલવ રૂષી.	કોઈ એક તપસ્વી.
સુરેખા...	વનવાસી વિપ્રપત્ની. અને ઉર્વશીની નુતન સખી.
ડાંગવ...	કાશીપુરીનો રાજા.
નિતિકૌશલ્ય...	તેનો પ્રધાન
યુદ્ધકૌશલ્ય.	તેનો સેનાધિપતી.
અશ્વપાળ	તેની અશ્વશાળાનો ઉપરી.
વિદૂષક...	તેનો મશ્કરો મિત્ર.
પ્રતિહાર...	તેનો દ્વારપાળ.
દેવી.	તેની પત્ની
ચંદ્રકળા...	તેની દાસીયો.
ચંદ્રીકા....	
હીરાકુમારી	તેની પ્રિયતમ સખી.

અંક ૩ જો

પ્રવેશ ૧ લો.

સ્થળ—મૃત્યુ સ્વર્ગાંતર વિભાગે વાતાવર્ણોપરી મધ્ય સ્થળ.

પાત્રજનો.

ઉર્વશી. ચીત્રલેખા. અને સહજન્યા.

ચીત્રલેખા અને સહજન્યા—(ઉર્વશી પડે છે, તેને પોતાના પ્રભાવથી જોઇને) અયિ ! પ્રિય સખી ઉર્વશી !! ધીરજધર, ધીરજધર ! તારા દુઃખમાં ભાગ કરનાર અમે અહીં આવી પહોચ્યાં છીએ. માટે શાન્ત થા; શાન્ત થા!

ઉર્વશી—(સખીયોનો શબ્દ સાંભળવાથી ખમચાય છે પણ અચકાતું નથી એટલામાં સખીયો સાથે વૈજયંત વિમાન આવી પહોંચે છે તેમાં પ્રવેશ કરી ગળે બાઝી પડીને) અરે, મારી પ્રિય સખીયો! તમે પણ અહીં ક્યાંથી ? તમારા ઊપર પણ મુનીએ કોપ કર્યો કે શું ?

ચીત્રલેખા—ના સખી, અમારા ઉપરતો મુનીએ કોપ કાંઇ કર્યો નથી; પણ મહેન્દ્રે અમને પ્રેરણા કરી કે તત્કાળ તારી પાસે અમે આવી પહોચ્યાં.

ઉર્વશી—હાય હાય, સખી! મારેને એ રોયા દુષ્ટ દર્પને તે કયા કલ્પનાં વૈર હશે?

ચીત્રલેખા—સખી ઉર્વશી! હવે તું કશી બીક રાખીશમાં. કારણ કે શરણાગત ઉપર દયા કરનાર દુર્વાસા મુનીરાજે દેવતાઓના ઉપર કૃપા કરીને તારા શાપને નિરંતરનો આશાભંગ કરી નાંખ્યો છે.

ઉર્વશી—(આશ્ચર્ય પામીને) શું મારા શાપનું નિકંદન થયું છે?

ચીત્રલેખા—ના સખી, નિકંદનતો નહીં, પણ નિકંદન જેવુંજ થયું છે.

ઉર્વશી--શું મારે મૃત્યુ લોકમાંથી સ્વર્ગમાં આવવાનો સમય નિકટ વર્ત્તેછે?

સહજન્યા—હા પ્રિય સખી, મુનીરાજે [1]શાપાનુગ્રહ [2]સમ્યક કર્યો છે.

---

૧ શાપનું નિવારણ ૨ રૂડે પ્રકારે.

ઉર્વશી—અરેરે! સખી તું કેવી રીતે શાપાનુગ્રહ સમજે છે. (એમ કહી નિશ્વાસ નાંખી પડે છે.)

ચીત્રલેખા—સખી, તારા ગયા પછી મુનીરાજે શાપવિમોચન કર્યું છે, કે સાડાત્રણ વજ્રનો સંયોગ થયે થકે તત્કાળ તારો મોક્ષ થશે. માટે શાન્ત થા સખી! અકળામાં.

ઉર્વશી—અરેરે! સખી, હવે હું મહેન્દ્રનું મુખાર્વિન્દ પુનઃ પાછું ક્યારે જોઇશ? અને મારી પ્રિય સખીયો! તમને હું પાછી ક્યારે ભેટીશ;

સખીયો—સખી, સૌ સારાંવાનાં થશે, મહેન્દ્ર તારા શાપનો અંત સત્વર વર્તાવશે, માટે ચિંતા કરીશમાં, સખી!

ઉર્વશી—હાય હાય, સખી! મારા હૃદયમાં લલિત પારિજાતકના પુષ્પની શય્યા ઉપર (પોતાના પ્રતી દ્રષ્ટી કરીને) આ મારો મોતીના આભુષણથી શોભાયમાન નીલમણીનો ભરેલો [3]અભિસારીકા વેષ મને બહુ પ્રિય લાગતો, તે હવે શત્રુવત્ લાગે છે. અરે! આ [4]પુદ્ગળના બાહ્ય સ્વરૂપને શોભાવનારતો [5]આભર્ણજ દેખાય છે, કે જેના વીકારવડે મુને ગર્વ થયો; તો એ પીટયાઓ મારે શા કામના છે. (એમ કહી તેને કાઢવાનો પ્રયત્ન કરે છે.] અરેરે, પ્રાણપતી! તમારો વિરહ મારાથી કેમ સહન થશે. હાય હાય! રોયા અહંકારેજ મારા સુખનો નાશ કર્યો. અરે! કાળરૂપી [6]ષટ્શત્રુઓ તમે ત્રિભુવનમાં પ્રસરાઇ અમને અબળાઓને આડે રસ્તે શા માટે ચઢાવોછો! અરો હું મારા સ્વરૂપની શોભાના મદમાં અંધ થઇ ગઇ! અને મ્હેં મહા મુનીની નિંદા કરી. તો ધિક્કારછે મારા રૂપને. ને ધિક્કાર છે મારા મનની વૃત્તિયોને. (એમ કહીને રૂદનાલાપની સાથે અલંકારનો તિરસ્કાર કરતી નાંખી દેછે.)

"પિયુને તજાવનાર વેરી અલંકાર."—એ રાગ.

સ્વર્ગમાં સ્રજાવ્યો ક્યાંથી, વૈરી અહંકાર;

---

૩ પતી પાસે જતીવેળાએ વસ્ત્રાલંકારાદિ જે વેષ ધારણ કરવામાં આવે છે તે. ૪ શરીર. ૫ ઘરેણું ૬ કામાદિ.

ધિક્કાર! સ્વિકારનાર, સ્વર્ગે અલંકાર. સ્વર્ગમાં૦
[1]હાટકની સાથે હીરા, જડીત્ર જે હાર;
નીલ મણી મોતી રત્ન, તેમાં છે વિકાર. સ્વર્ગમાં૦
પોખરાજ મુક્તા માળા, વાળ્યો કાળો કેર;
અરે બાજુબંધ તમે, સ્વર્ગે સાંધ્યું ઝેર. સ્વર્ગમાં૦
કંકણ આ ચુડામણી, તુને છે ધિક્કાર!
જરીયન સાડી બુટ્ટા, દેખું [2]વૃશ્ચિક હાર. સ્વર્ગમાં૦
રૂપ સ્વરૂપનું સારૂં, થાઓ ભસ્માકાર;
નૂપુરના ઘોશ થકી, થયો છે ફીટકાર. સ્વર્ગમાં૦
અભિસારિકાજે વેષ, તારો અહંકાર;
મદાંધે હું મ્હાલી તેનો, તેવો લાધ્યો સાર. સ્વર્ગમાં૦
જેથી દેવ લોક મુકી, થાવું મૃત્યુ બાળ;
કલંક વાદળું ક્યાંથી, આવ્યું તતકાળ. સ્વર્ગમાં૦
સ્વર્ગે સૌ ધિઃક્કારે મુને. કલંકે ગૈ નાર;
લાંછન લલાટ ચોટયું, ધિઃક્ક હું અવતાર. સ્વર્ગમાં૦
અચાનક આશો કોપ, કીધો કીરતાર;
દાવાનળ દળ ક્યાંથી, દીધું છે ઉગાર. સ્વર્ગમાં૦
દનારાયણ નમું પીતા, પોતે પ્રાણાધાર;
શીર દોષ આવી અડયો, ભવેશ ઉતાર. સ્વર્ગમાં૦

અરેરે, પિતાજી પામર પુત્રીના દોષ નાશ કરોરે! અરેરે! મારો કાળ ક્યારે પુરો થશે. સખી! પાછી હું સ્વર્ગમાં ક્યારે આવીશ! હાય, હાય! એ કંટક કંકર પર મારાથી કેમ ચલાશે. અરેરે! એ તૃણાંકુરો મારાથી પ્રાશન કેમ થાશે? અરેરે, સખી ઈન્દ્રના નંદન વનનો મંદ સુગંધ વાયુ મારા શરીરને મધુની શોભા આપતો મુગ્ધાપણું પ્રાપ્ત કરી મનોરથ રૂપી વૃક્ષને મ્હોર આણી બતાવીને સત્વર સ્વાદિષ્ટ ફળ અલ્પ કાળ ચખાડીને ચીર કાળ ચખાડવાના વાયદે પાછું ટોલે ચઢાવવાનો સમય

૧ સોનું. ૨ વીંછી. ૩ પગને શોભાવનારૂં ઘરેણું.

સાંધ્યો. અરેરે, તે ફળ પ્રાશન કરવાને હું પાછી ક્યારે પ્રવેશ કરીશ. (વળી એમ કહી અશુદ્ધિમાં પડેછે.)

ચિત્રલેખા અને સહજન્યા—સખી, શાન્ત થા, શાન્ત થા! આક્રંદ માં કર તું મૃત્યુ લોકમાં પ્રવેશ કરીશ કે તુરત મહેન્દ્ર નારદજીને બોલાવીને સાડાત્રણ વજ્રનો સંયોગ થાય તેવું દારૂણ યુદ્ધ કરાવવાની સુચના કરશે, માટે ચિંતા કરીશ નહિં. અને આપણ અપ્સર જનોને આમ છેક ત્રાસી જવું એ છાજે નહીં. જો પ્રિય સખી, એવા મહર્ષિયોનાં વચન મિથ્યા થતાં નથી, માટે પ્રગટ કરતા નારાયણનું ધ્યાન ધર [એટલામાં કોઇ મુનીને આકાશ માર્ગેથી ઉતરતા જોવાથી ભયભીત થઈને સંભ્રં (ચિત્તે) અરે સખી! પણે કોઈ તપસ્વી પ્રાચી દીશામાંથા અહીં પશ્ચિમોત્તર ભાગાનુસરતા જટાધર મુનીશ્વર આપણા પ્રતી આવતા હોય તેમ જણાયછો માટે ચાલ વળિ કાંઇ વિપ્રિત થાય નહિં. (એમ કહી વૈજયંત વિમાન સ્વર્ગપ્રતી સત્વર ચલાવેછે પણ શાપના તાપે વિમાન ઉંચું ચડતું નથી. એટલામાં ભય ભિત થએલી ઉર્વશી મુનીશ્વર આવેછે તે શબ્દ શ્રવણ કરવાથી ચમકીને ઉછાળાની સાથેજ મૃત્યુ લોકમાં સરી પડેછે એટલે] અરો પ્રિય સખી ઉર્વશી!! (એમ આક્રંદ કરતાંમાંતો વીમાન સ્વર્ગે ચઢી જાયછે.]

પ્રવેશ ૨ જો.

સ્થળ–કાશી પાર્શ્વના પદ્મ વનમાં ગાલવ રૂષીની પર્ણકુટી નિકટ વૃક્ષોનું યુથ.

પાત્રજનો.

ગાલવ રૂષી. ઉર્વશી. (નાશકારક ઘોડી) પશ્ચાત્ પવનાશ્વપાળ.

ગાલવ—(નાશ કારક ઘોડીને જોઈને] અહોહો! અકસ્માત આ અશ્વની

ક્યાંથી? [થોડી વાર વિચાર કરીને] આંહ, એતો મ્હેં જાણ્યું. [એમ કહીને]

માલિની છંદ.

[1]મદન મદ ભરેલો, ભાગ્યશાળી થયેલો;
સુરપતિ સહવાસે, [2]વક્ર [3]વક્ત્રે વહેલો;
અનવધિ સુખ મુકી, ઉર્વશીમાં જવાથી;
અવનિ તળ અવાયું, ગર્વ ગાંડો થવાથી.

[તેના શરીર ઉપર હાથ ફેરવીને] આહાહા શું સારંગ પત્નીનું સુંદિર સ્વરૂપ શોભી રહ્યું છે [ઉંચો દ્રષ્ટી જવાથી] અહો ! મધ્યાન્હ સમય પ્રાપ્ત થયો હોય તેમ જણાયછે, માટે ચાલ શિઘ્ર સંધ્યા વંદન કરી લેઉ (તે જાયછે ને પવનાશ્વપાળ ઘોડા ઉપર સ્વાર થયેલો પ્રવેશ કરે છે તે ઘોડો નાશ કારક ઘોડીને દેખી મદનોદ્દભવ થવાથી પ્યારમાં પાસેં આવેછે ત્યારે ઘોડી નાશી જાયછે. એટલે ઘોડો તેની પાછળ પડેછે. એમ આગળ પાછળ વનમાં ભ્રમણ કરતાં સાંયંકાળ થવાથી નાશકારકઘોડી સ્વરૂપે ઉર્વશી થાયછે. અને ચિંતાતુર મુખ મુદ્રાથી બેસેછે.)

પવનાશ્વ—(તેવું અદ્દભુત ચરિત્ર જેવાથી આશ્ચર્ય પામીને) યા રબ્બુલ-આલમીન! અયે બેકસકે મદદગાર યેહ કયા મુસીબત મુજપે પડનેકી હૈ કે ઈસ જંગલ બીયા બાનમેં ઈસ પરીકી શક્લ નાઝુક બદન રોશન જમાલ ઔરત મુજકો નઝર આતીહે, વલ્લા હોઆલમ! યેહ બલા મેરે લીએ ખુદાતાઆલાને ઉતારી કે ઝરા દેર કે અવ્વલ મેને ઔર હુઝુર કે પવનાશને ઈસ કમ્બખ્ત કો ખુબ સુરત ઘોડી દેખી ઔર પવનાશ ઇસ ઘોડીકે પીછે પડા ઔર યેહ ભાગી ઔર ઈતની દેરમેં યેહ ગુલબદન નાઝની બનકર મેરે સામને ખડી હો ગઇ! ઔર હુઝુરકે ઘોડેકો નીરાશ કરદીયા! ખુદાકો રોશન યેહ કોન હે ! અબતો બહેતર હયે કે યહાંસે અપના જી બચાના કે યહાં બચે. ઔર હુઝુરે આલીમેં યેહ બાતકો ઈ-

---

૧ કામદેવ. ૨ વાંકું. ૩ મુખ ૪ મૃત્યુ લોકમાં.

બતીદાસે ઇનતીહા કરકે દરબારો ખાસો આમમેં સબકો ઝાહેર કરે.

ઉર્વશી—અરે ભાઇ આ તું સાયંકાળની સમયમાં મારા જેવો દુખીયારો થવા વિકટ વનમાં કેમ ફરે છે.

પવનાશ્વ—(ભયભીત થઇને) વલ્લાહો આલમ! જીસ તર્હસે ઘોડીકી નાઝની હોગઈ ઉસી કદર થોડે અરસેમેં શેર ન બને ઔર મેરી ઉમ્મેદ ચેહી શયેતાન યહાં પુરી કરે. બહેતર હયેકે કુચ અક્કલમંદી કરકે ઇસ દગાબાઝકો અપન દગા દેકર રૂકસત હોના! ફીર ઇખ્તીયાર અલ્લાહકા! ઔર હોના કીસમતકા! (એમ સ્વગત વિચારીને બહાદુરીથી તેની સાથે વાત કરે છે.) અસ્સલામાલેકમા આપ કોન હો? ઔર કહાંસે આતેહો? ઔર ક્યા નામ રખતે હો? આપકા મુકાંમ કહાં હે?

ઉર્વશી—તા'રે શું કામ છે ભાઇ. માંણુસ તો ખરાં. પણ હું સ્વર્ગમાંથી આવુંછું ને મારૂં નામ ઉર્વશી ઇન્દ્રની અપ્સરાછું.

પવનાશ્વ—આપ ઈસ બદનકો નાહક ઇસ જંગલકે દરંદે વ ચરંદે વ હયેબત નાક જાનવરોંકે નાશતેકે લીયે કોં દેતેહો (મોહ પામીને) આપ હમારે સાથ ચલો.

ઉર્વશી—ત્યાં આવીને મારે' કાંઇ કામ નથી; માટે તું તારી મેળે જા ભાઈ

પવનાશ્વ—ઇસ શહેરકા રાજા બડા દાતાર હે. તુમકો નીહાલ કરદેગા. તુમ ઈસ બયાબાનમેં કયા કરોગે,

ઉર્વશી—ત્યારે નગરમાં જઇને શું કરવુંછે ભાઈ. મા'રે તો અહીયાં ઠીકછે. માટે તું તારી મેળે સત્વર સહેરમાં જઇ પહોચ! રાત્રી બહુ ગઇછે.

પવનાશ્વ—અયે જનાએમંદ અચ્છા! જબ મુજ નાચીઝકે લાયક કુછ કામકી ફરમાયશ કરેંતો મેં અપને સર આંખોસેં બજા લાઉં. અગર કરમ બક્ષી કરકે ઇજાઝત દેંતો હમારે સરતાજ શહેનશાહકો શીતાબીસે જા મુંહ દીખાકર ઈનશાલ્લા કલ ઇસ વખ્ત હાઝીર હો જાઉંગા. સબબ આજ મુઝે બોહોત દેર હુઇહે નહીંતો આપકી ખીદમતમેં હંમેશાં હાઝીર રહેતા. (રસ્તામાં સર્પો સદ્દી કતા-

નિયંતાનાં વખાણુ કરતો જાય છે.) અયે કાદરૂલ કદીર! અયે ગ-ફૂરૂર રહીમ! તુંને મુઝે તેરી કુદરતકા બહોત અજાયેબ તમાશા દીખલાયા. ઓર રહેમત કરકે મુજે બચાયા. કે પહેલે હેવાન દીખલાયા કે કયા ખુબ સુરત નાજુક પરીશક્લકી ઓરત મુઝેદેદાર કર દીયા. ઓર દરદ વો ગમસે બચા દીયા. યારબ! ઈસ નાઝનીકોતો તું રહેમત કરકે મેરે શહેનશાહકો નસીબ કર. ઉસી કે લાયક હે. (એમ કહી ઉમંગમાં રાજાને સત્વર નિવેદન કરવાને ઘોડો મારી મુકે . છે)

ઉર્વશી—(પૂર્વ વૃત્તાંત સ્મરણ થવાથી શોકાતુર થઇને)

માલીનિ છંદ.

પુરવ જનમ શાં મ્હેં, પાપ એવાં કરેલાં;
રહિ રહિ રહિ વેઠું, દુઃખ જે ના દિઠેલાં;
[1]વિધિ શરમ નથી શુ? દે મને દુઃખ ભારી;
કયમ કરિ તજુ આજે, પ્રાણ મારો [2]સુખારી.

અરેરે! હાય હાય! (શોકાગ્નીમાં -હ્રદય ભરાઇ આવવાથી અશુદ્ધિમાં ઢળી પડે છે.)

સુરેખા—(એટલામાં અણચિન્તવી પ્રવેશ કરતાં રાત્રીના સમયે વિકટ વનમાં ઉર્વશીને એકલી દેખીને આશ્ચર્ય પામતી વિચારમાં પડે છે. અરે! આવા વીકટ વનમાં આ કોઇ ઇન્દ્રની અપ્સરા જેવી રાજાની મહારાણી શા કારણે એકલી આવી હશે વારૂ? (આશ પાશ દિર્ઘ દ્રષ્ટીથી જોઇને) ખરે, આતો એકલીજ દેખાય છે. બીજું કોઇ પણ આટલામાં જણાતું નથી. (પાસે આવી તેના શરીર સામુ નિહાળીને) અહો! આતો કોઇ દેવી સ્વરૂપ સ્વકાંતી જણાય છે ને શુ? ખરે જાણે ઈન્દ્રની ઉર્વશીજ ન હોય, પણ કાંઇ દુઃખની દાઝેલી ગાભરી બની ગઈ હોય તેમ જણાય છે, લાવ તેને આશ્વાસના કરી જરા શુદ્ધિમાં લાવું, ને તેના દુઃખની વાત જાણી લેઇને દુઃખનો નીવેડો આવે તેવો રસ્તો બતાવું. પણ હે પ્રભુ!

---

૧ નશીબ. ૨ સુખનો શત્રુ.

દુઃખથી મનોવિકાર કેવા વિક્રાળ થઈ અશુદ્ધિમાં આણે છે. માટે દુઃખના જેવો દુષ્ટ બીજો એકે વિકાર નથી. (બરોબર જોઇને)

રાગ આશાગોડી.

દુઃખ છે દુષ્ટ સુખારી, આહા! પ્રભુ દુઃખ છે દુષ્ટ સુખારી; એ ટેક.
ઇન્દ્ર પ્રિયા સમ દેહ જણાયે, ઊજવળ ચંદ્ર સમાન કુમારી આ.હા૦
કેવી બનીછે આ બાઇ બિચારી, દુઃખથી ઘેલી જણાયછે નારી. આહા૦
કોણ હશે દેવની પ્રિય નારી, કે કોણ રાએ કરી ફીટકારી. આહા૦

(એમ કહી તેની આંખ ઉપર હાથ ફેરવી જરા શુદ્ધીમાં લાવીને) અરે બહેન તમે કોણ છો?

ઊર્વશી—(તેનો સ્વર સાંભળીને સંભ્રંચિત્તે.) સખી ચિત્રલેખા! તું મૃત્યુ લોકમાં ક્યાંથી?

સુરેખા—[સ્વગત] ખરો આતો ઈન્દ્રની ઉર્વશીજ છે. એતો સ્વતઃશબ્દોચ્ચાર પરથીજ સિદ્ધ કરી આપે છે. (પ્રખ્યાત) બેના! ચિત્રલેખા તો ક્યાંથી હોય? પણ હું તેના જેવીજ દુઃખમાં ભાગ કરમારી તમારી સહીયર થઉ તેવી એક સુરેખાછું.

ઊર્વશી—[બરોબર શુદ્ધીમાં આવીને] ભલે બહેના મારી સહીયર થશો તો હુંએ પણ તમારી સહીયરજ છું.

સુરેખા—પણ બહેન તમે કોણ છો, અને ક્યાં રહોછો?

ઊર્વશી—તેનું તમારે શું કામછે. મારે ને તમારે આટલી રાતમાં વાતનો વીસામો છે. તેમાં તમને હું શું કહુ બહેન.

સુરેખા—(ભયભીત થઇને સ્વગત.) અરે! કોઇ [1]કારમી નારીતો બનેલી ન હોય? (પ્રખ્યાત) ના બે'ન! સહિયર સમાન ગણો ત્યારેતો કહેવું જોઇએ. કારણ કે તમારી સઘળી સ્થિતી મારે જાણવી જોઇએ.

ઉર્વશી—સહિયર સમાન ગણું છું ત્યારેજ નથી કહેતી પ્રિય બે'ન!

સુરેખા—જો બે'ન પોતાના સુખ દુઃખની વાત બહેનપણી આગળ ન કહેવાય. ત્યારે પછી એ કોના આગળ કહેવાતી હશે વારૂં?

---

૧ પ્રેતાદિ પોતાના પ્રભાવથી અન્ય સ્વરૂપ ધારણ કરે છે તે.

ઉર્વશી—હા બે'ન ! તારૂં કહેવું એ ખરૂં છે; પણ મારા બોલવાનો ભાવાર્થ એવો નથી જે બહેનપણીને ન કહેવાય.

સુરેખા—ત્યારે કેવો છે વારૂં?

ઉર્વશી—મારા કહેવામાં તો એમ છે કે સહિયરને શુકનમાંજ દુઃખની વીનતી કરીને દુઃખદાવાનળમાં નાંખવી તેથી તો મરવું એ ઠીકછે.

સુરેખા—નાના, પ્રિય બહેની ! મનમાં એવું ન રાખશો, અને મને તમારા સુખ દુઃખની અથ ઇતી માંડીને કહો. કહ્યા વીના ચાલે તેમ નથી. (અલ્પ કાળ વિચારીને) અને પછી નહીં કહોતો મારૂં કાંઈ જોર નથી બહેન !

ઉર્વશી—અરે બે'ન ! આવા દેખીતા દુઃખમાં વળી એમ છેલ્લા પાટલે જ ઇને શું બેસો છો !

સુરેખા—ત્યારે મને તમારા વીતકની વાત કહી નાંખો.

ઉર્વશી—લે બે'ન ! સાંભળ ત્યારે, પણ શોકાબ્ધિમાં પડવા જેવું છે.

રાગ બેલાવર. "વનચર વીરા વધામણી" એ રાગ.

પ્રિય સખી શું હું દાખવું, કંપે તા'રી આ કાય;
દુઃખ દાવાનળ દેખતાં, ચીત ચરચર થાય. પ્રિય સખી૦
નારાયણે [1]સ્વજી જંઘથી, દીધી ઇન્દ્રને ભેટ;
સુરપતિએ પ્રિયાપણે, રાખી આપની હેટ. પ્રિય સખી૦
પ્રિયતમા કરી પ્રેમથી, જેવી તેની પરણેત;
તેથી અધિકી મુને ગણી. આંણી ઝાઝું મન હેત. પ્રિય સખી૦
પ્રેમ કહુ શું હું ઇન્દ્રનો, [2]કુસુમ શય્યા કરાવે;
[3]મન્દાર પુષ્પના હારથી, [4]ગ્રીવા મા'રી ભરાવે. પ્રિય સખી૦
મંગળ મોતી આભૂષણો, નીલ મણી અવશેષ;
ભરપુર અંગે એવો ભરૂં, અભિસારિકા વેષ. પ્રિય સખી૦
[5]દિવ્ય સ્વરૂપ એ દેવનું, વાધે અંગ ઉમંગ;

---

૧ તેને માટે પરિશિષ્ટ જુવો. ૨ ફુલની. ૩ ઇન્દ્રના નંદન વનમાં થાય છે તે. ૪ કોટ ૫ શોભાયમાન.

પ્રેમ સહિત પ્રમાણતાં, જેને ભેટુ હું અંગ. પ્રિય સખી૦
ષટ્રસ ભોજન ભાવતાં, ભેગાં મુજને કરાવે;
ચોપાટ ગંજીફ ખેલતાં, ક્રીડા રૂપ હરાવે. પ્રિય સખી૦
અધિક સુખછે ઇન્દ્રનું, કે'તાં દા'ઝુછું દેહ;
ચરથર ચીરા દીલે પડે, સુખ સંભારૂં એહ. પ્રિય સખી૦
અનવધી સુખ માહરે, સ્વર્ગે સાચું કહુ બે'ન;
એવુંરે સુખ મુક્યા થકી, કેમ પડે ચીત ચે'ન. પ્રિય સખી૦
કીયારે કલ્પની પાપણી, કીધેલાં કુડાં કર્મ;
કારણ મા'રે આવી અડયું, *દર્પે ચુકી નીજ ધર્મ. પ્રિય સખી૦
પાતિક પુરાં અધિક મ્હેં, કર્યાં હશે નહીં માપ,
ભરી કચેરી મહેન્દ્રની, તેમાં પામી હું શાપ. પ્રિય સખી૦
રૂપ સ્વરૂપનું શોભતું, ઉજવળ ચંદ્ર પ્રકાશ;
કર્મ ફુટી ભુલી રૂપમાં, ત્રિયા પામી હું ત્રાસ. પ્રિય સખી૦
ગાન કળા ગુણતાનમાં, પ્રવિણ કો નહીં નાર;
નૃત્ય કરે નવી નારીઓ, દ નહીં મારો ચીતાર. પ્રિય સખી૦
[1]ત્રિભુવનમાં નથી હું સમી, ખ્યાતિ શુણી બહુ કા'ન;
વળી મળે મુને હેતથી, હિતકારી બહુ માન. પ્રિય સખી૦
જેથી મુને મારા રૂપનો, વાધ્યો વૈરી વિશાળ;
દુર્વાસા રૂષી નીંધા થકી, ઘોડી રૂપનું સાલ. પ્રિય સખી૦
"જટીલ મુની શું આ દેખશે, મારા રૂપનો સાર;
[2]અંધ [3]બધિર ક્યાં આવિઆ, ઈન્દ્રાસને આવાર. પ્રિય સખી૦
"ધિ:ક પડયો રંડા રૂપમાં, ગર્વે કીધું આ કૃત્ય;
જાતું વિચર જૈ ભૂલોકમાં, કરજે ઘોડી થૈ નૃત્ય. પ્રિય સખી૦
શાપ શુણી મન ગાભરી, બની ઢળ્યા [4]ભૂ હાથ;
[5]મઘવા શુણી બહુ દુ:ખથી, ઢળ્યો ધરણીની સાથ. પ્રિય સખી૦
આ [6]કંકર [7]કંટક ઉપરે, કેમ રે'વાયે બે'ન;

---

* ગર્વ, અહંકાર. ૧ સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ. ૨ આંધળા. ૩ બેહેરા. ૪ પૃથ્વી. ૫ ઇન્દ્ર, ૬ કાંકરા. ૭ કાંટા.

૮તૃણરે ભક્ષ કરવી પડે, નિરંતર એ બેન. પ્રિય સખી૦
દુઃખ તણાં દીસે વાદળાં, શીરપર દુઃખનાં ઝાડ;
સહિયર દુઃખ શું દાખવું, આગળ શોરે ઉપાડ. પ્રિય સખી૦

(શોકાગ્નીથી ગળામાં શોષણ થવાથી) અરેરે પ્રિય સખી! હવે મારી આગળ શી ગતી થશે. હર હર,! શંકરા!! [એમ કહી ધરણી પર ઢળી પડે છે.]

સુરેખા—(તેની આશ્વાસના કરતી.)

ગજલ. ઇંદ્ર સભાની ઢબની.

બે'ની ધૈર્ય રાખીને, રહે તું મારી પાસ;
નિતિના વિચારથી, તું દુર દે આભાસ.
કદી હવે ન મુકવો જે, સત્યતાનો શ્વાસ;
જો કદાપિ થાય તો તે, છાંડવી ઉદાશ.
અચાનકે જે સુખ તારૂં. તે થયું છે નાશ;
કલંક વાદળું દીસે છે, તેથી તું ઉદાશ.
તા'રી સાથે શું છે મા'રો, ધર્મ તું તપાશ;
તેં જુદાઈ જાણી નાતો, હું ગણું છું ખાસ.
દુઃખ તા'રૂં જાય તેવા, હું કરીશ ઉપાય;
જેથી સુખ શાંતી સારી, સ્વર્ગમાં સ્નજાય.

ઉર્વશી—[ગદ્ ગદ્ કંઠે) ગીતી છંદ.

બહુ સારૂં બે'ની આ, ટેક રાખે ભગિની સમો તું તો;
પણ અપરાધી પૂરી, રાખૂં બે'ની ટેક શું હું તો.

(પડદો પડે છે.)

---

૮ ઘાસ.

પ્રવેશ ૩ જો.

સ્થળ—ડાંગવ રાજાનો દરબાર.

પાત્રજનો.

ડાંગવ, નિતિકૌશલ્ય, યુદ્ધકૌશલ્ય, વિદુષક, પ્રતિહાર, અને પવનાશ્વપાળ.

પ્રતિહાર—(પ્રવેશ કરતાં) જયજય રથપતિ છત્રપતિ, નૃપવર્ય મણિમુકુટ મહારાજા ધિરાજ ડાંગવરાજ મહારાજ ઘણી ખંમા. (રાજા પ્રવેશ કરે છે એટલે પ્રધાનાદિ વંદન કરે છે એટલામાં.)—

વિદૂષક—(નેપથ્યમાં) જયજય શ્વાનપતિ! ગર્ધવપતિ! પલ્લવ પાત્રા પરિમંજરી મુકુટ પ્રમાદપોઠીરાજ વિદૂષકરાજ મહારાજ ઘણી ખંમા!!! (પ્રવેશ કરીને) નીગાહ રખીએ મહેરબાન!!

ડાંગવ—(પ્રધાન પ્રતી) કેમ શું કર્યું? મ્હેં તમોને કાલે કહ્યું હતું કે અશ્વશાળામાં જઇ આપણા [1]પવનાશ્વ વિગરે સર્વે અશ્વોનો તપાસ કરી તેનું [2]અષ્ટેન્હિ વૃત્તાંત આજે મને આપજો તે ક્યાંછે?

નિતિકૌશલ્ય—(જરા વિચારીને) મહારાજ, કાલે હું અશ્વશાળામાં ગયો ત્યારે સર્વે અશ્વોનો તપાસ કરતાં આપને બીરાજવાના પવનાશ્વને કાંઇ કારણુસર કાશીપાર્શ્વના પદ્મવનમાં ભ્રમણુ કરવાને રક્ષાપાળ લઇ ગયો હતો, માટે તેનો વૃત્તાંત જાણુવામાં આવ્યો નથી; ને બાકીનો અધુના આપને નિવેદન કરૂંછું.

ડાંગવ—ત્યારે પવનાશ્વનો વૃત્તાંત તમારા જાણુવામાં આવ્યો નથી કેમ?

નિતિકૌશલ્ય—નાજી. આજે પ્રાતઃકાળે પણુ ગયો હતો, ત્યારે જળપાનાર્થે સરિતા ત્રટે અશ્વવૃંદ ગયો હતો, પશ્ચાત્ ત્રિમાસીક વૃત્તાંત નિવેદન કરવાને આપને વિચાર ભુવનમાં મળ્યો હતો; જેથી નિયમિત કાળ વ્યતિત થવાથી ત્વરિત દરબારમાં આવી પહોચ્યો છું.

---

૧ પવનના ઝપાટા જેવો ચાલનારો ઘોડો. ૨ આઠ દીવસ.

ડાંગવ—ત્યારે એ ખામી પૂરી પાડવાને સર્વોપરી પવનાશ્વપાળને બોલાવો.

નિતિકૌશલ્ય—(પ્રતિહાર પ્રતિ.) પ્રતિહાર! પવનાશ્વપાળને બોલાવી લાવ.

પ્રતિહાર—બહુ સારૂં મહારાજ! (એમ કહીને જાય છે.)

ડાંગવ—પ્રધાનો! આજે પ્રાતઃકાળે મ્હેં રાજ્ય મહાલયના મણિમંદિરની અગાશી ઉપરથી અશ્વવૃંદ જોયો હતો, તેમાં દિર્ઘ દ્રષ્ટિથી જોતાં પવનાશ્વ નિસ્તેજ, શિથિલ અને મંદગતીમાં હતો, તેનું કારણ શું. માટે પ્રથમ તે જાણવાની જરૂર છે. પરન્તુ તમારા કહેવા પ્રમાણે કાલે સાયંકાળે કાશીપાર્શ્વના પદ્મ વનમાં ભ્રમણ કરવાથી અતિશ્રમિત થયો હશે; તેથી તેના અવયવો શિથિલ જણાતા હશે કેમ વારૂં? (એટલામાં પવનાશ્વપાળ પ્રવેશ કરે છે.)

પવનાશ્વપાળ—(પ્રવેશ કરીને વંદન કરતાં) નામદાર, વંદન કરતાહું.

નિતિકૌશલ્ય—કેમ? કાલે સાયંકાળે ક્યાં ગયો હતો?

ડાંગવ—(પ્રધાન પ્રતી) તેને પુછો કે પવનાશ્વ કેમ સુકાયો છે.

નિતિકૌશલ્ય—(અશ્વપાળને) મહારાજ પુછેછે કે પવનાશ્વ કેમ સુકાયોછે?

પવનાશ્વપાળ—અયે શહેનશાહ સરતાજ મુજ અદના હકીર કમતરીનકી આદાબ બંદગી તસલીમાત કે બાદ કદમ બોશીકે બાદ મુજ નાચીઝકા સલામ કબુલ હોવે. ઓર જાન બક્ષી જાયતો એક નાદીર અજાએબ વો કુદરતી તમાશએ તીલસ્સમ દેખા સો આપકે નજદીક ઇજતીદાસે ઇનતીહા કરૂં, ઓર આપસેં ઇનઆમો ઇકરામ કે સઝાવાર હોકે આપકા તોહફએ અઝીમકો સર આંખોપે ચડાકે મેં અદના, આલ્લાહોકર ઘર તરફ સરફરાઝીકે સાથ રૂખસત હું.

ડાંગવ—(જરા હશીને સ્વગત) શું તમાસો હશે.

વિદૂષક—(સ્વગત) આ ઠાંગુીયોતો જ્યારે હોયછે ત્યારે નવાઈનીજ ખબરો ખંખેરતો ખંખેરતો આવે છે, પણ એમાં એનું કાંઈ વળતું નથી. (અશ્વપાળ પ્રતી) અલ્યાઓ ઠાંણીઆ! તુંતો તમાશામાંને તમાશામાંજ તરફડીયાં મારતો લથડીયાં ખાય છે; પણ બંદાતો આકળા હુંના થઈ રહ્યા છે, માટે કહેતો હોઊં તો કહી નાખ! એટલે તમાસાનું તેડું કરીએ.

ડાંગવ—(આતુરતાથી) હાંહાં બોલ શું તમાસો હતો, તે સત્વર નિવેદન કર.

પવનાશ્વપાળ—હઝરત સલામત મુજ ગુલામકી ઝબાનમેં ઇતની તાકત નહીં હે કે જીતના દેખાવો બીલકુલ કહે સકું, મગર જો મુજસેં બનતા હે સો સબ ઝાહેર કરતા હું. જહાંપનાહ! કલ સુબ્હ કો હકીમ સાહબને અપને પવનાશ્વકો શાંમકે વખ્ત જંગલ ફીરાના એસા ફરમાયાથા. ઉસી સબબ કે લીએ યેહ અઝીઝ પવનાશ્વકો જંગલકી હવામેં ફીરાનેકે વાસતે ગયાથા. વહાંપે એક બહોત ખુબ સુરત ઓર આલીશાન ઘોડી ચર રહીથી. વો એસીતોં ખુબ સુરતથી કે હુઝુર! આપકી અશ્વશાલામેં ભી ઉસકી સાની નહોગી. બલકે ઉસકે શીવા દુનીયાંમેંભી અલ્લાહને દુસરી ન પેદા કી હોગી. બસ, હાંસીલ મતલબ યેહ હયેકે, હુઝુર! ગર ઉસકી સીફત કા યેહ અદના એક કીતાબ લીખ્ખે તોભી કમહે!! જનાબ, જીસ વખ્ત ઉસ ઘોડીને મેરે સાથ પવનાશ્વકો દેખાકે વોહ બહોત બડી ઝડપ કે સાથ ભાગી. ઉસકે પીછે પવનાશ્વભી લાગુ હુવા. પર વોહ હાથ ના આઈ; મગર વોહ એક ગુલબદન નાઝની ઇંદરકી પરીસેભી એક લાખ દરજ્જા રોશન જમાલ નાઝુક બદન ઓરત હોકર મેરે સામને ખડા હો ગઇ. જનાબ, અગર મુજ જેસા નાલાયક તો ક્યા પર કોઈ મો અલીમ હાઝીર હો. ઓર ઉસકી સીફતો સનાકે લીએ કાગઝ કે ઈવઝ જમીન લે. ઓર કલમ કે બદલે દરખ્તોં કે ડાલોં કેલે. ઓર સીયાહીકે વાસતે આબેખીઝરકા કોઇ ચશમાં લે. જબભી ઉસ ગુલબદનકી સનાઓ તાઆરીફ ન હોવે. હુઝુરે આલી! જબ યેહ તમાશએ અઝીમકા મેંને અપની આંખોસે દેખા, ફીર મુજકોતો જાન બચનેકી આસ ન રહી, ઓર અપના પવનાશ્વભી બહોત નીરાસ હો ગયા. મગર જહાંપનાહ! આપકે કરમો ફઝલસે મુઝે અલ્લાહતાઆલાને હીમ્મત્ત દી. ઓર મેંને ઉસકે સાથ સવાલો જવાબ કીયા. ઓર આપકે હુઝુરમેં લાનેકી ચાલાકી યેહ કમતરીન ને બહોતકી. મગર કુછ ઇ-

લાજ ઉસ વખ્ત ન બન આયા. લેકીન બહોત જલ્દ ઉસકો તરફ્ સે ઝાહેર ખબર કરનેકો યેહ અદના તાબેદાર આપકી હુઝુરમેં આ- તાથા ઇતનેમેં આપકી તરફ્સે મુઝકો બુલાના હુવા. (આશ્ચર્યકારક વાર્ત્તા શ્રવણ કરતાંમાંજ પ્રધાનાદિ વિસ્મય પામતા વિચારમાં સ્ત- બ્ધ થઇ જાય છે, અને રાજા પણ ઘણાજ ઉંડા વિચારમાં પડેછે)

વિદૂષક—(અશ્વપાળને) અલ્યા એ અકકલના બારદાન! નીવાજ પડીને હોજમાં મ્હો બ્હો ધોયા વીનો ગયો હોઇશ એટલે તા'રા હાથમાં શેની આવે! અને તારૂં ફુટેલું તેમાં એ શું કરે. [રાજાપ્રતી] જુવો સાંભળો મહારાજા! "મીયાં ભાઇકી બાતા, ઔર ગધેકી લાતા" એ ના જેવું હશે! [અશ્વપાળ પ્રતી] તો હેવાના કદી ઘોડીની તે ગુલ બદન ઔરત હોવે?

પવનાશ્વ—તુમેરીકા કસમ! બીદૂશકજી, મેં સચ કહેતા હું.

વિદૂષક—અરે મોભાગ્ર બુદ્ધિના મુઢ! મેરા કસમ તેમાં તેરા બાવાકા ક્યા ગયા? અને સાચું તો કેવું કે "એક જાલેમેં સો સાપ થા" એ વું કેમ? (જરા વીચારીને) વારૂં ત્યારે તું તેને પુછીએ નહીં કે તમે કોણ છો. [એ સાંભળી રાજા આશ્ચર્યચિત્ત થાય છે.]

પવનાશ્વ—હાંહાં, બીદુષકજી! જીસ વખ્ત મેંને ઉસે પુછા કે આપ કહાં કે આફતાબહો. તો ઉસ વખ્ત ઉસને કુછ ગરબડ સરબડ ઇંદરકી ઉર્વેશી ઇંદરકી ઉર્વેશી કહાથા. પર મેં ન જાનતા હું કે ઉર્વેશી ક્યા હોગા.

વિદૂષક—હાં, ત્યારે તો તા'રા કરમતુંજ પાંદડું ફરી વળ્યું જણાય છે, કેમ વારૂં?

પવનાશ્વ—હાં મેરે હુઝુર! એસાઇ હુવા બીદુશકજી. (ઘોડાઓને પાણી પાવાનો સમય થયોછે માટે રાજાપ્રતી] જનાબ! યેહ કીસ્સેકા અખી- રહે. અબ રજાહોતો મકાનકો રૂખસત હોઉં. (રાજાની આજ્ઞાકર્ત્રિ મુખમુદ્રા થવાથી સલામ કરીને નીકળી જાય છે.

ડાંગવ—(જેમ જેમ પવનાશ્વપાળ તેના રૂપનું વર્ણન કરતો હતો તેમ તેમ ડાંગવ અને ઉર્વશીના પ્રેમનું બીજ રોપાતું ગયું અને રાજાને

[૧]દશા પ્રાપ્ત થવાનો સમય સંધાવાથી સ્વગત.) અહો! એવું ભાગ્ય ક્યાંથી જે ઇન્દ્રની ઉર્વેશી હોયા પણ કોઈ દૈવી સ્વરૂપ હશે તે શી વાત તુરગી તારૂણી સ્વરૂપે વનમાં શોભા આપે એવો સંભવ નથી. (મોહપાશના તંતુઓ ફુટવાથી જરા વીચારીને) આહાહા! શું ભાગ્યોદય સમીપ વર્તે છે! નક્કી એવા સ્વરૂપથી તો ઉર્વેશીજ હોવી જોઇએ, તેવું અનુચરના વચન ઉપરથી સદ્યઃ નિશ્ચય થાયછે; જો ઉર્વેશી ન હોય તો તે ગુમાર ને ઇન્દ્રની ઉર્વેશી એ નામ ક્યાંથી સ્મરણ થાયા માટે "શુભસ્યશિઘ્રં" સેના તૈયાર કરીને આજે સાયંકાળના સમયમાં તત્રસ્થળે જઈને મારા હૃદયના ચોરને શોધી લાવું. અહાહા! જયારનું અનુચરે વર્ણન કર્યુંછે, ત્યારનું મારૂં હૃદય અધિરૂં થઇ ગયુંછે. જે એ [૨]કંદર્પ વર્ધિનીને ક્યારે જઈને ભેટું. આહા! એવી સુકુમાર અવર્ણિય તારૂણી મળે તો કેવો ભાગ્યશાળી ગણાઉં. (પ્રખ્યાત) પ્રધાના! કેમ શો વિચાર છે? મારી વૃત્તિતો તે અલૌકિક તુરગીને આણવાનો છે, કારણ કે આપણી રાજ રિદ્ધિના તેજની વૃદ્ધિ થશે.

વિદૂષક—મહારાજા! મૃગતૃષ્ણાભિલાશી કેમ થાવછો? જે કરો તે વિચારીને કરજો.

નિતિકોશલ્ય—મહારાજ, આપ તો જે કરશો તે વિચારીનેજ કરશો; કારણ કે શાસ્ત્રવેત્તા અને સર્વ ગુણ સંપન્ન છો એટલે કાંઇ કહેવું પડે તેમ નથી. પરન્તુ કહ્યુંછે કે;—

॥ सहसाविदधितनक्रिया, मविवेकःपरमापदांपदं ॥
॥ वृणुतेहिविमर्षकारिणां, गुणलुब्धःस्वयमेवसंपदः ॥

અર્થ—કોઈ પણ કાર્ય સહસા કરવું નહિં, કેમકે અવિવેક તેજ આપત્તનું મોહોટું કારણ છે; અને ગુણનો ભોગી તે પોતાની મેળેજ અવિચારી મનુજોની વિભુતિને પામેછે. તસ્માત્ દિર્ઘ દ્રષ્ટિથી વિચાર કરી જુવો મહારાજ.

---

૧ અપ્રાપ્તરતી ભોગથી દશા થાયછે તે માટે આગળ વાંચો. ૨ કામ દેવને વધારનારી.

ડાંગવ—પ્રધાનો! એ તમારૂં કહેવું યથાર્થછે. પરંતુ એમાં કાંઈ અવિચારોક્તિ નથી અને જ્યાં સુધી આપણી રાજ રિદ્ધિમાં એવી અલૌકિક તુરંગી નથી ત્યાં સુધી ઘણીજ ખામી ભરેલી ભાસે છે. માટે તેમ કરવું એ આપણુને સત્યાર્થે ઉચિતજ છે.

વિદૂષક—મહારાજા! મા'રામાં કાંઇ ખામી છે કે શું? હોય તો બોલી દેજો એટલે પુરી કરૂં.

ડાંગવ—(જરા હશીને) મિત્રો સમય સુચકતા નથી રાખતો એ તારામાં ઘણીજ ખામી છે.

વિદૂષક—મહારાજ! મારા જેવો તો સમય સુચકતા વાળો અને વિચિક્ષણ બીજો કોઈ નથી. જુઓ ગુસ્સે થશોમાં હો! કહો તો કહું. નહિંતર છાનો માનો ખુણે ખુચરે ગ્રહનો મુખક થઇ પેશી જાઉં. પણ બંદાતો સત્યોદય કરનારા! કાંતો રીઝો કે કાંતો ખીજો.

ડાંગવ—વયસ્ય! તારા ભાષણથી તો હું ઘણો ખુશી થાઊંછું. માટે બોલ શું છે? તારી વિચિક્ષણતા બતાવ જોઇએ.

વિદૂષક—શું તે એ! સમય સુચકતા રાખો ને મોભાગ્ર બુદ્ધિ માનવનું [૧]મેધાપાત્ર દાખો! પછી નવિન રસ ચાખો! વળતી દુધના ઉકાળા સાંખો! કહો સમજ્યા? આતો સાંનમાં કહ્યું છે પણ ચેતશો તો ઠીક છે, નહિંતર મારા જેવાના રામબોલો ભાઇરામા પછી મુકવું પડશે ધામા (પ્રધાનપ્રતી હસ્ત કરીને) ને આમના જેવાનું થાશે કામા વળી મને નહીં મળે બદામ. ને મારી સાત પેઢીનું જાશે નામા દુઃખનું થાશે ઠામ! પછી મને સંભારશો આઠે જામ. માટે મહારાજ, પોતાનું મેધાપાત્ર માપોતો ઠીક.

ડાંગવ—ચિંતા નહીં મિત્ર! તું રતિપણ ચિંતા રાખીશ માં. પોતાનુંજ યથાશાસ્ત્રન્યાયે મેધાપાત્ર માપુંછું. (સેનાધિપતિપ્રતિ) યુદ્ધ કૌશલ્ય,

---

૧ બુદ્ધિ.

ચાલો ત્યારે આપણી નવ *અક્ષૌહિણી સેના તૈયાર કરી સત્વર સાવધ થાઓ. (પ્રધાનપ્રતિ) નિનિકૌશલ્ય, તમે પણ તૈયાર થઇને વિચાર ભુવનમાં ત્વરિત આવી પહોચો. અને હું પણ સ્તુતિ ગ્રહમાં જઈને વિચાર ભુવનમાં આવું છું.

પ્રધાનાદિ—જેવી નૃપવર્ય આયુષ્માન્ મહારાજાની આજ્ઞા. (એમ કહી સર્વે જાય છે.) ને પડદો પડે છે.

પ્રવેશ ૪ થો.

સ્થળ—રહસ્થલોપ વન.

પાત્રજનો

દેવી. ચંદ્રિકા. ચંદ્રકળા. અને પછીથી હીરા કુમારી.

(ચંદ્રિકા બાગમાં પુષ્પો ચુંટી એકઠાં કરે છે એટલામાં દેવી પ્રવેશ કરે છે.)

દેવી—(પ્રવેશ કરી તેને પુષ્પો ચુંટતી જોઇને) રે દાસી! તુને હું નિરંતર કહ્યાં કરૂં છું કે મારાથી ઉતાવળી થઈ મારા શીવાય તારે કદાપી કુસુમને ચુંટવાં નહી! પણ તું મનેપ્સિત કાર્ય કરવામાં કદાપી કાળે ચુકતી નથી.

ચંદ્રિકા—બાઇ સાહેબ હવે હું તેમ કરીશ. પરન્તુ દાસીજનો વિદ્યમાન છતાં આપને જાતે પુષ્પો ચુંટવાનો નિરંતર શ્રમ કરવો પડે તે યોગ્ય નથી, એમ જાણી હું તેમ કરતી.

દેવી—તે ખરૂં દાસી, પરંતુ તું કેટલાંક કુસુમ ત્વરાથી ગ્રહણ કરી કુમળ કુસુમ ખંડિત કરી નાંખે છે, જેથી મા'રા સૌભાગ્ય રક્ષક પ્રાણ-

*सा सेनाक्षौहिणी नाम खागाष्टैकाद्विकैर्गजैः
रथैरेतैर्हयैस्त्रिघ्नैः पंचघ्नैश्च पदातिभिः

પતિ માટે મારા મન માનીતી તેની પુષ્પ માળાઓ થતી નથી.

ચંદ્રિકા—ખરે બાઇ, એવો મારો દોષ કાઢો તો ભલે! પણ આપની પતિ પ્રતિભક્તિનેજ ધન્ય છે. પરન્તુ દાસી જનોનો ધર્મ છે કે એ-હાદિ કાર્યમાં બાઈને શ્રમ થવો ન જોઇએ.

દેવી—દાસી, તું શ્રમ કયો ગણે છે? પતિ માંગલ્ય પુજાપોતે સ્વહસ્તે થવો જોઇએ. અને સ્વામી સેવા કરવાનો શાસ્ત્રમાં શ્રમ કહ્યો નથી, જો સાંભળ, આ શરીર શા કામનું છે.

ઇંદ્રસભાની ઢબની ગજલ.

સ્વામીને પ્રસન્ન રાખવા, ધર્યું શરીર;
તે વીના બીજા નહીંકો, કાજમાં લગીર.
સ્વામીને સંકષ્ટ હોય, જો કદી જરૂર;
પ્રાણ મારા જાય ભાગી, કષ્ટ કાઢું ક્રુર.
પીયુના આ કામની છે, કાયતો જરૂર;
શાસ્ત્રમાં લખાય જેમ, પીયુ પ્રેમ પૂર.
પીયુને પ્રસન્ન વાત, હોય જાણું ક્ષીર;
જો નહીં પ્રસન્ન પીયુ, તો ગયુંજ નીર.
હસ્ત આપ્યા ઈશ્વરે, આ ચંપી કારણે,
નેત્ર આપ્યાં નિર્ખવા, પતિ પ્રભુ મને.
પાદ આપ્યા તિર્થ તે, પતિનું કરું ભલે
આપી જીબ્હા ઈશ્વરે પતિ, નામ રટણ મળે. (તો)
શ્રમ તણી શું વાત દાસી, તું ગણે લગીર;
દાસી એટલું છતાં, શું સાચવે શરીર.

અન્ય કાર્યનો શ્રમ ગણાય છે, પ્રાણપતિની સેવા સંબંધી કાર્યનો શ્રમ ગણાતો નથી, દાસી.

ચંદ્રિકા—બાઇ સાહેબ આવા પતિવ્રત ધર્મનું શ્રેષ્ટ ફળતો આપ સમી કોઇ શિયલવંતી વિરલ સ્ત્રીયો જાણે છે.

દેવી—દારિકા, એ ફળનું વધારે શું હું વર્ણન કરું. પરન્તુ એ ફળથી

અન્ય ફળની અવધી આવી રહે છે. ચંદ્રિકા, એ ફળ આગળ ત્રિલોકપતીનું રાજ્ય પણ તુચ્છ માત્ર છે. દાસી, કદાચિત્ મા'રે વિંધ્યાચલ પર્વત ઉલંઘન કરવો તે સુલભછે, પણ આર્યપુત્રનું વચન ઉલંઘન કરવું એ મહા દુલભ છે. તે આપણા કર્તવ્યથી જરા પણ અપ્રસન્ન થાય કે આપણા દેહનું સર્વ સાર્થક વૃથા ગયું એમ સમજજે.

ચંદ્રિકા—બાઈ સાહેબ, આપનાં અમૃતરૂપી વચન મારા હૃદયને આલ્હાદ વર્તાવે છે.

દેવી—વારૂં દાસી, તુને કહ્યું હતું તેમાં શું શું બાકી રહ્યું છે?

ચંદ્રિકા—બાઇ સાહેબ, આપે જે જે બત્રીશ પ્રકારનાં સર્વોત્કૃષ્ટ ભોજન પસંદ કર્યાં છે, તે મ્હેં આપની આજ્ઞા પૂર્વક રત્ન જડિત્ર સુવર્ણ પાત્રમાં પીરશી રાખ્યાં છે. પતિમાંગલ્ય પુજાપો પણ મારી સખી ચંદ્રકળાને તૈયાર કરવા કહ્યું છે. માત્ર આપે ચંદન ઘર્ષણ સ્વતંત્ર કર્યું છે, તેને માટે કસ્તુરી કેસરાદિ પ્રેમળ સુગંધ તૈયાર કર્યા છે, ને પાશાણ શીળા પણ તૈયાર કરી મુકી છે. હવે આપ ચંદન ઘર્ષણ કરો અને આર્ય પુત્ર પધારે એટલે આપ પુજન વિધિ કર્યાનંતર ચર્ણોદક ગ્રહણ કરો એટલીજ વાર છે.

દેવી—પણ દાસી, કાંઈ સમાચાર મળ્યા છે.

ચંદ્રિકા—બાઇ સાહેબ, વિગ્રહનું તો સમાધાન થયું છે, પણ આપણા પવનાશ્વપાળે દરબારમાં કાંઈ નવિન સમાચાર દીધાછે, જેથી મહારાજાએ નવ અક્ષૌહિણી સેના સત્વર તૈયાર કરવાનું કહ્યું છે.

દેવી—(ચિંતાતુર મુખ મુદ્રાથી) દાસી, શા સમાચાર મળ્યા હશે વારૂં? કોઇ અણચિંતવ્યો શત્રુ પ્રદિપ્ત થયો કે શું? અને પાછો કલહ થશેકે શું?

ચંદ્રકળા—(એકદમ પ્રવેશ કરીને) બાઇ સાહેબ! મહારાજાનું ચિત્ત પુનઃ પાછું વ્યગ્ર થયેલું જણાયછે, કારણ કે નવ અક્ષૌહિણી સેના તૈયાર કરાવી છે. ને પોતે વિચાર ભુવનમાં પધાર્યા છે.

દેવી—[સ્વગત] અરે! મારા પ્રાણનાથને વ્યગ્ર ચિત્ત કરાવનારો કયો દુષ્ટ પેંદા થયો હશે. લાવ તેની ખબર મેળવા તે દુષ્ટનો શાપરૂપી ચા-

પથી પરાજય કરૂં. (પ્રખ્યાત) ચંદ્રકળા! આર્યપુત્ર વિચાર ભુવનમાં એકીલા છે, જોતો ખરી. પ્રાણપતિનું એકદમ ચિત્ત કોણે હરણ કરી લીધું.

ચંદ્રકળા—(ખબર કાઢી આવીને) બાઈ સાહેબ! લ્યો મુને તેમના મિત્ર વિદૂષક તરફથી સમાચાર મળ્યા. એતો આપણા પદ્મવનમાંથી એક ચમત્કારી સારંગ પત્ની લેવાના ઉત્સાહમાં ઘેલા બની ગયા છે.

દેવી—તો આજે પણ એમજ. દાસી, આર્યપુત્રના દર્શન વિના મારૂં સર્વસ્વ વ્યર્થ છે. માટે આજે પણ અન્નોદક ગ્રહણ નહીં કરૂં.

ચંદ્રિકા—(એકદમ) બાઈ સાહેબ! મારે હવે મહારાજાને કહેવું પડશે. કેમકે આપ આમ ત્રણ દીવસ થયાં મહારાજ "સ્તુતિ ગ્રહમાં જઇ આ હમણાં આવુંછું" એમ કહીને ગયા તેમાં તમે અન્નોદકનો પરિત્યાગ કરીને બેઠાંછો. તો આ કમળપત્ર જેવી કુમળ કાયા ક્યાંથી રહેશે. અને એતો રાજ પ્રકરણનાં કાજ કહેવાય, જેથી મહારાજાને હજાર વખતે જવું પડે. માટે કાંઈ બારી રાખી હોય તો ઠીક.

દેવી—તે ખરૂં કહેછે દાસી. પરન્તુ તે તાણી તુશીને પતિવ્રત પુરૂં કરવા જેવું થાય છે, માટે મા'રે તે કર્તવ્ય નથી. અને એવી બારી તો જ્યારે પ્રાણનાથ રણવટ પલાયન કરે છે ત્યારે રાખુછુંજ ના! પણ આ સમયતો પ્રાણનાથને અણચિતવ્યું પધારવું પડયું તો મારાથી કેમ,—

ચંદ્રિકા—બાઇ સાહેબ, ત્યારે તમે જરા ફળાહાર કરી લ્યોતો કેમ?

દેવી—નાતે, પ્રાણનાથને પ્રાશન કરાવ્યા શિવાય મારાથી થાય કેમ.

ચંદ્રિકા—બાઇ સાહેબ, અમે સૃષ્ટિકર્તા નિયંતાને નમન કરી કહીએ છીએ કે, આપ જેવી શિયળવંત સતિ દેવીની અમારા ઉપર નિરંતર કૃપા હજો. કારણ કે અમે આપના પાદારવિંદનું સેવન કરીએ છીએ. માટે આપનો દિર્ઘાયુ થાવ, અને ઇશ્વર જય કરો.

ચંદ્રકળા—સખી ચંદ્રિકા! ચાલ ત્યારે આપણે કુસુમ વિંણીએ.

ચંદ્રિકા—હાં બાઈ, ત્યારે તમે જરા આ કદમ્બાશોકાદિ વૃક્ષોની શિતળ

છાયા નિચે વિશ્રાન્તિ લઈ સ્થિતિ કરો તો અમે પુષ્પો એકઠાં કરીએ.

દેવી—બહુ સારૂં. ત્યારે તમે પ્રફુલ્લિત પુષ્પો ગ્રહણ કરી મારી પાસેં લાવો. અને હું તે પુષ્પોનો વજ્ર છેદ કરી પ્રાણપતિને માટે સુંદિર પુષ્પ માળાઓ તૈયાર કરી લઉં. ચંદ્રિકા! તું અરક્તગુલાબ, પાટલ, માલતી અને મંદારાદિ પુષ્પો વિણી લાવ. કારણ કે આજે મા'રે આર્યપુત્રને અત્યન્ત રંજન કરવા છે, માટે બે ચાર છડીયો પણ તેની સાથે તૈયાર કરી લેઉં.

દાસીઓ—બહુ સારૂં બાઇ સાહેબ, ત્યારે આપ બીરાજો (એમ કહી જવા માંડે છે એટલામાં દેવીના મનમાં કાંઇ વિચાર થવાથી.)

દેવી—પણ દાસી, મુને એક સાંભરી આવ્યું માટે આમ આવ.

દાસીઓ—(પાસેં આવીને) આજ્ઞા બાઇ સાહેબ.

દેવી—જો સાંભળ મુને પૂર્વ વૃત્તાન્ત સ્મરણ કરતાં સાંભરી આવ્યું જે પ્રાણનાથનું આવાગમન થયા પછી ગાવા માટે મ્હેં એક પદ્ય રચના કાલે કરી મુકેલી છે, તે પ્રાણનાથને પ્રસંદ પડશે કે નહીં? તે તું સાંભળ જોય વારૂં.

ચંદ્રિકા—(સહર્ષે) બોલો જોઇએ બાઇ સાહેબ, કે કેવી નવીન કૃતી કરેલી છે. પણ આપતો સર્વ કળા સંપન્નછો જેથી પ્રાણનાથ માટે અદ્‌ભૂત ક્રિયા કરી હશે. અને આપને કાંઇ મહારાજા માટે પદ્ય રચના કરવાની નવાઈ નથી બાઇ સાહેબ.

દેવી—જો એક ચિત્તે શ્રવણ કરજે હો. (એમ કહી ગાવા માંડે છે.)

"આવાં આસોપાલવનાં ઝાડ કદમ કેરી છાંયારે."—એ રાગ.

વ્હાલા જુવો વસંતની વાત, *પ્રભાતને પામીરે;
આહા! કેવી [1]અનંગ-[2]વંસત,-[3]રતિ [4]પ્રિતિ જામીરે.

---

* ઉદય થવું. ૧ કામદેવ. ૨ તેનો મિત્ર. ૩ કામદેવની સ્ત્રી. ૪ એ ત્રણેની પ્રિતિ, તથા પારકા અંગમાં પ્રવેશ કરવાનું કારણ, એ વિગેરે કામદેવ સંબંધી જેને વિષેષ જાણવાની જરૂર હોય તેમને અમારી તરફથી પ્રગટ થયેલા **"રતિ સ્વયંવર"** નામના પુસ્તકરૂપી પીયુષનું પાન કરવાથી સઘળી માહીતી મળશે. ૫ વસંત ઋતુ.

સ્વામી નકામી ઝામી નહિં બ્હાર, પ્રકાર પ્રમાણીરે;
અંગો અંગ અનંગ ન રંગ,—કુઢંગ કમાણીરે.
માટે માનો પિયુ મધુ મ્હેર, પવન લ્હેર જામીરે;
આવ્યા પ્રાણુ પતિ પ્રાણાધાર, આલ્હાદ હું પામીરે.
કરો ના'વણ નિર્મળ નાથ, સૌ ગંધિક વાનેરે;
પ્યારા પામું ચર્ણોદક પાન, પ્રીતિ થકી પાનેરે,
ચંદન કાષ્ટ જે ધર્ષિત ગંધ, અર્ચું પીયુ અંગેરે;
પરિમળ સુગંધ સુરંગ, છાંટુ પતિ સંગેરે.
રાધા કૃષ્ણનું પૂજન આજ, કરૂં હું ઉમંગેરે;
અંતર્યામી અર્પો આયુષ્ય સુખ, શાંતી પીયુ સંગેરે.
અર્પો ૠતુ ૠતુના વિલાસ, અતિ પ્રભુ મા'રારે;
વસંતેરે વાધે બહુ પ્રીત, સુશોભિત સારારે.
એવા ધરો અલંકાર આજ, અંબરની સાથેરે.
પ્યારા ન્યારા રહો નહીં નાથ, આશીષ દ્યો માથેરે.
ના'ના પ્રકારે ભોજન આજ, કર્યાં ઉછરંગેરે;
પીયુ આરોગી આલો પ્રસાદ, જમું તવ સંગેરે.
પાનબીડી લીયો પ્રાણાધાર, પ્રદિપ્ત જે રંગેરે;
પાયે લાગે દાસી નામી શીષ, અતીશે ઉમંગેરે.

દાસીઓ—વાહ! શું પદ્ય રચના કરી છે. બાઇ સાહેબ! આ કાવ્યકૃતિમાં તો આપની દિવસે દિવસે પ્રવિણતા વિષેશે ચઢતી કળામાં થયાં જાય છે. માટે આ પદ્ય રચના તો મહારાજાને અત્યંત આનંદ પમાડનારી થઈ પડશે. બાઈ!

દેવી—દાસી, ત્યારે તું સત્વર જઈને મણિમંદિરની અગાશી ઉપર પતિમાંગલ્ય પૂજાપો લઈ જા. કેમકે આજે મારે શ્રી લક્ષ્મિપતિ વૈકુંઠવાસી નારાયણ ભગવંતનું કમળાસહ પૂજન કરીને આર્યપુત્રની વિજય વાંચ્છના પરિપૂર્ણ થવા સારૂં વિજયસ્તોત્ર પઠન કરવું છે અને +પ્રિયપ્રસાદન વ્રતારંભ કરવો છે જેથી મહારાજાને પ્રિય વ-

+ પોતાના વાહાલાને પ્રસન્ન કરવાનું.

સ્તુ સત્વર પ્રાપ્ત થાય તો હર્ષિત થાઉં.

ચંદ્રિકા—(ચંદ્રકળાને) સખી, ત્યારે તું તેમ કર અને હું બાઇ સાહેબની સાથે રહુ છું.

દેવી—દાસી, મહારાજા વિચાર ભુવનમાંથી ઉઠયા છે કે નહીં, તેના તું ખબર મેળવી જેટલાં પુષ્પ વિંણ્યાં હોય તેટલાંજ પુષ્પ ગ્રહણ કરીને તું પણ મણિમંદિરની અગાશી ઉપર વેહેલી આવ. (એમ કહી ઉઠે છે એટલામાં હીરાકુમારી પ્રવેશ કરે છે તેને જોવાથી.)

ચંદ્રિકા—બાઇ સાહેબ! લ્યો તમારે પ્રિય બહેની હીરાકુમારી આ પધાર્યાં ને શું!

દેવી—(સહર્ષે સાંમી જઇને) અહો હો! કોણ પ્રિય બે'ની હીરાકુમારી! તમે એટલામાં ક્યાંથી ભુલાં પડયાં?

હીરાકુમારી—(અન્યો અન્ય ભેઠીને ગળામાં હાથ નાંખી આગળ ચાલતાં) કેમ પ્રિય સખી, શરીર પૃકૃતી તો સારી છે ના?

દેવી—હા પ્રિય સખી, મા'રી પૃકૃતી તો શ્રીપરમ કૃપાળુ પરમેશ્વર જગત્પુજ્ય પીતા શ્રીકૃષ્ણ ભગવાનની સર્વોપરી કૃપાથી સારી છે. પણ મા'રી શાંણી સહિયર, તુને મહિયરમાં કાંઇ રૂચ્યા કર ન થયું કે શું?

હીરાકુમારી—ના સખી, સઘળું મારી ઈચ્છા પૂર્વકજ થતું હતું.

દેવી—ત્યારે કાંઇ માત પિતા કે બાન્ધવાદિનો પ્રેમ પ્રથમની સાથે સરખાવતાં ઓછો પડયો કે શું?

હીરાકુમારી—ના સખી, માત પિતાને વાત્સલ્ય પ્રેમ, તેમજ બાન્ધવાદિનો અતુલ પ્રેમ મ્હારા હ્રદયમાંથી કોઈ દીવસ પણ નાશ પામી અસ્ત થવાનો નથી.

દેવી—ત્યારે મા'રી પ્રિય સખી, હજી તુને મહિયરિયે ગયાં પુરે પુરા આઠ દિવસ તો કાલે પુરા થશે, અને વળી તું ઘણે વરશે માત પિતાની પાસેં પિયર વાટે ગઇ હતી, માટે મારૂં પુછવું થાય છે કે સખી! તું તુરત પાછી વળી તેનું કારણ શું?

હીરાકુમાર – વાહવારે મારી પ્રિય સખી! તું અજાણી થઇને આજે મુને પુછેછે. પરંતુ જો સાંભળ, મારે તુરત પાછું આવવાનું કારણ તુને કહી સંભળાવું.

લાવણી. "મુઝે છોડ ચલા બનઝારા" એ રાગ.

પ્રાણ નાથ વીના ધીર ધારી, કેમ રહી શકું મમ પ્યારી. એ ટેક.
સ્વામી સેવા સૌ સારે સારૂં, લાગ્યું તે વીણ ત્યાં અંધારૂં;
પતિવ્રતની વાત વિચારી, કેમ રહી શકું મમ પ્યારી. પ્રાણનાથ.
ધર્માચરણ જે મેં ધાર્યું, પ્રાણ થકી તે કેમ વિસારૂં;
વારૂં મોક્ષની વાત વિચારી, કેમ રહી શકું મમપ્યારી. પ્રાણનાથ.
નિત્ય નિયમ મા'રા ન થાયે, પતિવ્રતના તે જીવ જાયે;
પ્યારા પતિનું પ્રિય વિચારી, કેમ રહી શકું મમપ્યારી. પ્રાણનાથ.
દમી દેહ નિયમમાં ગાળું, વારૂં વૃથા હું તે શું વાળું;
સ્વામી સેવા છે સૌથી સારી, કેમ રહી શકું મમપ્યારી. પ્રાણનાથ.
પ્યારો પોપટ[1] પિંજર શોભે, શોભે નૌતમ[2] નાગ જે[3] મોભે;
તેમ[4] ત્રિયા સાસરિયે સારી, કેમ રહી શકું મમપ્યારી. પ્રાણનાથ.
[5]અન્નોદક જે ×લુણ વિનાનું, માનું અન્ન અનૂપમ શાનું;
તેવી નર વીનાની નારી, કેમ રહી શકું મમપ્યારી. પ્રાણનાથ.
કોનું પૂજન ત્યાં હું પામું, કોને જમાડી શીશ હું નામું;
પૂજુ [6]પાદુકા પ્રેમ પ્રસારી, કેમ રહી શકું મમપ્યારી. પ્રાણનાથ.
કોને પ્યારા કહી ત્યાં બોલાવું, પીતા પુત્રી પ્રસન્ન શું થાવું;
ભક્તિ પ્રાણ સુધી પતિ સારી, કેમ રહી શકું મમપ્યારી. પ્રાણનાથ.
કોની સંગે હું વાત વિચારૂં, કોની ચંપી હું પાદની ધારૂં.
મારી વિનોદ વાત વિચારી, કેમ રહી શકું મમપ્યારી. પ્રાણનાથ.
ક્ષણ એક તે કલ્પ ત્યાં થાયે, પતિ વીના તે કેમ રેહેવાયે;
સાસુ સ્વસુરને હું વિસારી, કેમ રહી શકું મમપ્યારી. પ્રાણનાથ,

---

૧ પાંજરૂં, ૨ હાથી, ૩ રાજદ્વારે, ૪ સ્ત્રી, ૫ રાંધેલું અન્ન. ૬ પાવડીયો. × મીઠું.

સહિયરા મહિયરિયે ન સોહાવું, નીતિ પ્રિતિની માંહી લખાયું;
તેથી ત્વરિત પ્યારિ! પધારી, કેમ રહી શકું મમપ્યારી. પ્રાણનાથ.

વળી શાસ્ત્રમાં પણ કહયુંછે કે,—

શ્લોક.

नारीणांचिरवासोहि । बान्धवेषुनरोच्यते ॥
कीर्तिचारित्रधर्मघ्न । स्तस्मान्नयतमाचिरम् ॥

અર્થ—સ્ત્રીજનોએ પોતાના સ્વામીનો સંગ મુકીને માતપીતાને ઘેર • ભાઇ ભાન્ડુઓમાં ઘણા દિવસ વાસ કરવો નહી, કેમકે તેથી કીર્તિ, ચારિત્ર અને ધર્મનો નાશ થાયછે. માટે મારી પ્રિયએ'ની હું પ્રિતિના પાશમાં બંધાએલી સ્વામીસંગાભિલાશે સત્વર પાછી આવીછું.

દેવી—વાહવા! બલીહારી સખી! ધન્યછે તુને પણ, જે પ્રાણ પતિ ઉપર આટલો બધો અનહદ પ્રેમ રાખેછે.

હીરાકુમારી— વાહવા પ્રિય સખી! માહારાજા ઉપર તા'રો પ્રેમ કાંઇ ઓછો છે કે શું? જે તું મને વખાણે છે. (થોડી વારે) પણ સખી! આજે તા'રા કુતર્કો એવા કયાંથી?

દેવી—ના સખી, તેમાં કાંઈ મારો એકે કુતર્ક પ્રષ્ન તો નથી. અને મારે પણ તુને પુછવાનું કારણ તો એજ હતું કે પ્રાણ પતિના સુખને માટે પાછી આવી કે કાંઇ બીજા કારણે.

હીરાકુમારી—વારૂં પ્રિય બે'ની! ત્યારે તમે કયાં જવાને તઇઆરી કરી ઉભાં થયાં હતાં.

દેવી—હાં પ્રિય સખી, તે હું મારો સઘળો વૃત્તાંત તુને મણિમંદિરની અગાશીપર કહીશ. કારણકે આજે મારે આયુષ્માન્ [મહારાજાને] માટે પ્રિયપ્રસાદન વૃતારંભ કરવો છે અને વિજયસ્તોત્ર પઠન કરવું છે માટે ચાલ ત્યાં જઇ પહોંચીએ તો ઠીક. ચંદ્રકળા બિચારી રાહ જોતી ઉભી હશે. (ચંદ્રિકાને) દાસી! ચાલ જોઇએ મણિમંદિરની અગાશી,—

ચંદ્રિકા—બાઇ સાહેબ આમની તરફથી પધારીએ. હીરા કુમારી બા આમની તરફથી પધારીએ. (સર્વે જાયછે ને પડદા પડેછે.)

પ્રવેશ ૫ મો.

સ્થળ—વિચાર ભુવન.

પાત્રજનો

ડાંગવ. નિતિકૌશલ્ય. વિદૂષક. અને †પ્રતાપસિંહ.

ડાંગવ—(ઊર્વશીના મોહપાશમાં *દશા પ્રાપ્ત થવાથી સ્વગત.) આહાહા !! શું મા'રો ભાગ્યોદય સમિપ વર્તે છો જે આજે તો મા'રે સર્વોપરી ઉદ્યોગ વર્તાવી સાક્ષાત્ સ્વર્ગ શિરોમણી મહાન્ મણિમુકુટ સ્વરૂપી ઉર્વશી પ્રતિમા ગ્રહણ કરવાનો સમય પ્રાપ્ત થઈ નિકટ વર્તે છે, તસ્માત્ ધન્ય છે મા'રા [1]લલાટમાં [2]અવર્ણિય વર્ણાક્ષર પંક્તિ સુશોભિત કરનારને ! આહા ! સ્વર્ગાધિપતી સુરેશ્વરે પણ મા'રા ઉપર કેવી કૃપા કરી છે. નહીંતો હું [3]યમદંષ્ટ્રિકૃત કાળ છાયાના કાદવમાં રચીપચી રહેલો મૃત્યુચારી માનવોની મિથ્યા મહત્તામાં મગ્ન માની મૃત્યુ વિભુતીને પામેલો હેં ! આહા ! એવા નિર્ભાગી સ્વરૂપેતે

---

* यदाहभरतः॥ अप्राप्तरतिभोगस्य नवस्त्रीरागजन्मनः॥ दशस्थानानिकामस्य काममन्तार्विसर्पतः ॥ अभिलाषोत्रप्रथमे द्वितियेचिन्तनंतथा ॥ अनुस्मृतिस्तृतीयेच चतुर्थेगुणकीर्तनम् ॥ उद्वेगः पञ्चमेज्ञेयो विलापःषष्टउच्यते ॥ उन्मादःसप्तमेप्राप्तो भवेद्व्याधिस्तथाष्टमे ॥ नवमेजडताप्रोक्ता दशमेमरणंभवेत् ॥ एवं ॥

૧ કપાળ. ૨ જેનું વર્ણન ન થઇ શકે તેવા. ૩ યમરાજાની ડાઢાડોએ કરેલા. † રાજાનો મિત્ર. (પૂર્વે પાત્રજનોમાં નહીં અપાવાથી અહીં આપ્યો છે.)

એ અલૌકિક ઉર્વશી પ્રતિમાનાં દર્શન ચિત્રપટમાં ધારૂં તોપણ ક્યાંથી થઇ શકે; અરે ચિત્રપટમાં તો શું! પણ એ સુતન્વી સ્વરૂપનાં દર્શન મને આ મૃત્યુ લોકમાં તો સ્વપ્નાંતરે પણ અપ્રાપ્ત થઇ પડેલાં કહેવાય. તોપછી હું તેની સાથે શ્રેયસ્કર સમાગમ કરવા સમય સાંધુ તે ક્યાંથી પરિપૂર્ણ થાય. પણ વાહવા! ધન્ય છે, હું કેવો મહાન્ ભાગ્યશાળી કે જેનાં દર્શન માત્ર પણ દુર્લભ થઈ પડેલાં તેની સાથે વળી નિરંતર સમાગમ કરી *સુ-હતેચ્છા તૃપ્ત કરવાનો સમય પણ હવે સર્વેશ્વરે સમિપ લાવી મુક્યો છે. આહા! હું [1]દિવ્ય સ્વરૂપાભિલાષી પ્રિય સ્વરૂપને પ્રિયતમા કરી મા'રી સર્વોપરી રાજ્યરિદ્ધિ શોભાવીને શોભા લેવાની [2]આકાંશા ધારણ કરૂં છું તદ્વત્ તે [3]મદનવર્ધિની [4]મનોહારિણી કમળકાન્તા પણ મા'રા જેવા [5]નિર્વિકારી પુરૂષનું ધ્યાન ધરતીજ હશે! કેમકે,—

ગીતી છંદ.

કમળ વદન કાન્તાનું, ભ્રમર મદન ત્યાં ભમે થઇ ભોગી;
તેના ×ચુંચુ [6]પ્રહારે, હારેલી થઇ [7]સ્મરે [8]થવા યોગી.
પણ પ્રિયા,—[9]સ્વેદાંબુજ તુજ [10]સારૂ, હારૂં નહીં હું [11]અનંગથી આજે;
કેમકે,—વર્ષા[12] વિદ્યુત સંગે, [13]પ્રસંગ નહીં-[14]ઘન [15]ઘોર થઇ ગાજે

(સંભ્રમ ચિત્તે) માટે જા જા પ્રિયા! વિલંબ કરીશમાં હવે તું તા'રી મેળે સત્વર જઇને [16]અન્તઃપુરમાં પ્રવેશ કરી બેશ; અને હું પણ [17]મદનાજીત શસ્ત્ર સાહિત્યો ગ્રહણ કરીને તા'રી પાસે ત્વરિતાવાગમન

* વિષયની ઈચ્છા. ૧ દેવતાઇ સ્વરૂપની ઇચ્છા રાખનાર. ૨ ઇછા. ૩ કામદેવને વધારનારી. ૪ જોનારના તથા નામ સ્મરણ કરનારા પુરૂષ માત્રનું મન હરણ કરનારી. ૫ કાંઇ પણ વિકાર ન હોય તેવા. × ચાંચ. ૬ મારવું. ૭ સંભારે. ૮ મદન પીડા નાશ કરવાવાળા પુરૂષનો યોગ કરવાને. ૯ પરશેવાના જળથી જે મુખ ઉપર મોતીયા વછુટે છે તે. ૧૦ પ્રમાણ પાડવું. અર્થાત્ તેને હું નકામા નહીં જવા દેઉં. ૧૧ કામદેવ. ૧૨ વીજળી. ૧૩ અવસર ૧૪ મેઘ. ૧૫ વિકાળ. ૧૬ સ્ત્રીજનોને રહેવાનું એકાંત સ્થાન. (જનાનખાનું) ૧૭ મદનથી ન જીતાય તેવાં.

કરૂંછું. (સ્વસ્થ ચિત્ત થવાથી) અરે! હું આ સમસ્ત કોને કહી સંભળાવું-છું. હજુતો હું મા'રા વિચારભુવનમાંજ બેઠોછું ને શું. માટે ચાલ હવેતો સત્વર જઇને મારા હૃદયના ચોરને શોધી લાવું. (જરા વિચારીને) પણ તત્રસ્થળે ગમન કરવાને તો સત્ય સચિવ નિતિ કૌશલ્યને અધુના આ વિ-ચાર ભુવનમાં ત્વરિતાવાગમન કરવાને સુચવ્યું છે. પરન્તુ એ દિર્ઘસુત્રી અદ્યાપી સુધી અહીં આવી પહોંચ્યો નહીં; તો હું એકાકી ત્યાં જઈને શું કરવાનો હતો. અને અલ્પકાળ અત્રેજ સ્થિતિ કરી તેનો યથાયોગ્ય નિ-યમ કર્યાનંતર ત્યાં ગમન કરીશું તો પ્રયાસ રહિત પ્યારીનો સમાગમ થશે; તસ્માત્ અલ્પકાળ અત્રેજ સ્થિતિ કરવી એ યોગ્ય છે. (એમ કહી બેસે છે. પાછો અલ્પકાળે મોહસાગરના જળ તરંગમાં તણાવાથી)

રાગ પીલુ. કહુ શું નશીબે દુ:ખીયો.—એ રાહ.

પ્રિયા સમાગમે મન લલચાણું; જેથી *સર્વાંગીન સ્પર્શ પ્રમાણું. પ્રિયા૦
લાવું ×લલિતાંગી ¹લેખે લખાણું; એથી અધિકું હું અન્ય ન જાણું. પ્રિયા૦
²અર્વિન્દ મનોહર ³આનન એવું, પ્રેમની ભરતીએ હૃદય ભરાણું. પ્રિયા૦
ચંદ્રમુખી ⁴ચારૂ ચતુરા ચુકાવી, ⁵ગ્રહણ કરૂં ઘેરી ⁶ગ્રહણ ગણાવું. પ્રિયા૦

આહાહા!! શું ઉર્વશી સ્વરૂપની શોભા તે કાંઇ જેવી તેવી હશે! [સંભ્રમચિત્તે] આહા પ્રિયા! તા'રા સ્વરૂપની શોભાને તે જેવી તેવી કેમ કહી શકાય? કારણ કે જેના ચરણ કમળનુંતો અહર્નિશા ઇન્દ્રાદિ સેવન કરી રહ્યા છે. અને ત્રિભુવનમાંતો માત્ર તા'રા નામસ્મરણથીજ ⁷પુંસ-ત્વ પામેલા પુરૂષ માત્ર પોતે ⁸પ્રિયાંગનાઓનો પરિત્યાગ કરી કેવળ તા'રા માંજ ચિત્તવૃત્તિ વર્તાવીને વજ્રલેપ થઇ પડે છે. તો પછી તા'રા સ્વરૂપની શોભામાં ⁹અવશેષ શું રહ્યું કહેવાય? અને હુંતો સત્ય રીતીએ સંભા-વના કરીને કહુછું કે તા'રા સ્વરૂપની શોભા સાંભળીનેજ રતિ સતિનું સ-

---

* આખા શરીરને ખુશી લાગે એવો. × સુંદિર અંગવાળી. ૧ભવિષ્યે. ૨ કમળ. ૩ મુખ. ૪ સુંદિર. ૫ લેવું. ૬ જેમ ચંદ્ર અને રાહુ નો યોગ થવાથી ગ્રહણ વર્તાય છે, તેમ તા'રા ચંદ્રવદનને હું રાહુરૂપે ગ્ર-હણ કરીશ. ૭ વિર્યવાન. ૮ વ્હાલી સ્ત્રીયો. ૯ બાકી

માધાન કરી માત્ર તારૂં શોધન કરવામાંજ કામદેવે પણ પોતાનું સર્વાંગ ભસ્મ કરાવી ×અનંગાભિધાન સંપત્તિ સંપાદન કરી હશે. જો સાંભળ પ્રિયા !—

શિખિરિણી છંદ.

અહા કાન્તા! કાન્તી, શ્રવણ તવ *કંદર્પ કરતાં;—
ભમી ભુલ્યો ભોગી, [१]સ્મર હર સમીપે સ્મરણતાં;—
ગયો [२]ગૌરીશે ત્યાં, [३]કમળ દળથી [४]ભસ્મ કરિયો;
તથાપી ‡તું પ્રષ્ટે, સ્મર [५]પતિત પાછો ન પડિયો.

માટે પ્રિયા તા'રા સ્વરૂપની સમાનતાતો અનંત કોટી બ્રહ્માન્ડમાં પણ કોઇ કરી શકનાર નથી. તોપછી સકળ જગત જનો તારો શ્રેયસ્કર સમાગમ કરવા સમય સાંધે તેમાં શું આશ્ચર્ય કારક છે. અને પ્રિયે ! તું એમ જાણીશમાં જે હુંજ તા'રા સ્વરૂપની શ્લાઘા કરૂંછું; પરંતુ તા'રા સ્વરૂપની શ્લાઘા તો સર્વત્ર સ્થળે પ્રથમથીજ પ્રસરી રહેલી જણાય છે. કારણ કે,—

શિખિરિણી છંદ.

અયે [६]સુભ્રૂ! સ્મર્યું, સકલ તવ નામે નમિ રહ્યું;
[७]સુકેશ્યા શાન્ત્યર્થે, ગુણ કથન [८]કર્ણોદય થયું;—
ગ્રહેલાં શ્રીકૃષ્ણે, [१०]ક્ષિર દમનથી [११]રત્ન કરમાં;
તથાપી જંઘાથી, જનમ સમ કોએ ન જગમાં.

× અંગ વીનાના નામની.

* કામદેવ. ૧ કામદેવ. ૨ મહાદેવ, ૩ મહાદેવ. ૪ નેત્ર ‡ તારી પાછળ. ૫ પડેલો. ૬ પ્રસંશા. ૭ જેના નેત્રનાં ભ્રમર ઘણાંજ સારાં છે એવી. ૮ જેના માથાનો ચોટલો ઘણોજ સારો છે એવી. ૯ કહાનને પવિત્ર કરનારૂં. ૧૦ સમુદ્ર. ૧૧ लक्ष्मी कौस्तुभ पारिजातक सुरा, धन्वंतरिश्चंद्रमा ॥ गावःकामदुघा सुरेश्वरगजो, रंभाश्चदेवांगना ॥ अश्व सप्तमुखो सुधा हरिजनो, शंखाविषं चांबुत्रे ॥ એ પ્રકારે ચતુર્દશ રત્ન છે.

આહાહા ! ! એવી *કંદર્પ વર્ધિની સુકુમળ કમળ કાન્તાતો માત્ર શ્રી નારાયણ ઋષિએજ ઉત્પન્ન કરેલી જણાય છે; ત્યારેતો સૃષ્ટિ કરતા બ્રહ્મદેવમાં પણ અત્યન્ત ખામી રહેલી કથન કરવી એ મને ઊચિતજ છે. (એમ કહીને.)

મન્દા ક્રાન્તા છંદ.

રેરે બ્રહ્મા ! ત્રિભુવન વિષે, કીર્તિ તા'રે ન સારે;
સૃષ્ટિ કર્તા કથન કરતા, લોક મિથ્યા ઉચારે;
માટે લજ્જા [1]અજય ધરતો, કેમ બ્રહ્માન્ડ ભરતો;—
કાન્તાઓ જે કમળ વદની, તું નથી કેમ કરતો.

આહાહા ! ચતુર્મુખ ધારી શ્રી બ્રહ્મ દેવે ત્રિગુણાત્મક સૃષ્ટિ ઊત્પન્ન કરી તદપિ [2]વેદાનનમાં મા'રી પ્રિયાની સમાનતા કરી શકે એવી [3]વરાંગી ઉત્પન્ન કરવાની શક્તિ સર્વાનુસારે નહીં પહોંચી શકી હોય, કે જેથી એ પોતે ઋષિશ્વર શ્રીઋષિરૂપ નારાયણ સ્વરૂપેજ એ અવર્ણિય તારૂણી ઉત્પન્ન કરીને પોતાની કીર્તિનો વિસ્તાર અનંત કોટી બ્રહ્માન્ડમાં આકાશવત્ વર્તાવીને પ્રસન્ન થએલા જણાય છે. પણ મને સંભવતું નથી જે એ તપસ્વિનાથી એવી મનોહારિણી [4]નિષ્કલંક પ્રતિમાનો પ્રાદુર્ભાવ થઇ શકે. કેમકે;—

શિખિરિણી છંદ.

અહા! ચન્દ્રે[5]કાન્તી. [6]નિજનિ દઈને એ રચિ હશે;—
શકે શૃંગારે જે [7]રસિ રતિ [8]મધુ આપથી હશે;
નહીંતો [9]નિર્માલ્યે, [10]ગરલ ગણતા જે વિષયને;—
સૃજે ક્યાંથી એવું; [11]વરતનું [12]વિચારે સમયને.

---

* કામદેવને વધારવાવાળી.

૧ જે પોતાના કામમાં જય નથી પામ્યો એવો. ૨ ચાર મુખ વાળો. ૩ જેનુ શરીર ઘણુંજ ઉત્તમછે એવી. ૪ કલંક વીનાની. ૫ તેજ. ૬ પોતાની. ૭ કામદેવની સ્ત્રી. ૮ વસંતરૂતુની શોભા. ૯ પાતાની ઇન્દ્રીઓ તપના પ્રભાવે નિર્માલ્ય કરીને. ૧૦ ઝેર. ૧૧ શોભાયમાન સ્વરૂપ. વાળી. ૧૨ વિચાર કર્યો કે તત્કાળ.

નાના એમતો કેમ કહી શકાય. એ તપસ્વી નારાયણ સ્વરૂપ તો ત્રિભુવનમાં સ્વેચ્છાચારી અને અતિ સત્તાવાન સૃષ્ટિ મંડાણુથીજ મંડાએલા જણાય છે, તો પછી એવી અપૂર્વ પ્રતિમાનો પ્રાદુર્ભાવ કરે એમાં શું આશ્ચર્ય કારક છે. વાહવા! ભગવંત નારાયણ ઋષિએ જ્યારે સ્વેચ્છાથી મા'રી પ્રિયાનો પ્રેમપૂર્વક પ્રાદુર્ભાવ કર્યો ત્યારેતો તેના સર્વોપરી સ્વરૂપને મળતા ગુણનું વર્ણન પણ કોણ કરી શકનાર છે. આહા! એ સુતન્વી સ્વરૂપના ઉત્પત્તિ સમયે શ્રીનારાયણ ઋષીએ [1]મઘવાના સુખમાં મા'રા સુખનો વિભાગ નિર્માણ કર્યોજ હશે. કેમકે,—

ગીતી છંદ.

મળવાને નહીં સે'લી, વે'લી વા'લી વરાંગી એ મળશે;
ટળશે [2]અઘ અંધારૂં, પુર્વે સુકૃત સૃજ્યાં હશે—ફળશે.

આહા! એવી અપૂર્વ પ્રતિમાનું મનોહર મુખાવલોકન હવે હું કયા સુમુહૂર્તમાં કરીને મા'રો જન્મારો સફળ કરીશ. અયે [3]અનંગોત્સાહિની પ્રિયતમા! હવે તું તા'રા પ્રભાવથી મને સત્વર આવીને ભેટો કરેતો બહુ સારૂં; નહીંતો મારૂં હૃદય હવે ધીરજ ધરવાને કહ્યું કરતું નથી. અને મદન તો મદોન્મત થઈને મા'રા શરીરને દમન કરવા મંડી પડયોછે. અરે! આ [4]કૃષ્ણ પ્રસ્તર પટ્ટવાળા શિતળ મંડપમાં મણિમય શૃંગારેલા માધવી આદિલતાઓથી ભરપુર વિચાર ભવન છતાં [5]તપ્ત હેમના [6]હરમ્ય સમાન [7]કપિટયોની પોતાની ક્રિયા થકી આ મારા અંગમાં ઉષ્ણતા કયાંથી ઉત્પન્ન કરે છે. અરે! આતો દુઃખદાઇ દુષ્ટ [8]મન્મથ પોતાના સુખભવનમાં પ્રવેશ કરીને વિલાસ કરવામાં મા'રા ચિત્તનું મંથન કરવાથી અત્યંત સુખ પામવા લાગ્યો હોય તેમ જણાય છે. અહા!—

ગીતી છંદ.

મદન સદનમાં પેઠો, અગ્ની એથી—સુતન્વી ઠંડી કરશે;
નહીં તો નિર્મળ મા'રૂં, *કૃષ્ણ અંગ કયાં અનંગથી ઠરશે.

---

૧ ઈંદ્ર ૨ પાપ. ૩ કામથી આનંદ પામેલી. ૪ કાળા પાષાણુની છાટો. ૫ તપી ગએલા સોનાની. ૬ હવેલી. ૭ અગ્ની. ૮ કામદેવ.
* કામ જવરથી કાળું થયેલું.

અરે,—[2]વિધુવદની [3]મૃગનયની, મળવાને નહીં મુને રહી સે'લી;
 તેમ સતાં ક્યમ અંગે, [4]વન્હિ જ્વાળા અનંગની રેલી.

અરે નિર્વિકારી પુરૂષોમાં વિકારને વક્રગતિથી વિસ્તારવાવાળા +કામદેવને મહેશ્વરે મર્દન કરી અનંગ કર્યા છતાં પણ હજુ એની મન્મથ સત્તા સવિસ્તર વિસ્તારવામાં સર્વોપરી [5]સત્તાવાન કેવો જણાય છે. પણ ચિંતા નહીં. કેમકે.—

ગીતી છંદ.

[6]મદભર [7]મદને મળતી, માન્ય થકી હું મનાવીને લાવું;
 પછી તવ સંગે યુદ્ધે, અગે કામલ્યા! કામમાં ફાવું.

અરે પ્રિયા! મા'રાથી હવે આ મદનપિડા સહન થતી નથી. અરે મા'રી સ્થીતિ તા'રા જાણવામાં તો ક્યાંથી હોય! જેમ રા-

---

૨ ચંદ્રમા જેવા મુખવાળી. ૩ મૃગના નેત્રસમ દિર્ઘ નેત્રવાળી. ૪ અગ્ની. + કામ એટલે ઈચ્છા રૂપી વિકાર તેને અલંકારથી સંસ્કૃતમાં દેવ ગણેછે, અને મનુજાદિ પ્રાણિયોના મન ઉપર જે જે પ્રકારે એ પોતાની સત્તા ચલાવે છે તે પ્રમાણે તેનાં જુદાં જુદાં નામ સંસ્કૃતમાં કવિયોએ આપ્યાં છે. જેમકે—**मदनोमन्मथोमार:प्रद्युम्ना मीनकेतन:कन्दर्पो दर्पकोऽनङ्ग काम: पंचशर:स्मर :॥ शम्बरारिर्मनासिज:कुसुमेषुरनन्यज: पुष्पधन्वा रतिपति र्मकरद्धजआत्मभू॥** અર્થ—મદન [મદ ઉપજાવનાર] મન્મથ (મનને ડોળી નાખનાર) માર: (મારનાર) પ્રદ્યુમ્ન (મનનું મન્મથ કરનાર) મીન કેતન (જેની ધ્વજામાં મચ્છાકાર છે એવો) કન્દર્પ (ગર્વ ઉપજાવનાર) દર્પક (ગર્વ ઉપજાવનાર) કામ (ઇચ્છા) પંચશર (જેને પાંચ બાણ છે એવો) સ્મર (સ્મરણથી ઉત્પન્ન થાય એવો) શમ્બરારિ (શીવનો શત્રૂ) મનસિજ (મનમાંથી ઉત્પન્ન થયેલો) કુસુમેષુ (જેનુ બાણ પુષ્પનું છે એવો) અનન્યજ (જેની ઉત્પત્તિ બહારથી નથી એવો) પુષ્પ ધન્વા (જેના ધનુષ્યે ફૂલ છે એવો) રતિપતિ (રતિનો સ્વામી) મકરધ્વજ (મગર જેની ધ્વજા છે એવો) આત્મભૂ (જેની ઉત્પતી આત્મા થકી છે એવો) ૫ બળવાળો. ૬ મદથી ભરેલી. ૭ ગર્વને મળતી.

ત્રીએ કમલનીશી દશા થાય છે તે સૂર્યને ક્યાંથી સ્મરણાગત દ્રષ્ટિગોચર થાય. તેમજ દિવસે કુમોદનીની શી દશા થાય છે તેની ચંદ્રને ક્યાંથી માલમ હોય, તેમજ તારૂં દુઃખ અનુમાને કલ્પુછું પણ યથાસ્થિત ક્યાંથી જાણું, તદપિ મારી મતિનું સામર્થ્ય તો એટલુંજ છે કે,—

ગીતી છંદ.

મદન કઠિણ [૩]શર મારે, અંગભેદ વેદના કરે ભારી;
જેમ તેમ રહી જીવે [૫]પુંસ પ્રિયા વિણ તેમ તું પ્યારી.

પણ પ્રિયા! પ્રેમસાગરમાં તણાતા પુરૂષોને તો પ્રિયતમા રૂપી [૬]નૌકા અપ્રાપ્ત થવાથી અનેક પ્રકારનાં મહાન્ [૭]પ્રતિપતરણો પ્રતિબંધ કરતાં પરિક્રમણ કર્યાં કરે છે; તો પછી,—

ગીતી છંદ.

[૮]દયિતા! દુઃસહ [૯]દર્પે, [૧૦]કાનનમાં શું કરે [૧૧]ક્રિયાકારી;
[૧૨]સ્મર [૧૩]સ્મરણાગત ગાજે, સિંહ સમો એ સમાન સુખસારી.

માટે અરે પ્રિયા! તું મા'રા હૃદયને આલ્હાદ વર્તાવે એવી અત્યુત્તમ વક્રદ્રષ્ટિવડે મા'રા સન્મુખ જોતો ખરી જે મા'રી સ્થિતિ અસ્થિત્વને કેવા પ્રકારથી પ્રાપ્ત થએલી છે. અરે રે પ્રિયા,—

ગીતી છંદ.

[*]અનલ દળથી બળતો, ગળતો હું તો પ્રિયા પડ્યો અત્રે;
કેમ કરી થઉં ઠંડો, અનંગ સંગે પડેલ જો [×]વક્રત્રે.

અરે રે પ્રિયા! આ મા'રા અંગમાં [૧]કપિટયોનીકોષમય [૨]કામજ્વરે પણ પ્રવેશ કર્યો છે. અરે તેતો મા'રૂ શરીર છિન્ન ભિન્ન કરવામાં

---

૩ બાણ. ૫ પુરૂષ. ૬ વાહાણ. ૭ જળમાં તણાતા પ્રાણી પ્રતિ સામી તરી આવતી વસ્તુઓ. ૮ પ્રિયા. ૯ કામદેવ. ૧૦ વન. ૧૧ નાના પ્રકારની ક્રિયાઓ કરનારો. ૧૨ કામદેવ. ૧૩ સ્મરણ થવાથી આવેલો. *કામાગ્ની. ×દ્રષ્ટિ ફેરવીને. ૧ અગ્નીના ભંડારથીજ ભરેલો. ૨ (**દોહરો**) આળસને ચિત ભ્રમણતા, અરૂચી મદ મોહ થાય;
શ્રમિત દેહ સુસ્તિ જ્વરે, કામ જ્વર કહેવાય.

હર્ષ પામતો મહેશ્વરનું યજન કરી દાવાનળ સત્તા સંભાળવા થકી અત્યંત સુખ પામવા લાગ્યો હોય તેમ જણાય છે. અરેરે;—

ગીતી છંદ.

સકલ અવયવે। સંગે, અંગે આશી! શિથિલતા સાંધી;
[3]સ્વેદાંબુજ સરિતામાં, [4]શૃંગારે શું! મલિનતા બાંધી.

અરે રે પ્રિયા! શ્રી પાર્વતીના પીતા *હિમાચલ કે જેમાં અચલ હીમની પ્રવર્તિ પ્રસરવાથી +હીમાલય બંધાઈ રહેલું જણાય છે, અને તેમાં થઈ આ [1]હિમગ્રંથીઓનું સોષણ કરતો ઉત્તર દીશામાંથી શિતલ વાયુ વહન કરે છે, તો પણ તેનો સ્પર્શ મા'રા અંગે અગ્ની જ્વાળાવત્ કેમ વર્તાય છે. અરે એતો પ્રેમસાગરમાંનાંજ પ્રતિપતરણ જણાય છે. અરે રે તે તો માત્ર મા'રા અંગમાં પોતાના પ્રિય રસખાને મુકી સુંદિર પ્રકારથી વિહાર કરતો કામીજન જેવો ચાલ્યો જાય છે. કેમકે,—

ગીતી છંદ.

[3]માધવ શોભા માની,—[4]માધવી કુન્દ સુ વલ્લરિ [5]વૃન્દે;
પ્રેમે જઈ [6]પટુતા એ, દર્શાવી એ [7]પ્રમાદને વન્દે.

અરે! આ વળી દક્ષિણ દિશામાંથી પરિક્રમણ કરતો [8]અનિલ કેવો ઉદ્ધતાઇમાં ભ્રમણ કર્યાં કરે છે. અરે રે [9]વસંતસખેમલયાનિલ! તું પણ [10]વ્રિડાવર્ય વર્તાય છે, તો હું મા'રી પ્રિયા પ્રાપ્ત કરવાના પ્રયાસમાં પ્રથમ તનેજ વિનવું છું કે,—

ગીતી છંદ

ક્રિડાકર! [11]હર પિડા, વ્રિડાવર્ય [12]વિરક્ત શક્તી છે તો;
શું તું [13]પુષ્પ પરાગે, [14]રાગે વળગ્યો સુવાસને મળતો.

---

૩ પરશેવાના પાનીથી થએલી નદી. ૪ વસ્ત્રાલંકાર.
* પર્વત. +શિતળતાનું ઘર. ૧ બરફ. ૨ અગ્ની. ૩ વસંત ઋતુ. ૪ એ નામની વેલો. ૫ સમુહ. ૬ ડહાપણ. ૭ કામીજનો નામનો વિચાર એવાજ હોય છે ૮ વાયુ. ૯ વસંત ઋતુનો મિત્ર મલયાચલ પર્વત ઉપર થઈ વાતો વાયુ. ૧૦ લજ્જા રાખવામાં અતિ ઉત્તમ. ૧૧ નાશકર. ૧૨ લતાઓથી જુદાઇ રાખવામાં. ૧૩ ફૂલનો રજકણ. ૧૪ સ્નેહથી.

પણ,—લલિત [15]લતાઓ કરતાં, [16]લલના મા'રી લલિત લઇ લક્ષે;
જો તુજ [17]ગુણ ગ્રહેતો, [18]અગમ્ય સુખ છે સુવાસને વૃક્ષે.

અરે આતો કામક્રિડાઓથી [1]વિહ્વળ થએલો વાયુ ઉન્માદ કરવામાં માત્ર લતાઓનેજ મર્દન કરવાથી [2]મગ્ન માને છે; પણ લતાઓ કરતાં મા'રી લલિત લલનાની કુમળતા અને સુવાસના નિર્મળ સ્વેદજ પ્રવાહને પ્રમાણ કર્યા શિવાય તેની ઉત્કૃષ્ટતા ક્યાંથી કળી શકે. અરેરે કામાગ્નીથી છિન્ન ભિન્ન થયેલું મા'રૂ હ્રદય પ્રિયતમાના અપ્રાપ્ત યોગે હવે તો બળીને ભસ્મ થવા લાગ્યું છે. અરેરે પ્રિયા પ્રાપ્ત કરવાના ચિન્તવનમાં ને ચિન્તવનમાં ઝુરી ઝુરીને મા'રો કંઠ તો સુકાઈ જલનું શોષણ કરવા લાગ્યો છે. અરેરે મા'રાથી હવે સ્વચ્છ રીતીએ શબ્દોચ્ચાર પણ થઇ શકતો નથી, માટે લાવ જરા જળપાન કરીને કંઠમાં તો શિતલતા કરૂં. (એમ કહીને જળપાન કરતાં કરતાં) અરેરે આ મા'રા અંગમાં નિવાસ કરેલા [3]નિર્લજ કામાગ્નીએ તો શિતળ જલના સમાયોગે પણ પોતાના પરાક્રમને પ્રબલ કરવામાં ભડકે ભડકા કરીને મા'રૂ [4]પુદ્ગળ તો ભસ્મ કરવા માંડયું. અરેરે મેં મુરખાએ વળી [5]મતિહિન થઇને જળપાન કર્યું. કેમકે,—

ગીતી છંદ.

[6]તપ્ત તેલના ગુણને, [7]પરહરવા જે ધરે [8]ઉદક ધારા;
તે [9]દીન [10]દગપંથે થૈ, [11]વન્હિ વિરહ કરી થાય ક્યાં ન્યારા.

---

૧૫ વેલો, ૧૬ પ્રિયા. ૧૭ વાયુનામાં સ્વાભાવિક એવોજ ગુણ રહેલો છે કે કોઇ વસ્તુ એક ઠેકાણે પડેલી હોય તેને ઉપાડીને અન્ય સ્થળે મુકી દે છે; માટે રાજા પણ વાયુને કહે છે કે તું મને અહીંથી ઉપાડીને મા'રી પ્રિયાની પાસેં લઇ જા. ૧૮ બીજે કોઇ પણ ઠેકાણે ન મળે એવું.

૧ આતુર. ૨ આનંદ. ૩ લાજવીનાનો. ૪ શરીર. ૫ બુદ્ધિવીનાનો ૬ તપી ગએલું તેલ. ૭ નાશ કરવા. ૮ જળ ૯ બુદ્ધિવિનાનો. (ગરીબ) ૧૦ નજરનો મારગ. ૧૧ અગ્ની.

અરેરે [1]નિદ્રાદેવીએ પણ મા'રા ઉપર અવકૃપા કરી હોય તેમ જણાય છે. કેમકે— **ગીતી છંદ.**

[2]શયન સમય પણ તોએ, [3]નયન નમે નહિં [4]નિમિષ આ મા'રાં;
તો [5]ઉત્કંઠિત અંગે, અનવધી સુખ શાં કરૂં પછી સારાં.

અરેરે તોપણ [6]પર્યંકમાં શયન કરવાથી કાંઇ મા'રા શરીરમાં સુખ શાન્તિનો સમાવેશ થાય ખરો. માટે લાવ જરા શયન તો કરી જોઉં. (પલંગમાં સુઇ રહેછે) અરેરે આ [7]હસ્તિદંતોપરી સુવર્ણ પત્રથી મઢેલા રત્ન જડીત્ર ચિત્ર વિચિત્ર પર્યંકમાં પણ [8]મદ્કુણ પડયા હોય તેમ મા'રા શરીરે ચટપટી થવા લાગી; તો હવે મા'રાથી આ પર્યંકમાં પણ શયન કેમ થઇ શકે. (ઉઠેછે) અરેરે.—

ગીતી છંદ

શયન [9]સાજતો સાલે, [10]દિર્ઘાપાંગા પ્રિયા વિના ભારે;
છેન [11]નતભ્રૂ નજરે,—[12]નિકેતને પર્યંક સુખ શું સારે.

અરેરે આ વિચાર ભુવનમાં તો મનોરથલબ્ધપ્રિય[13]સમાગમ સુખના સ્વાદિષ્ટ ભેદની ક્રિયામાં [14]યુગ્માનંદ પ્રાપ્તિથી સ્વલ્પ શાન્તિ પણ કોઇ પ્રકારે મિશોન્મિષમાં પણ પ્રાપ્ત થઇ નહીં, તો પછી આવા અફળ નિરસ દુસ્થાનમાં સ્થીતિ કરવી એ સત્પુરૂષોના પ્રૌઢ પરાક્રમને અનિમિત લક્ષણવંતા લેખેછે, માટે ચાલ હવે તો સત્વર જઇને કાશી પાર્શ્વના પદ્મવનમાં પ્રવેશ કરૂં. (પર્યંકમાંથી નીચે ઉતરી પરિક્રમણ કરતાં) અરે આ કાશીપાર્શ્વના પદ્મવનમાં *વાસવ શોભાને અતિશય શોભા આપનારી લલિત લતાઓ કરતાં અતિ સૌંદર્યતાને ધારણ કરનારી અને

---

૧ ઉંઘ, ૨ સુઇ રેહેવાનો. ૩ નેત્ર. ૪ નેત્ર ઢાંકીને ઉઘાડીએ એટલો વખત. ૫ આતુર થયેલો. ૬ પલંગ. ૭ હાથી દાંત. ૮ માંકણ. ૯ સામાન ૧૦ જેના નેત્ર પ્રાન્ત લાંબા એવી. ૧૧ કમાનદાર ભ્રકુટીવાળી. ૧૨ વિચાર ભવન. ૧૩ અંતઃકરણમાં ઇચ્છેલા વ્હાલા મનુષ્યનો સમાગમ થવાથી જે સુખ મળેછે તે. ૧૪ સ્ત્રી પુરૂષના યોગથી જે આનંદ પમાય છે તે.　　* વસંત રૂતુની શોભા.

મારા જેવા પ્રૌઢપરાક્રમી પુરૂષોના મનોરથરૂપી વૃક્ષને સફલ કરવાવાળી [2]લઘુકટી [3]દિવ્યા આ કાનનમાં કયા સ્થળને સ્થિતિ કરી ચરણ સ્પર્શ વડે પવિત્ર કરતી હશે. (દિશાઓ પ્રતિ ન્યાળીને જોતાં કોઇ દ્રષ્ટિગોચર થતું નથી એટલે) અરેરે પ્રિયા, આમ [4]ચેષ્ટારૂપી ક્રિડા કરવામાં તું તો તા'રી મેળે મગ્ન માને છે, પણ મને તો કોપાયમાન રૂપી તા'રૂ હૃદય લાગે છે; માટે સેવકજન ઉપર જરા તો શાન્તિ રાખ. આવું અફળમાન્ય મને દેવું એ યોગ્ય નથી. કેમકે,—

ગીતી છંદ.

સેવકજન સન્માને, [5]સંતુષ્ટ નહીં—સ્વકાર્ય સિદ્ધસારાં;
તો રાજી બહુ રે'તા,—સુદર્શના તું સુદર્શ દે તા'રાં.

(એટલામાં વિચાર ભવનને જોડાએલા મણિ સ્થંભને જોતાં ઉર્વશી છે એમ જાણીને) અયે પ્રિયા! તા'રો સમાગમ કરવામાં તો મ્હેં મા'રા શરીરની સંભાવના કરી નહીં જેથી તેં મા'રા ઉપર પરિપૂર્ણ કૃપા કરી; પણ અદ્યાપી સુધી મા'રાથી [7]બહિર્મુખ રેહેવું એ તને છાજે નહીં; તોપણ હે કૃષોદરી! મા'રા મનોરથરૂપી વૃક્ષને સફળ કરવામાં તું અતિશ્રમિત થઇ હોઇશ. માટે આવ પ્રિયા પ્રથમ તો તને ભેટું. (સહર્ષ મણિસ્થંભને ભેટતાં)

ગીતી છંદ

[1]જય જય! પ્રેમી પ્રિયા તેં, કર્યો કૃતાર્થ દાસ દેહ મા'રો;
તેમ ત્રિયા તેં આજે, પાપ પ્રલય કરી દેહને તાર્યો.

(આલિંગન કરતાં જડ પદાર્થ છે એમ જાણીને) અરે પ્રિયા! આ તા'રાં લક્ષણવંતીનાં સુલક્ષણ કહેવાય કે? જે તું તા'રા પ્રભાવે જડ પદાર્થની પ્રાપ્તીને પહોંચી! (બીજા મણિસ્થંભે દ્રષ્ટિ જતાં સ્વગત) અરે એણે તો મા'રા પ્રેમની પરિક્ષા કરવા સારૂં મને વૃક્ષે વળગાડયો; પણ

---

૨ જેની કટી (કમર) ઘણીજ પાતળી છે એવી. ૩ દેવાંગના. ૪ મશ્કરી. ૫ પ્રસન્ન. ૬ જેનાં દર્શન ઘણાંજ સારાં છે એવી. ૭ એક બીજાથી જુદાઇ રાખવી તે. ૧ "જયજય ઇતિ આનંદે"

પ્રિયા તો આ ઉભી રહેલી જણાય. (ન્યાળી જોઇને તેને પણ વળગેછે.) અરે પ્રિયા! જો સાંભળ,—

ગીતી છંદ

તું જ્યારે જય શબ્દે, સંતત રાજી રહે નહીં ધારો;
પણ,—હું અપરાધી ન તા'રો [૨]રંભોરૂ કોપ છોડ તું તા'રો.

(આલિંગન કરતાં છુટો પડીને) અરેરે આ પણ વૃક્ષજ છે; ત્યારે શું એ મા'રા ચર્મચક્ષુને દિવ્ય સ્વરૂપે દર્શન નહીંજ દેવાની! (નીરાશ થઇને) અરેરે આતે સ્વપ્ન કે સત્ય! (જરા વિચારીને) નહીં નહીં, તદ્દત્ કંદર્પવર્ધિની સુકુમળ પ્રતિમા દ્રષ્ટીગોચર થઇને સ્વપ્ન શું. (વળી સ્થંભનું પ્રતિબિંબ જોવાથી ઢીંચણીએ બેશીને) અરેરે ચારૂ વાક્-કમલાક્ષી, શું તું મા'રૂં હૃદય ચોરીને ચાલી જાય છે; પ્રિયે! મ'ને શું તા'રાથી [૩]વિરક્ત દીઠો, તેથી તું અદર્શ થાયછે, નહીં નહીં તા'રાથી હું કદાપી કાળે વિરક્ત થવાનો નથી, અને કમલ નયને! તા'રા વચન પ્રમાણે હું [૪]કાર્પાસના અપક્વ તંતુએ બંધાએલો રહીશ. માટે પ્રિયા, તું અદૃષ્ય થામાં.અરે તારા કમલપત્રરૂપી કુમલ [૧]વાક્ચક્રમાં જે [૨]અંબુરૂપી પરસ્વેદ બિંદુ તારા રૂપે ચળકેછે, તે હું તૃપ્ત થાઊં ત્યાંસુધી અધર હોષ્ટામૃતની સાથે પાન કરાવ. (એમ કહી ઉઠેછે) પણ પ્રિયા હું તને ભેટવા આવ્યો. એટલામાં—(વળી પાછું કોઇ નથી એમ જાણી) અરેરે પ્રિયા! પાછી કયાં ગઇ. અરેરે,—

ગીતી છંદ.

ફેરા ફોગટ શાને, હે! નિર્દયણી ખવરાવે શાથી;
મદભર મદને મળતી, મુજ કાયાને વિશે રહે આથી.
મદિરાક્ષી તું મૃગાક્ષી, મદનો ભોગી ફરે પુંઠા પાસે;
કોકીલ કંઠી મળવા, મમચિત્ત દોડે અધિક ઉલ્લાસે.

---

૨ જેની કેળના સ્થંભ જેવી ઝંઘાછે એવી. ૩ જુદાઇથી. ૪ કાચા સુતરનાં તાંતણો. ૧ ગાલ. ૨ જળ.

[ન્યાળી જોઇને] ખરે આતો અદર્શજ થઇ. અરેરે હવે તે હું શું કરૂં. આ વિસ્તિર્ણ વનમાં એને હું ક્યાં શોધું. અરેરે એતો એની મેળે અદર્શ ક્રિયાના છંદમાં પડીને સુખ શાન્તિ માને છે, પણ મા'રૂં અધિરૂં હૃદય ધીરજ ધરવાને કહ્યું કરતું નથી. માટે ચાલ હવેતો શોધીને વજ્ર લેપ સમ થઇ પડું. કેમકે;—

ગીતી છંદ.

એકવાર નીરાશે, ઉદાશ ના થવું ઉમેદવારોને;
યત્ન ફરીથી કરતાં, ગયું સુખ તે મળે [૩]કુમારોને.

અરેરે પ્રિયા! આમ હાંશી રૂપી ક્રિડા કરવાથી તને શું સુખપ્રદ પ્રાપ્તિ સંભવે છે! કે જેથી તું આમ [૪]દર્શાદર્શ રહે છે. [ઘણી વાર સુધી નથી જોવામાં આવતી એટલે] ઉર્વશી અહીં હશે. ઉર્વશી પણે હશે. (એમ કહેતો ખુણા ખોચરા શોધતો ફરે છે.)

વિદૂષક—(નેપથ્યમાં) અરે આજે મા'રો પ્રિય મિત્ર ધર્માસન ઉપરથી ઉઠીને ક્યાં ગયો હશે વારૂં; લાવ તેનો શોધ કાઢીને જોડીયો થવા જાઉંતો ખરો. (આગળ આવતાં) અહો! આજે તો મહારાજા વિચાર ભુવનમાં પધાર્યા છેને શું! પણ પેલા ઠાંણીઆએ કહ્યું છે ત્યારનો ચિત્તભ્રમ વાયુ પેદા થયો હશે, તેથી બંદા વિચાર ભુવનમાં પધાર્યા હશે. (પ્રવેશ કરતાં રાજાને ખુણામાં ભટકાતો જોઇને સ્વગત) વાહવા! ભાઇની શું ભવાઇ ચાલી રહી છે! (પ્રખ્યાત) મહારાજ માથું ફુટશે! ત્યાંતો કોઈ નથી આમ આવો! ઠાલા ચુના ગચ્છિએ માથું શીદને ફોડોછો.!?

ડાંગવ—(ઉર્વશી બોલે છે એમ જાણીને) અહો પ્યારી ઉર્વશી!!

વિદૂષક—(હસ્તા મુખથી) મહારાજ આતો પ્યારો ઉરવશો છે! કેમ કાંઇ આજે વળી ચિત્ત ભ્રમ વાયુબાયુ પેદા થયો છે કે શું?

ડાંગવ—(સ્મૃતિ આવવાથી વિદુષકને જોઇ ભુરાંટો પડીને) મિત્ર વિદુષક!

વિદૂષક—હા શોકડો તો ખરો! પણ મહારાજ ગુપ્ત કેમ કરોછો.

---

૩ વિદ્યાર્થિઓને. ૪ દેખાતું અને ન દેખાતું તે.

ડાંગવ—મિત્ર ! મા'રા હ્રદયની કોઈ પણ વાત તાં'રાથી ગુપ્ત છે, જે આજે પણ હોય. પણ વયસ્ય ! અવણ્યાં હું આ કયા સ્થાનમાં સ્થિતિ કરીને બેઠો છું. અને મા'રૂં રંગભોગસ્થાન ક્યાં હશે વારૂં. (સ્વગત) જોઉં તો ખરો જે ઉર્વશી રંગભોગસ્થાનમાં તો જઇ પહોંચી નથી.

વિદૂષક—(મશ્કરીમાં) મહારાજ, ત્યારેતો મને સર્વ વૃત્તાન્ત સમજાવો એટલે હું આ રમણિય સ્થાનમાં રંગભોગસ્થાનનું શોધન કરી લાવું.

ડાંગવ—(શુદ્ધિમાં આવીને) અરે શું આ મા'રે ઊદાશી થવાના પ્રયોજનથી તું છેકજ અજ્ઞાત છે ? જે હું તને યથાર્થ સ્મરણ કરાવી આપીને શોક સાગરમાં નિમગ્ન થાઉં.

વિદૂષક—હાં હવે સમજ્યો. આ વિચાર ભવનમાં ઉર્વશી તરફના પ્રેમ સાગરમાં મોહ વમળથી ડુબાઇને લથડીઆં ખાતા તણાતા જતા હશો. કેમ મહારાજ ?

ડાંગવ—(બરોબર સ્મૃતિમાં લાવીને) અરે રે મિત્ર જો સાંભળ.—

ગીતી છંદ.

છે વનમાં વનિતા તે, શ્રવણ થયું જ્યાં [1]સ્મરે [2]શરો માર્યાં;
તે પીડા પરહરતાં, [3]મૃગ તૃષ્ણા સમ કાજ મ્હેં સાર્યાં.

વિદૂષક—વાહવા! મનમાં પરણ્યાને મનમાં રાંડયા તે આનું નામ. પણ મહારાજ, ત્યારે મૃગતૃષ્ણારસાભિલાશી ચાતકની પેઠે દિવ્ય રસાભિલાશી મનુજ્જોની ગણતીમાં તો આપજ ગણાયા છો કે શું ?

ડાંગવ—મિત્ર! મા'રે આજે ક્રિયાલોપી કાળ થઇ પડયો છે, માટે આ સમય તારે મારી ચેષ્ટાચારી કરવાનો નથી. કેમકે,—

ગીતી છંદ.

સ્નિગ્ધ સ્નેહના [4]સરમાં, દર્શાદર્શથી દગ્ધ દેહ જ્યારે;
શાન્ત થયો નહીં ત્યારે, નેષ્ટ ક્રિયાહિન કાળ છે મા'રે.

---

૧ કામદેવે. ૨ બાણો. (પંચ બાણ) ૩ મૃગ જેમ ઝાંઝવાનું જળ ખરૂં જાણીને દોડે છે તેમ. ૪ શરોવર.

વિદૂષક—મહારાજ, ત્યારે તો મને લાગે છે, કે આપ નક્કી ઉર્વશીની નજરે પડી ચુક્યા છો.

ડાંગવ—અરે રે મિત્ર! એતો હું કાશીપાર્શ્વના પદ્મ વનમાં મનોરથ લબ્ધ પ્રિય સમાગમ સુખની આનંદ લહરીમાં મઝા મારતો શાન્તિને શર્ણે પહોંચ્યા વીના પાછો પડયો. કેમકે,—

ગીતી છંદ.

[૫]ઉરૂવશી [૬]ઉર વસતાં, ×કાનનમાં મેં નિહાળીતી આજે;
પણ પ્રેમી [૭]પરહરતાં, ભ્રાન્તિ રહી નહીં શાન્તિના સાજે.

વિદૂષક—મહારાજ, એતો આપને પ્રિયસમાગમની સંભાવનાથી મનમાં સંકલ્પ વિકલ્પ થયા હશે.

ડાંગવ—નહીં નહીં મિત્ર! સંકલ્પ વિકલ્પ શું; એ તો મેં પરિપૂર્ણ મનસા નિશ્ચય કરી જોયો.

વિદૂષક—મહારાજ, એમ હોય ત્યારે તો હવે આપને દુર્લભ દયિતાનો ચીરકાળ સમાગમ થવો તે પણ મને દુર્લભ લાગતો નથી.

ડાંગવ—અરે રે મિત્ર, તેમ થવાથીજ મને સુખ શાન્તિ છે. કેમકે,—

ગીતી છંદ.

દયિતા દુર્લભ લાધી,—લક્ષવસા ક્યાં લવાય છે પાછી;
સુખ શાન્તિ નવ સારે, ભારે ભવમાં વિદગ્ધ છું આથી.

વિદૂષક—અહો મહારાજ, હવે આપ વધારે ચિંતાતુર થશો માં. કેમકે થોડા સમયમાં પ્રિય વસ્તુ પ્રાપ્ત કરવાને કામદેવ પોતેજ આપને સહાય થશે.

ડાંગવ—ભવતુ, મિત્ર; તા'રૂં બ્રાહ્મણનું વચન મને શ્રેયસ્કર થઈ પડશે. માટે તે હું માથે ચ'ડાવું છું. પણ મિત્ર, અવણાં આપણે ક્યાં જઇને સ્થિતિ કરીએ તો સુખ શાન્તિ થાય વારૂં?

વિદૂષક—અહો મહારાજ, આપ કાશી પાર્શ્વના પદ્મ વનમાં ચાલો; ત્યાં આપની સુખ ને શાન્તિ, બેય *બરોબર થશે.

---

૫ જંઘામાં વાસ કરનારી. ૬ હૃદયમાં વાસ કરતાં. ×વન. ૭ છોડી દેતાં.
*વિદૂષકના ઉંડા ભેદનો ભાવાર્થ આગળ જણુવામાં આવશે.

ડાંગવ—વાહવા, મિત્ર! ચાલ ત્યારે, તું મ'ને કાશી પાર્શ્વના પદ્મવનમાં લઈ જા.

વિદૂષક—હા ચાલો ત્યારે. હું આપને બીરાજવાના પવનાશ્વને દોરી લાવું.

ડાંગવ—અહો મિત્ર! ઠીક યુક્તિ શોધી કાઢી. જા જઈને તેમ કર, એટલે સત્વર ત્યાં જઈ પહોંચીએ.

નિતિકૌશલ્ય—[પ્રવેશ કરીને] જય જય મહારાજા, અભિવંદન કરૂં છું.

ડાંગવ—પૂર્ણ આશીષ. નિતિકૌશલ્ય, બીરાજો.

નિતિકૌશલ્ય—(બેઠા પછી) અહો મહારાજા, હવે આપના સર્વે સામંતોને શી આજ્ઞા છે?

ડાંગવ—(પૂર્વ વૃતાંત સ્મરણ થવાથી) કેમ સૈન્ય તૈયાર થયું છે?

નિતિકૌશલ્ય—હાજી. [1]ચંદ્રવ્યુહાદિ યોજના કરવામાં પણ યુદ્ધકૌશલ્યજી પરવારી રહ્યા છે.

ડાંગવ—વારૂં, ત્યારે કેટલો સમય થયો હશે?

નિતિકૌશલ્ય—માત્ર સૂર્યાસ્ત થવામાં [2]માર્તન્ડ મંડળનું ભ્રમણ ચાર ઘટિકા ન્યૂન રહ્યું હોય તેમ જણાય છે.

ડાંગવ—ત્યારે તો શિતળ સમય થયો ખરો.

વિદૂષક—મહારાજ, કામ તો એવું ધારીને બેઠાછો કે થોડા વખત પછી ચંદન ગારા જેવા ઠંડા થઇ જવાના છો. (પ્રતાપસિંહ પ્રવેશ કરેછે એટલે) પણ જુવો મહારાજ! આ એક વિચારમાં વધારો કરનારા અને બળતામાં ઘી હોમનારા પણ આવી પહોંચ્યા.

પ્રતાપસીંહ—વિદૂષક! તું મા'રી પાછળ શ્રાવણ માસની પ્રવર્તિથી આશિર્વાદ બદલે ખતરવટ થઈને લાગ્યોછે. પણ વિચારીને બોલજે મૂઢ. (એમ કહી રાજા પાસે બેસેછે.)

વિદૂષક—તમે આ વિચારભુવનમાં પધાર્યાછો તે કાંઇ મારૂં વિચારશો કે નહીં? [3]શ્રાવણીના દિવસે રક્ષાબંધન કર્યું હતું, તેણે તો આપની આજે રક્ષા કરી. અને વળી [4]સુવર્ણ મુદ્રાઓ સંભાળશો એટલે

---

૧ સૈન્ય ગોઠવવામાં જુદા જુદા પ્રકારની યોજના કરવી ઘટે છે તે.
૨ સૂર્ય. ૩ બળેવ. ૪ સોનાની મ્હોરો.

એની મેળે આપને ત્યાં સામટા આશિર્વાદના પોટલે પોટલા આ-
વીને પછાડી દેઇશા તો કેમ રાજી થશો ના?

ડાંગવ—(પ્રતાપસિંહ પ્રતિ દ્રષ્ટિ જતાં) અહો પ્રિય મિત્ર પ્રતાપસિંહ!

પ્રતાપસિંહ—હા પ્રિય મિત્ર! પણ આજે કેમ કાંઇ ઉંડા વિચારમાં
ઊતરી પડયાછો? જે દ્રષ્ટિ પણ થઈ શકતી નથી.

વિદૂષક—એતો આપના પ્રિયમિત્ર સ્વર્ગશિરોમણી ઉર્વશી પ્રતિમા ગૃહણ
કરવાના ઉત્સાહમાં ઘેલા બની ગયા છે!

પ્રતાપસિંહ—(આશ્ચર્ય પામીને) હેં! હેં! સેના સાથે સાંજ્જવું નિર્ધા-
ર્યું છે કે શું!

વિદૂષક—જો જો, પ્રતાપસિંહજી; સ્વર્ગે જવું ના સમજતા હો! એતો
આપણા કાશીપાર્શ્વના પદ્મવનમાં જવું ધારે છે.

પ્રતાપસિંહ—અરે મુરખ! એ વાત મા'રા સાંભળવામાં તો યથાસ્થિત
આવી છે, માટે હું તો નિશ્ચય કરીને કહુંછું, કે જો તેમ થયું તો
સદ્યઃસ્વર્ગે પહોંચવા જેવુંજ થઇ પડવાનું!

ડાંગવ—અરે મિત્ર પ્રતાપસિંહ! આવું એકાએક મતિહિન ભાષણ કર-
વાનું પ્રયોજન શું છે?

પ્રતાપસિંહ—મિત્ર! સત્ય હિતોપદેશાર્થે આમ રૌદ્રરસના ગ્રાહી થવું એ
યોગ્ય નથી; કેમકે હું મારી મિત્ર મમતાનું અહંમમત્વ દર્શાવીને
પ્રિયમિત્રથી વલાઇ ગએલા દુર્ગુણરૂપી [1]વટવૃક્ષના ફુટતા અંકુરોને
ક્ષાર સમુદ્રનું જળ શોષણ કરાવીને ભસ્મ કરવા ધારૂંછું. માટે મિત્ર,
એવા દુઃખદાઇ કાર્યમાં પ્રથમતો દિર્ઘ દ્રષ્ટિના વિચારમાંજ નિમગ્ન
થવા જેવું છે.

વિદૂષક—અરે પ્રતાપસિંહજી! પોતેજ વિચારી જુઓને, આ વિચાર ભુ-
વનમાંથી લાંબી નજર એજે ક્યાંઈ પહોંચે એમ છે? જે તમે એમ
કહોછો, માટે તમારૂં કહેવું મનેજ બરોબર લાગતું નથી, તો પછી
મહારાજને ક્યાંથી પસંદ પડે.

---

[1] વડનું ઝાડ.

ડાંગવ—નહીં નહીં મિત્ર, હું રૌદ્રરસનો ગ્રાહી થતો નથી; પરંતુ ત્રૈલોકમાં એના સ્વરૂપની સમાનતા કરી શકનાર કોઈ પણ દ્રષ્ટિ ગોચર થાય એમ નથી.

વિદૂષક—મહારાજ, આપનું પણ આ બોલવું તો મને ઘણુંજ આશ્ચર્યકારક લાગે છે; ઉર્વશીના રૂપની બીજા કોઇનાથી બરોબરી કરી શકાય નહીં, એમાં તે તમે એના રૂપનાં એટલાં બધાં શાં વખાણ કર્યાં! જુઓને મારા રૂપની પણ બરોબરી કોઇનાથીએ થાય એમ નથી.

પ્રતાપસિંહ—મુરખ! આ સમય વક્રગતિમાં વર્તાય છે, તે શું જોતો નથી? માટે ચેષ્ટાચારી કરવાનો ચાલ હાલમાં તા'રો રહેવા દે!

ડાંગવ—અરે મિત્ર! એવી અલૌકિક પ્રતિમાના મોહમાં નિમગ્ન થઇ પોતાનું હૃદય આપવાને [૨]આલ્હાદ પામવામાં દિર્ઘ દ્રષ્ટિએ શું વિચારવા યોગ્ય છે, જે વૃથા વિચારમાં [૩]લક્ષેપ કરી પ્રમાદને પાત્ર થવું જોઈએ.

પ્રતાપસિંહ— લાવણી.

"મુઝે છોડ ચલા બનઝારા" એ રાગ.

અયે મિત્ર વિચારતું મારા, નર્ક કુંડે જવાના એ ધારા. અયે મિત્ર૦
પરદારા વારાંગના વ્હાલી, કર્યા થકી છે નિંદા નિરાળીરે;
ધન્ય! ધિક્કાર ધર્મ તમારા, નર્ક કુંડે જવાના એ ધારા. અયે મિત્ર૦
છેજી ઉત્તમ ધર્મ તમારો, આવું અહિત કર્મ શું ધારોરે;
મર્મ જાણ્યા મેં સર્વ તમારા, નર્ક કુંડે જવાના એ ધારા. અયે મિત્ર૦
દૈવી દેવી સ્વરૂપ સુહાવે, નિતિ પ્રિતીનું પૂર કહાવેરે;
વ્યંગે વિરક્ત શું વસનારા, નર્ક કુંડે જવાના એ ધારા. અયે મિત્ર૦
એવી અપ્સરા દેવને છાજે, રંક હાથે ન રત્ન બીરાજેરે;
ધારા ખંડિત ચક્રની તારા, નર્ક કુંડે જવાના એ ધારા. અયે મિત્ર૦
ક્ષિણે પુન્યે મૃત્યુમાં વહે છે, કે કાંઇ શાપે-કારણે કહેછેરે;

---

૨ આનંદ. ૩ વખત ગાળી નાંખવો.

કરી ધરણીમાં જાયે ધુતારા, નર્ક કુંડે જવાના એ ધારા. અયે મિત્ર૦
નહીંતો અપ્સરા થોડી શું થાએ, સૂર્યોદયે સ્વરૂપ કયાં જાએરે;
કાંમા કલંકીના એ કુટારા, નર્ક કુંડે જવાના એ ધારા. અયે મિત્ર૦
મારો મર્મ જે મિત્ર વિચારો, ધારો ધર્મ ન મારોતો ધારોરે;
સુખ શાન્તિના સાંધો સુધારા, નર્ક કુંડે જવાના એ ધારા. અયે મિત્ર૦
નાશકારક થોડી એ થાશે, અંતે રાજનાં કાજ લુંટાશેરે;
ભમે ભમિત શું ભમનારા, નર્ક કુંડે જવાના એ ધારા. અયે મિત્ર૦
જ્ઞાન દ્રષ્ટિએ મિત્ર વિચારી, કરો કર્મ એ કૂડુ વિકારીરે;
અંતે અકાળે યમ પડનારા, નર્ક કુંડે જવાના એ ધારા. અયે મિત્ર૦

ઢાંગવ—અરે મિત્ર, આપનું કેહેવું સર્વથા પ્રકારે શ્રેષ્ટ છે, તોપણ મારાથી હવે એ પ્રિયાનો પરિત્યાગ થાય તેમ છેજ નહીં કેમકે,—

॥ शार्दूलविक्रीडित वृतम् ॥

लीनेवप्रतिबिम्बितेवलिखिते, वोत्कीर्णरूपेवच;
प्रत्युप्तेवचवज्रलेपघटिते, वान्तर्निखातेवच ॥
सानश्चेतसिकीलितेवविशिखै, श्चेतोभुवःपंचभि;
श्चिन्तासन्ततितन्तुजालनिबिड, स्यूतेवलग्नाप्रिया ॥

અર્થ—તે મારી પ્રિયા જાણે મારા હ્રદયમાં લીન થઇ ગઈ ન હોય, અરે જાણે તેમાં તેનું પ્રતિબિમ્બ પડી ન રહ્યું હોય, અરે જાણે તે ચીતરી કાઢેલી ન હોય, અરે જાણે તેનું શરીર મારા હ્રદયમાં કોતરી કાઢયું ન હોય, અરે જાણે જડી દીધેલી ન હોય, અથવા તો જાણે વજ્રના લેપથી સજડ ચોટાડી દીધેલી ન હોય; કે જાણે અંદર મૂંગીઆં નાખીનેજ બેઠી ન હોય, કે જાણે કામદેવના પાંચબાણ વડે મારા મનમાં જાણે તેને ખીલેવતી ઠોકીને રાખેલી ન હોય, અથવા તો જાણે પરંપરા ચિન્તાના સૂત્ર સમુહથી જાણે તેને શીવી લીધેલી ન હોય; તેમ તે મારા હ્રદયની સાથે લાગી રહેલી છે. માટે પ્રિયમિત્ર, આપનું કહેવું યથાર્થ છે; તોપણ આ સમય તે વૃથા જાય તેમ છે, માટે એ વિષયમાં લક્ષ રાખીને કિંચિત પણ મને કહેવા યોગ્ય છેજ નહીં!

પ્રતાપસિંહ—અયે અમિત ચિત્ત ભ્રાતા, આમ અકથ્ય સાહસ વાક્યો કથન કરવામાં કાંઇક તો વિચાર કરો! આપ ન્યાય નિપુણ શાસ્ત્ર સંપન્ન એવા અકૃત્ય કૃત્યોરૂપી શત્રુનો ઉપયોગ કરોછો, પરંતુ એનું પરિણામ આપને સારૂં થવાનું નથી! માટે આપનું હૃદય નિર્મળ કરીને વિચાર કરો, ભુમિ કેવી છે! અને તેમાંથી કેવા ફળની આશા રાખો છો? કદાચિત્ વિષ અમૃત રૂપ દેખાતું હોય, તોપણ તેમાંથી મોતનું કારણ થઇ પડે છે! આપનાં બાહ્ય નેત્રતો કામથી અંધ થઇ ગએલાં છે; પણ ભ્રાતા, હૃદય ચક્ષુઓ ઉઘાડીને દ્રષ્ટી કરો!

શ્લોક

अनिष्टादिष्टलाभेऽपि । नगतिर्जायतेशुभा ॥

यत्रास्तेविषसंसर्गो । ऽमृतंतदपिमृत्यवे ॥

ખોટામાંથી સારૂં ફળ મળે તોપણ તે પરિણામે સારૂં નથી રહેતું; જેમાં વિષ મળેલું છે એવું અમૃત પણ મોતનું કારણ થાય છે. એટલે ઉપરથી અમૃતરૂપ જણાય છે, પણ વાસ્તવિક વિચારતાં તે વિષજ છે. માટે આપ આપના ધ્યાન, ધર્મ, જપ અને દાનાદિ ક્રિયાઓમાં કુછંદનો પરિત્યાગ કરીને નિર્મળ મને પ્રવર્તયાઓ.

ડાંગવ—(મદાંધ સ્વરૂપે) અરે મિત્ર, તું આ દેવાંગનાના મોહને કુછંદ કહી મારા અપૂર્વ સુખને ખંડન કરવામાં વિષોદક વૃષ્ટિ વરસાવે છે, પણ આ તારા કપટી સ્વરૂપના અંતઃકરણનો અંતર્ભેદ સર્વે જાણુછું! માટે હવે કાંઇ વધારે બોલવાની જરૂર નથી! આ સમય તું મારો હિતશત્રુ થઇને અવિચારી મનુજોની ગતીને પામે છે, પરંતું આ તારા પ્રપંચી બાષણથી મારૂં હૃદય કદાપિ કાળે કહ્યું કરવાનું નથી!

પ્રતાપસિંહ—અયે કામાંધ પુરૂષ, પુર્વાપર વિચાર કર! જે તારા અંતઃકરણમાં એક પણ દુષ્ટ સંકલ્પે આજ સુધી પ્રવેશ કર્યો નથી, તો તું કાશીપુરીનો મહાન્ પવિત્ર રાજા કહેવાયો; અને તારી પ-

વિત્રતાના પૂર્ણ પ્રભાવથીજ પરમ કૃપાળુ જગત્ પુજ્ય પિતા શ્રીકૃષ્ણ ભગવાને પણ તારા ઉપર પરિપૂર્ણ કૃપાદ્રષ્ટિ કરી પોતાના ચતુર્ભુજ પ્રસરાવીને છાયા કરેલી છે. તે તારાં હૃદય ચક્ષુષ્ ઊઘાડીને દ્રષ્ટિ કરીજો.! પણ હવે હું નિશ્ચય કરીને કહુંછું કે તેં તારી નિર્મળ મતિને અત્યંત મલિન કરતાં મનસા દુષ્ટ કૃત્ય કરવાના સંકલ્પરૂપી કર્મ બાંધ્યું, તો તું હવે સદ્યઃ એ પ્રભુની પણ અવકૃપાને પાત્ર થઇ પડયોછું. એમાં કાંઇ સંશય નથી! અને તું આ શુન્યવિચારી થઇને શાસ્ત્રનિંદિત્ અયોગ્ય કાર્ય કરેછે, તો તે ઉપરથી આ સમય જે હું તારૂં ભવિષ્ય ભાખુછું તે તું નિશ્ચય સમજી તારા હૃદયની સાથે નિરંતર સ્મરણ કરી રાખજે. અરે તું જ્યારે કુબુદ્ધિના કુંડમાં લથડીઆં ખાતો મોહ વમલમાં ભરાઇ પડયાથી પોતાની મેળે સ્વહસ્તેજ પવિત્રતાનો નાશ કરીને નર્કદ્વાર ઉઘાડવાનો પ્રયત્ન કરેછે, ત્યારે તારૂં સર્વસ્વનાશ થવા બેઠું છે; એમ સમજાુછું ! અરે એટલુંજ નહિં પણ તારા દુષ્ટ કૃત્યને ઉદ્દેષિને આ મારાં હિતકર વચનોને હિતશત્રુ ગણી કાઢીને વિપ્રિત વિચાર ગ્રહણ કરેછે, તો તે પરથી દૈવની કોઇ અન્ય ઇચ્છા મને દ્રષ્ટિગોચર થાય છે; અને કોઇ મોટી આપત્તિ આ કાશીપુરીપર પડવાની હોય તેમ જણાય છે! અથવા તો આ તારૂં અખિલરાજ પાયમાલ થવાનું છો! એ વિના આવો કુતર્ક આપના પવિત્ર અંતઃકરણમાં કદાપિ વાસ કરે નહી.

ડાંગવ—(એવાં વાકયો શ્રવણ કરવાથી ક્રોધાતુર થઇને) અરે પ્રતાપસિંહ! તું હવે વધારે ન બોલ, કેમકે તારા કાપટય ભાષણથી મારા કર્ણ અપવિત્ર થાય છે; અરે એટલુંજ નહીં પણ આ તારી [1]વિષવલ્લરીમાંથી ઝરતા [2]વિષોદકના છાંટા મારા અંગમાં પ્રવેશ કરતાં હૃદયને સ્પર્શ કરે છે, અને મારૂં હૃદય તારા વિષરૂપી વચનથી બેદાઇને ભસ્મ થાય છે; માટે તું તારા સ્થાન પ્રતિ ચાલ્યો જા, ન-

૧ ઝેરની વેલી રૂપી જીભ. ૨ ઝેરના પાણી જેવાં કડવાં વચન.

હીંતો તારી ઘાત થઇ જશે ! (એ સાંભળી પ્રતાપ ઉભો થાયછે એટલે) અને અરે એ કલીસ્વરૂપ ! જ્યારે મારે આપત્સમય આવી પડે, ત્યારે તું મને સહાયતા કરવા આવીશ નહીં!!

પ્રતાપસિંહ—અયે મોહાંધ મહિપતી ! અદ્યાપિ સુધી નિષ્કપટથી પોતાના શરીરનું કિંચિત્ પણ રક્ષણ નહીં કરતાં અવસાન સમયારંભ પ્રાપ્ત થવાના સમયમાં પણ તારાં શ્રેયસ્કર કાર્યો કરવામાં સંતત પ્રવર્ત રહેલો એવો આ એક કૃપાપાત્ર મિત્ર બંધુને હે દુરાચણિ ! માત્ર તારૂં શુભ ઇચ્છિને સદ્બોધ દેવામાં તું નીચબુદ્ધિથી શાસ્ત્ર નિંદિત્ પ્રપંચી કપટ સ્વરૂપી કામનીમાં લુબ્ધ થઇને નર્કદ્વાર નયનીના મોહપાશમાં બલાત્કારે બંધાઇને નિર્લજની પેઠે મારો તિરસ્કાર કરે છે, ને સ્વમુખથી મને કહે છે કે "તું તારા સ્થાન પ્રતિ ચાલ્યો જા" તો હું સત્વર આ તારો રત્નમહાલય છોડીને મારા સ્થાન પ્રતિ આલ્યો જાઉછું. અને હવે તું પણ તારા મન સાથે દ્રઢ નિશ્ચય કરજે કે રાજ્યાસને બેસવાને હું પણ નવમાતુલ શુદ્ધ રહ્યો નથી ! કેમકે તારા દુષ્ટ કૃત્યાચરણ કરવાના દુષ્ટ વિચારથી પદભ્રષ્ટતાને પાત્ર થઇ પડયોછું. અને હું પણ આ જન્માંતરે તને તારા દુર્ગુણનો મોટો પશ્ચાત્તાપ થયા શિવાય આ ભુમિનું પુનર્દશન હવે કદાપિ કાળે કરવાનો નથી, એ નિશ્ચય સમજજે ! (શાન્ત સ્વરૂપે.) વળી આ સમય શિક્ષાસ્વરૂપી વચનામૃત હવે હું તને છેલી વખત કહેતો જાઉંછું કે;—

છપય છંદ.

મોહાંધે મહિપાળ, *કાળ કરે નીજ કોટે;
શુણ બુદ્ધિહિન બાળ, ‡આળ ન હોય કસોટે;
નિશ્ચય નરપતિ નામ, ઠામ ખાલી તુજ થાશે;
પુર્વ જન્મનું પુન્ય, શુન્ય સમ સર્વ પલાશે
આ બોધ બધો તુજ વ્હાણ જશાં, બરદરીયામાં ભાગશે;
પણ યાદ રાખજે નરપતી, પસ્તાવો પૂરો થશે.

---

* કાળચક્ર. ‡ લોકાપવાદ.

(સત્યાર્થે સત્તાના આવેશમાં) હે નિર્વિવેકી વ્યભિચારી! આ જે તું દુર્ગુણરૂપી વટ્ વૃક્ષનું બીજ રોપે છે, તે અવધિ થવાથી જ્યારે એ બીજનો દુઃખદાઇ વૃક્ષ પરિપૂર્ણ મોટો થઇને તારા અંગ ઉપર પથરાઈ પડશે, ત્યારે તને આ જગતમાં કોઇને નથી થયો, એવો મોટો પશ્ચાત્તાપ અને દુઃખ ઉત્પન્ન થાશે. તે સમય તને મારા સદ્‌બોધનો સત્યાસત્ય ભાવાર્થ જાણવાનો પ્રસંગ આવી પડશે, એ પકકું યાદ રાખજે.

ડાંગવ—અરે દુષ્ટા શું તું મને નિર્વિવેકી અને વ્યભિચારી કહેછે? તો જો હવે હું તને ક્ષત્રિયવિર્ય વ્યભિચારીનું સામર્થ્ય બતાવું છું! (તલવાર તાણી પ્રતાપપ્રતિ ક્રોધાવેશમાં જાય છે, એટલે પ્રધાન તેનો હાથ પકડી સ્વસ્થાને બેસારતાં)

નિતિકૌશલ્ય—આશ્ચર્ય ! આશ્ચર્ય! મહારાજા !! આપના પવિત્ર અંતઃકરણે કદાપિ દયાનો ત્યાગ કર્યો નથી ને આ શું?

પ્રતાપસિંહ—અરે ભાઇ, એમાં આશ્ચર્ય શું! એતો ગુણના ભાઈ દોષ!! કહ્યુંછે કે,—

॥ शिखरिणी वृत्तम् ॥

गुणायंतेदोषाःसुजनवदनेदुर्जनमुखे—
गुणादोषायंते, नाहिभवतुतद्‌विस्मयपदं ॥
यथायंजमूतो, लवणजलधेप्राप्यसुभगं ।
फणीक्षीरंपित्वा, वमतिगरलंदुःसहतरं ॥

પણ ભવતુ; ચિન્તા નહિં મિત્ર, જેમ તારો ભાવી છે, તેમજ થયાં જાય છે (એમ કહી નીકળી જાતાં સ્વગત) અરે! કહ્યું છે કે,—"कामान्धोनैव पश्यति"એ વાક્યપર હું આજ સુધી વિશ્વાસ નહીં રાખતો,પણ આજે મને પ્રત્યક્ષ સ્પૃષ્ટ જણાઇ આવ્યું. (ખેદ પામતો ચાલ્યો જાયછે).

ડાંગવ—(સ્વગત) અરે ધિક્કાર છે મને! કે આવા કપટ જવાળથી ભરેલા નીચ પુરૂષને આજસુધી મેં પરિક્ષા કર્યા શિવાય નિષ્કપટી વિવેકી અને સદ્‌બુદ્ધિવાળો સન્મિત્ર જાણીને મારા હ્રદયની રહસ્ય વાર્તાઓ પ્રકાશ કરી આપી, પણ ચિંતા નહિં; કપટ સ્વરૂપના

વિષ વૃક્ષને આરંભેથીજ છેદી નાખ્યું છે, એ ઠીક થયું છે. આહા! કપટ બાજી રમનારા નિચ પુરૂષો પોતાની ચાતુર્યતા ચાળવીને ઉપરથી કેવો ડોળ દર્શાવી આપે છે, પણ એના હૃદયનું કપટ કળવાને હું ક્યાં ચાપલ્યતા ચાળવવામાં અપકચ્છું; તે અપૂર્વ સુખનો પોતેજ અભિલાશી થઇને મારા સ્વાદિષ્ટ સુખનો કિંચિત્ પણ લાભ લઇ જાય!

વિદુષક—(એ સાંભળી બોલ્યા વીના ન રહેવાયું તેથી) અરે મહારાજ, જ્યારે આપને એ મિત્રમણિ અમૃતરૂપી કલ્પવૃક્ષ પ્રસંગ પડે કડવું ઝેર જેવું થઇ પડયું, ત્યારે તમેજ હવે ખજુરના પિંડનો સ્વાદ મુકીને આંબલીના પિંડનો સ્વાદ શોધી લ્યો; એટલે એની મેળે ઠેકાણે આવશે! પણ પોતાના માથામાં ઠોકરો લાગ્યા શીવાય નક્કી થાશેજ નહીં મહારાજ!

ડાંગવ—(વિચાર કરીને) પ્રધાનો! આ સમય સત્વર જઇને હવે આપણે કાશીપાર્શ્વના પદ્મ વનમાં પ્રવેશ કરવો જોઇએ, કેમકે છંછેડાએલો વિષધર સાંણુસામાંથી છુટો પડી ચુકયો છે.

વિદુષક—ચિંતા નહીં. મહારાજ! આમ્રફળનો ત્યાગ કરીને આકડાના ફળને ગૃહણ કરવા બીજો કયો બુદ્ધિવાન્ શક્તિવાન્ થઇને પ્રવર્તે એવો છે!

ડાંગવ—યથાર્થ છે મિત્ર, ત્યારે હવે હું શિકારી વસ્ત્રાલંકાર ધારણ કરીને આવુંછું, પણ પ્રધાનો, યુક્તિ પુરસ્સર વન ઘેરી લેવામાં તમારે યથાસ્થિત લક્ષ રાખવાનું પ્રયોજન છે, કેમકે માત્ર મારા શિવાય કાશીપાર્શ્વના પદ્મવનમાં અન્ય કોઇ પણ પ્રવેશ કરી શકે નહીં, એવી યોજના કરવાનું મુખ્ય પ્રયોજન છે, માટે એ વિષયમાં તમારે સંપૂર્ણ લક્ષ રાખવો. (એમ કહીને ઉઠે છે.)

નિતિકૌશલ્ય—જેવી શ્રીમન્મહારાજાની આજ્ઞા.

વિદુષક—મહારાજ, મને કોઇ રોકી રાખે નહિં, એવી આજ્ઞા કરતા જાઓ.

ડાંગવ—વયસ્ય, તને કોણ રોકી રાખનાર છે. (એમ કહીને જાય છે.)

વિદૂષક—હેમ પ્રધાનજી પ્રતાપસિંહે તો પોતાનું સિંહત્વપણું ખરેખર દશાવ્યું; પણ તમે સપડાઇ ગયા છો હો! કેમકે વનમાં જઇને મુખાવલોકન સરખું એ ન રખાયું. ત્યારે પછી ઘરમાં તો ક્યાંથી-જ દેખવાના! પણ બંદાએ તો શ્રી મુખે માગી લીધું છે, પછી ગમે તેમ થાઓ, બીજા આવો કે જાઓ; પણ તમે રહી જશો એ મારા પેટમાં દુખે છે; માટે હજુ રજા લઇ લ્યો તો ઠીક.

નિતિકૌશલ્ય—વિદૂષક, તારે બધું એ ઠીક છે; જેવી વખત તેવી વાત.

વિદૂષક—જુવો પ્રધાનજી, અમે તો જીવતાના જાનૈયા, અને જેને માંડવે બેશીએ તેનાં ઘોળ ગાઇએ. પછી વર વરો કન્યા વરો, પણ પ્હેલું ગોરનું તરભાણું ભરો! પછી બીજી ત્રીજી વાત. પણ પ્રધાનજી, મહારાજાએ મોહ શત્રુનું સંરક્ષણ કર્યું છે, તેમાં તેમને પાછળ બહુ પસ્તાવું પડશે હો! અત્યારે તો ઉજળું એટલું દુધ દેખી રહ્યા છે, પણ આકડાના તુરંગી પેઠે ઉડી જઇને વઢ કંટકીના જાળામાં ભરાઇ પડવાના છે.

નિતિ કૌશલ્ય—ત્યારે "यद्भाव्ये तद्भविष्यति" એમાં કાંઈ પણ આપણાથી ફેરવી શકાય તેમ છે ભાઇ.

વિદૂષક—વાહ વા, ત્યારે તો પછી રાજ કાર્યમાં તમને ઠાલા આ માંચા ઉપર જમણી બાજુએ બેસારવાની એ શી જરૂર રહી; પણ પ્રધાનજી, ખરું પુછાવો તો આપ બાહાર તો સફાઇ સારી ચલવો છો; પણ મેં તો આજે બરોબર જોઈ લીધું, જે પણે છટાદાર ભાષણ કરનારો વાંકી મુછોવાળો કટાક્ષ કરતો બંકો ડાંગવ પધારે છે, એટલે અજા સિંહનો ન્યાય કરી બેસો છો.

નિતિકૌશલ્ય—એમ તે હોય મુરખ.

વિદૂષક—લ્યો ત્યારે ગમે તેમ હો! પણ પગારની ક્યારે કરશો ચીઠી, કે જેથી આ બધી વાતો થાય છે મીઠામાં મીઠી. (નોબત વાગી તે સાંભળીને) લ્યો હવે એ રહ્યું, પણ ચાલો મહારાજા તૈયાર થયા; માટે શાદૂળનો ડોકો તો ઝલાવું. (એમ કહી નાશી જાય છે, અને પડદો પડે છે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—કાશીપાર્શ્વનું પદ્મવન.

પાત્રજનો.

ઉર્વશી. (નાશ કારક ઘોડી.) અને ઘોડેસ્વાર થએલો રાજા.

ડાંગવ—(નાશ કારક ઘોડી કદંબ અને અશોક વૃક્ષના યુથ નીચે ઉભેલી છે, તેને જોઈ પવનાશ્વ એકદમ ધશી પડે છે, એટલે ઘોડી મહા વેગથી દોડે છે.) આહા હા! શું વેગવાળી તુરગી છે, અને તેનું કેવું તેજસ્વી સ્વરૂપ ભાસે છે; વાહ વા! મારા જેવોતો કોઇ ભાગ્યશાળી નથી, જે દીવસે આરોહણ કરવાને અવર્ણિય અશ્વની પ્રાપ્તથઇ, અને મનેચ્છા તૃપ્ત કરવાને ઉર્વશી અપ્સરા! આહા! કવિજનો મને ભૂલોકના ઇન્દ્રની ઉપમા આપે તો પણ યોગ્ય છે. (ઉંચું જોઇને) અરે પ્રિયા, આ શિતલ સમય છતાં પણ મારા અંગમાં અગ્નિએ વાસ કરવા માંડયો છે, માટે તું તારા તુરગી સ્વરૂપનો ત્યાગ કરીને મારા અંગની ઉષ્ણુતા નાશ કરવાવાળું સ્વરૂપ ધારણ કર. (સૂર્યાસ્ત થવાથી નાશ કારક ઘોડી સ્વરૂપે ઉર્વશી થાય છે, એટલે રાજા મોહ મુર્છામાં સ્તબ્ધ થયા પછી સાવધ થઇને) આહા હા!! શ્રી નારાયણ ઋષિને છળવાને માટે જે અપ્સરાઓ ગઈ હશે, તે તો આ ઉરૂમાંથી ઉત્પન્ન થએલી અપૂર્વ પ્રતિમા જોઈનેજ લજ્જા યુક્ત પ્રણિપ્રત્ય કરવા લાગી હશે. કેમકે,— છપય છંદ.

ઇન્દ્ર જુવે જો આંખ, માંખ થઇ મુખ પર બેસે;
ચન્દ્ર જુવે જો ચિન્હ, ભિન્ન ચિન્તામાં પસે;
બ્રહ્મા જાણે બાળ, દોડે પછવાડી દાંડી;
દેખે દુર્યોધન દેહ, દાખે અંગ ઉઘાડી;
ક્યાં વિક્રમ નૃપ ભૂપતી, શિવ સરખા સમર્થ છળે;

ગર્વિ જે રાવણ સમા, મ્હે ખડકી ન મળે બળે.

(સહર્ષે પાસે જઇને આલિંગન કરવા જાય છે, એટલે ઉર્વશી જરા આઘી ખશી જઇને.)

ઉર્વશી—અહો રાજન્! અનુચિત કર્મ કરવાને સત્વર માં થાઓ.

ડાંગવ—અહો કમલનયને! આ તારૂં દૈવી સ્વરૂપ માત્ર આ તારા સેવક જનને સંસાર સાગરમાં સુખ દેવાનેજ પ્રગટ થએલું સ્પષ્ટ જણાય છે. કેમકે,—

ગીતી છંદ.

શ્રવણ થયું જ્યાં દૈવી, દેવી સ્વરૂપી અરણ્યમાં આવી;
હૃદય કમલ કરમાયું, તેહ પ્રફુલ્લિત પ્રિયા! થયું ભાવી.

ઉર્વશી—(પ્યારનાં વચન પડવાથી સ્વગત) આહા! આ પણ ઇન્દ્ર સમાન બલિષ્ટ અને સુશોભિતજ છે; વળી પ્રેમાશક્ત પણે મદન દુ:ખથી એ જ્યારે મને આવી ગણે છે, ત્યારે તો મારે મારા સ્વરૂપની ઓલખાણ પાડી એના ચિત્તનું આકર્ષણ કરવું એજ મને ઉચિત્ લાગે છે. (પ્રખ્યાત) રાજન્ સાંભળીએ.— (પૂર્વ વૃત્તાન્ત સ્મરણ થવાથી ગદ્ ગદ્ કંઠે.)

પદ. રાગ ભરથરીનો. "જનુની જીવોરે ગોપીચંદની" એ રાગ.

નથીરે દેવી નથી દાનવી, નથી હું બ્રહ્માની નારજી;
હુંતોરે પ્રિયા છું ઇન્દ્રની, ઉરવશી અવતારજી. નથીરે દેવી૦

ડાંગવ—શારે કારણથી સુંદરી, ધોડી રૂપ થવાયજી;
સ્વર્ગનું સુખ શા કારણે, ઈન્દ્રાગારે મુકાયજી.
દુ:ખરે ભોગવતું શા કારણે.

ઉર્વશી—ધિક્ક સ્વદેહના રૂપને, ધિક્ક મનો વિકારજી;
ધિક્ક વૈરી અહંકારને, કર્યો નીચ વિચારજી.
દુ:ખરે ભોગવવું એ કારણે.

ડાંગવ—કેમ ધિક્કારો રામા રૂપને, વિપરીત કેમ વિચારજી;
શોક સાગરમાં શા કારણે, સ્વર્ગાવાસે પ્રસારજી. દુ:ખરે.

ઉર્વશી—કપટ રૂપીરે મારૂં કાળજું, અરે! થાયે અંગારજી;
ભુલીરે ભમેછે આ ભાગ્યની, માર્યો વચનો મારજી. દુઃખરે.
એક સમય ઋષી આવિયા, દુર્વાસા મુની રાયજી;
રૂપ દેહીનું મારૂં ક્યાં બળ્યું, અહંકાર જે થાયજી. દુઃખરે.
નિંદારે કરી મેં એ વિપ્રની, પામી પુરો ત્યાં શાપજી;
આરે પાપી પૂરી પ્રેમદા, નષ્ટ દેહુ નિપાતજી. દુઃખરે.
ડાંગવ—દુઃખરે પ્રિયા કેમ ભોગવે, થવા કાળ તે થાયજી;
ચાલોરે પ્રિયા મારા મ્હેલમાં, સ્વર્ગાવાસી થવાયજી. દુઃખરે.
ઉર્વશી—એશું ઉચ્ચારો! હોશે આપને, પ્રિયા પ્રાણુ આધારજી; (કે)
પ્રેમી પ્રિયાઓ લજ્જા હું ધરૂં, એવી હોશે બહુ નારજી. દુઃખરે
ડાંગવ—(સહર્ષે) ભિન્ન સ્વરૂપછે આપણું, અંતર એકનું એકજી;
આરે દેહે ત્યાગ નહીં કરૂં, રાખું એટલો ટેકજી.
લે તું વચન પ્યારી પ્રેમથી.
ઉર્વશી—હે પ્રેમી વદોછો આ પ્રેમથી, પૂરો પ્રેમનો પાશજી;
અન્ય પુરૂષો ઇચ્છા આચરે, ત્યારે પામશો ત્રાસજી. દુઃખરે.
ડાંગવ—મનેરે દીઠો શું તેં રંક તે, વિર્યવાન કો થાયજી;
આરે પુદ્ગળે અગ્નિ પાથરૂં, (જો)વચન મિથ્યા મુજ જાયજી. લેતું

(તેના હાથમાં વચન આપતાં હાથ ઝાલી ચુંબન કરીને આત્મગત)
આહાહા-આજે મારો* વિષયાવતાર સફલ થયો. (પ્રખ્યાત) અહો પ્રિયા! જો સાંભળ,— છપય છંદ.

ગ્રહણુ કર્યો તુજ હસ્ત, અન્યને હું નહીં આપુ;
ભેવા ધારે લક્ષ, બળ તેનું જઈ માપૂ;
મળ્યો પ્રિયા તુજ પ્યાર, ભાર ભવ ભાગ્યો જાણું;
સુખ સાગર સમ સૂખ, શોભતું નિત્ય પ્રમાણું;
હે પ્યારી તું પણ પ્રેમથી, નિયમ ધરીને પાળજે;
મનોરથ રૂપી વૃક્ષને, મ્હોર બતાવી ચાલજે.

---

* વિષયની ઉત્પત્તિ સફળ થઈ, અથવા વિષય એટલે આ વનમાં ઉતરવું સફળ થયું.

ઉર્વશી—પ્રાણનાથ! મારે હવે ત્રિભુવન પતી તે આપજ છો, માટે મારે મારી પ્રાર્થના કરવા દેવી એ મને કિંચિત્ પણ ઉચિત નથી. (એમ કહીને ગ્લાની પામેલી મુખમુદ્રા દર્શાવે છે.)

ડાંગવ—પ્રિયા! દીલગીર થા માં, કેમકે પૂર્વ પ્રમાણાકાર સુખ શાન્તિ સર્વેશ્વરની કૃપાથી તને સમીપ વર્તેછે. (જરા વિચારીને સ્વમત) આહાહા! શું પ્રેમસાગર પ્રતિમા અને શું એની અંતર્પ્રિતીછે!

ગીતી છંદ.

અંતર્પ્રિતિ પ્રિયાની, બાહ્ય સ્વરૂપ શોભાવતી રહેછે;
નિર્મળ આવી નારી, પ્રયાસથી પણ કવિ દુર્લભ કે' છે.

ઉર્વશી—(અન્યો અન્ય સુહ્રતેચ્છા થવાથી) અહો પ્રાણનાથ! હવે મુને કાશી પત્તનમાં શ્રી કાશી વિશ્વેશ્વરનાં દર્શન કરવાને તથા રાજ્ય સ્થિતિચક્ર અને રત્ન મહાલય પ્રતિમા નિહાળવાને ઉત્કંઠતા પ્રાપ્ત થઇ છે.

ડાંગવ—હાં પ્રિયા! મારો પણ એજ વિચાર છે; ચાલો ત્વરાથી. (ઘોડો ચરતો મુકયો છે તેને દોરી લાવીને ઉર્વશી અર્દ્ધાંગે બેસારી સહર્ષે ચુંબન કરતાં ઘોડો મારી મુકે છે અને પડદો પડે છે.)

પ્રવેશ ૭ મો.

સ્થળ—બૃહસ્પતિનો આશ્રમ.

પાત્રજનો.

ચન્દ્ર અને અશ્વિની કુમાર. (બૃહસ્પતિના શિષ્યો.)

અશ્વિની—સખા, ચન્દ્ર! તમો ગુણી શ્રી શંકર સ્વરૂપ દુર્વાસા મુનિએ ઇન્દ્રસભામાં ઉર્વશીને શાપ દીધો અને મહેન્દ્રે શાપાનુગ્રહ કરાવ્યો, તત્પર્યંત શાપાંત વર્તાવામાં મહેન્દ્રની ચિત્તવૃત્તી અસ્થિર થવાથી પોતે પોતાના સભા મંડપમાં સભ્યસ્થ દેવાદિઓને પુનઃ આજ્ઞા

થયા શિવાય અમુક સંખ્યાકાળં સભ્યસ્થવૃન્દ એકઠો ન થવાને સૂચના કરી હતી; તત્સંબંધે આજે આપણા ગુરૂજી વિદ્યાશાળામાંથી મહેન્દ્રને ઘેર જવા સારૂં નીકળ્યા સારે પોતાનાં પુસ્તક તને આપીને સાથે લઇ ગયા હતા, ને મને વિદ્યાશાળામાં વિદ્યાર્થિઓના શુદ્ધાશુદ્ધ વિદ્યાભ્યાસની સંભાળ રાખવા સારૂં મુકી ગયા હતા, માટે હું તને પુછું છું કે ગુરૂજીએ મહેન્દ્રની ચિન્તા નાશ કરવાનો ઉપાય કર્યો કે નહિં ?

ચન્દ્ર—મહેન્દ્રની ચિન્તા નાશ કરવાનો ઉપાય કર્યો કે નહીં, તેતો હું જાણુતો નથી; પરંન્તુ સાડાત્રણ વજ્રનો સંયોગ થવા વિશેનું ઇન્દ્ર ભવનમાં ભિન્ન ભિન્ન પ્રકારે વૃત્તાન્ત ચાલતું હતું, તેમાં આપણા ગુરૂજી મહેન્દ્રાદિને વારંવાર વિવિધ પ્રકારે તે વિષયોની વિવેચના કરી બતાવીને યથાસ્થિત બોધ કરતા હતા.

અશ્વની—સારે તારી વાગ્ વિવેચના ઉપરથી એમ તો નિર્ણય થાય છે કે મહેન્દ્રની ચિન્તા નાશ કરવાનો ઉપાય નિશ્ચિન્ત પ્રવૃર્ત થયો. પણ.વારૂં, તદ્પશ્ચાત્ એ વિચાર અંતમાં શુભ ફ્ળ દર્શક થયો કે નહિં ?

ચન્દ્ર—હા, અંતે આપણા ઉપાધ્યાએજ સાડાત્રણ વજ્રનો સંયોગ કરાવવાને યુકિત પુરસ્સર યોજના કરવાને અપૂર્વ યુકિત દ્રષ્ટિગોચર કરાવી આપી. અને કહ્યું કે.—

ગીતી છંદ.

"વજ્રપતિ બળવંતા, સ્નેહી સૌ છે કરે ન શત્રુતાઇ;
અદ્દ્ભૂત એવી ક્રિયા, નારદ વિણ કો કરે ન ચતુરાઇ."

અશ્વની—આહા ! દેવ ગુરૂ શ્રી બૃહસ્પતિની અપૂર્વ મતિનું પરિમાણ કરી શકવાને પણ કોઇ સમર્થ નથી, વારૂં, પછી મહેન્દ્રે નારદ મુનિનું ધ્યાન ધરી તેમને આમંત્રણ કર્યુ કે નહિં ?

ચન્દ્ર—અરે એટલામાં તો કલહપ્રિય નારદ મુનિ શ્રીનારાયણનું ધ્યાન ધરતા ધરતા સ્વેચ્છાથીજ પધાર્યા ને શું !

અશ્વની—અહો ! જ્યારે આપણા ગુરૂજી સમક્ષજ પોતે સ્વેચ્છાથી પ-

ધાર્યાં, ત્યારે તેમની ચિત્તવૃત્તિ પણ પૂર્વેથી મહેન્દ્રની ચિન્તા નાશ કરવામાં વિહ્વળ વર્તાએલી ખરી; કેમ વારૂં?

ચન્દ્ર—હા, પ્રિય સખા, તારી ધારણા પ્રમાણેજ હશે. કેમકે આપણા ઉપાધ્યાએ યુક્તિરહિત કિંચિત્ વાર્તા નિવેદન કરી, તોપણ પોતે પ્રસન્ન થઇને તત્કાળ તે કાર્યમાં પ્રવૃત્ત રહેવાને સર્વોપરી ઇન્દ્ર ભવનમાંથી સહર્ષે મૃત્યુલોકમાં સત્વર ઉતરી પડયા.

અશ્વની—વાહવા! જે પ્રકારે ભાવી ભાવ હોય છે, તેજ પ્રકારે પ્રાણી માત્રની ચિત્ત વૃત્તિઓ વર્ત્તે છે; પણ સખા, જયારે મુનિરાજ તે કાર્યમાં તત્પર રહેવાને મૃત્યુલોકમાં પધાર્યા, ત્યારે તો હવે ઈન્દ્રસભ્યસ્થ વૃન્દ એકઠો થવાને પણ આજ્ઞા થવી જોઇએ.

ચન્દ્ર—હોવે, તેપણ આપણા ગુરૂજી સમક્ષજ મહેન્દ્રની આજ્ઞા થઇ ચુકી છે.

અશ્વની—(સુર્ય સંમુખ દ્રષ્ટિ કરીને) અહોહો! વાતમાં ને વાતમાં મધ્યાન્હ સમય પ્રાપ્ત થયો. માટે ચાલ હવે ઉપાધ્યાયની સુશ્રુશા કરવાને તત્પર થઇએ (એમ કહીને જાય છે ને પડદો પડેછે.)

(એ પ્રમાણે વિષ્કંભક થયો.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—શ્રી કૃષ્ણભગવાનનું રહસ્થળ.

પાત્રજનો.

શ્રીકૃષ્ણ. લક્ષ્મિજી. પશ્ચાત્ નારદ. અનુચર અને બળદેવજી.

લક્ષ્મિજી—(પાદચંપી કરતાં) અહો મમ શિરછત્ર સ્વામિન્! પૂર્વે ઉન્મત્ત થયેલા અસુરોનો નાશ કરીને આપે ઇન્દ્રાદિકને અભય આપ્યું ત્યાર પછી અમરાપુરીમાં કોઇ પણ પ્રકારનું વિઘ્ન જણાતું નથી.

શ્રીકૃષ્ણ—પ્રાણવલ્લભા! પ્રાણિ માત્ર જે તેજ પ્રકારે શુદ્ધ અંતઃકરણથી

મારી ભક્તિ કરે છે, તો તેને પણ નિર્વિઘ્ન કલ્યાણકારી થાય છે; તો ઈન્દ્રાદિ દેવોને અવિઘ્ન કેમ ન થાય.

અનુચર—(પ્રવેશ કરીને વંદન કરતાં) જય જય કૃપા સિંધુ ! **ભક્તરાજ** નારદ મુની પધાર્યા છે.

શ્રીકૃષ્ણ—પ્રતિહાર, તેમને સત્વર પ્રવેશ કરાઓ. (અનુચર જાય છે.)

ण**નારદ**—(વિણાના નાદથી તાંડવ નૃત્ય કરતા પ્રવેશ કરે છે.)

"भजेव्रजैकमण्डनंसमस्तपापखंडनं । स्वभक्तचित्तरंजनंसदैवनन्द
नन्दनं॥ सुपिच्छगुच्छमस्तकंसुनादवेणुहस्तकं । अनंगरंगसागरंनमामि
कृष्णनागरम् ॥ मनोजगर्वमोचनंविशालभाललोचनं। विधूतगोपशोचनं
नमामिपद्मलोचनं ॥ करारविन्दुभुधरंस्मितावलोकसुन्दरं । महेन्द्रमानदा-
रुणंनमामिकृष्णवारणं ॥ कदम्बसुनकुंडलंसुचारुगंडमंडलं। व्रजाङ्गनैक
वल्लभंनमामिकृष्णदुर्लभं ॥ यशोदयासमोदयासकोपयादयानिधि । उलु
खलेसुदु:सहंनमामिनन्दसम्भवं ॥ नवीनगोपनागरंनवीनकेलिमन्दिरं ।
नवीनमेघसुंदरंभजेव्रजैकमन्दिरम् ॥ सदैवपादपंकजंमदीयमानसेनिजं ।
दधातिनन्दबालक:समस्तभक्तपालक: ॥ समस्तगोपनागरीहृदंव्रजैकमो
हनं । नमामिकुंजमध्यगंप्रसुनभालशोभिनं ॥ द्रगान्तकान्तारिगनंसहास
बालसङ्गनं । दिनेदिनेनवंनवंनमामिनन्दसम्भवं ॥ गुणाकरंसुखाकरंकृपा
करंकृपापरं । सुरासुखैकदायकंनमामिगोपनायकं ॥ समस्तदोषशोषणं
समस्तलोकतोषणं । समस्तदासमानसंनमामिकृष्णलालसं ॥ समस्तगो
पनागरीनिकामकामदायकं। द्रगन्तचारुसायकंनमामिवेणुनायकं॥ भवो
भवावतारकंभवाब्धिकरणधारकं । यशोमतीकिशोरकंनमामिदुग्धचोरकं
विदग्धमुग्धगोपिकामनोमनोजदायकं । नमामिकुंजकाननेप्रवृद्धवान्हिपायि
नं ॥ यदातदायथातथातथैवकृष्णसत्कथा । मयासदेवगीयतांतथा
कृपाविधियतां." ॥

જયજય ભક્તજનોનાં કાયક્ વાચિક્ માનસિક અને સાંસર્ગાદિક્ પાન પ્રસંગી દુઃખને નાશ કરવાવાળા હે કૃપાસિંધુ! આપના ચરણ કમલ

પ્રત્યે વંદન કરૂં છું (સાષ્ટાંગ દંડવ્રત કરે છે.)

શ્રીકૃષ્ણ—(પ્રસન્નાનને) મમ ભક્તિ રસ્તુ.

નારદ—કૃપાનાથ, આપને એક નવિન વાર્તા નિવેદન કરવા આવ્યોછું.

શ્રીકૃષ્ણ—અહો મુનિ શ્રેષ્ટ! સુખેથી નિવેદન કરો.

નારદ—કૃપાનાથ, આપનુંતો અજ્ઞાત નહીં હોય, પરંતુ ઈન્દ્રની ઉર્વશી અપ્સરા દુર્વાસા મુનિના શાપથી ઘોડીરૂપે મૃત્યુલોકમાં આવી છે; માટે કૃપા કરીને આપણા મંદિરમાં શોભા લેવાને ગ્રહણ કરવાની સ્વેચ્છા કરશો એવી મારી પ્રાર્થના સહ યાચના છે.

લક્ષ્મિજી—(આશ્ચર્ય પામીને) હે પ્રાણનાથ! શું ઇન્દની ઉર્વશીને શાપ થયો?

શ્રીકૃષ્ણ—હા, પદ્મનયને! તું જાણેજ છેની, કે "**ब्रह्मनिन्दाकुलक्षयः**" માટે તે બ્રહ્મ નિંદા થવાથકીજ શાપ થયો છે; પણ મહેન્દ્ર નિર્દોષ છે, માટે સત્વર તે શાપનો આપણે અંત આણવો પડશે.

અનુચર—(નમન કરતાં) જયજય કૃપાસિંધુ! જ્યેષ્ટ ભ્રાતા પધાર્યા છે. (લક્ષ્મિજીપ્રતી) માતુશ્રી, આપને પણ વિશાખા સખિયે વિનતી કહાવી છે કે "રહસ્થલોપવનમાં પ્રિયાજી મહારાજ દર્શન દેવા પધારે."

લક્ષ્મિજી—બહુ સારૂં, પ્રતિહાર; પણ તેમને વિનવો કે ભક્તજન શિરોમણી ભક્તાધિન ભગવંત દિનોધારક પ્રાણપતિની સેવામાં છે, માટે તે પરિપૂર્ણ થયે પધારશે.

શ્રીકૃષ્ણ—પ્રતિહાર! જ્યેષ્ટભ્રાતાને આ રહસ્થળમાં સત્વર પ્રવેશ કરાઓ.

બળદેવ—(પ્રવેશ કરતાં નારદને) જયજય મુનિરાજ, વંદન કરૂંછું.

નારદ—દિર્ઘાયુરસ્તુ.

શ્રીકૃષ્ણ—(વંદન કર્યા પછી) જ્યેષ્ટભ્રાતા! નારદ મુનિ વિનવે છે કે "ઇન્દ્રની ઉર્વશી અપ્સરા ઘોડોસ્વરૂપે મૃત્યુલોકમાં આવી છે, માટે જ્યાં હોય ત્યાંથી આપણા મણિમંડપમાં આણવાની અનુચરોને સત્વર આજ્ઞા કરવી એ વિધિવત્ મને યોગ્ય લાગે છે.

બળદેવ—જેવી આપની ઈચ્છા. પણ ભ્રાતા! તે ઘોડી ગૃહણ કરવાને આ

ભૂમંડળમાં આપણા શિવાય અન્ય કોણ પુરૂષો મહાન્ શક્તિવાન્ થાય તેમ છે?

નારદ—(કલહનું બીજ રોપાયું તેથી સહર્ષ) જયજય કૃપાનાથ, અદ્ય સમયે ભક્તજનોપરી કૃપાદ્રષ્ટિ કરીને ભક્તજનોમાં ભક્તિનો પરિપુર્ણ પ્રચાર પ્રસરાવવાને તથા વૈદિક્ ધર્મની ક્રિયાઓથી અને આપની ભક્તિથી વિરક્ત વર્તનારા દુષ્ટ પ્રાણિયોને, તદ્યથા ધર્મશાસ્ત્ર નિંદિત્ અયોગ્ય કાર્યો કરવાવાળા દુષ્ટ પ્રાણિઓપર સિક્ષાસ્વરૂપી કાર્યો કરવાને અખિલ જગત્માં પર્યટણ કરવાની મને આજ્ઞા છે?

શ્રીકૃષ્ણ—શર્ણાગત ભક્તજનોના કર્મ રૂપી દુઃખનો નાશ કરવાને તદ્યથા દુષ્ટબુદ્ધિના પ્રાણીઓને સિક્ષાફલ દેવા સત્વર પ્રવર્તિ કરો મુનિરાજ.

(નારદ જાયછે ને પડદો પડે છે.)

પ્રવેશ ૧ મો

સ્થળ—ડાંગવ રાજાનો રત્ન મહાલય.

પાત્રજનો.

ડાંગવ અનુચર અને પછીથી નારદમુનિ.

ડાંગવ—(આત્મગત) આહાહા!! આ ઉર્વશીના સમાયોગે ત્રિભુવન પતિના ભવન સાદૃષ્ય મારાં રાજ્યસ્થાનો કેવાં સુશોભિત થઇ રહ્યાં છે. આહા, રાજ્યસ્થાનો તો શું! પણ મારી રાજ રિદ્ધિની સર્વત્ર સિદ્ધિયો અત્યંતજ ઉત્તમ પ્રકારની સ્થિતીએ શોભે છે. આહા! મારૂં હૃદય પણ આલ્હાદ પાંખડીયોથી અત્યંત પ્રફુલિત થઇને સંપૂર્ણ પ્રકાશિતપણે પૂર્ણ રીતીએ પખરાવા લાગ્યું છે. વાહવા! સાંપ્રત સમયમાં મમ સાદૃષ્ય પ્રસંશનિય અન્ય કોણ ભાગ્યશાળી હશે? આહા! અદ્ય સમયે તો મારી સમાનતા કરી શકે એવો અન્ય કોઇપણ આ જગત્માં સિંહ પુરૂષ હશેજ નહિં. કેમકે સ્વેચ્છા પૂર્વક અપૂર્વ સુખ સાગરમાં નૌકાએ સહવર્તમાન નિરંતર

પરિક્રમણ કરવાને તો નિયંતાએ મનેજ નિર્માણ કરી મુકયો છે. વાહવા! જ્યારે હું ભાગ્યાનુસારે સહસા આવી સર્વોત્તમ સ્થિતિને પામ્યો, ત્યારે તો આ મારા અખંડિત્ સુખને ખંડિત્ કરવાવાળો ત્રિભુવનમાં પણ કોઇએ વિર્યવાન્ વર્તાતો નહિંજ હોય; માટે હવે આપણે નિશ્ચિન્તપણે સર્વોત્તમ સુખનો લાભ લેવાને અહનિશા પ્રવૃત્ત રહેવામાં કોઈપણ પ્રકારનાં દુ:સહવિઘ્નો દ્રષ્ટિગોચર થાય તેમ સંભવતું નથી. (સૂર્ય સંમુખ દૃષ્ટિ જવાથી) અરે, આ ‡માર્તન્ડ-મંડળ મનસ્વિપણે નિર્માણ કરેલા નિયમથી વિરકત થઈને સ્વેચ્છાચારી કેમ થાય છો (સૂર્યપ્રતિ)

હરિગીત છંદ.

હે સૂર્ય! શું તેં ઉર્વશીના, દર્શને લિપ્સા કરી;
કે [1]બ્રહ્મ બુદ્ધિમાં મતિ તેં, પ્રેરિને ગતિ આ ધરી.
(જે) પરલોકથી આ લોકમાં તું, ત્વરિત ઉદય થાય છે;
[2]મદ મક્ષિકાની મતિ ગ્રહી, નિર્મુખ થઇ તું *જાય છે.
[3]લલના તણા લલકારમાં તું, લુબ્ધ લળિ લળિ થાય છે,
પણ [4]નિમિત્ત પ્રિયાનું પડયાથી, [5]ક્ષિણ થઈ તું જાય છે.
માટે અલ્યા હે સૂર્ય! તું, પરસુખમાં [6]વિક્ષેપથી;
આ [7]યુકત લજ્જાએ કરીને, અસ્તથા શું કહું કથી.
હે સૂર્ય! તવ દર્શન થકી, [8]દ્વિજરાજ તારા ગણ તણા;
દુ:ખે નથી દુ:ખી પછી, [9]દ્વિજરાજ મુખીની શી મણા.
આ જગજ્યોત પ્રકાશીને, ઉદ્યોગમાં દુખ દે સદા;
પણ ધન્ય છે પ્રભુ ચન્દ્રને જે, દુ:ખ નિવારે સર્વદા.

---

‡ સૂર્યનું મંડળ.

૧ ભિક્ષુક બ્રાહ્મણ. ૨ મિષ્ટ રસના પૃષ્ટે ફરનારી લાલચુ માંખો. * અસ્ત થાય છે, ૩ ઉર્વશી ૪ સૂર્યાસ્ત થયા શિવાય ઉર્વશી પોતાનું સ્વરૂપ ધારણ કરી શકતી નથી તે. ૫ (અંતે.] ક્ષિણ તેજે. (ઝાંખો થઈને) ૬ વિક્ષેપ થવાથી. ૭ તારી સાથે લાગી રહેલી લજ્જાથી. ૮ ચંદ્રમા. (સૂર્યના દર્શનથી નિસ્તેજ થાય છે.) ૯ ચન્દ્ર મુખી. [ઉર્વશી)

પ્રતિહાર—(પ્રવેશ કરીને વંદન કર્યા પછી) મહારાજ, નારદમુનિ પધારે છે.

ડાંગવ—(સહર્ષે) પ્રતિહાર, તેમને પ્રણામ કર્યાનંતર અત્રે પ્રવેશ કરાવ.

નારદ—(પ્રવેશ કરતાં) શ્રીમન્નારાયણ, નારાયણ, નારાયણ હરે! શ્રીમન્નારાયણ, નારાયણ, નારાયણ હરે! શ્રીમન્ના—

ડાંગવ—(સંમુખ જઈને) જય જય, પરમ કૃપાલુ સ્વામિન્! વંદન કરૂં છું. (આસન બતાવીને) અત્રાસને સ્થિતિ કરવાની કૃપા કરો મુનીરાજ.

નારદ—(સ્થિતિ કરતાં) નારાયણ! નારાયણ! નારાયણ!!

ડાંગવ—(નેપથ્ય પ્રતિ દ્રષ્ટિ કરીને) પ્રતિહાર! ભગવાન શ્રી નારદમુનિનુ સમ્યક્ પુજન કરવા સારૂં અર્ધ્ય લાઓ. (પુજન કર્યા પછી)અહો પરમ પુજ્ય ભગવાન્ આજે મારા પૂર્વજોના પૂન્ય પ્રભાવે આપના પાદારવિંન્દ અત્રે નિવાસ કરિ સર્વત્ર પ્રજાને તદ્યથા મારા દેહને પવિત્ર કરવા ધર્યા છે, તેથી આ સમયમાં સર્વથા પ્રકારે મારી સર્વત્ર સિદ્ધિઓ સંપુર્ણ થઇ એમ સમજાુછું; કેમકે આપના તિર્થસ્વરૂપી દર્શન માત્રથીજ મારો દેહ પવિત્ર થઈ ગયો, અને આ જગતના પૂન્યવાન પવિત્ર પ્રાણિયોના સમુહમાં આપના તિર્થ સ્વરૂપી દર્શનથી મારી સંપુર્ણ પવિત્રતાનો પૂર્ણોદય થવાને હવે સત્વર પ્રવર્તિ પ્રસરવામાં કોઇ પણ પ્રકારની ન્યુનતા રહી હોય તેમ સંભવતું નથી; તસ્માત્ આપના શ્રેયસ્કર દર્શનનો મને સર્વોત્તમ લાભ થવાથી મારી મનોવૃત્તિઓને અત્માનંદ પ્રાપ્ત થયો છે. માટે આપ કાંઇ મનેપ્સિત આજ્ઞા કરી આ સેવક જનના આત્માને કૃતાર્થ કરવા કૃપા કરશો.

નારદ—રાજન્ મને કોઈપણ પદાર્થ શ્રીનારાયણની કૃપા થકી, સ્વર્ગ મૃત્યુ અને પાતાળમાં અલભ્ય નથી; જે હું તારા પ્રતિ મનસંકલ્પિત યાચના કરવા પૃવર્ત્તિ કરૂં.

ડાંગવ—મહારાજ! ક્ષમા કરો. મારા ઉચ્ચારની તાત્પર્ય દિપિકા એમ ન-

થી, જે આપ યાચના કરવા પધાર્યાછો; પરંતુ આપની સમક્ષ હુંજ યાચના કરૂં છું કે આપ કાંઈ સેવા સબંધી કાર્યની આજ્ઞા કરો, વા કાંઇ અવલોકન કરવાની સ્વેચ્છા હોય તો તેમ આજ્ઞા કરવા કૃપા કરો.

નારદ—(હર્ષ બતાવીને) હાં, રાજન્! એમ પવિત્રાભિલાશાએ સ્પૃષ્ટોચ્ચાર કરતો હોઉં તો ઉતિષ્ઠ; તારો રત્ન ગહાલય અવલોકન કરવાની ઉત્કંઠતા પ્રાપ્ત થઇ છે.

ડાંગવ—(સહર્ષે) પધારો મહારાજ, આપ સેવકના રત્ન મહાલયને આપના તિર્થરૂપી પાદારવિન્દની રજથી પવિત્ર કરો- [એમ કહીને બંને ઉઠે છે ને હરમ્યમાં પરિક્રમણ કરતાં કરતાં જે સ્થળે **નાશકારક** ઘોડી બાંધેલી છે, તે સ્થળે આવીને આત્મગત)

નારદ—અહો! આતો કાંઈ આશ્ચર્ય જેવું જણાય છે ને શું? (રાજાપ્રતિ) રાજન્! આવી ઘોડી તો મેં ત્રૈલોકમાં પણ દીઠી નથી. આહાહા• આ ઘોડી તો સર્વને આનંદ ઉપજાવે એવી અત્યંત સૌંદર્યતાથી કેવી શોભી રહી છે. આહા! શું તેનું તેજસ્વી સ્વરૂપ પ્રદિપ્ત થઇ રહ્યું છે. [રાજા પ્રતિ] વાહવા, રાજન્; તું પણ મહેન્દ્રવત્ મહાન્ ભાગ્યશાળી જણાય છે; કેમ કે તારી રાજ રિદ્ધિમાં કોઇ પણ પ્રકારની ન્યૂનતા દ્રષ્ટિગોચર થતી નથી. પરંતુ આ તારી રાજ રિદ્ધિને અત્યંત શોભા આપનારી અપૂર્વ અશ્વની તને કયાંથી પ્રાપ્ત થઈ?

ડાંગવ—(ગુપ્તવાર્તા પ્રકાશ ન કરવાને) કૃપાનાથ! એ પૂર્વ કર્માનુસારે આપની કૃપા થકી મને પ્રાપ્ત થઇ છે.

નારદ—(સ્વગત હાસ્ય કરતાં) સત્ય છે, રાજન્; આ તને તારા પૂર્વ કર્માનુ સારેજ પ્રાપ્ત થએલી જણાય છે. કેમ કે આ અતિ સૌંદર્યવાત પ્રતિમા થકીજ તને સુખપ્રદ પ્રાપ્તિ સંભવે છે. પરંતુ રાજન્, આ તારૂં કર્તવ્ય તો મને અત્યંતજ આશ્ચર્ય કારક થઇ પડ્યું છે; કેમકે અશ્વશાળામાં અશ્વવૃન્દનો પરિત્યાગ કરાવીને આ

રત્ન જડિત્ર કનક મહાલય મધ્યે રંગભોગસ્થાનમાં *સુપાન માર્ગાદિ વ્યવધાન રહિત ઉર્દ્ધસ્થાને તેં કેવા પ્રકારથી આ અશ્વની લાવી મુકી હશે. એ મારા લક્ષમાં યથાસ્થિત આવી શકતું નથી.

ડાંગવ—(સ્વગત) અરે! હવે આ મુનિ સંમુખ ઉર્વશી સંબંધીની ગુપ્ત વાર્તા પ્રકાશ કર્યા શિવાય ચાલે તેમ છેજ નહીં, કેમ કે સ્વર્ગ, મૃત્યુ અને પાતાળમાં પોતે પોતાના પ્રભાવથી ઇચ્છા પૂર્વક પર્યટન કરવાવાળા કહેવાય છે, તસ્માત્ ત્રિભુવનમાં વર્તાએલું કાંઈ પણ વૃતાન્ત એમનું અજ્ઞાત હોય તેમ સંભવતુ નથી; માટે જો સત્યોદય નહીં કરૂં તો સદ્યઃઅસહ્ય શાપને આધિન થવું પડશે. (ભયભિત થઈને પ્રખ્યાત) મુનિરાજ, આપનું તો અજ્ઞાત નહિં હોય, પરંતુ એ સ્વરૂપે તુરગી નથી; એતો મહેન્દ્રને અત્યંત વલ્લભ એવી ઉર્વશી નામની અપ્સરા છે, તે શ્રી દુર્વાસા મુનિના શાપથી આ મૃત્યુ લોકમાં દીવસે તુરગી અને રાત્રીએ સ્ત્રી સ્વરૂપે આપના રત્ન મહાલયને શોભા આપે છે.

નારદ—(આશ્ચર્ય કર્ત્રિ મુખ મુદ્રા કરીને) અહો! પરમ કૃપાળુ શ્રી કૃષ્ણ ભગવાન્ કહેતા હતા એજ આ ઉર્વશી તુરગી સ્વરૂપે? વાહ વા, ત્યારે તો એના સ્વરૂપની શોભામાં પ્રસંશનિય અન્ય શું અવશેષ કહેવાય! પરંતુ રાજન્, જ્યારે આ ઉર્વશી અપ્સરા તુરગી સ્વરૂપે અત્રે આ મૃત્યુ લોકમાંજ શોભા આપે છે, ત્યારે તો શ્રી કૃષ્ણ ભગવાને કથન કરેલી સત્ય વાર્તા મારા હૃદયમાં આજે હવે નિશ્ચય પદને પામી ખરી.

ડાંગવ—(આશ્ચર્યાતુ સારે અંતર્ભયે) હેં! હેં! મુનિરાજ! શ્રી કૃષ્ણ ભગવાને સત્ય કથન શા વિષયમાં કર્યું હતું?

નારદ—(એના હૃદયમાં કત્રિંમ કૃતિએ પ્રવેશ કર્યો એવું જાણીને નિશ્ચિંતપણે) રાજન્, આજે શ્રી નારાયણનું ધ્યાન ધરતાં ધરતાં શ્રી કૃષ્ણ મંદીરમાં સહસા મારૂં જવું થયું હતું, ત્યારે ત્યાં એકાંત સ્થળે શ્રી કૃષ્ણ ભગવાન બળભદ્રજીને વિનય પૂર્વક નિવેદન કરતા

* નીસરણી.

હતા, કે ઈન્દ્રની ઉર્વશી અપ્સરા શ્રી દુર્વાસા મુનિના શાપથી તુરંગી સ્વરૂપે આ મૃત્યુ લોકમાં પ્રગટ થઇ છે; તસ્માત્ તેનું સંશોધન કરીને જ્યાં હોય ત્યાંથી સત્વર આપણા સાર્વજનિક મંદિરમાં તેને મગાવી લેવાની અનુચરો પ્રત્યે આજ્ઞા કરવા કૃપા કરજો; કારણ કે એ તેજસ્વી તુરગી આપ સમાન ચક્રવર્તિ પ્રજાપતિના સર્વોત્કૃષ્ટ આશ્રય શિવાય અન્ય કોઇપણ [1]વિર્યહિન ભૂપાલોના આશ્રયમાં શોભે તેમ છે નહીં.

ડાંગવ—(સ્વગત) અરે! શું એ શ્રી કૃષ્ણ મહેન્દ્રવત્ મહાન્ ભાગ્યશાળી થવામાં ઉર્વશીપર મોહ પામીને સહસા પોતાની સર્વોત્તમ સત્યતાનો સંહાર કરવાને વક્ર ગતિથી આવો સ્પૃષ્ટ મનોવિચાર વર્તાવે છે! તદ્યથા ભવતુ; ચિન્તા નહિં ચિત્ત. (જરા વિચારીને) આહા! જ્યારે ચતુર્વેદ અને અષ્ટાદશ પુરાણાનુસારે માનવ ધર્મશાસ્ત્રાદિ મહાન્ શાસ્ત્રીય ગ્રંથકારોએ તેમને શ્રીજગત્નિયંતા, જગત્પુજ્ય પિતા, પરમાત્મા, પરમકૃપાળુ પરમેશ્વર અને સકલ પ્રજાધિપતિ માન્યા; ત્યારે એ સહસ્રાર્જુનવત્ ગર્વ ધારણ કરીને સ્વહસ્તેજ પદભ્રષ્ટ થવાને ચિત્તવૃત્તિઓ પ્રવર્તાવે છે; પરંતુ મને સંભવતુ નથી, કે આવા વિપ્રિત વિચારમાં શ્રીકૃષ્ણ પોતેજ નિમગ્ન થાય. (પ્રકાશ) અરે મુનિરાજ, શ્રીકૃષ્ણ ભગવાન પોતે સ્વમુખેજ આવાં વિપ્રિત વચનો ઉચ્ચારતા હતા?

નારદ—અહો રાજન્! આ તારા ક્ષત્રિય સામર્થ્યને લજ્જા પ્રાપ્ત કરે એવા ભયભીત ભાષણથી મારા અંતઃકરણને આશ્ચર્યતા પ્રાપ્ત થાય છે; તસ્માત્ તું તારા ક્ષત્રિય વિર્યના બાહુબળથી વિમુકત મા થા.

ડાંગવ—અરે મુનિરાજ! મદોન્નત [2]માતંગનું ઉન્નતપણું અવલોકન કરીને સિંહ શિશુ કદાપિ કાળે ભયભીત થઈ પોતાના સત્યોપચારનો પરિત્યાગ કરે તેમ છે નહીં! જો કદાપિ સૂર્યનું પશ્ચિમ ઉદય થતું થાય, તોપણ ક્ષત્રિય વીરોના બાહુમાંથી ક્ષત્રિય સામર્થ્ય નાશ થવાનું નથી! એ નિઃસંશય સમજજો.

---

૧ બળ રહિત. સત્તાહિન. ૨ હાથી.

નારદ—વાહવા, ધન્ય છે રાજન્; તું પણ શુદ્ધ ક્ષત્રિય વિર્યે વર્તાય છે. પરંતુ રાજન્, યત્સમયે પ્રલય કાળનો સોળકળા સંયુક્ત સંપૂર્ણ સૂર્ય તપેછે, તત્સમયે અખિલ બ્રહ્માંડમાં કોઈ પણ બલવાન પ્રાણિઓથી તે અસહ્ય તાપ સહન કરી શકાતો નથી; તદ્વત્ તારા ઉપર જ્યારે શ્રીકૃષ્ણ ભગવાનના સંપૂર્ણ કોપરૂપી જાજ્વલ્યમાન સ્ફુટ અગ્નિનો આવિર્ભાવ પ્રાપ્ત થશે, ત્યારે તે તાપ તારાથી પણ સહન થઇ શકે એવું મને સંભવતુ નથી.

ડાંગવ—અરે મુનિરાજ! શું તમે સોળ કળા સંયુક્ત સંપૂર્ણ સૂર્યની અત્યંત બલવત્રી ઉપમા તેમનેજ અર્પણ કરોછો? અને મને શું અધમમાં અધમ એટલે પરિણામે સત્તાહિન ગણોછો? પરંતુ હું શ્રીકૃષ્ણવત્ નિર્બળતા દર્શાવીને †રણક્ષેત્રથી ભય પામી કદાપિ કાળે પત્તનપ્રતિ પાછું પલાયન કરવાનો નથી! એ નિઃસંશય સમજજો.

નારદ—(સ્વગત) અરે, આ બુદ્ધિશત્રુ દુષ્ટ અંતઃકરણથી શ્રી જગતપતિની નિંદા કરવામાં ક્યાં પ્રવર્તે છે. (મનમાં ખેદ પામતાં બાહ્ય સ્વરૂપે હર્ષ બતાવીને. પ્રકાશ) વાહવા રાજન્, અદ્યસમયે ક્ષત્રિય ધર્મનું સંરક્ષણ કર્તા સિંહ પુરૂષ આ જગત્માં તવ સાદૃષ્ય અન્ય કોઇ પણ હવે ઉત્પન્ન થવો મને સંભવતો નથી. ધન્ય છે તારી જનુનીને રાજન્.

ડાંગવ—અહો કૃપાનાથ, આપ જ્ઞાતા થઈને વિસ્મૃતી કેમ કરોછો; જુવો આપણા ધર્મશાસ્ત્રમાં પણ કહ્યું છે કે,—

॥ श्लोक ॥

शीतभीताश्चयेविप्रा । रणभीताश्चक्षत्रियाः ॥
अग्निभीताश्चयानार्यः । पतंतिनरकेऽशुचौ ॥

અર્થ—બ્રાહ્મણના વંશમાં જન્મ પામીને જે ટાંઢથી ભય પામેછે,

† જરાસંધનો પરાજય કરવામાં તેનો વધ કરીને વારંવાર શ્રીકૃષ્ણ ભગવાનને રણક્ષેત્રથી અનુક્રમે સત્તર સમય પાછું નાસવું પડયું છે.

ક્ષત્રિયના વંશમાં જન્મ પામીને જે રણક્ષેત્રથી ભય પામેછે, અને સ્ત્રી જાતીમાં જન્મ પામીને જે અગ્નીથી ભય પામેછે, તે નિશ્ચેજ પવિત્ર નહીં એવા નર્કમાં પડેછે; તસ્માત્ જો કદાપિ સપ્ત સાગરો પોતાની મર્યાદાનો પરિત્યાગ કરીને અખિલ પૃથ્વી પ્રલય કરવા પૃવર્તે, અથવા તો આ મારી રાજરિદ્ધિની સર્વત્ર સિદ્ધિઓ નાશ થાય, અને મારો પોતાનો દેહાંત આવે. તોપણ હું કદાપિ કાળે ક્ષત્રિય ધર્મને ઉલ્લંઘન કરીને જીવતાવધી સુધી મારા સત્ય વચનનો પરિત્યાગ કરીને આ સ્વર્ગ શિરોમણી ઉર્વશી અશ્વની પરહસ્તમાં આપવાનો નથી ! એ સદ્યઃનિઃસંશય સમજજો.

નારદ—અરે, આ પ્રેમ સાગર પ્રતિમા પરહસ્તમાં અપાય કેમા અને સત્ય છે રાજન્, તારૂં વચન મિથ્યા થાય, ત્યારે તું ક્ષત્રિયમાં સત્પુરૂષ શાનો પ્રવર્તાય. સત્પુરૂષોનાં અચલ વચન કેવાં કહેવાય છે; અને સત્પુરૂષોની પરિક્ષા શા થકી થઈ શકે છે. જો સાંભળ આપણા નિતીશાસ્ત્રોમાં કહ્યું છે કે,—

॥ શ્લોક ॥

महतांनागिरःप्रतिपगा । गजदंताइवनिर्गताबहिः ॥
असतामिवकूर्मकंधरा । प्रविशंतिप्रतिनिःसरांतिच ॥

અર્થ—સત્પુરૂષોની વાણીતો હસ્તીદંત જેવી છે; જેમ હાથીના દાંત મુખમાંથી બહાર નીકળેલા પાછા મુખમાં પેસતા નથી; તદ્વત્ મહદ્પુરૂષોની વાણી પણ બાહાર નીકળેલી કદાપિ કાળે પાછી મુખમાં પેસતી નથી; અને અસત્પુરૂષોની વાણીતો કાચબાની ગ્રીવા જેવી છે, એટલે જેમ કાચબાની ડોક બહાર નીકળે છે અને પાછી માંહી પેશીજાયછે; તદ્વત્, અસત્પુરૂષોની વાણી બહાર નીકળેછે અને પાછી મુખમાં પેશી જાયછે. તસ્માત્ તું તારા સત્ય વચનથી કદાપિ બહિર્મુખ થઇશ નહીં, રાજન્; અને તારા સત્ય વચનનો સત્કાર કરી તેને પ્રતિપાદન કરવામાં કદાપિકાળે ભ્રમિત ચિત્ત કરીશમાં.

ડાંગવ—અરે મુનિરાજા હું સત્ય સ્વરૂપે આપની સમક્ષ પણ અદ્ય સમયે પુનઃ સ્ફુટ વાચા પાશથી બંધાઉછું કે યાવત્પર્યંત મારા દેહમાં

પ્રાણ છે. તાવત્પર્યંત આ દેહે આ અશ્વની હું પરહસ્તમાં કદાપિ કાળે આપવાનો નથી !

નારદ—વાહવા, સત્યસ્વરૂપ કાપટચરહિત નિષ્કલંકી ન્યાય પ્રતિમા તો આવીજ હોવી જોઇએ. અહો રાજન્, આ તારી સત્યોપરી સ્થિતિકર્ત્રિ ન્યાયસ્વરૂપી વાક્ચાતુર્યતા અવલોકન કરવાથી મારા અંતઃકરણમાં અત્યંત હર્ષોત્સાહ પ્રાપ્ત થયો છે, તસ્માત્ તારો નિરંતર જય થાઓ, જય થાઓ, એવું મારૂં આશિર્વચન છે, રાજન્.

ડાંગવ—તથાસ્તુ, મુનિરાજ. શિરછત્ર વત્ ધારણ કરૂં છું.

નારદ—રાજન્! હવે તો હું સ્વસ્થાન પ્રતિ ગતી કરૂં છું; પરંતુ યાવત્સમયે [1]સામ, [2]દામ, [3]વિધિભેદ અને [4]નિગ્રહ ના નિયમથી તારા સત્યમનોવિચારને નષ્ટ કરવા પ્રવર્તે, તાવત્સમયે તું ધૈર્ય ધારણ કરી તારા સત્ય વચનથી કદાપિ કાળે વિમુક્ત થઇશ નહીં.

ડાંગવ—ચિન્તા નહીં, મુનિરાજ; સુખેથી પધારો. (નારાયણનું સ્તવન કરતા નારદમુની જાયછે. અને પડદો પડે છે.)

પ્રવેશ ૧૦ મો

સ્થળ—શ્રીકૃષ્ણ ભગવાનનું સાર્વજનિક મંદીર.

પાત્રજનો.

શ્રીકૃષ્ણ. બળભદ્રજી. પ્રધાનાદિ ભક્તજનો વિગરે સભ્યસ્થવૃન્દ. પ્રતિહાર અને નારદમુનિ.

પ્રતિહાર—(પ્રવેશ કરીને) જયજય અનંત કોટી બ્રહ્માંડાધિપતે શેષશાયિન લક્ષ્મી સેવિત ચરણાર્વિન્દ શંખ ચક્ર ગદા પદ્મ પિતાંબર વન વૈજયંતીમાળા મુકુટ કટક ભુષિતાંગભગવન્ ભૂભારોત્તારણાર્થે

---

૧ સમજાવવું. ૨ દ્રવ્યથી લોભાવવું. ૩ ભય જણાવવો. ૪ શીક્ષા કરવી.

ચતુર્યુગમધ્યે મચ્છ કચ્છ વરાહ નૃસિંહાદિ સ્વરૂપ સુધારિન્ જગત્પુજ્યપિતા પરમાત્મા પરમ કૃપાળુ પરમેશ્વર ભક્તજન શિરોમણી ભક્તાધિન ભક્તવત્સલ બદ્ધવિર્ય યદુકુલતિલક મોરારી મહારાજાધિરાજ શ્રીકૃષ્ણ ભગવાન ઘણી ખમા.

(શ્રીકૃષ્ણભગવાન! બલભદ્રજીને વંદન કર્યા પછી સિંહાસન ઉપર પધારે છે એટલે પ્રધાનાદિ વંદન કરેછે, ત્યારે તેમનાં નામ લેઇને ચોબદાર અનુક્રમે છડી પોકારે છે)

શ્રીકૃષ્ણ—જેષ્ટભ્રાતા, આપે ઉત્સાહ વર્ધક મનોવિચારમાં પૂર્વમનસંકલ્પિત કાર્ય કરવાને અનુચરોમાં આજ્ઞા પ્રવર્તાવી છે?

બલભદ્ર—પતિત પાવન ગુણ સિંધુ લઘુ બંધુ; સામ્પ્રત સમયમાં આપણા [1]વીરમંડળની વ્યવસ્થા છિન્નભિન્ન થયેલી વર્તાતી હતી, તસ્માત્ અદ્યાપિ સુધી હું આપણા રાજ્યસ્થંભની પૂર્વાનુક્રમે યથાયોગ્ય યોજના કરવામાં પ્રવર્તાએલો હતો; માટે અદ્ય સમયાવધી સુધી મારાથી તત્કાર્યમાં પૂર્વેચ્છા પૂર્વક ચિત્તવૃત્તિ પ્રવર્તાવાઇ નથી. પરંતુ આ અખિલ બ્રહ્માંડમાં એ ઉર્વશી અપ્સરા ગૃહણ કરવાને આપ સમાન કોઇ પણ સિંહ પુરૂષ મને દ્રષ્ટિગોચર થતો નથી; તસ્માત્ અહર્નિશા હું તત્સંબંધમાં નિશ્ચિન્ત રહેલો છું, ભ્રાતા.

પ્રતિહાર—જય જય સુવર્ણ તંતુવત્ શુકલ જટાભાર મુકુટ મંડિત વૃત્તધારી પતિતપાવન ત્રિભુવનશુચીકર્તા કલહપ્રિય ભક્તવર્ય ભગવાન્ શ્રી નારદ મુનિકા આવાગમનપે નીગાહ રખીએ મહારાજ.

નારદ—(પ્રવેશ કરીને) જય જય દિનોધારક શિરછત્ર કૃપાસિંધુ; વંદન કરૂં છું. (બલભદ્રાદિ તેમને વંદન કરે છે.)

પ્રતિહાર—જય જય શ્રી કૃષ્ણ ચરણકમલોપરી અત્યુત્કૃષ્ટ પ્રેમપાશ નિમગ્ન અનન્ય પ્રિતિવૃત્તિ ધારક અહર્નિશા શ્રી નારાયણ સ્તવન કર્તા માયા મોહાંધ જગત્ ઉદ્યોત કારક ભક્તિમાર્તંડોદ્ભવ કર્તા

[1] સૈન્ય. લશ્કર.

મિષ્ટાન્નભુક્ ભક્તીકલ્પતરૂ ભક્તવર્ય ભગવાન્ શ્રી નારદ મુનિકા સાષ્ટાંગ દંડવતપે કૃપાદ્રષ્ટિ કરીએ મહારાજાધિરાજ.

શ્રીકૃષ્ણ—પધારો, પધારો, મુનિરાજ; અત્રાસને સ્થિતિ કરો. (નારદના બેઠા પછી) અહો મુનિ શ્રેષ્ટ! સામ્પ્રત સમયાનુસારે આ સંસાર સાગરમાં નિમગ્ન થયેલા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રાદિક્ સર્વત્ર પ્રજામંડળ ન્યાય નિતિયુક્ત સ્વધર્મે પ્રવર્તે છે કે નહિં?

નારદ—અરે કૃપાનાથ! અધસમયે ક્ષત્રિયમાં સિંહ પુરૂષો તો ધિક્કારને પાત્ર થઇ પડયા છે; કારણ કે સામ્પ્રત સમયમાં ક્ષત્રિય સિંહ પુરૂષોએ પોતાનું ક્ષત્રિય સામર્થ્ય વિચ્છેદિત્ કરી નાખ્યું હોય તેમ જણાય છે, તસ્માત્ શુદ્ધ ક્ષત્રિય વિર્યંજ મારાથી સ્પૃષ્ટ વર્તાતું નથી; કૃપાસિંધું.

બલભદ્ર—આશ્ચર્ય, આશ્ચર્ય, મહારાજા આપના પવિત્રાનનમાંથી મિથ્યા વિપ્રિતોચ્ચાર પ્રાપ્ત થાય છે, તેનું પ્રયોજન શું?

નારદ—શું તે માત્ર હવે ક્ષત્રિયસિંહ પુરૂષોને ક્ષત્રિય ધર્માનુસારે પોત પોતાનું મનોપ્સિત કાર્ય પરિપૂર્ણ કરવા માટે ક્ષત્રિય મંડળમાંથી મિથ્યા ગર્જના કરવાનો પ્રચાર નાશ કરીને સિંહ પુરૂષોએ તો કંકણ કંચુકી પરિધાન કરીને ગુપ્ત સ્થાનમાં સ્થિતિ કરી શયન કરતાં મનસંકલ્પિત કાર્ય યથેપ્સિત પ્રાપ્ત કરવામાં સ્વકાર્યની સર્વત્ર સિદ્ધિ સત્ય રીતીએ મનસાજ વર્તાવીને મગ્ન થવું, એજ પ્રયોજનછે.

શ્રીકૃષ્ણ—(પોતાની ઐશ્વર્યસત્તાથી સર્વત્ર જાણે છે, માટે મંદ મંદ હાસ્ય કર્ત્રિ મુખ મુદ્રા કરીને) અરે મુનિરાજ, તેનું કાંઇ પ્રયોજન, કે માત્ર એમજ?

બલભદ્ર—(ઉચ્ચસ્વરે) અરે મુનિરાજ! આપનું કોઇ દુષ્ટ પ્રાણિએ દુર્ધ્યાધાનુસારે વચન બાણના પ્રહારે અપમાન કર્યું છે કે શું? તેમ હોય તો લાવો પેલું [1]હળમુશલ. (એમ કહીને હલમુશલ લેવા જાય છે, એટલે)

---

૧ હળ અને મુશળ એ નામનાં હથીઆર બળભદ્રની પાસે હતાં.

શ્રીકૃષ્ણ—શાન્ત થાઓ, શાન્ત થાઓ, જ્યેષ્ટભ્રાતા; શાન્ત થાઓ.

બલભદ્ર—શામાટે શાન્ત થવું જોઇએ!!

શ્રીકૃષ્ણ—આપણે આપત્સમય શું પ્રવર્તે છે, તે યથાસ્થિત શ્રવણ કર્યાનંતર તેની આવશકયતા પ્રાપ્ત થએલી હોય, તો તેને ગૃહણ કરો ભ્રાતા.

બલભદ્ર—અરે કૃપાપાત્ર લઘુબંધુ! જે આપના ભકતજનોને આપત્સમય પ્રાપ્ત થયેલો હોય, તે સમસ્ત હું આપનેજ આપત્સમય પ્રાપ્ત થયેલો છે એમ સમજુછું; તસ્માત્ તે ગૃહણ કરી દુષ્ટનો શિરચ્છેદ કરવો એ મને ક્ષત્રિય ધર્માનુસારે યોગ્ય છે. (નારદપ્રતિ) અરે ભકતરાજ! અધુના સત્વર નિવેદન કરો, કે આપને દુઃખદાઇ કયો દુષ્ટ પ્રાણી યમાલયની વાંચ્છના કરતો સ્વહસ્તેજ ૧અભિશાપ ગૃહણ કરવાને સત્વર તત્પર થયો છે?

નારદ—અરે ક્ષત્રિયવર્ય; અત્રે સાક્ષાત આપનું ભગવદી સ્વરૂપ છતાં અદ્યસમયે ક્ષત્રિય મંડળમાં *જંબુક પુરૂષનાં અત્યુત્કૃષ્ટ કૃત્યો અવલોકન કરવાથી મારા અંતઃકરણમાં અત્યંત આશ્ચર્યયુકત ખેદ ઉત્પન્ન થાય છે; તસ્માત્ આ ભૂમંડળમાં ક્ષત્રિય જંબુકનાં સિંહવત્ કૃત્યો અવલોકન કરવાથી ક્ષત્રિયસિંહ પુરૂષો કદાપિકાળે ગિરિદુર્ગમાની ગહ્વર ગુફાઓમાં નાશ ન થવા જોઇએ!

બળભદ્ર—અરે! સામ્પ્રત સમયમાં કયો જંબુક સિંહવત્ વર્તિને મૃગરાજને લજ્જા યુકત કરે છે?

નારદ—અહા! શું આ ક્ષત્રિય મંડળમાં સિંહ પુરૂષોને લજ્જિત કર્મ નથી? અદ્ય સમયેતો સ્પૃષ્ટ પ્રગટ થએલું વર્તાય છે, કે આ કાશીપુરીનો **ડાંગવરાજા** સિંહવત્ વર્તિને ઉર્વશી અપ્સરા ગૃહણ કરી રહયોછે!!

બલભદ્ર—(ઉચ્ચ સ્વરે) હેં! શું એ નિર્સત્તાઇ ડાંગવ નિશ્ચિન્તપણે ઉર્વશી અપ્સરાને સ્વતંત્રતાથી ગૃહણ કરીને પોતાને ઘેર લેઇ ગયોછે?

નારદ—સ્વતંત્ર તે વળી નિર્ભય થઈને!!

---

૧ મિથ્યા આરોપણ. * શીઆળ.

બલભદ્ર—(શ્રીકૃષ્ણ પ્રતિ) અરે ! શું એ ઘોડી એવા નિર્સત્તાઇ રાજ્યાશ્રયમાં રાખવી ઘટે છે? નહીં નહીં, એવી અપૂર્વ અશ્વનીતો આપણા ચક્રવર્તિ મહાન્ રાજ્યાશ્રયમાંજ રાખવી એ યોગ્ય છે.

નારદ—પણ તે ગૃહણ કરવાની સત્તા જોઇએની!

શ્રીકૃષ્ણ—(નારદ પ્રતી) અહો મુનિરાજ, આપના જાતી સ્વભાવની સત્તા તો દીન પ્રતિદીન પ્રબળ થતી જાય છે; કેમ વારૂં?

નારદ—(સર્વજ્ઞ છે એમ જાણીને) કૃપાનાથ! આપ તો, સર્વજ્ઞછો; પરંતુ એવા અહંકારીઓનાં તિરસ્કારવત્ નિંદા વચન મારાથી સહન થઈ શકતાં નથી; તસ્માત્ મારે તો શિરછેદ કરતાં પણ અધિક થઇ પડયું છે!

બલભદ્ર—[પોતાના મનમાં ઉર્વશી ઘોડી ગૃહણ કરવાને સંકલ્પ વિકલ્પ થયાં જાય છે, તેમાં વળી નામસ્મરણથી તિરસ્કારવત્ નિંદા વચન કહ્યાં એવું સાંભળી અત્યંત ક્રોધાવેશમાં આવીને] અરે! શું એ દુષ્ટ ડાંગવ મારા બન્ધુ શ્રીજગતપતિની નિંદા કરવા પૃવર્ત્યો છે? તો ચિન્તા નહીં, એ અજાપુત્રનું સમસ્ત સિંહત્વપણું હું સાંપ્રત સમયમાંજ અવલોકન કરી લેઉંછું!!

શ્રીકૃષ્ણ—અહો ગુણ સિંધુ જ્યેષ્ટ ભ્રાતા! સાહસ કર્મ કરવાને ન્યાય રહિત સંકલ્પ કરવા સત્વર મા થાઓ.

બલભદ્ર—(ક્રોધાવેશમાંજ) અરે ક્ષત્રિય વર્ય! આપતો ન્યાયમાં ને ન્યાય માંજ સ્વકાર્ય સિદ્ધયર્થે નિરંતર વૃથા વિક્ષેપ કરવામાં તત્પર રહોછો, પરંતુ એ દુષ્ટ બુદ્ધિમય અજાપુત્ર ડાંગવ પાસેથી એ ઉર્વશી ઘોડી એના સર્વસ્વને **નાશકારક** કરીને છોડાવીશ ત્યારેજ આ રંગમહાલયરૂપી સાર્વજનિક મંદિરમાં પુનરપિ પ્રવેશ કરીશ; એ નિ:સંશય સમજજો!

નારદ—(સહર્ષે) વાહવા, ધન્ય છે; ક્ષત્રિય ધર્માનુસારે વર્તનારી ન્યાય પ્રતિમાતો આવીજ હોવી જોઇએ!

શ્રીકૃષ્ણ—(સ્વેચ્છાથી પોતે નિર્દોષ છે એવું બાહ્ય સ્વરૂપ દર્શાવી અંત-

ભાવે તેમ કરવાની ઇચ્છા થયેલી છે, તોપણ) હાં,હાં, સત્ય સ્વરૂપ ધર્માભિલાશી જ્યેષ્ટ ભ્રાતા!! આ શું વદોછો?

બલભદ્ર—(ક્રોધાવેશમાંજ) "શુણો દિલ્લી તખ્ત ધરનાર" એ રાગ.

શુણો શુણો વૃહત્પતિ ભ્રાત; નિંદા વચન કેમ કે'છેરે. એ ટેક૦
એણે કીધો ઘણોરે ઉત્પાત; નિંદા વચન૦
શું એ! કાશીપતી મૃગરાજ? નિંદા વચન૦
શું એ! સિંહની લેનારો લાજ? નિંદા વચન૦
દીસો શૂર રહિત હરી મન; નિંદા વચન૦
નથી જોતો હું માઇ કેરો તન; નિંદા વચન૦
હજુ બેઠોછું હું બળવાન; નિંદા વચન૦
શું આ! યાદવકુલ અપમાન!! નિંદા વચન૦
હજુ પાંડવમાં ભીમસેંન; નિંદા વચન૦
દુષ્ટે ફોડયાં પોતાનાં આ નેંન; નિંદા વચન૦
હજુ છપ્પન કોટી યદુબાણુ; નિંદા વચન૦
આપ કૃપાથી સઉ સત્તાવાન, નિંદા વચન૦
હજુ અર્જુનને હનુમંત; નિંદા વચન૦
એના કર્મનો આણું હું અંત; નિંદા વચન૦
શું એ નિંદા વચન વદનાર! નિંદા વચન૦
ધિક્ક ધિક્ક પડયો અવતાર; નિંદા વચન૦
મારૂં ક્ષત્રિય શ્રોણિત વપુમાંય; નિંદા વચન૦
નસો નસ ઉછાળે આ કાય; નિંદા વચન૦
શું એ સિંહનો ભક્ષ ગૃહનાર; નિંદા વચન૦
શું એ નિંદાથી કીર્તિ કરનાર; નિંદા વચન૦
ત્રૈણ લોકમાં નિંદા કરનાર; દ્રષ્ટિએ દીઠેલો નહીં મુકુરે.
માટે ભ્રાત કરો ન ઉચ્ચાર; નિંદા વચન૦

ક્ષત્રિય વર્ય! સૂર્ય સમીપ અદૃષ્ટિકર અંધકાર કદાપિકાળે પ્રાપ્ત થવાનો નથી; તસ્માત્ કાળપાશમાં બલાત્કારે બદ્ધ થએલાને તો યમાલયનાં દુ:સહ દર્શન કરાવ્યા શીવાય ચાલે તેમ છેજ નહિ!

શ્રીકૃષ્ણ—(સ્વગત) અહા! અધસમયે જેષ્ટ ભ્રાતાના હ્રદયમાં અત્યંત શુરત્વાંકુરો ઉત્પન્ન થઇ પડેલા પ્રગટ સ્પષ્ટ વર્તાય છે; તસ્માત્ તત્સંબંધમાં યથા યોગ્ય યોજના કર્યા શિવાય નિર્વાહ થાય તેમ છેજ નહીં. (પ્રખ્યાત) અહો જેષ્ટ ભ્રાતા! આપનું સત્ય કથન સર્વથા પ્રકારે સત્યજ છે; પરંતુ ભ્રાતા, કાંઈ પણ મિષ વીના તેની સાથે યુદ્ધ કરવું એ ન્યાય માર્ગે વહન કર્તા આપ જેવા સત્પુરૂષોને યોગ્ય નથી; તસ્માત્ સામ, દામ, વિધિભેદ અને નિગ્રહના નિયમથી પ્રથમ તેને પત્રદ્વારાએ સુચના કરો, કે સર્વોત્તમ અપ્સરા, જે ઇન્દ્રની ઉર્વશી ઘોડી તારે ત્યાં છે, તે પૂર્વ નિયમાનુસારે [1]વાર્ષિક કરના દ્રવ્યને અર્થે અમારી સેવામાં નિર્ભયથી સત્વર અર્પણ કરો.

નારદ—(સહર્ષે) હાં હાં યદુકુલતિલક કૃપાનાથ, તત્સંબંધમાં આવીજ યોજના કરવી એ યોગ્ય છે.

શ્રીકૃષ્ણ—કેમ વડીલ બન્ધુ; એ યુક્તિ સમ્યક્ છે ના?

બલભદ્ર—(સંકોચ પામતી મુખ મુદ્રાથી) નૃપવર્ય વૃહત્પતિ, મારી ઇચ્છા તો સત્વર સૈન્ય સાથે ગતિ કરવાની હતી; પરંતુ આપનું સત્ય કથન ન્યાયાનુસારે સમ્યક્ છે, તસ્માત્ તેમજ કરૂં છું. (એમ કહી એક પત્ર લખીને શ્રીકૃષ્ણના હસ્ત કમલમાં આપતાં) લ્યો પઠન કરી જુવો ભ્રાતા.

શ્રીકૃષ્ણ—(સ્વગત વાંચીને) વાહ વાહ, જેષ્ટ ભ્રાતા; યુક્તિ તો યથાયોગ્ય વર્તાવી છે. તસ્માત્ તેમજ કરો લ્યો. (એમ કહીને પત્ર પાછો આપે છે.)

બળભદ્ર—(પત્ર પાછો લેઇને રાજ્યનીતિ પ્રમાણે બીજા પત્રથી આચ્છાદન કરીને રાજ્ય ચિન્હાદિ ક્રિયાઓ કર્યા પછી) પ્રતિહાર!

અનુચર—(પ્રવેશ કરી વંદન કરતાં) આજ્ઞા મહારાજ.

બલભદ્ર—આ પત્ર લેઇને કાશીપુરીના ડાંગવ રાજાને સત્વર વેગથી

---

૧ ખંડણી ભરવી તે.

પહોંચાડો, અને એ એક ઘોડી આપે તે સૂર્યાસ્તપૂર્વે ત્વરિત લેઇને પાછા આવો. અથવા એ કાંઇ ઉત્તર આપે તો તે યથાસ્થિત સ્મરણ રાખીને અત્રાવાગમન સત્વર કરજો. (પત્ર આપે છે.)

અનુચર—(પત્ર લેઇને) બહુ સારૂં કૃપાનાથ; ત્યારે હવે હું વંદન કરીને સત્વર પલાયન કરૂં છું. (પત્ર લેઇને જાય છે)

નારદ—(સ્વગત) વાહ વા, યુક્તિ તો યથાર્થ ઉતરી છે. (સહર્ષ પ્રખ્યાત) જય જય કૃપાનાથ! હવે હું એકાંત સ્થળે સ્થિતિ કરીને નિત્ય નિયમારંભમાં પ્રવર્તિ કરૂં છું.

શ્રીકૃષ્ણ—ભવતુ. પધારો મુનિરાજ.

(નારદ જાય છે ને પડદો પડે છે.)

પ્રવેશ ૧૧ મો.

સ્થળ—ડાંગવ રાજાનો રત્ન મહાલય.

પાત્રજનો.

ડાંગવ અને પછીથી વિદૂષક.

ડાંગવ—(ભોજન કર્યાનંતર બેશીને સ્વગત) અહા! શ્રી નારાયણ ઋષિને છળવાને માટે કામ, વસંત અને જે અપ્સરાઓ ગઇ હશે, તે આ ઉરૂમાંથી ઉત્પન્ન થએલી અપૂર્વ પ્રતિમા જોઇનેજ લજવાઈ ગઇ હશે, તેમાં કાંઈ સંશય નથી. બ્રહ્માએ આ સૃષ્ટિ નિર્માણ કરી તેમાં તેની પ્રસંશા કરવી એ મને પ્રફુલ લાગતું નથી, કારણ કે તેનાથી આવી એક અતિ સૌંદર્યવતી મનોહારિણી સર્વોત્તમ પ્રતિમા ઉત્પન્ન થઇ નથી; તસ્માત્ પ્રસંશા તો માત્ર શ્રી નારાયણ ઋષિની કરીએ તો એવી એક ઉત્તમ મુર્તિ એણે રચેલી છે કે જેની સૌંદર્યતા, વક્તવ્યતા ત-

થા મનોહરતા એની બીજી એકે વસ્તુતામાં દ્રષ્ટિગોચર થતી નથી આહા ! કેવી નિષ્કલંકી મનોહારિણી મુર્તિ રચેલી છે !

વિદૂષક—(નેપથ્યમાં) વાહ વા, મહારાજા તો સ્વર્ગ શિરોમણી સર્વોત્તમ મુર્તિના મોહમાં નિમગ્ન થયેલા છે ને શું ! (પ્રવેશ કરીને) અહો મહારાજા ! એ વાત તો મારે સાંભળવી પડશે, માટે એ મુર્તિ તે કઈ, કે જેમાં તમે બ્રહ્માની બ્રહ્માંડ જેવડી ભુલ કાઢી, નારાયણની નિર્માલ્ય કૃતિમાં એટલી બધી પ્રસ્તુતપ્રસંશા કરો છો ! !

ડાંગવ—અહો હો, કોણ મિત્ર વિદૂષક ! આવ મિત્ર, તારૂં આવાગમન આજે અણુચિન્તવ્યું ક્યાંથી ?

વિદૂષક—એ વાત પછી, પણ પેલી મુર્તિ તે કઇ ? તેતો પ્રથમ કહો !

ડાંગવ—વયસ્ય, એ મુર્તિ કાંઇ તારાથી અજાણી છે ?

વિદૂષક—મહારાજ, જાણી નહીં ત્યાં સુધી અજાણીજ ને ?

ડાંગવ—મિત્ર, તારા જાણવામાં છે, પરન્તુ તારી સ્મરણ શક્તીમાં નથી; માટે સ્મરણ કર.

વિદૂષક—પણ મહારાજ, તેનું કાંઇ નામ, કે એમજ ?

ડાંગવ—હશે, ત્યારે તે વસ્તુ તારે કાંઇ જાણવાની જરૂર છે ?

વિદૂષક—વાત ગુપ્ત ન થાય, તો મહારાજ ધણીએ જાણવાની જરૂર છે.

ડાંગવ—જો વયસ્ય, એ સર્વ કલાસંપન્ન, સુતન્વી, શશિવદની, મૃગનયની, કોકીલ કંઠી સ્વર્ગ શિરોમણી નવોઢા કામિની ! !

વિદૂષક—(ત્વરાથી) હાં હાં મહારાજ, હવે સમજ્યો હો ! તે દહાડે પેલું વગડામાંથી રોઝ પકડી આણ્યું છે એ કે શું ?

ડાંગવ—(ક્રોધાવેશમાં) અરે જંગલી, કાંઈ બોલવામાં સમજતો નથી ! જરા વિચારીને બોલ. તારા જેવા મૂર્ખની વિષવલ્લરીને માટે એક પ્રાચિન કવિએ શિક્ષા સ્વરૂપી વચનામૃત કહેલાં છે, તે શ્રવણ કરીને તારાં હૃદય ચક્ષુષ્ ઉઘાડ. જો સાંભળ કહ્યું છે કે.—

॥ भो जिह्वे कुरु मर्यादा । भोजने भाषणे तथा ॥

અર્થ—હે જીભ, તું ભોજન કરવામાં ને ભાષણ કરવામાં મર્યાદા રાખ. માટે તું જરા પણ મર્યાદા પુરસ્સર ભાષણ કરવામાં સમજતો નથી!

વિદૂષક—મહારાજ, સમજુ છું તો બધુંએ, કે આતો આપે પૂર્વાર્ધ કહ્યું. પણ તેનું ઉત્તરાર્ધ જીવો સાંભળો, જે એમાં શું કહ્યું છે.—

॥ अहारे व्यवहारेच । त्यक्तलज्जा सुखी भव ॥

અર્થ—અહાર કરવામાં ને વ્યવહારીક કાર્યમાં વિચરતાં લજ્જાનો પરિત્યાગ કરે તે સુખી થાય. માટે મારો ને તમારો વાચા વ્યવહાર એવો બંધાએલો છે, એટલે શું કરૂં મહારાજ; બોલ્યા વીના ચાલતું નથી! માટે મહારાજ ક્રોધાવેશી થશો માં, વળી કહું છું કે મને પણ મોહ તો થયો છે, કે મહારાજાના જેવું એકાદ ઝહાડીમાંથી ઓંડ પકડી આણું; પણ મને તો મથુરીઆની મા ના કહે છે, એટલે શું કરૂં!!

ડાંગવ—મૂર્ખ જણાય છે કે શું?

વિદૂષક—લ્યો રહ્યું ત્યારે, તમેજ આ ભવસાગરના ક્ષીર સમુદ્રમાંથી અમૃતની વેલીનો ત્યાગ કરીને, બલાત્કારે તે ક્ષાર સમુદ્રમાં બળી મરવા પડતું મુકીને બાથોડીયાં ભરતા સંતાપ તાપ કરવાને મ્હોટી વિષની વેલીમાંથી સ્વાદ શોધી કાઢીને સ્વાનુભવ સિદ્ધ કરી લ્યો.

ડાંગવ—બહું સારૂં, મિત્ર; પણ તુંએ મથુરીઆની માને પુછેછે ખરો કે?

વિદૂષક—અરે મહારાજ, પુછ્યા વીના તે પાણીએ કેમ પીવાય! માર્યો જાઉં ને? અને પુછ્યું ત્યારે તો એમ કહે છે કે "અરે ઓ શંખના સારથી, સાહસ કામ શું કરવાને કરે છે, પેહેલો જોતો ખરો; કે મહારાજાને મળતું હળતું જાણીતું માનીતું ઝાહાડીમાંથી ઓહોડ વળગ્યું છે, તેનો પરિણામ કેવો થાય છો!!

ડાંગવ—(અત્યંત ક્રોધાવેશમાં આવીને) રે જંગલી, તને એકવાર ના કહુંછું તોપણ મનસ્વીપણે વિપ્રિત ભાષણ કર્યાં કરે છે?

વિદૂષક—અરે ભુલ્યો માહારાજ, ક્યાંઇ રસનામાં અસ્થિ રહ્યું નથી માટે આડા અવળી વળી જાય છે. (એમ કહીને પોતાનો કાંન પકડે છે.) અને આતો આડી વાતે વળી ગયો, પણ પેલી કામિની તે શું કામની? તેતો કહો!

ડાંગવ—જો સાંભળ મિત્ર,—

રાગ સિંહાનો કાનરો.

નારી[1]નવોઢા [2]ભવ સુખદાઇ, છે ભવ સાગર[3]તારક ભાઇ.—નારી નવોઢા૦
[4]મૃગનયની[5]નિતંબિની પ્રેમી પ્રિયાજ્યાં, સ્વર્ગનું સુખ જણાયછે ત્યાંહી.નારી.
[6]ભ્રકુટીવિભ્રમ [7]સ્મિતવદનમનોહર, [8]સૌરભઅંગ [9]અમર સુખદાઇ નારી.
[10]મૃગરાજકટી પ્રિયા [11]પ્રેમ પયોધિની, પેખી પરાક્રમી માગું ન કાંઇ. નારી.
[12]તરૂરાજ વિરાજીત [13]જંઘત્રટી[14]ઉર, રંભાંકુર સમ [15]અધર સુધા[16] સુખદાઇ. નારી.
કામિની કામક્રિયા સુખ સાગર, [17]નાગર પુંસ પડે [18]પૂર માંહી. નારી.

વિદુષક—અરે ભુલ્યા મહારાજ! એતો ભવસાગરમાં ડુબાડનારી અને નર્કદ્વાર કહેવાય છે! જુવો આપણા શાસ્ત્રોમાં કહ્યું છે કે,—

"[19]વેશ્યા વિષ તણી વેલી, નાખે નરકકુંડમાં ઠેલી."

એતો વાત વિચારો પેહેલી. તેને તમે "ભવસાગર તારક" કેમ કહો છો? અને મહારાજ, એમ જુવો તો આપને સાક્ષાત્ દૈવી સ્વરૂપી દેવી મહારાણીજી પ્રેમપુરમાં ક્યાં શૂરવીર નથી! પણ મહારાજ, માહારેતો પુનર્પ્રિતિ કર્યા વીના છુટકોજ નથી; કારણ કે આ મથુરીઆની માનામાંતો કાંઇએ સુલક્ષણ દીઠાં નહી. પહેલાંતો બાળભ્રમચારી સ્વરૂપે રહેવા વિચાર કર્યો હતો, પણ અવણાં પરણ્યોછું, તેમાં વળી તમારૂં જોઇને શાખ્યો કે પરાંણેય પરની પ્રીતિ કરવી એ સમાન બીજું સુખ નથી!!

---

૧ નવી સ્ત્રી. ૨ સંસારી. ૩ તારનારી. ૪ મૃગના જેવાં નેત્રવાળી. ૫ ભારેછે કટી પશ્ચાત્ ભાગ તે જેનો એવી. ૬ ભ્રમી ગયેલી ભ્રકુટીવાળી. ૭ હસવું. ૮ સુગંધીમય. ૯ નિરંતર. ૧૦ સિંહના જેવી કટીવાળી. ૧૧ જેના હ્રદયમાં પ્રેમરૂપી સમુદ્ર ભરેલો છે એવી. ૧૨ કેળ. ૧૩ ઝાંઘ. ૧૪ કેળના સ્થંભમાંથી પ્રગટ થતું પાંદડું. ૧૫ હોઠ. ૧૬ અમૃત. ૧૭ ચતુર પુરૂષ. ૧૮ ભરતી. ૧૯ વારાંગના. (અપ્સરા)

ડાંગવ—અરે મિત્ર! એવું મનોહરતા, સુખદસ્વરૂપી અવર્ણિય પ્રીતિપાત્ર કાંઇ બધે હોતું નથી, માટે જોઇ વીચારીને કરજે.

વિદૂષક—વાહવા! (સભ્યસ્થ મંડળ પ્રતિ દ્રષ્ટિ કરીને) જોયું? ડાહી સાસરે ન જાય, અને ગાંડીને શીખામણ દે. એ તે આનું નામ! (રાજા પ્રતિ) અરે મહારાજ, આપને તો બધુંએ ઠીક છે, માટે ઉજળું એટલું દુધ દેખી રહ્યાછો; પણ એક દીવસમાં તમનેય દેખાડી દેઇશ, કે જુવો! કેળનું વન મુકીને કૌવચના વનમાં કેવી મઝા પડે છે!! વળી મારા જેવો ચતુર ચોરતો ચતુરાઇમાં ચુકે નહીંતો! અને આપની પેઠે ઉપરથી પડતું ન મુકે; અમેતો બેશીને સુનારા!! જુવોને ધોળાં આવ્યાં ત્યારે તો પરણ્યો! (એમ કહીને દાહાડીએ હાથ ફેરવે છે.)

ડાંગવ—અહો! આટલો વખત તેં એમ ને એમજ કાઢયો કે શું!

રાગ સોરઠની ઠુમરી.

જન્મ જનુની જઠરે ધરીને, જેણે કામ શૃંગાર ન જાણ્યોરે;
તેહ વૃથા ભવ ભાર[૧] વહીને, [૧]તાડ સમાન ગણાયોરે　જન્મ જનુ૰
ચંપકવર્ણિ ચુંબી નહીંને, સ્પર્સ નિતંબન ન સાર્યોરે;
જેહ વિલાસ વિવેક ન જાણ્યો, તેહ વૃથા જનમારોરે.　જન્મ જનુ૰
હાવ ભાવ મૃદુવાણી સ્મિતને, મૃગનયની-કટાક્ષ ન ભાળ્યુંરે;
સૌરભ અંગે અંગ ન ચાંપ્યું, તેણે જીવતર જીવતાં બાળ્યુંરે.　જન્મ જનુ૰
પ્રેમવતી પ્રિય તારૂણી માંહી, છે સુખસાગર જાણોરે;
જે સુખનાર વિલસમાં વાપ્યું, તે સુખ અન્યે નહિં માનોરે.　જન્મ જનુ૰

વિદૂષક—વાહ વા! મહારાજ ત્યારે જન્મ્યાનું સાર્થક તો એમાંજ રહેલું જણાય છે ને શું!

ડાંગવ—(જરા હશીને) હા મિત્ર, પણ તને ધોળાં આવ્યાં ત્યાં સુધી તેં શું કર્યુ?

વિદૂષક—પહેલાં તો વીશ વરસ મારી કીશોરાવસ્થાનાં, તેમાં તો આ

---

૧ જડ જવો.

સઘળી રમતો રમતાં શીખ્યો; અને બીજાં વીશ વરસમાં તો ભાવતાં ભોજનજ કર્યાં કર્યું. જુવોને મહારાજ, પાણીમાં ચણો કરમાય તેવો હું કરમાઇને કેવો કૃષ્ય બની ગયો છું! (એમ કહીને પુષ્ટ થયેલાનું ચિન્હ કરી બતાવે છે.)

ડાંગવ—(હાસ્યકર્ત્રિ મુખમુદ્રા કરીને) વાહ, તારી કીશોરાવસ્થાની કૃષ્યતા!

વિદૂષક—પણ મહારાજ, ખરૂં પુછાવો તો યજમાનોનાં અગીયારમાંય મુકયાં નથી હો! અને ત્રિપિંડીયોમાં તો ઘેરે ઘેર જઈને કહી આવતો કે,—**ચોપાયા છંદની ચાલ.**

તર્પિડીના ત્રર્ઘણ બ્રાહ્મણ, હું જગન ને જાગો;
કહો તો ઘરની ડોશી આવે, જોડે મથુરો નાગો.

નારાયણ! નારાયણ!! નારાયણ!! પછી, હર હરશંભો! હર હરશંભો! હર હર મહાદેવ!!! હર! ત્યારે તમારી પાસે આવી પહોંચવાને શક્તિવાન થયો છું, મહારાજ!

ડાંગવ—અરે! ત્યારે તું પણ ધર્મશાસ્ત્રાદિ ગ્રન્થોના પથ્યનું પરિમાણ પામીને પાછો તે પથ્યને ઉલંઘન કરી વિરકત વર્તનારો ખરો, કેમકે,—

॥ શ્લોક ॥

शैशवेभ्यस्तविद्यानां। यौवनेविषयैषिणां ॥
वार्धकेमुनिवृत्तिनां। योगेनान्तेतनुत्यजां ॥

અર્થ—પહેલી વયમાં વિદ્યાભ્યાસ કરવો, બીજી વયમાં કામશૃંગારાનુસારે ગૃહાદિ કાર્યો કરવાં, ત્રીજી અવસ્થામાં મુનિના સરખી વૃત્તિ રાખવી, અને ચોથી અવસ્થામાં સર્વેનો પરિત્યાગ કરીને માત્ર યોગ ધારણ કરવો. તેમાંનું તેં પ્રથમની બે વયમાંતો કાંઈ પણ કર્યું નહીં, આ શું આશ્ચર્ય છે!!

વિદૂષક—તે ખરૂં કહો છો મહારાજ, ભણ્યો ભુલે. અને તારો ડુબે. માટે આપ તો આનંદાશ્ચર્ય પામોજ ના! પણ અમારે આખું કોળું શાકમાં જાય નહીં તો! અને મહારાજ, અમારે તો જાગ્યા ત્યારથી સવાર માટે હવેજ કાંઈ શીખવો તો કરીશું.

ડાંગવ—વયસ્ય, હવે તું શું કરવાનો હતો; જો સાંભળ. વળી કહ્યું છે કે.—

॥ શ્લોક. ॥

प्रथमेनार्जिताविद्या । द्वितियेनार्जितंधनं ॥
तृतियेनार्जिताकीर्ति । श्चतुर्थेकिंकरिष्यति ॥

અર્થ—જેણે પહેલી અવસ્થામાં વિદ્યાભ્યાસ ન કર્યો, બીજી અવસ્થામાં ધન (પૈસો) પેદા ન કર્યો, અને ત્રીજી અવસ્થામાં કીર્તિ મેળવી જય ન પામ્યો, તો તે ચોથી અવસ્થામાં અંતે શું કરી શકવાનો હતો. માટે તારી જુવાની તો જંગલમાં ઝામેલા જવાસાની જોડે જાંબુડા જેવી નિષ્ફળ ગઇ; પણ તને રામા રંગમાં ઋતુ ઋતુની વિલાસ વિવેચના ખબર નથી, ત્યાં સુધી એમજ સમજજે.

વિદૂષક—વાહ વા, મહારાજ! એતો વીંત્રાથી રળીયામણું; માટે હવેજ કાંઇ થોડું થોડું શીખવો તો ઠીક, મારે તો છએ રૂતુના બારે માસ સરખા જાય છે.

ડાંગવ—જો સાંભળ, એ છએ રૂતુનાં વિલાસાદિ સુખ તો દેવને પણ દુર્લભ છે; જો મન માનેલી મહામાયા કામ શૃંગારાદિ યુક્ત કામિની હોય તો!

વિદૂષક—મહારાજ કહો તો ખરા, કે એ શી રીતે રસીલી રામા રંગમાં રંગાયા અને આ કુણું કાળજુ કાળુ કર્યા વીના ટાહાડું થાય!!

ડાંગવ—(સ્વગત વીચારીને) કાળુ કર્યા વીના એટલે ?

વિદૂષક—એટલે તે મારી વાત મનમાં હું સમજુ, કે બીજા તમે, પછી ખરું પુછાવો તો સૌ સઉના મનમાં સઘળું સમજો પણ [1]પત્તનમાં કોઈ પડો ન પડાવે!! પણ મહારાજ, એ વાત પછી; અવળાં આડી વાતે નહીં વાળું, કેમકે રૂતુ રૂતુના વિલાસ જાણી લેવાછે; અને એ [2]પ્હાણો તો પોતાના માથામાં વાગશે એટલે એની મેળે ઉંચું જોવાશે!

---

૧ નગર ૨ પથરો.

સંભવ—(સઘળું સમજીને) વયસ્ય, તું અન્યોક્તી કરેછે તે સઘળું સમજુ છું, પણ તેની તને બરોબર માહિતી નથી માટે આ વિલાસાદિ સુખ સાંભળ. જો પ્રથમ તને સર્વોત્તમ વસંત રૂતુનો વિલાસ કહુછું;—

વસંતતિલકા છંદ.

શાખા સમાન સઘળા, તરૂની તુટેલી;
શોભે સ્વરૂપ [1]નુતનાંકુરથી ફુટેલી;
વાયૂ વસંત વરતાવતી પુષ્પવેલી;
[2]સુર્ભિ સુ સાર સઘળે, સુખની સુહેલી.
[3]કંદર્પ [4]કોકિલકળા, [6]કળથી કળાતા;
પ્યારી પ્રિયા પ્રતિ સુ [7]વાકવિલાસ થાતા,
પ્રેયા [8]પ્રતિ,[9]પતિત પ્રેમની પાળ [10]પક્ષી;
લાગે [11]લજેલ [12]લલના, [13]લત [14]લક્ષ લક્ષી.
આપે [15]અશોક અતિ [16]આમ્ર સુવાસ તાજી;
[17]શામા સહીત સુખ ભૂવનમાં બિરાજી;
લે [18]સૌખ્ય નિત્ય રૂતુના, જન જે વિલાસી;
કે' કો [19]વિરક્ત થઈ જાય વસંત [20]કાશી.

વિદૂષક—વાહવા! ત્યારે તો વસંતમાંજ વય પુરી કરીએ ને શું! અને મહારાજ, આવું સુખ મુકીને તે કાયાનું કલ્યાણ કરવા કાશીએ જઈને કયો મુમુક્ષુ કરવત મુકાવે એવો છે! અને ખરૂં જુવો તો કાયાનું કલ્યાણ વસંતના વિલાસમાંજ રહેલું જણાય છે. ત્યારે મહારાજ ગ્રીષ્મ રૂતુના ગળપણની મિષ્ટતા પણ જુદીજ હશે, કેમ વારૂ?

---

૧ નવી કુંપળો. (પાંદડાં) ૨ સુગંધી. ૩ કામદેવ. ૪ કોયલોની ગાયનરૂપી મધુર સ્વરની કળા. ૬ વસંત રૂતુનો પ્રભાવ. ૭ વાણીથી વિલાસ કરવો તે. ૮ તરફ. ૯ પડેલી. ૧૦ પક્ષકારી. ૧૧ નમેલી. ૧૨ પ્યારી સ્ત્રી. ૧૩ ટેવ. (ચુકે નહિં તેવી વરતણુંક) ૧૪ લાખ લાખી. ૧૫ આસોપાલવ. ૧૬ આંબો. ૧૭ પ્યારી સ્ત્રી. ૧૮ સુખ. ૧૯ તજીને. ૨૦ તિર્થસ્થાન.

ડાંગવ—જો સાંભળ, ગ્રિષ્મ રૂતુના ગળપણની મિષ્ટના આવી છે;—

વસંત તિલકા છંદ.

[૧]રામા [૨]રમા [૩]રમણને, [૪]શશિ કિર્ણ સારાં;
પંખા તણા પવનને, [૫]પદબંધ પ્યારાં;
આછાં અનૂપમ સુવસ્ત્ર સુગંધ સારા;
[૬]નિર્વિષ ચંદન સુતેલ છુટા ફુંવારા.
ધોળ્યા થકી [૭]ધવલતા, ધરતી [૮]ધરા જ્યાં;
પુષ્પોમયી પ્રસરતી, વન [૯]વાટીકા ત્યાં;
સ્ફાટીકથી ફરિ વળી, ફરતી અગાશી;
લે ત્યાં બિરાજી સુખ ચાંદનિમાં વિલાસી.
પ્યારી પ્રસંગ પડતો, સુખ સ્વર્ગ માની;
સેવે [૧]અરાલનયના, સુકુમાર શાણી;
ગ્રીષ્મે સુ મિષ્ટ સુખ ઉત્તમ [૨]જાણ જાણે;
તો મિત્ર કેમ [૩]ઉપટ્ભાગી નતે વખાણે.

વિદૂષક—ઓહો! જ્યારે ગ્રિષ્મ રૂતુના ગળપણની આવી મિષ્ટતા માને ત્યારે તો પરાણે પ્રિતી થાયજ! પણ મહારાજ, વર્ષાનો વિલાસાદિ વરસાદ કેવો વરસે? તેને પણ વરણવવો તો જોઈએ, આમાંતો લ્હેર છે!

ડાંગવ—જો સાંભળ, ત્યારેતો વર્ષાનો વિલાસાદિ વરસાદ પણ વરસાવુંછું.

શાર્દૂલ વિક્રીડિત છંદ.

[૪]મેઘાચ્છાદન [૫]વ્યોમને [૬]મયુરના, [૭]આલ્હાદકારી સ્વરો;
[૮]ગૌનાવૃન્દ [૯]મલ્લાર [૧૦]મન્દ [૧૧]મધુરા, [૧૨]ગુંજાર જ્યાં [૧૩]ગહ્વરો;

---

૧ સ્ત્રી. ૨ લક્ષ્મી. ૩ રમવું. ૪ ચંદ્રના કીરણો. ૫. નેપુર. ગાયનો. પુષ્પની શય્યા. પુષ્પની ચાદરો. પુષ્પના હાર. પુષ્પના દડા પુષ્પની ૭. ડાઓ. ૬ વાસુકીએ પણ વિષવાળો નહીં કરેલો એવું. અર્થાત સર્પે સ્વલ્પ સુગંધી પણ નહીં લીધેલી એવું ચંદન. ૭ ધોળાસ. ૮ પૃથ્વી. ૯ વાડી.

૧ ભ્રમર જેવી આંખવાળી. ૨ પ્રવિણ. ૩ રતુ, ૪ મેઘ થકી ઢંકાઈ ગએલું. ૫ આકાશ. ૬ મોરના. ૭ આનંદ ઉપજાવનારા. ૮ ગાયોનાં ટોળાં. ૯ એક જાતના રાગનું નામ. ૧૦ ધીરે. ૧૧ મીઠાશથી. ૧૨ નાના પ્રકારના શબ્દોથી થતો ઘોશ. ૧૩ મોટું વન.

*શુષ્કક્ષ્મા જલને ×તૃણાંકુર થકી, ભારે ભવે શોભતી;
+દેખી [૧૭]દંપતિ [૧૮]સંપતી સદનમાં, વાધે વિલાસે રતી.
ફુલ્યાં [૧]ફુલ્ર ગિરિશમાં [૨]ફણિશ્વરો, ફેના ફગોટી ફરે;
વર્ષા વિદ્યુત ગર્જના [૪]ધનગટા, [૫]ઉદ્યોત ચારે કરે;
[૬]આસોપલ્લવ આમ્ર ઉત્પલ શિરિષ્યાર્વિન્દ પુષ્પો પ્રતી.
[૭]પ્રદ્યુમ્ને પ્રગટી [૮]સુવલ્લિ વળગી, વૃક્ષે વડા વેગથી.
[૯]પ્રાદુર્ભાવ [૧૦]સુપલ્લવે પ્રબળતા. પુષ્પો કદંબે કળી;
[૧૧]કંદર્પે કરિ [૧૨]દર્પ [૧૩]સર્પ [૧૪]સરિતા, [૧૫]સાનિધ્ય લાવે લળી;
વર્ષો વર્ષ વિલાસ [૧૬]વાસર વિષે, વર્સાવતા વર્ષમાં;
તે કે' મિત્ર વિસારતા કયમ હશે, વર્ષા વડી હર્ષમાં.

વિદૂષક—વાહવા ! એવું હોય ત્યારેતો વર્ષાનો વિલાસાદિ વરસાદતો વરશો વરશ અગવેષ્ટિત વલ્લીવત યાદ આવે ! (સભાપ્રતિ દ્રષ્ટિ કરીને) આહા ! આવો વરશાનો વિલાસતે કેમ વિસરી જાય ! ને નવોઢા નારીની શી મઝા થાય ! ત્યારે મહારાજ, હવે શરદની શોભા સંભળાવી સંતાપ સંતાપી સંતોષ પમાડયા વગર છુટકોજ નથી.

ઠાંગવ—તે પણ સાંભળ; મિત્ર, શરદની શોભા તો વિલાસી પુરૂષોને અત્યંત સુખ દાયક થઇ પડે છેઃ—

શાર્દૂલ વિક્રીડિત છંદ.

[૧]વાતાવર્ણુ [૨]વિવર્ણ- [૩]વિડ્વર વિશે, [૪]ત્યાગે [૫]શિતે સર્વદા;—
[૬]સ્વચ્છાકાશ [૭]વસુંધરા પ્રતિ અતી, [૮]ઉદ્યોત અર્પે સદા;
[૯]ચંદ્રદ્યોત [૧૦]સમીરને શિતલતા, કર્ણે પ્રકાશે અતી;

---

* તાપથી તપી ગએલી પૃથ્વી. × ઘાસ. + સ્ત્રી પૂરૂષ. ૧૭ સંપત્તિ. ૧૮ ઘર ૧ મલયાચળ પર્વત. ૨ સર્પ. ૩ વિજળી. ૪ મેઘ. ૫ પ્રકાશ. ૬ કામદેવનાં પાંચ બાણ. ૭ કામદેવે. ૮ ઉત્તમવેલો. ૯ ઉત્પન્ન થવું. ૧૦ સુંદર પાંદડાં. ૧૧ કામદેવે. ૧૨ ગર્વ. ૧૩ પાંશરી. ૧૪ પ્રેમરૂપી નદી. ૧૫ સ્ત્રી પુરૂષની પાસે. ૧૬ દીવસ.

૧ વાદળાં. ૨ જુદા જુદા રંગ. ૩ લડાઈ. (વૃષા રૂતુમાં વાદળાં અન્યોઅન્ય અથડાઇને ગર્જના કરેછે.) ૪ નિવૃત્ત થઇ સ્થિર થવું. ૫ શરદ રૂતુમાં. ૬ નિર્મલ. ૭ પૃથ્વી. ૮ પ્રકાશ. ૯ ચંદ્રનો પ્રકાશ. ૧૦ વાયુનીલ્હેરો.

*અષ્ટાલિંગન ×સપ્તચુંબન વિધી, [13]કંદર્પદર્પે થતી.
અર્પેલું પતિ મેઘરાય મળતાં, [14]ક્ષ્માએ ધર્યું ધૈર્યથી;—
લીધું સુંદિર વસ્ત્ર- [15]ભૂષણ ભરી, સૌભાગ્ય લે કાન્તથી;
[16]હર્ષોત્સર્ગે [17]પયોદના શ્રમતણાં, [18]સ્વેદાંબુ દર્શાવતી;
દર્શાવી [19]ઉપભોગ્યરત્ન રજિને, [20]ભોક્તા થતા ભાવથી.
[1]વિત્તાતા[2]નૃ [3]વિલાસવારીધિ વિધી, વર્તાવિને રંગમાં;—
[4]આલ્હાદોદધિથી [5]સ્મરે શિતલતા, તૃપ્તિ ત્રિયા સંગમાં;
[6]સાંધી બાણ [7]કપર્દિશત્રુ [8]સરતાં, આગ્ની ઉઠે ઉર્મિથી;
શોભા રમ્ય [9]વિલોકતાં [10]વળિ જતાં [11]અંતઃપુરે પ્રેમથી.

વિદૂષક— વાહવા, મહારાજ, અનંગના રંગની રેલમછેલા અને છાકમ છોળોતો આ ઋતુમાંજ વાગી રહીને રાનીમાતી જણાય છે; કેમકે એવી શીતલતામાંથી આખા શરીરમાં ઉષ્ણતા ઉત્પન્ન થાય ત્યારે એ ઋતુ કાંઈ ઓછી ન કહી શકાય. તમારા વિલાસ વિવેચનાનો ભા-

---

*(અષ્ટાલિંગન પ્રમાણ) વૃક્ષરૂઢાલિંગન. લતાવેષ્ટિતાલિંગન. લાઘવાલિંગન. બીજકાલિંગન. ઉરૂપગુઢાલિંગન. તિલતંદુલાલિંગન. ક્ષીરનીરાલિંગન. લાલાટીકાલિંગન.× (સપ્તવિધી ચુંબન પ્રમાણ) મિતાચુંબન. સ્ફુરતીચુંબન. અવઘૃષ્ટચુંબન. ભ્રાન્તચુંબન. પીડિતચુંબન. સંપુટચુંબન. મૌલીચુંબન. ૧૩ કામદેવના ગર્વથી. ૧૪ પૃથ્વીએ. ૧૫ પુષ્પરૂપી અલંકાર. ૧૬ શરદ ઋતુમાં પૃથ્વી ઘણીજ આલ્હાદકારક થઇ પડે છે, માટે હર્ષનો ઉત્સવ કરતી હોય તેમ જણાય છે. ૧૭ મેઘ. ૧૮ શરદઋતુની રાત્રે ઝાકળ પડે છે, એટલે આખી પૃથ્વીના તૃણાંકુરો ઉપર જેવા પર સ્વેદબિંદુ હોય તેવા પ્રાતઃકાલે જળના બિંદુઓ પડેલા હોય છે, અને તે સૂર્યોદય પહેલા જરા ઉષ્ણ હોય છે, તથા પૃથ્વી પણ ભીંજાએલી અને ઉષ્ણ જવાળથી ભરેલી હોય છે. ૧૯ ભોગવવા યોગ્ય રત્ન. ૨૦ ભોગવનારા.

૧ અનુભવી. ૨ પુરૂષ. ૩ વિલાસનો સમુદ્ર. ૪ આનંદનો સમુદ્ર. ૫ સ્મરણ કરે. (રાગ વિલાસથી શરદનું વર્ણન કરવું તે) ૬ કામદેવને શેલડીનું ધનુષ્ય છે, અને તે શેલડીનો પાક શરદમાંજ થાય છે; આસોપલ્લવાદિ પંચ બાણ પણ તે ઋતુમાંજ શોભા આપે છે. ૭ કામદેવ. ૮ પડતાં. ૯ જોતાં. ૧૦ જતાં રહેતાં. ૧૧ એકાંત સ્થાન.

વાર્થ સઘળો સમજ્યોછું હો ! માટે આ રૂતુને વખાણુવામાં વાણીની વાડી ખીલાવતાં જીભના કટકા કરવાને કાયા કંપાવતો નથી ! પણુ અવણું આડી વાતે વાળવાનો વિચાર નથી વાળતો, કેમકે હેમંત-રૂતુનું વર્ણુન સાંભળવાને માટે ‡હૈડું હરખાઈ રહ્યું છે.

ડાંગવ—તો સાંભળ, તે પણુ તને કહી સંભળાવુંછું; વયસ્ય,—

વસંતતિલકા છંદ.

[1]માર્તંડમંડળ મળી, [2]અલિ [3]ચાપને આ;—
[4]અભ્રભ્રમે [5]મુદિરમાં, [6]ધનગર્ભ દેતા;
[7]ક્ષ્મા મંડળે [8]ગગન મંડળ [9]મોદ કારી;
[10]ફુલ્લાર વિન્દ વદની, પ્રતિ શાન્તિ સારી.
વૃક્ષે [11]વિહંગ વદતાં, ભુમિ રમ્ય ભાસે;
[12]રત્નાભ્રણે અવયવો, ભરિને વિલાસે;
[13]ઉર્ણાસુ વસ્ત્ર [14]વપુએ, [15]પય [16]સર્પિ [17]ધાન્યે;
[18]મિષ્ટાન્ન ભક્ષ કરતાં, [19]ક્રિયમાણુ માન્યે.
ચન્દ્રોદયે [20]કનક– ચમ્પક તુલ્ય [21]ગૌરી;
આલિંગને -હૃદયમાં, સ્મર તૃપ્તિ [22]શૌરી;—
ક્રીડાતણા શ્રમ થકી, શિથિલી થયેલી;
લાગે ત્રિયા *તિલક, +રષ્ટિ રસે રહેલી.

---

‡ હૈયું. -હૃદય. ૧ સૂર્યનું મંડળ. ૨ વશ્ચિક. ૩ ધન. (એ બે સંક્રાતિમાં હેમંત રૂતુ.) ૪ આકાશના ભ્રમણથી. (શરદમાં સ્થિર થયેલાં વાદળાં હેમંતમાં ફરતાં થાયછે.) ૫ વાદળીયો. ૬ વૃષ્ટિના ગર્ભ ધન સંક્રાંતીથી બંધાય છે, એવો જ્યોતિશાસ્ત્રોનો નિર્ણય છે. ૭ ભૂમંડળમાં. ૮ આકાશનું મંડળ. ૯ આનંદ. ૧૦ કમળ જેવા મુખવાળી. ૧૧ પક્ષી. ૧૨ રત્નનાં ઘરેણાં. ૧૩ ઉંનનાં લુગડાં. ૧૪ શરીર. ૧૫ દૂધ. ૧૬ ઘી. ૧૭ અંનમાં. ૧૮ સંતાન સુખને માટે વિર્ય વૃદ્ધિ કરવામાં માત્રા (મારેલી ધાતુ અને ઉપધાતુ.) ઉપર ખાવાનો પાક. ૧૯ કામના તાપને શાન્ત કરવાનું કર્મ. ૨૦ સોનાના અને ચંપાના ફુલ જેવી. ૨૧ ગૌરવર્ણિ. ૨૨ બલિષ્ટ. * શોભાયમાન. + રૂતુના આનંદ રસમાં.

વિદૂષક—ઓહો! ખરેખરી મઝે તો આમાંજ મ્હાલી રહેલી જણાય છે!! વાહ વા! ત્યારે, હું તો બારે માસ એવા ઘી, સાકર ને દૂધના ગણેશ બેસારીને મોદીકની લ્હેરમાંજ કાઢું છું. પણ મહારાજ, હવે એક શિશિરનું વર્ણન કરી ઘો, એટલે ત્રણસો ને સાઠે દહાડા વિલાસની લ્હેરમાંજ બેઠો મઝા કરૂં.

ડાંગવ—તે પણ સાંભળ ત્યારેઃ--

વસંતતિલકા છંદ.

વાયૂ વિશેષ વળતા, શિશિરે વહેછે;
શોભા અતી [1]રતિનિકેતનની રહે છે;
[2]સૌંદર્યતા શિશિરની, નિરખી પ્રવાસે;
[3]પન્થે પ્રવેશ કરતાં, રચના [4]પ્રકાશે.—
[5]વસ્ત્રાભ્રણો [6]અનિલથી, ઉડતા વિલાસે;
સંકોરતાં [7]શશિમુખી, [8]પરતંત્ર ભાસે;
[9]આબદ્ધબંધ નિરખી, [10]નવ યૌવનાને
[11]કામાબ્ધિપલ્લવ થકી, નર મોદ માને.
[12]માત્સર્ય [13]મંથરગતી, મતિ માન્ય ભારે;
[14]ગ્રન્થી પ્રિયા [15]હૃદયની, સુખમાં સ્વિકારે;
[16]કંદર્પબાણુ સરતાં, [17]સ્મરશૈલી સારે;
[18]સૌમ્યાયને શિશિરમાં [19]વર શું ન ધારે,

વિદૂષક—ખરૂં કહોછો મહારાજ, એ રૂતુમાં તો જેટલું સુખ લેવું હોય તેટલું લઈ શકાય; પણ આ સઘળી શોભાની રચના તો રતુમાંજ રહેલી જણાય છે, તેમાં તમે નવોઢા સ્ત્રીની મહત્તા શું કરવાને માનોછો?

---

૧ રંગ ભોગસ્થાન. ૨ ઘણીજ શોભા. ૩ ક્રીડા કરવાનો માર્ગ. ૪ દૃખાવ થવો. ૬ લુગડાં અને ઘરેણાં. ૬ વાયુ. ૭ ચંદ્રમુખી. ૮ કામવશ ૯ અલંકારથી ભરેલી. ૧૦ નવોઢા સ્ત્રી. ૧૧ કામશાસ્ત્રમાં એ નામનો ગ્રન્થ છે. ૧૨ ઉન્માદ. ૧૩ હંસની પેઠે ઢળકતું ચાલવું. ૧૪ ગાંઠ. ૧૫ પ્રેમ. ૧૬ આંબાનો મ્હોર. (વસંત પંચમી ઉપર થાય છે.) ૧૭ કામદેવને વર્તવાની રીતી. ૧૮ ઉત્તરાયન. ૧૯ ઉત્તમ.

ડાંગવ—અરે ભાઈ, એ રૂતુઓ પણ વિચિત્ર હાવ ભાવવાળી સ્ત્રીના સત્સંગમાંજ આનંદ આપનારી થઈ પડે છે; જો સાંભળ.—

શિખિરિણી છંદ.

*ક્વચિત્સુભ્રૂ વક્રે. ×ભ્રમિત કદિ ×લર્જ્જિત નજરે;—
×ક્વચિદ્‌ભીતી ભાવે, કદિ *લલિત લીલા થકી ઠરે;—
નવોઢાનાં નેત્રો, વદનકમલે માન્ય કરતાં;
કરે દ્રષ્ટિ જ્યાં ત્યાં, નિલ કમલતા સિદ્ધિ ધરતાં.

આહા મિત્ર! સ્ત્રીની મહત્તાનું વર્ણન કરવાને તો સહસ્ત્ર ફણાઓ વાળો શેષ પણ શક્તિવાન નથી થયો, તેમજ બૃહસ્પતિ કે ભારતીથી પણ તેનું વર્ણન યથાસ્થિત થઈ શક્યું નથી; તો હું એક રસનાવાળો શું કરી શકું; પરંતુ એક નવોઢા સ્ત્રીની વક્રદ્રષ્ટિ જ્યાં પડેછે, ત્યાં માત્ર નિલકમળ મયતા દેખાય છે, માટે પુરૂષો તેમાંજ મોહ પામી જાય છે. મિત્ર.

વિદૂષક—તેતો મહારાજ તમને ઉર્વશીએ અંધારી કોટડીના ઉંડા કુવામાં ઊંધા લટકાવી દીધા છે! માટે તમારામાં જો મારા જેટલી ચતુરાઇ હશે તો કોક દીવસના પણ બહાર નીકળી આવશો, નહિતો "वज्रलेपंभविष्यति તે ક્યાં સુધી કે यावत्‌चंद्रादिवाकरौ" કારણ કે અજગરના મુખમાં પગ પેઠા એ પેઠા. અને મહારાજ એવી અસંખ્ય લાડાની લાડીયો તે કોટી લક્ષ ક્યાંથી હોય! તેમજ એવાં લક્ષણવાળી સ્ત્રી જાતના ઝપાટામાં ઝંખાણા પડીને અમે ભોળવાઇએ નહીતો, અમને તો મહિષાસુરની ભગિની જેવી સ્વામી સેવા કરનારી એવી મળીછે કે શીંગડે શીંગડે શરીરનાં સાલ પાસલાં જુદાં કરતાં બીંગડાં ઉખાડીને ભાન વીનાના કરી દીધા છે! જુવોને આ મારા શરીરે હલદર મીઠા વિગરે ઓષડીયાં ભરવામાં કાંઇ બાકી રાખીછે; મોટા મોટા ધનવંતરી જેવાની વૈદ્યશાળાઓ શોધી કાઢીને સંતાઇ રહેવું પડેછે એટલે અમને તો એવી સ્ત્રી ઉપર જરા પણ પ્રેમ થાયજ નહીં. તેમજ તેને અમે ગાંઠીએ પણ નહીં મહારાજ.

---

* કોઇ વખત વાંકી ફરેલી ભ્રકુટીએ. × ભ્રમી ગયેલાં. × લાજ દર્શાવનારાં. × કોઈ વખતે ભય દશાવવાના ભાવથી. * વિલાસની લીલાથી શોભતાં.

ડાંગવ—અરે મિત્ર! એતો તને જ્યાં સુધી વક્રભ્રકુટી રૂપી ધનુષ્યે મારેલું નવોઢા નારીનું નયન બાણુ વાગ્યું નથી ત્યાં સુધી આ તારી નિર્મલમતિ મિથ્યામહત્તામાં [1]વ્યંગોક્તિ વર્તાવીને એવું અમાન્ય માન્ય કરે છે; નહિંતો તારી શું શક્તિ છે કે તું તેને સ્વાધિન ન થાય! જો સાંભળ એણે તો સર્વ જગત્ પોતાને સ્વાધિન કરેલું છે માટે મને તો એમ લાગે છે કે,—

ગીતી છંદ.

ઉન્મત [2]મૃગરિપુ હસ્તિ, ઝાંડ પાંડ પાડનાર નર માનો;
પણ સ્ત્રી જીત નર કોઇ, વિરલ [3]વિભુએ સૃજ્યા નથી જાણો.

વિદૂષક—અરે મહારાજ, એતો આપના જેવા પ્રસંશનિય પુરૂષો હોય તેજ તેવું નિશ્ચય માનીને તેને સ્વાધિન થાય; પણ મારા જેવા યોદ્ધા વીર પુરૂષો હોય તેતો તેને સ્વાધિન થાય નહિંતો !!

ડાંગવ—અરે મોટા મોટા યોદ્ધા વીર પુરૂષો પણ તેના ચપળ નયનમાં લુબ્ધ થવાથી પોતાનું ચિત્ત ચળાવીને તેનોજ આશ્રય કરી રહ્યા છે મિત્ર! માટે સાંભળઃ—

ગીતી છંદ.

નથિ નિરખી નજરેથી, વક્રભ્રકુટી ત્રિયા તણી તેતો;
રણુ શરથી જય પામે,—[4]ભ્રૂશરથી નર જીતે નહિં તેતો.

વિદૂષક—ત્યારે શું પુરૂષો તેને ન જીતી શકે એવું તે ચપળાનું ચૈતન્ય એના મિનવત્ ચપળ નયનમાંજ રહેલું છે, કે બીજું કાંઇ સાધન હશે વળી?

ડાંગવ—તને શૃંગારરસની વાત માલુમ નથી? કે પુરૂષો કેવા સાહિત્ય વાળી સ્ત્રીયોમાં મોહ પામે છે.

વિદૂષક—મહારાજ, શણગારની વાત તો બધીએ જાણુંછું અને ઘણોય કરીએ છીએ, લોલકના લંઘરથી મથુરીઆની માના કાનો ત્રુટ્ટુ ત્રુટ્ટુ થઇ રહ્યા છે! તોએ મારાથી તો કાંઇએ સમજાતું નથી મહારાજ.

---

૧ ગાંડાઇનું બોલવું. ૨ સીંહ. ૩ સૃષ્ટિકર્તા. ૪ ભ્રકુટી.

ઢાંગવ—અરે! જો અવળો અર્થ ઊતારી ગયો ખરો, હું તને શણગારની વાત ક્યારે કહુંછું તે તું શૃંગારરસના ભાવાર્થ ઉપરનો શણુંગાર એવો અવળો અર્થ ઉતારે છે. ભવતુ, તને શણુગાર સાંભળવાની ઇચ્છા થઇ કેમ? તો સાંભળ હવે તને શણુગાર વિશેજ કહુંછું:—

ગીતીછંદ.

સ્તનત્રટમાં છટકેલી, સુંદિર માલતી પુષ્પની માળા;
શિરપર શોભે એવી, અંગે ચંદન કેસરી ગારા.

આહામિત્રા આ પ્રમાણે પુરૂષોનાં ચિત્તાકર્ષણ કરનારી વાહાલામાં વાહાલી જે સ્ત્રી છે, તે જ્યારે સમય સમયના શણુગાર પરિધાન કરીને પધારે છે ત્યારે પુરૂષોને એટલું સુખ આપેછે કે જાણે આ લોકમાં સ્વર્ગ ન મળ્યું હોય! તે થકી પણ અધિક આનંદને આપનારી થઈ પડેછે.

વિદૂષક—ત્યારે શું એના અદ્‌ભૂત શણુગારમાંજ આ બધું એ ક્રામણ રહેલું છે, કે વશીકરણમાં વાણીની મીઠાશે ખરી? અમારે ઘેર તો જીભ ઝયડા જેવી! વાત કરે તો જાણે કંટક વાડીમાંથી ઘોડી પડવેના મરવમાં લીમડો ચાવવા બેઠા.

ઢાંગવ—વાહ! સ્ત્રીનાથી મધુર વચન બીજાકોનાં અતિ ઉત્તમ છે; સ્ત્રીના વચનમાં તો અમૃત રહેલું છે. મિત્ર! વચનમાં તો શું! પણ એના શરીરમાં જે અમૃતના કળશ રહેલા છે તેવા કળશ કે અમૃત તો બીજે કોઈ પણ સ્થળે રહ્યું નથી; જો સાંભળ:-

नोस्वर्गेकलशामृतस्यघटतेनैवामृतंसागरे ।
मन्येकुम्भयुगंशशांकवदनावक्षस्थलेराजते ॥
यद्येवंनहितत्कथंकथयभोयत्स्पर्शमात्रादपि ।
श्रीरुद्रेक्षणमारितोऽपिमदनःसद्यःसमाजीवति ॥

અર્થ—મિત્ર! સ્વર્ગમાં પણ અમૃત રહ્યું નથી, તેમજ સાગરમાં પણ અમૃત રહ્યું નથી, પરંતુ હું તો નિશ્ચય કરીને કહુંછું કે માત્ર એક ચંદ્રવદનીના વક્ષસ્થળ (છાતી)ને વિશેજ બે કુંભ અમૃતના ભરેલા રહ્યા

છે; જો એ પ્રકારે ન હોય તો જેનો સ્પર્શ માત્ર થવા થકીજ મહાદેવજીએ નેત્રના તાપથી કામદેવને મારી નાંખેલો છે. તો પણ તે નિશ્ચે જીવતોજ ઉત્પન થાય છે; તે કેમ થાય? તે કહે.

વિદૂષક—એતો ના નહિં કહેવાય મહારાજ, અમારે ઘેર્તો એમાંજ અ-મૃત ભરાઇ રહેલું છે; પણ હું તો એકપત્નીવૃત્ત પ્રયોગીછું માટે મને તો એમ લાગે છે કે પરદારા તથા અપ્સરા (વારાંગના)ના શરીર-માંતો હળાહળ વિષ ભરેલું છો તો તમે તેનામાં શું સુંદિર ગણોછો?

ડાંગવ—નહિં નહિં, મિત્રા એના સ્વરૂપની સમાનતા કરી શકે એવું આ લોકમાં તો કોઇ પણ છેજ નહીં, માટે હું ધારૂંછું કે અ-મર થવાનું અમૃત તો એનામાંજ રહેલું છે. અને આ જગતૂમાં નવોઢા નારીનું સર્વ સુંદિર છે, તો એનું શું સુંદર નથી? સર્વ સુંદિરજ છે. જો સાંભળ:—

> द्रष्टव्येषुकिमुत्तमंमृगदृशांप्रेमप्रसन्नंमुखं ।
> घ्रातव्येष्वपिकिंतदास्यपवनःश्राव्येषुकिंतद्वचः ॥
> किंस्वाद्येषुतदोष्ठपल्लवरसःस्पर्शेषुकिंतत्तनुः ।
> ध्येयंकिंनवयौवनंसु-हृदयैःसर्वत्रतद्विभ्रमः ॥

અર્થ—દ્રષ્ટિ કરવા યોગ્ય પદાર્થોમાં ઉત્તમ શું? મૃગનયનીનું સ્નેહથી પ્રફુલ્લિત પ્રસન્ન મુખાર્વિન્દ, સુંઘવાના પદાર્થોમાં ઉત્તમ શું? સ્રીના મુખ-માંથી સરતો સમીર. શ્રવણ કરવામાં ઉત્તમ શું? સ્રીનાં અમૃતરૂપી વચન, સ્વાદિષ્ટ વસ્તુઓમાં વધારે સ્વાદવાળી વસ્તુ કઈ? સ્રીના રક્ત પલ્લવ જેવા હોઠનો રસ, સ્પર્શ કરવાના પદાર્થોમાં ઉત્તમ શું? સ્રીનું સુગંધીથી ભરેલું અંગ, ધ્યાન ધરવામાં ઉત્તમ શું? સ્રીની નવી જુવાની અને સ્રીઓના *વિલાસ.

મિત્ર, એની સૌંદર્યતાનું વિશેષ શું વર્ણન કરૂં પરંતુ મ્હોડામાં જરા જરા હસવું, સરસ અને ચંચળ દ્રષ્ટિ, નવી નવી સરસ ઉક્તિથી

*કામી પુરૂષોતે સઘળું એજ પ્રકારે જણાય છે.

વાણીની મીઠાશ અને લાવન્યતા. પવનથી હાલતા પલ્લવની પેઠે મંદ મંદ ચાલવું, જુવાન થએલી સ્ત્રીઓનું આ જગત્‌માં શું સુંદિર નથી ? સર્વે સુંદિરજ છે.

વિદૂષક—ત્યારે તમે શ્રી દૈવી સ્વરૂપી દેવી મહારાણીજી ઉપર આઠલો બધો અભાવો કેમ કરી બેઠાછો ?

ડાંગવ—મિત્ર, જો સાંભળઃ—

येनामोदिनीकेतकीपटुदलेपीतंमधुस्वेच्छया ॥
नीतायेननिशाशशांकधवलापद्मोदरेशारदा ॥
भ्रांतंयेनमदप्रवाहपुलिनेगल्लस्थलेदंतिनां ॥
सोयंभ्रंगपुंगाकिरीरिविटपेगृण्हातितुष्टिकुत: ॥

અર્થ—જેણે કમલીનીના અને કેવડીના સુંદિર દળમાંથી પોતાની ઇચ્છા પ્રમાણે મિષ્ટ રસ પીધો છે, જેણે ચંદ્રથી પ્રકાશ પામેલી શરદ ઋતુની અતિ ઉજવળ રાત્રી કમળમાં નિર્ગમન કરી છે, અને જેણે હાથીના કુંભસ્થળમાંથી ઝરતા મદજળ-પ્રવાહની સુગંધી ઉપર અહર્નિશ ભ્રમણ કરેલું છે; તેવા ભોગી ભમરો ખાખરાની ડાળીએ પ્રફુલ્લ થયેલા કેસુડીના કુસુમને ગ્રહણ કરવાથી ક્યાંથી સંતુષ્ટ થાય. માટે મિત્ર ઉર્વશીના સમાગમનું સર્વોત્તમ સુખ મુકીને અન્ય સુખનીકોણ ઈચ્છા કરનાર છે.

વિદૂષક—ભલે; ત્યારે કનક કળશનું ઝેર ધરાઓ ત્યાં સુધી પીયો! અને *સહસ્ત્ર સંવત્સર જીવો!! પણ મહારાજ, તમારા સુખનો સાર સમજીને કોઈ જીતેન્દ્રીય હોય તે તો વૃત્તભંગી થાય નહિં તો!

ડાંગવ—અરે કોની +વિસાત છે, કે સુતન્વી સ્ત્રીમાં લુબ્ધ ન થાય!

રાગ આશા ગોડી.

જીતેન્દ્રીય જન્મ્યા ન જાણ્યા, જગતમાં જીતેન્દ્રીય જન્મ્યા ન જાણ્યા;એટેક.
ઇન્દ ¹દશાનન ²શશિ ³શશિશેખર, બ્રહ્મા ભમ્યા માંહી માન્યા. જગત૦
સન્યસ્ત યોગી પરમહંસ ત્યાગી, વૈરાગી મોહ્યા પ્રમાણ્યા. જગત૦

---

* તે વખતમાં એક હજાર વર્ષનો આયુર્દા હતો. + ગજુ.

૧ રાવણ. ૨ ચન્દ્ર. ૩ મહાદેવ.

ભૂને ભ્રમાવી ન ભામિની ભાળે, જીતેન્દ્રી ત્યાં સુધી જાણ્યા. જગત૦
ચરાંગીનું જ્યાં વદન વિલોક્યું, જ્ઞાનદીપક નાશ નાણ્યા, જગત૦
ઇન્દ્રીય નિગ્રહ નીતિ નાશ કરીને, દાસ કર્યા નરને જાણ્યા. જગત૦

વિદૂષક—ત્યારે શું આ જગતમાં જીતેન્દ્રીય થવાને મહી મંડળ નિર્બિજ રહેલું છે?

ડાંગવ—અરે મિત્ર, નિર્બિજને સબીજ કરનારીજ આ જગતમાં કામિનીછે.

વિદૂષક—ત્યારે તો આ મહી મંડળનું મંડાણુજ એનાથી મંડાએલું કેમ?

ડાંગવ—હા, એમ કહીએ તોપણુ અસંભવિત નથી; પરન્તુ,—

રાગ બરવાની ઠુમરી.

જો ૪મદિરેક્ષિણી શામા ન સોહે, તો ભવ પાર પડેજ નહિં; જો મદિ.—
દિર્ઘનયની નારી વીના આ, સંસાર પંથજ દિર્ઘ જહી; જો મદિ.—
કોકીલ કંઠી કામા વીના આ, આયુષ્ય સર્વે અસાર ભઇ; જો મદિ.—
ઉદ્યોત કર્ત્રિ પ્રિય પ્રાણુ વીના આ, સંસાર સાર અસાર સહી. જો મદિ.—

વદૂષક—અરે મહારાજ! તેને તમે ઉદ્યોત કરનારી કહોછો, ત્યારે શું એ હોવાથીજ આ જગતમાં અજવાળું?

ડાંગવ—હા મિત્ર, એમજ છે જો સાંભળ;—

ગીતીછંદ

મહિ મંડળપર વન્હી, *રક્ષ રવિ શશિ ભલે પ્રકાશ પામે;
પણુ મદિરાક્ષી વિના આ, મહિમંડળ ×તમ કદી નહિં વામે.

વિદૂષક—ત્યારે મહારાજ, તમારી શીખામણુ પ્રમાણે મારે હવે એકપત્નીવૃત પ્રયોગ છોડીને મળે ત્યાં મ્હોજ મારવી જોઇએ કેમ?

ડાંગવ—મિત્ર! ભોગના અંકુર ભોગ ભોગવ્યા વીના શાન્ત થતા નથી માટે તેથી વિરૂદ્ધ પ્રયત્ન કરવો એ કેવળ મિથ્યા છે.

વિદૂષક—અહો મહારાજ! જયારે એમ હોય ત્યારે તો કોઇ તપશ્ચર્યાનું સાધન સાધેજ નહીં!

---

૪ મદીરાના જેવી ચળકતી આંખવાળી. *નક્ષત્ર, તારાગણુ. ×અંધારૂં.

ડાંગવ—અરે મિત્ર! જેને તપશ્ચર્યાનું સાધન સાધ્યા વીનાજ સારમાં સારભૂત એવી સાક્ષાત ઉર્વશી પ્રાપ્ત થઇ તો પછી તેને તપશ્ચર્યાનું શું પ્રયોજન પડે તેમ છે? જો સાંભળઃ—

द्विजराजमुखीमृगराजकटी ॥ गजराजविराजितमंथरगती ॥
॥ इदृशीयुवती-हृदयेवसती ॥ क्वजपक्वतपक्वसमाधिविधी ॥

અર્થ—પૂર્ણ ચન્દ્રમાના જેવી પ્રકાશ પામેલી તેજસ્વી જેની મુખમુદ્રા છે. સિંહના જેવી જેની લઘુકટી (કંમર) છે; અને કેળના સ્થંભ જેવી જેની કુમળ જંઘાઓ છે; એવા લક્ષણવાળી સુશોભિત સ્ત્રી જેના હૃદયમાં વસેછે. તેને પછી જપ, તપ અને સમાધિની વિધીઓ ક્યાં. શોધવી પડે તેમ છે. અર્થાત્ સર્વત્ર એમાંજ રહેલું છે, કારણ કે તપનું ફળ સ્વર્ગ છે, અને સ્વર્ગનું ફળ એજ અત્યુત્તમ અપ્સરા છે.

વિદૂષક—પણ મહારાજ; તેથી કીર્ત્તિનો સૂર્ય પ્રકાશ પામે નહીં તો! કીર્તિનો સૂર્ય તો જયારે પૃથ્વીનો જય મેળવો ત્યારેજનાં?

ડાંગવ—અરે મિત્ર! અખિલ પૃથ્વીમાં જયપદ પ્રાપ્ત કરીને શું માત્ર ચક્રવર્તિ રાજ્ય પદ્દીને પામ્યાથી કીર્તિનો પ્રકાશ થઈ ગયો? નહિં નહિં, કીર્તિનો પ્રકાશ તો પૂર્ણ પુરૂષાર્થની પાછળ રહેલો છે. પણ સાંભળ રાજય સુખનો મુખ્ય સાર શું છેઃ—

॥ जयेधरित्र्यापुरमेवसारं ॥ पुरेगृहंसद्मनिचैकदेशः ॥
॥ तत्रापिशय्याशयनेवरांगना ॥ रत्नोज्वलाराजसुखस्यसारः ॥

અર્થ—હે મિત્ર! અખિલ પૃથ્વિનું રાજ્ય જીતવું તેમાં સારમાંસાર એક પોતાને નિવાસ કરવાનું નગર અને તેમાં પણ એક પોતાને રહેવાનો રત્ન મહાલય અને તેમાં પણ એક સુશોભિત શયનગૃહ અને તેને વિશે પણ એક સુંદિર શય્યા અને શયનને વિશે પણ રત્નના જેવી અતિ ઉજવળ કાન્તીવાળી અને મનોહારિણી એવી એક ઉત્તમ પ્રિયા છે; એજ રાજ સુખનો સાર છે.

વિદૂષક—મહારાજ તે ખરૂં કહોછો; પરંતુ રાજ સુખના સારમાંય પોતા-

ની પાણી ગૃહણ કરેલી મૂળ પત્ની શિવાય બીજું તો મારાથી અ-સાર સમજાય છે! માટે મારી મતિને અનુસરતા ચાલો ત્યારેતો મને પુરેપુરો સંતોષ થાય.

ડાંગવ—અહો મિત્ર, તારી મતિને અનુસરતોજછું, કારણ કે આ અત્યુત્તમ અપ્સરા પણ પોતાનીજ પ્રિયા છે. જો સાંભળ.--

રાગ ઝીંઝોટીની ઠુમરી.

(જલ ભરન જાત જુમનાકે ઘાટ—એ રાગ.)

રતિ રંગભૂમિ પડદો પડતાં, સુખસાગર નાગર ને નડતાં;—
રતિ રંગીત રંગ રળ્યા રળતાં, રતિ રત્ન સુયત્ન મળ્યા મળતાં. રતિ૦—
રતિ રંગ તરંગ તણા તળમાં, રતિરમ્ય રહસ્ય રહ્યું દળમાં,—
મન મોહન દોહન દેહ કરી, મન મોહિની મોહીત મોહ ભરી. રતિ૦—
શૂરવીર શરીર કુમારી કરી, હસતી વસતી સતી સંગ સરી;
પ્રિય! કાનનમાં પ્રિય આનનથી, નિરખી હરખી વદતી મનથી. રતિ૦—
વદતાં રજ કુંજ કુમારી કરી, મદમાતી મનોહર વીર વરી;
નહિં ભોગ્ય પડી પરને જગમાં,— ક્રિયમાણ કર્યું પ્રિય પ્રાણજમાં. રતિ૦

વિદૂષક—તે ખરૂં કહો છો મહારાજ, જો તેવું ન હોત તો મને એમ લાગે છે કે તમે આમ છેક હાથમાં દીવો લેઇને નિર્વિવેકરૂપી મોહકુપમાં પડવાને અંધારી ન ખાત!!

ડાંગવ—નહિં નહિં મિત્ર, આ નિર્વિવેકરૂપી મોહકુપ નથી; જો સાંભળઃ— જ્યારે પોતાના સન્મુખ પૂર્ણ ચંદ્રના જેવી કાન્તીવાળી અને કમળના જેવાં નેત્રવાળી સ્ત્રીઓનું નૃત્ય અને મધુરીના મુખનું મધુર ગાયન, વળી દક્ષિણ અંગે ને વામ અંગે (ડાબા જમણી પડખે)સરસ ગાનારીઓ, પાછળના ભાગમાં ચામર પકડનારી સ્ત્રીઓના ચમત્કારી કંકણનો તેમજ કટી મેખલાનો મહદાનંદ ઉપજાવનારો અલૌકીક અવાજ થઇ રહયો હોય, ત્યારેજ આ લોકમાં તેમજ પરલોકમાં પણ સંપૂર્ણ રાજરિદ્ધીનો અધિપતી કહી શકાય છે.

વિદૂષક—મહારાજ, તે મારા જેવા ચતુર પુરૂષને ન મળે ત્યારે?

ડાંગવ—તો મિત્ર વિદૂષક! એમજ સમજજે કે સંસારની શોભાજ સ્ત્રી છે. માટે જો તેવું હોય તોજ આ સુખપ્રદ સંસાર રસના અમૃતસાગરમાં વિલાસ રસના સ્વાદ લેવામાં લંપટ થા, નહિં તો નિર્વિકલ્પ સમાધીમાં સત્વર પ્રવેશ કરીને તેજમાં તેજ મેળવી દે. એટલે ઉભયભ્રષ્ટ થઇને બંને નિરર્થક ન કરવાં. પરંતુ મિત્ર, તેમાં સર્વોત્તમ તો રૂપ તથા શૃંગાર યુક્ત માનુનીઓના "વિલાસજ છે અને શ્રેય પણ તેમાંજ રહેલુંછે માટે મનુષ્ય માત્રે આ લોકમાં ને પરલોકમાં તેનોજ પ્રયત્ન કરવો એ યોગ્ય છે.

વિદૂષક—મહારાજ, ત્યારે તમારે ને પ્રલયકાળને હવે ઝાઝું છેટું રહેલું હોય તેમ જણાતું નથી, કારણ કે વિબુધ જનોએ અનંત શાસ્ત્રોમાં ગર્હિત કરેલી મુર્ત્તિઓને તમે સર્વોત્તમ કરવામાં આનંદ માનો છો પરંતુ હું તે માન્ય કરતો નથી. કારણ કે ભલે મારો છે તો ભિક્ષુકનો ધંધો, પણ મારી વાક ચાતુર્યતાની નિપુણતા જોઇને તમે મને નિરંતર પાસે રાખ્યો.છે. માટે હુંએ નિરંતર જઇને કથામાં કાન ફોડી આવું છું! અને આપે કવિત જોડુછું માટે મારી હુંશીયારી જુવો છો કે આ બધું રણ વગડામાં રોયા જેવું થાય છે?

ડાંગવ—તો મિત્ર! મેં તને અત્યાર સુધી અનેક શાસ્ત્રોનાં પ્રમાણ આપી આપીનેજ સિદ્ધાન્ત પ્રકાશ કરેલું છે, કે આ સંસારમાં માત્ર સ્ત્રી વીના બીજો કાંઇ પણ સાર નથી માટે જે પુરૂષો મહા માયારૂપી સ્ત્રીયોની ફોકટ નિંદા કરે છે તે પુરૂષો આ લોકમાં તેમજ પરલોકની પૃથ્વીમાં જન્મ પામીને પુરૂષાર્થનો જય મેળવતા નથી, કારણ કે સંસારને વૃદ્ધિ પામવાનું ક્ષેત્ર એજ સ્ત્રી છે.

વિદૂષક—મહારાજ, ત્યારે મારે હવે મોહની સ્વરૂપ ધારણ કરવું પડશે.

ડાંગવ—વાહા વા, મિત્ર! ધન્ય છે તારી બુદ્ધિને, કે તું નર મીટી નારી થવું ધારે છે.

વિદૂષક—તો મહારાજ, તમે કહો છો ને, કે સઘળું દૈવતજ એમાં રહેલું છે. ત્યારે વળી તેંને નીચી પદ્વીએ ક્યાં નાંખી ધોછો. અને મોહની સ્વરૂપ તો શ્રી બ્રહ્મસ્વરૂપ ભગવાને ધારણ કર્યું હતું તે દી-

વસથી મારા જેવા બ્રહ્મસ્વરૂપ ચતુર પુરૂષને આપતાજ ગયા છે, માટે મા'રે તેની ચિંતા નહીં મહારાજ!

ડાંગવ—તો મુરખ! તારૂં સ્વરૂપ જોઇને તારામાં મોહ કોને થાશે?

વિદૂષક—ન થાય ત્યારે મહારાજ! આખી પૃથ્વીમાં અમને મહંત પુરૂષો માન્ય કેમ આપે છે?

ડાંગવ—તેતો તારી વાક્ચાતુર્યતામાં અમૃતરૂપી સુખસાગર ભરેલોછે માટે.

વિદૂષક—ત્યારે તેથીજ અમે શૃંગારમાં અંગારા મુકીને સાધીએ છીએ સાદાઇમાં સાદી, અને તેનાં બારાં નાંખીએ છીએ છાંદી, ત્યારે તેમાંથી અમને મળી છે મનોહર સોમણ તલાઈની સુખે સુવાને ગાદી!. પણ મહારાજ, તમે ઘણી સાધો શૃંગારની આબાદી, ત્યારે તેમાંથી કોક દી જાશે જગતની ગાદી.

ડાંગવ—વિદૂષક! ચાલ હવે તો બહુ થયું; સૂર્યાસ્ત થવા આવ્યો છે માટે હવે હું અંતઃપુરમાં જાઉંછું. આજે તેં પણ ઉર્મિમાં આનંદ વર્તાવી દીધો!

વિદૂષક—ત્યારે હું પણ મથુરીઆની મા પાસે જઈ આવું અને આંખભેળી આંખ કરી આવું અને વળી પાછો આવી પૃથ્વીપડમાં પૂરેપુરો ભેપ ભજાવું. પણ મહારાજ! આજે ઉર્વશીપર આશક થાજો થોડા, નહિંતો સતિ શિરોમણી શાણી રાણી દેવી મહારાણીનો વાણી વીનાનો શાપ એવો લાગશે કે જીવતાં ચીતા પ્રવેશ કરવો પડશે!!

(એમ કહી નીકળી જાય છે ને પડદો પડે છે.)

પ્રવેશ ૧૨ મો.

સ્થળ—દેવીનો રંગ મહાલય.

પાત્રજનો.

દેવી. ચંદ્રિકા. ચંદ્રકળા. અને પછીથી હીરાકુમારી તથા *દુર્મતી.

દેવી—(શોકાગ્નીમાં દગ્ધ થએલી મુખમુદ્રાથી નિશ્વાસ નાખીને આત્મગત) અરે પ્રભુ! આ મોહની દશામાંથી મારા સ્વામીને હવે પરિણામે અત્યંત દુ:સહદુ:ખ પ્રાપ્ત થશે, તે તેં મને સ્વપ્નના આવિર્ભાવમાં પ્રથમથીજ સુચવીને આ મારો દેહ નષ્ટ કરવાના ઉપાયની યોજના કરી; તો મા'રે હવે તા'રા સુચવ્યા પ્રમાણે તે દુ:ખ ઉત્પન્ન થવાના આરંભમાંજ આ મારો દેહ પ્રેમપૂર્વક તનેંજ અર્પણ કરવો એ યોગ્ય છે:—કારણ કે મારા સૌભાગ્ય રક્ષક, પ્રાણાધાર પ્રાણપતિના અંગપર આવી પડેલી દુર્દશાનો દુષ્કાળ મારે દૃષ્ટિગોચર કર્યા કરતાં દેહાંત કરવો એજ મને ઉચિત લાગે છે. (તે સાંભળી ચંદ્રીકા અને ચંદ્રકળા પ્રવેશ કરે છે.)

ચંદ્રિકા—અરે બાઈ સાહેબ! તમે હવે એ સ્વપ્નની વાત સાચી માની આમ મિથ્યા પશ્ચાત્તાપ શું કરવાને કરોછો? તમારો પશ્ચાત્તાપ આજે પ્રાત:કાળથી ચાલ્યો આવે છે તે અમારાથી સહન થઇ શકતો નથી બાઇ.

દેવી—અરે મારી પ્રિય દાસી! એવું દુ:ખપ્રદ સ્વપ્ન થવાથી મારૂં અંત:કરણ કહ્યું કરતું નથી.

ચંદ્રિકા— રાગ પીલુ. "કહું શું નશીબે" એ રાગ.

હે મમ માતુ! શોચ ન કરશો; દુ:સહ સ્વપ્ને દુ:ખ ન ધરશો. એ ટેક.

---

* આ પાત્રનું નામ ઉપોદ્ઘાત વિગરેમાં "સેમસેલ નિહાર" એવું આપેલું છે પરંતુ તે નામ નાટક પાત્રોમાં યોગ્ય નહીં લાગવાથી ઉપરનું "દુર્મતી" રાખવામાં આવ્યું છે.

સ્વપ્નની સિદ્ધી સત્ય ફળે નહીં, ઉદ્દેશ એવો શાસ્ત્રની માંહી. હે મમ૦—
કોઈક લેખું કથું તે વિચારો, સત્યાસત્ય પછી દીલે ધારો. હે મમ૦—
સ્વપ્નની માંહી વિયોગી વામે, દુઃખ પરસ્પર આલિંગી ધામે. હે મમ૦—
ઉદ્યોગી સ્વપ્ને સિદ્ધી સુધારે, વંધ્યા પ્રસુતી સ્વપ્ને પ્રસારે. હે મમ૦—
નિર્ધન સ્વપ્ને વિત્ત હરે છે, નિર્બલ સ્વપ્ને રાજ્ય કરે છે. હે મમ૦—
જાગૃત થાતાં કશું ન નિહાલે, અંતે વૃથા જાન ત્યાં દીલ બાળે. હેમમ૦—
માટે ન હરશો મન કલ્પાન્તે, કર્મ ક્રીયા નથી સ્વપ્ન સિદ્ધાન્તે. હે મમ૦—

દેવી— રાગ બિલાવર (દક્ષિણી લાવણી.)

દાસી શું કરૂં, દુઃખદ ચિત્ત કહેનીરે. એ ટેક.
અરર હાય, વિરહ થાય, મન મુંઝાય, કંપે કાય;
પડે ન ચેન બહેનીરે. દાસી શું૦—
ઘડી ઘટે નહીં, એકાન્ત કાન્ત છોડીરે;
*દ્રગાન્ત થાય, શાન્તિ જાય, ભ્રાન્તી થાય, વાન્તી વા'ય;
નિવૃત્તિ વૃત્તિ તોડીરે. દાસી શું૦—

ચંદ્રિકા—ભવિષ્ય ભાવથી, નથી સ્વપ્ન સિદ્ધી સાચીરે; એ ટેક.
થાઓને શાન્ત, ત્યાગો કલ્પાન્ત, રાખો ન ભ્રાન્ત, દુઃખી ન કાન્ત;
સોહે સ્વપ્ન શકિત કાચીરે. ભવિષ્ય૦—

દેવી— ગીતી છંદ.

[1]-હદમદ [2]પદ [3]ગદ્ગદ્ આ, [4]મૃગમદનદ માં પડી ગયું [5]પ્રાજ;
તે [6]દુરભી થી [7]સુરભી, સત્વર સિદ્ધી ધરે નહીં આજ.

ચંદ્રિકા—હશે બાઇ, સારે આપ લતાગ્રહમાં પધારી જરા આરામ કરો તો હું કુસુમ શય્યા તૈયાર કરૂં તેથી તમારી દીલગીરી દુર થશે.

દેવી—બહુ સારૂં દાસી; જેવી તારી ઇચ્છા. (દાસી જાય છે ને હીરાકુમારી તથા દુર્મતી પ્રવેશ કરેછે) અરે મારી પ્રિય બે'ની હીરા !

---

* નેત્રનો અંત. (પતિનું અદર્શન) ૧ -હૃદયમાં આનંદથી થતી મગરૂબી. ૨ ગતી. ૩ કલેશથી છિન્નભિન્ન થએલું. ૪ કસ્તુરીની વાસથી ભરેલો સમુદ્ર. ૫ ડુંગળી. (લસુણ) ૬ દુરગંધી. ૭ સુગંધી.

આજે તારાં દર્શન કેમ દુર્લભ થઇ પડયાં છે?

હીરાકુમારી—ના સખી, નિયમિત કાળમાં થોડોજ વિલંબ થયો હશે; કારણ કે આ દુર્મતી બહેનને તારો શ્રેયસ્કર સમાગમ કરવાની ઘણી ઉત્કંઠા હતી માટે તેમને અત્રે આવવાની હું રાહ જોતી હતી. (દુર્મતી તે બંને શિયળવંતી નુતન સખીઓ ઉપર અયોગ્ય વિચારમાં ઉતરી પડે છે.)

દેવી—અહો દુર્મતી બે'ન! તમારા શીરછત્ર કોણ છે?

દુર્મતી—(જરા શરમાઇને) જાઓ જાઓ, દેવી બે'ન મશ્કરી શું કરોછો?

દેવી—હું તમારી મશ્કરી કરતી નથી પરંતુ મેં તમને ઓળખ્યાં નહીં માટે મારે પુછવું પડયું. (સ્વગત) અરે! આ મારી પ્રિય સખી આવા અનઘડને કયાંથી પકડી લાવી છો હાંણે વિદ્યાનો લાભ કે નીતિનો બોધ તો કિંચિત પણ લીધો હોય તેમ જણાતું નથી તો તેને પ્રિયકર કરી આપણે શું સાર લેવાનાં છીએ. આ વીશે પાછળથી હીરાને સમજાવ્યા વીના છુટકો નથી.

હીરાકુમારી—અહો પ્રિય સખી! તેમને તેં ન ઓળખ્યાં? એતો આપણા રાજ્યાશ્રયી એક મર્કટમણિસિંહ શૂરવાન ક્ષત્રિય છે તેમનાં મન માનીતાં માનીની છે.

દેવી—બહુ સારૂં, ત્યારે તો આપણા ટોળામાંનીજ મૃગલી જણાય છે.

ચંદ્રીકા—(પ્રવેશીને) બાઈ ચાલો મેં લતાગ્રહમાં કુસુમ શય્યા તૈઆર કરી

હીરાકુમારી—કેમ સખી, આજે અકાલે શિતોપચાર કરવા પડે છે?

દેવી—(અકળાઇને) **દોહરો.**

સખિ સૌરભ વિકસિત તનું, ગ્લાની થયું ગુણવાન;
અંતર અગ્ની ઉછળે, છળી મરે બળવાન.

હીરાકુમારી—[1] શરવરીકર વત્ [2] મિત્રકર, શિતકર શું અવશેષ;
કુમોદની કરમાય કાં? શશિ સહવાસ વિશેષ.

---

૧ ચંદ્રના કીરણો. ૨ સૂર્યના કીરણો.

દેવી—રાગ સોરઠની ગજલ. "ગઇએકબએક" એ રાગ.

તપે તાપ ઉતાપનો તાપ તે, તન તાપના દે પ્રતાપરે. એ ટેક.
થયું [3]તમ પ્રિતમના પ્રકાશનું, પ્રીયા—પામીછું પરિતાપરે. તપે૦—

હીરા—સખિ! શાંતી સારી પ્રસારીને, આ! ઉદાસી તારી ઉતારીને;
ચિંતા કે'તું ચિત્તે વિચારીને, ત્રીયા તને શો પરીતાપરે૦ તપે૦—

દેવી—ચિંતા ચિંતનીને છે ચિંતની! વંઠી કંઠે [4]કંઠી જે કંથની;
અંતે આલી! બાળી મેં, [5]અંતની, ચિંતા ચીંતની આ ચીતા તરે. તપે૦

હીરા—હા! ઉચાટ ઘાટ છે નાથના, લખ્યા લેખ! લેખી લલાટના;
[6] વિધિ ઘાટ ઘડે તે ઘાટના, ગ્રહો શાંતીરૂપી *સુચાપરે૦ તપે૦—

દેવી—શું? શાંતી સૂજુ બ્રાંતી બારમાં, ખમાં ખેલ બન્યો છે ખારમાં;
રમા રમ્ય રમુ શું સારમાં, મને માન્યું [8]માનુની માપરે. તપે૦—

હીરા—પ્રિયા પ્રાણ પડે ઉત્પાતરે૦ **દેવી**—તપેતાપ૦—

હીરાકુમારી— ગીતીછંદ.

શું એ'ની દીલ બાળે, ઝાલે જીવને પ્રજાળીને આજે,
પણ [9] બ્રાંતીભય તુજને,—છે—મુજને એ [10]જને નહીં ગાજે.

દેવી—ભલે, બાઈ! તા'રા મુખમાં ગોળ; જો મારા પતિનો વાંકો વાળે ન થાય તો. (દુર્મતીથી આ બધું સહન ન થયું તેથી.)

દુર્મતી—અરે મારી પ્રિય સખી દેવી બે'ન! તમે આટલો બધો પશ્ચાત્તાપ શું કરવાને કરોછો? આ વખતે તમારા ઉપર તમારા પતિનો આટલો બધો પ્રેમ નહીં હોય! કેમકે તન, મન, અને ધન એ બધું એ ઉર્વશીમાંજ ભર્યું હશે. (દેવીને ખોટું લાગવાથી ક્રોધમાં.)

દેવી—અરે, હીરા! આ નિર્વિવેકી દુરાચારી દુર્મતીને અહીં ક્યાંથી લાવીછુ? જાઓ, જાઓ, દુર્મતી! તમે તમારા નામના અર્થ પ્રમાણેજ ગુણતો ગ્રહણ કર્યા છે, નહિં તો તમારામાં આવી છેક દુર્ગુણ ભરેલી મતિ ન હોવી જોઈએ.

---

૩ અંધારૂં. ૪ વિવેકાવિવેક રૂપી માળા. ૫ દેહનો અવસાન. ૬ નસીબ.
* ધનૂષ્ય. ૭ સ્વર્ગ. ૮ ઉર્વશી, ૯ સ્વપ્ન. ૧૦ જગત.

હીરાકુમારી—અરે શું નરકમાં નિવાસ કરવોછે? પોતાનો પતિ આપણા ઉપર પ્રેમ ન રાખતો હોય માટે શું આપણે તેમના ઉપર પ્રેમ ન રાખવો જોઇએ? અરે સ્ત્રી નિતિથી વિચારતો કર, કે પોતાનો પતિ એ કોણ છે; આહા! પોતાનો પતિ! શું શિરછત્ર સ્વામિનાથ! એતો સર્વશાસ્ત્રોમાં તેમજ [1]લૌકીકમાં પોતાને સાક્ષાત્ ઇશ્વર સ્વરૂપે છે; તો પછીએ પોતાની ઇચ્છા પ્રમાણે સુખ દુઃખનાં જે સાધનો ઉત્પન્ન કરે તેમાં આપણો વિભાગ રહેલોજ છે માટે તે આપણે અંગીકાર કરવાં જોઇએ! તો આવશ્ય પોતાના પતિનાજ દુઃખે દુઃખી થવું તેમાં તું શું આશ્ચર્યતા બતાવીને દુર્મતી દર્શાવી આપે છે? (દુર્મતી ઝંખવાણી પડીને)

દુર્મતિ—(પોતાની યુક્તી નહીં ચાલવાથી) અરે, આતો મેં તમારી પરિક્ષા કરવાને પાણી જોયું એટલામાં તો તમે બન્ને મારા ઉપર ક્રોધ કરીને ઉતરી પડયાં; વાહવારે મારી શાણી સખીયો! તમ્ને પણ ધન્ય છે!

હીરાકુમારી—અલી, શું! તું અમારી પરીક્ષા કરનારી? અને પાણી જોનારી? જોઈ, જોઈ, હવે તને; એશ છાની માની તું તારૂં પોતજ પ્રકાશીશ નહીં.

દુર્મતી—નહિં, નહિં, મારી પ્રિય સખિયો; હું તમને સાબાશીઆપુંછું કે,—

ગીતી છંદ.

નિતિમય નયને ન્યાળી, પ્રીતિમય પંથહિ કંથનો ઝાલ્યો;
મતિમય શાસ્ત્ર વિલોકયું, ધન્ય! ધન્ય! છે સતિયો! પતિ વા'લો.

(પડદો પડે છે ને સર્વે જાય છે)

---

૧ વ્યવહારીકમાં, જગતૂમાં.

પ્રવેશ ૧૩ મો.

સ્થળ—ડાંગવનો દરબાર.

પાત્રજનો.

નિતિકૌશલ્ય. યુદ્ધકૌશલ્ય. વિદૂષક. પછીથી ડાંગવ. ચિત્રમતિ શ્રી હંસરાજ અને પ્રતિહાર. તે પછી શ્રી કૃષ્ણનો અનુચર.

નિતિકૌશલ્ય—કેમ યુદ્ધકૌશલ્યજી, શ્રીમનમહારાજા આજ કાલ કચેરીમાં પધારતા નથી માટે મહારાજાનો રાજ્ય વિચાર કાંઈ જાણવામાં આવ્યો ?

યુદ્ધકૌશલ્ય—નાજી, અમે તો જ્યારે પુછાવીએ છીએ ત્યારે કાંઇપણુ ઉત્તર મળતો નથી; પરંતુ કોઈ વખતે એવું કહેવું થાય છે કે પ્રધાન જીને પુછીને તેમની અનુસ્મૃતી પ્રમાણે વર્તો.

વિદૂષક—બરોબર! જુવો સાંભળો; જેને રણુમાં રખડવું, આગળ થઇને પડવું, મન માનીતું ઘડવું, તેને કોણ બતાવે કડવું! આતો વાત-માં વાત વહી, માટે સાચે સાચી કહી.

યુદ્ધકૌશલ્ય—વિદૂષક! તને નફટને હજુ સાન વળતી નથી? ઘણીવાર કહુ છું. કે તા'રે વખત વિચાર્યા વિના કોઇની હાંસી કરવી નહીં. પણ તું અનઘડની માફક સૌની હાંસી કરતો ફરેછે માટે જરા સમય-સુચકતા રાખેતો ઘણું સારૂં; નહીંતો મા'રે હવે શ્રીમન્મહા-રાજાને કહેવું પડશે.

વિદૂષક—હાય! હાય! ત્યારે આ આંધળો આંખનેજ રૂવે છે ને! જો મહારાજાના શ્રીમુખે એટલું કહેવાને આપના હોશ હોય ત્યારે તો મા'રે આ કરમ કથા કરવીએ ક્યાંથી હોય!

યુદ્ધકૌશલ્ય—નિર્લજ! તારી માફક અમારે કાંઈ આબરૂ ગુમાવવી નથી; અમે તો સમય સાંધીને વાત કરવાના.

વિદૂષક—પ્રધાનજી, આ વિષય લાંબી નજરથી વિચારી જોશો તો ખેલ

બધો આ તરૂવારીયા એજ કથલાવ્યો છે, નહિં તો મહારાજાની ચિત્ત વૃત્તિ આમ સ્થિર ક્યાંથી હોય?

નિતિકોશલ્ય—ત્ય ારેવિદુષક, મહારાજાની ચિત્તવૃત્તિ સ્થિર થવાનું કારણ તારા જાણુવામાં તો હશે?

યુદ્ધકોશલ્ય—હા, મહારાજાની ચિત્તવૃતિ આજકાલ રાજ્યકાજમાં બીલકુલ જણાતી નથી; તેનું પ્રયોજન શું છે? તે કહે વિદૂષક!

વિદૂષક—ખરી વાત, ખાનગી વાતોની ખોળ કરીને ખેંખેરી લેવામાં હુંશીયારીથી ખુશામતો તો થાય! પણ તેમાં કોની અક્કલ જાય? એ તો જ્યારે વાયે વાતો વા'ય, દો ગોટીલા ગાય, ખોળામાં ખો'વાય, કાળમાં કો'વાય, જગમાં જોવાય, લોકમા લે'વાય, ત્યારે કાંઈ થોડું ઘણું કહેવાય; પણ પ્રધાનજીએ પુછ્યુ માટે મનમાનીતું એ કહયા વીના છુટકો નથી.

નિતિકોશલ્ય—ત્યારે તો વિદૂષક, જેવું હોય તેવું કહી દે, આનું મુળ શું છે?

વિદૂષક—જુવો સાંભળો,– પણ જાર બાજરીને ઘહુંના ભેગા અડદ મગે ભરડું, કે માંહી ભેગાભેગી ભારે મશાળા મેળવીને મોળવાસાનો દાટવાળું? પ્રથમ તે મને કહો પછી હું તમને કહીશ.

નિતિકોશલ્ય—નહી નહી વિદૂષક, જેવું તા'રા જાણવામાં હોય તેવુંજ કહે, એ વાતમાં બીજુ કાંઇપણ જાણવાની જરૂર નથી.

વિદૂષક—બોલો ત્યારે વનમાં કહું, રણમાં કહુ કે ભાગોળની આગળ ભાગી નાખવું છે? કે ચોરે ચકલે ભરી સભામાં ભણીજાઉ?

નિતિકોશલ્ય—નહિં નહિં વિદૂષક, એ વાતનો તો અત્રેજ વિચાર કરવાનો છે માટે અહીંયાંજ કહે.

વિદૂષક—જુવો સાંભળો, ત્યારે કહુંછું,—પણ રાંકો નથી, રોહોલો નથી, કે મિત્રનો દ્રોહી નથી પણ મા'રા સન્મિત્રની મિત્રતામાં ચિત્ર વિચિત્ર ગળીનો પાસ લાગ્યો છે માટે તેનો પ્રલય કરવાને પહેલો પ્રધાનજીને પ્રેરણા કરૂંછું.

નિતિકોશલ્ય—બરોબર વિદુષક, તે હું જાણુંછું માટે બોલ

વિદૂષક—જુવો સાંભળો, ત્યારે કહુંછું; પણ પડયાં બોર વેણી ખાજો હો ! એ માહારાજાતો ઉછરતી ઉર્વશીને ઉરમાં વસાવીને મોહરૂપી અંધારા કુવામાં ઉંડા ઉતરી પડયા છે! તેથી તેમાં ભાન ભુલીને ગોથાં ખાયાં કરેછે પણ પ્રલયકાળના પાણીનું પારવનું પામ્યા છે પૂર; ચિત્ત થયુંછે ચકચૂર. તેથી ભુલ્યા છે સતિ શાણી દેવી મહારાણીનું નૂર વળી ભુલ્યા છે વિદ્યા વિવેકને રાજનીતિ, ભુલ્યા ન્યાય પ્રજાને પાળવાની પ્રીતિ અને ભુલ્યા છે આ જીવજાન મિત્ર ચિત્રના કોશ, તેમાં કોના કરમનો કાઢું હું દોષ. !!

નિતિકૌશલ્ય—(નિશ્વાસ નાખીને) હર, હર, શંકર.—

ગીતીછંદ

નિજ પત્નિ નહીં વા'લી, પરદારાકે વરાંગના વહાલી,—
કરનારાનું ક્યાંથી, રાજ્ય રહે આ લગામથી ઝાલી.

અરે ! જે રાજા ન્યાય, નીતિ અને પવિત્રતાનો ત્યાગ કરી કેવળ વિશયાશક્ત થઈને પોતાની ઈંદ્રીયોનો અનિયમે ઉપભોગ આપેછે તેનું રાજ્ય પાયમાલ થઈ જાય છે, એમાં કાંઈ સંશય નથી. આહા ! વિવેક શિરોમણી શ્રી યુવરાજ શ્રી ચિત્રમતિશ્રીહંસરાજ ને રાજ્ય કાર્યનો મહદ્ભાર સોંપતા જાયછે પણ અનુભવી શ્રી મન્મહારાજાના અભિપ્રાય શિવાય કોઇ પણ કામનો ચુકાદો કેમ થઈ શકે? યુદ્ધકૌશલ્યજી, યુદ્ધ પ્રસંગ પણ ઘણા ઉભા થયા છે; તેમાં પણ પરાક્રમી મહારાજાના વિક્રમ કર્તા બાહુબળની મુખ્ય જરૂર છે.

વિદૂષક—અરે, આખો દિવસ જ્યાં વગડાના રોઝ પાસેં મશરૂની તળાઇમાં પડી રહીને વિચાર કર્યાં કરે છે, ત્યાં તમારો વિચાર ક્યાં લાગુ પડવાનો છે !

યુદ્ધકૌશલ્ય—બરોબર ! પ્રધાનજી, વાતોના તો વાવટા અમારી પાસેં બંધાય છે પણ મહારાજાના શ્રી મુખે તો એક શબ્દ પણ કહી શકતા નથી.

વિદૂષક—અરે! આમ અનઘડની માફક મન માનીતી લવારી કેમ કરો છો, તમે શું જાણુતા નથી? જે મહારાજાની પાસેં કેમ બોલાય,

સ્વભાવની સ્થિતિ વિચારીને વેદ ભણીએ. હાજી હા! મારા જેવા-ની સેવા કરશો ત્યારે શાસ્ત્ર ભણશો. નથી આંહી છેતર છેડવાની આપણી કરવી. (રણુમાં પડવાનું)

યુદ્ધકૌશલ્ય—(ગુસ્સે થઇને) અરે નિર્લજ! નફ્ટ! નાદાન! તું જ્યારે હોય છે ત્યારે અમારી વાતમાં કાંઇ નહીં ને કાંઇ પણ યુક્તિ કાઢીને પથરો મુકે છે! અને પ્રધાનજીની વાતમાં બરોબર છે એમ કહીને તેમને મળતો રહેછે, પણ યાદ રાખજે આગળ પાછો હું છું.

વિદૂષક—બહુ સારૂં, ત્યારે સાંભળો પ્રધાનજી; હાથીના પાછળ બડબડાટ તો હોયજ! પણ આજ આ યુદ્ધકૌશલ્યજી મહારાજાના શ્રીમુખે સઘળું કહીને પ્રજાના સુખનું વહાણુ આરે લાવશે અને મારો પોશાક ધારણ કરીને પ્રજાનું પોષણ કરાવશે ત્યારે મને પણ સેનાપતિની પદ્દી આપતા જશે.

નેપથ્યે—આસ્તે નિગાહરોશન ખડી તાજીમ નજર રખો મહારાજ—

વિદૂષક—સાંભળો, સાભળો, મહારાજ પધારે છે; આ તો દેવને પણ દુર્લભ થયેલા તે તમારા નશીબથી આજે છએ મહીને દર્શન દેછે, માટે મારા પરમદોસ્ત સેનાપતિને હવે અકળાવશો નહીં હો! (એમ કહીને જતો રહેછે અને ડાંગવ મહારાજા યુવરાજ ચિત્રમતિ શ્રી હંસરાજ સહિત પ્રવેશ કરેછે)

નિતિકોશલ્ય—(ઉભા થઇને) મહારાજ, અભિવંદન કરૂં છું.

ડાંગવ—પુરણ આશિષ, નિતિકૌશલ્ય? (યુદ્ધકૌશલ્ય વિગરે પણ વંદન કરીને બેસે છે)

વિદૂષક—(દોડતો આવીને) મહારાજ વંદન પર અભિવંદન. પાણીનું પૂર તે દુઃખદાયી સમુદ્ર કહેવાય છે હો!

ડાંગવ—સમજ્યો વિદૂષક, તારી સમસ્યા સમજ્યો બેશ.

નિતિકૌશલ્ય—મહારાજ, આપને, પૂર્વે નિવેદન કરેલા છત્રીસ કામનો નિકાલ કરવો અદ્યાપી સુધી બાકી રહયોછે; તેમજ ઉત્તર દક્ષિણના ભૂપતિઓ આપણી હદમાં આવી પહોંચ્યા છે; તે લોકોની છાવણીઓ તોડી પાડવાને અને તેમને પાછા હઠાવવાને યુદ્ધકૌશ-

ત્યજીએ મારી સલાહથી ઘણોજ પ્રયત્ન કર્યોછે પરંતુ તે અઘાપી સુધી પાછા પડયા નથી માટે નૃપવર્યની શી આજ્ઞા છે? ત્યાં યુદ્ધ પ્રસંગ ઉઠાવ્યા વીના છુટકો નથી,

ઢાંગવ—અહો, પ્રથમતો આજસુધી પૂર્વે પ્રતિપાદન કરાવેલા છત્રીસ કામને નિકાલ કરવો તમે શામાટે બાકી રાખ્યો છે? મેં તમને નિશ્ચય પૂર્વક સાફ કહયું હતું કે મારે માટે કોઇપણ કામનો ચુકાદો કરવા ચુકવું નહીં; તેમાં તમને ચિત્રમતિશ્રીહંસરાજનો અભિપ્રાય લેવા પણ કહયું હતું- (ચિત્રમતિશ્રીહંસરાજના પ્રતિ દષ્ટિ કરીને) કેમ ચિત્રમતિ ?

ચિત્રમતિ—અહો પૂજ્ય પિતાજી, આપની આજ્ઞાનુસાર એ છત્રીસે કામને મેં મારી બુદ્ધિપૂર્વક ન્યાય કરેલો છે અને તે શાસ્ત્રીજીએ તેમજ પ્રધાનજીએ પ્રિતિપૂર્વક પ્રમાણ કરેલો છે પરંતુ પ્રધાનજીના કેહેવા થકી આપનો અભિપ્રાય લેવાનેજ બાકી રાખ્યાં છે

નિતિકોશલ્ય—હાજી, મારૂં કેહેવું એવું હતું કે એ કામથી અથ ઇતિ શ્રીમન્માહારાજા માહિતગાર છે માટે પોતે પધારશે એટલે આપને પ્રથમનો ન્યાય દ્રષ્ટિગોચર કરાવ્યા પછી બહાર પાડીશું.

ઢાંગવ—નહિં નહિં પ્રધાનજી, હવેથી એવી રીતી નહિં રાખવી; સઘળા કામનો નીકાલ કરવાને શાસ્ત્રીજીનો અભિપ્રાય લેવો અને તેનો નિશ્ચય આ ચિત્રમતિ શ્રીહંસરાજના સમક્ષજ કરવો.

નિતિકોશલ્ય—બહુ સારૂં, જેવી શ્રીમન્મહારાજાની આજ્ઞા. પરંતુ નૃપવર્યની ઇચ્છા હોયતો પુર્વોકત કાર્યોનું વંચાણ કરીને તેનો તો અભીપ્રાય અવણુંજ લેઈ લેઊં.

ઢાંગવ—પ્રધાનજી, હું ઘણો વખત રોકાવાનો નથી માટે એ સઘળા કામનો અભિપ્રાય લેવાને નૂતન સ્ફાટીક મહાલયમાં મોકલાવી દેજો, અને ઉત્તર દક્ષિણના યુદ્ધપ્રસંગે જરૂર પડે તો આ ચિત્રમતિ શ્રીહંસરાજની ઇચ્છા પ્રમાણે કરજો. (તેના પ્રતિ જોઇને) કેમ ચિત્રમતી ?

ચિત્રમતિ—ચિન્તા નહિં પિતાજી, હું ક્ષત્રિય કર્મ કરવાને આપની આજ્ઞાપૂર્વક તૈયારછું.

વિદૂષક—વાહવા, ધન્ય છે! આ પોતેજ વિક્રમના અધિપતિ થવા છે!

ચિત્રમતિ—અહો પિતાજી, આપની આજ્ઞા હોય તો,—

મૃગયા દૃગ પંથે પડી, રમવા રાજી આજ;
આજ્ઞા આપો આ સમે, રમિએ મિત્ર સમાજ.

ડાંગવ—ભવતુ. પરંતુ ચિત્રમતિ, ધનૂષ્યની પ્રત્યંચાથી કાંઈ પારમાર્થમતિ રાખવી એજ આપણા ભૂપતિઓનું સંપૂર્ણ ભાગ્ય છે.

ચિત્રમતિ—બહુ સારૂં પિતાજી, જેવી આપની આજ્ઞા.

વિદૂષક—અહો મહારાજા, પોતે પણ ધનૂષ્ય પ્રત્યંચાથી પારમાર્થમતિ રાખવામાં તો કાંઈ ન્યુનતા નથી રાખી, તો કુમાર શ્રી યુવરાજને એવું અયોગ્ય શા માટે સમજાવો છો?

ડાંગવ—અરે વિદૂષક, તારૂં દ્વિઅર્થે અન્યોક્તિમાં બોલવું થાય છે તેમાં પણ વિરોધાર્થ વર્તાય છે; તેમજ તેમાંનો કોઇપણ મારા રહસ્યને લાગુ પડતો યથાર્થ અર્થ સંભવતો નથી; તસ્માત્ તારૂં નિરર્થક બોલવું હાલમાં રેહેવા દે; કારણ કે મારે હવે નૂતન સ્ફાટીક મહાલયમાં જવાનો સમય થયો છે.

વિદૂષક—મહારાજ, તે પછી પણ મારૂં નિરાકર્ણ કરતા જાઓ; કે મારો કહેલો અર્થ સંભવતો નથી, કે આપનાથી સમજાતો નથી! જો ન સમજાતો હોય, તો અત્યારે ઉંડા વિચારમાં અંધારી નહિં ખાતાં સમજીને મારા જેવા શાણા થાઓ, નહિંતો પછી ઘોડાપૂર પાછું પડવાનું નથી! અને હવે તે તમારે સમજવાનો સમય પણ નિકટ વર્તે છે માટે પાછળથી કોઇને દોષ દેશો નહીં.

ડાંગવ—વિદૂષક, જો સાંભળ; હવે હું તને છેવટનો સાર કહું છું.

રાગ ઝીંઝોટી ઠુમરી. "પ્રીયાકે ચિત્રબીન પ્રીતમ પ્યારે" એ રાહ.

પ્રેમ કે પંથે પ્રિય ન પરો—પરે,— મરને સેં નહિં ડરનારે; એ ટેક.
સીર કાટકે આગે જાહાનમે, બદલામી બર લેનારે;
લાજકા ઝાઝ ડુબા કર ઝંડા, જગ મે જંગી ધરના રે. પ્રેમકે૦—
લગન લગી પીછુ ગગન સમીરે, અમીર કે તન તૂટે? રે;
નહિં છૂટે નિશદિન જીવ જરીએ,—પ્રિત સુજનસે કરનારે. પ્રેમકે૦—

નિતિકોશલ્ય—(ધીરેથી વિદૂષકને) વાહવા, પ્રસંગતો ઠીક ઉઠાવ્યો છે; પણ બેચાર ઘટિકા હવે વ્યતિત કરાવજે. (એટલામાંતો—

પ્રતિહાર—(નમન કરીને) માહારાજ, દ્વારિકાસે શ્રી કૃષ્ણકા અનુચર આપકા પત્ર દેનેકું આયા હે. સો કચેરીમે આનેકી આજ્ઞા મંગતા હે.

ડાંગવ—બહું સારૂં પ્રતિહાર, તેમને પ્રવેશ કરવા દે. (તેમજ કરે છે.)

અનુચર—(પ્રવેશ કરીને) **તોટક છંદ. અથવા સોરઠ ઠુમરી,**

મહિ મંડળમાં વર ચક્ર ફરે,-નહિ મંડળ દંડ હિ વક્ર કરે;
પણ તે વર મંડળ માન્ય કરે,-નવખંડ વિશે નિજ વેશ ફરેઃ—
મહિ મંડળ ભાર સહસ્ત્ર ફણા, ધરિ સાહસ શેષ ધરે ન મણા;
મહિ મંડળના મહિપાળ દળે, પ્રતિપાળ! મહાન પ્રતાપ મળે.

વિદૂષક—એ આપનું કહેવું તો બરોબરછે, પણ યાચના તો એમ ન થાય.

અનુચર—અરે ભાઈ, હું કાંઈ યાચના કરવાને આવ્યો નથી; હું તો શ્રી દ્વારિકાથી આ શ્રીમન્મહારાજાનો પત્ર પોહોચાડવાને આવ્યોછું.

વિદૂષક—ત્યારે તો ઠીક થયું ભાઈ, નહિં તો મારે વળી તમારી બીખની બીકથી ચાર આંખો થવી હતી! પણ લાવો જોય, વી'વામાં વગોણું તો ન હોય? (તેની પાસેથી પત્ર લેઇને ડાંગવને આપે છે.)

ડાંગવ—અહો પ્રધાનો! આ પત્ર યથાર્થ વાંચી સંભળાવો (આપેછે.)

પ્રધાન—(વાંચે છે) **રાગ બીહાગની લાવણી.**

" ખુશ રહો સનમજા " એ રાગ.

સ્વસ્થાન શિવપૂર ધામ નગર જ્યાં કાશી;
વસો ક્ષત્રિ પુત્ર નૃપેશ ડાંગવ સુખ વાસી.
છેજી સૌને કુશળતા પૂન્ય પ્રતાપે અત્રે;
ઇચ્છે યદુપતિ શ્રી કૃષ્ણ કુશળતા પત્રે.
જયવંતા હો યશવંત મહંત પ્રતાપે;
આશિર્વચનો શ્રી કૃષ્ણ અર્પતા આપે.
એ આશીષ વાંચી સદા સૂખમાં રહેજો;
કોઈ નવિન સમાચાર હોય પ્રીતેથી કહેજો.

છો પ્રજાપ્રીય તમે ભૂપ સદા સુખકારી;
નહિં દેશ માંહી લવલેશ નિતિરે નઠારી.
કો દિવસ નહીં અન્યાય હસ્તથી કરીયો;
છો સ્નેહી સુગુણ મમ મિત્ર નીતિનો દરીયો.
વળી વાપિંકવિષે ચિત્ત કદી નહિં પડતું;
બીજા રાજ્યો સમ નિત્ય વ્યાજ નહીં ચઢતું.
અતિ અમ સાથે તમે યોગ્ય રીતે વિચરો છો;
બતલાવ્યું સર્વે કામ સુરીતે કરો છો.
તેમ અહનિશ હિતકાજ સદા અનુસરશો;
મુજ માગ્યું ડાંગવરાજ કબુલ આ કરશો.
છેજી પાસ તમારી એક અશ્વિની સારી;
ચોટયું છે તેમાં ચિત્ત ભ્રાત મમ ભારી.
તેથી પત્ર લખીને આજ જાણ હું કરૂં છું.
ખંડણી ભરવાનો ભાર હવેથી હરૂં છું.
વળી દ્રવ્ય દેશ જો બેશ વિશે નિજ લાગો,—
લેવા ઇચ્છો જે લાભ મહિપ મુખ માગો.
આ અલ્પ લખ્યાથી આપ ઘણું મન માની;
હા ! ઇચ્છિત લાભે લાભ થશે ઠીક જાણી.—
સત્વર મોકલશો પત્ર વાંચી આ પ્યારા;
મુજ વધશે ગાઢી પ્રિત ગણીશ નહિં ન્યારા.
માટે સમજી શાણા માન્ય સહિત મોકલશો;
હા ના તણો ઉત્તર એક વિવેકથી દેશો.
આ આજ્ઞા શિરપર આજ માન્ય નહિં કરશો;
લઇશું નિજ ભુજ બળ ભયે દુઃખ બહુ ધરશો.
વળી પવન ભર્યો જો હોય તમારા શીરમાં;
તો ઉતરજ્યો સંગ્રામે કાશી નૃપ વીરમાં.

* * * * *

ડાંગવ—(ક્રોધાંધ થઇને એકાએક બોલી ઉઠે છે)

"સુણો દિલ્હી તખ્ત"—એ રાગ.

શું આ! ક્ષત્રિયપતિ ? યદુનાથ! નક્ષત્રી પૃથ્વી મને માનેરે. એ ટેક.
ઉઠો! ક્ષણિક દેહી! તેની સાથ; નક્ષત્રી પૃથ્વી૦— (ઉઠેછે.)
આ ? હા! નિશ્ચયે માન્યું એણે હાલ; નક્ષત્રી પૃથ્વી૦—
જુઓ! મૃગ ભરે હા! રણે ફાળ; નક્ષત્રી પૃથ્વી૦—
શું આ! નિર્ભયનું અભિમાન; નક્ષત્રી પૃથ્વી૦—
નથી નિર્જિવી! ક્ષત્રિયી કમાન! નક્ષત્રી પૃથ્વી૦—
શું આ નિર્બલ હશે? મૃગબાળ:— નક્ષત્રી પૃથ્વી૦—
ઘટ સ્ફોટ કરે હા! કાંકરી કાળ; નક્ષત્રી પૃથ્વી૦—
શું આ! નિર્ભયથી લખનાર; નક્ષત્રી પૃથ્વી૦—
અંતે સત્યે હશે હા! જયકાર; નક્ષત્રી પૃથ્વી૦—
જાઓ! સત્વર વદો વીર ભાર! નક્ષત્રી પૃથ્વી૦—
ઘોડી નહીં મળે કો' નિરધાર; નક્ષત્રી પૃથ્વી૦—
આહા! ભ્રમે ભ્રમણથી ભ્રમનાર; નક્ષત્રી પૃથ્વી૦—
રણે ઝટ પડો હા! ગ્રહનાર; નક્ષત્રી પૃથ્વી૦—

(દિશાઓ પ્રતિ દ્રષ્ટિ કરીને) અયે મારા શૂરા ક્ષત્રિય મિત્ર વીરો! આ પવિત્ર ભર્તભૂમિના શૂરા ક્ષત્રિય વીર પુરૂષોમાં આ ચક્રવર્તિ શ્રીમન્મહારાજા શ્રીકૃષ્ણ પોતેજ! આહા! એ પોતેજ, કેવળ અન્યાય માર્ગે પ્રવર્તિ કરવામાં નિર્ભય વર્તાય છે માટે હે જગજ્જનુની વીર માતાની પીઠ પર ઉત્પન્ન થયેલા સર્વે ક્ષત્રિય શૂરવીરો! આજથી નિર્પક્ષપાતે વિચાર કરીને મોક્ષદાત્રી શ્રી રણભૂમિને ભોગરૂપી શરણ થવા શ્રી શસ્ત્ર શાસ્ત્રનું સન્માન કરવામાં નિર્દય રણસ્થંભનું મંડાણ કરવા સર્વે સાવધ હો! સાવધ હો!! (એમ કહી જાયછે. ને પડદો પડે છે.)

પ્રવેશ ૧૪ મો.

સ્થળ—વિચાર ભુવન.

પાત્રજનો.

ડાંગવ અને પછીથી નિતિકૌશલ્ય.

ડાંગવ—(સ્વગત) આહા ! સત્યવક્તા શ્રી નારદજીએ મને સ્ફાટિક મહાલયમાં જે વાક્યો કહ્યાં હતાં તેજ વાક્યો આ સમયે મારા સન્મુખ મુર્તિમાન ભાસે છે; પણ વાહ વા ધન્ય છે નારદજી ! આપે પણ મને પ્રથમથી સુચના કરીને કલ્યાણકારી યુધ્ધે પ્રસિદ્ધ થવાનો આશિર્વાદ આપ્યો છે; નહિં તો આ સમયમાં સબળ શત્રુનો અસત્ય સંપ્રદાયી અને અન્યાયી મર્મ જાણ્યા છતાં પણ મારાથી ક્ષત્રિય ધર્મ સચવાવો અશક્ય હતો : કેમ કે,—

ગીતીછંદ.

નિર્બળ બળ કળવાથી, અટકળ પળમાં કળા કરી નાચે;—
ચટપટ એ ખટપટમાં; લટપટ પટમાં હા ! અરિ હરિ રાચે.

તથાસ્તુ ! પરંતુ અંતે તો સત્યનોજ જય થાય છે, એમાં સંશય નથી.

નિતિકૌશલ્ય—(પ્રવેશ કરતાંજ.) રાગ સોરઠનો દાદરો.

"સમાલો તેરા અદાકો જરા" એ રાગ

પામ્યા આમ ! આવેશ શો ? જરા શાન્તે ન કરી. એ ટેક.
હા ! ક્ષત્રિ નીતિ રીતિ એતો જાણી જાય જરી;
તોયે તેમ શૂરા પૂરા થાવું કેમ કરી. પામ્યા૦—
શક્તિવંતા કોણ છે ? કો' કૃષ્ણની પ્રસિદ્ધ,—
જુધ્ધે જીતો ક્યાંથી ! એથી ખ્યાતી છેજ ખરી. પામ્યા૦—
શ્રી કૃષ્ણ પ્રત્યે સત્તા અવની નાથની નથી,—
અંતે ક્યાં કલ્યાણકારી હા ! આણ આદરી. પામ્યા૦—

આત્મ બળશું સિંહદળે જે [1]જંબુક જઇ મળે;
[2]ગર્તે તરવા શકિત નથી શું સાગર જાય તરી. પામ્યા૦—
સિંહણ સુતની યાળ શું શીયાળ ઝાલશે;
[3]પન્નગ જઇશું [4]પક્ષિપતિથી વિજય જાય કરી. પામ્યા૦—

ઠાંગવ—(ઉતાવળો) જબકે કલંદર બનબન.—એ રાગ.

નિર્બળ થઇ શું ધર્મ ધીર ક્યાં વીર! વિશેષે નાસે છે;
સિંહ સમોપણ ઉન્નત હસ્તિ—[5]ચિત્રપતંગથી ત્રાસે છે. ટેક.
કેમ કાયર ? સચીવ શાણા! શૂરત્વ સંભાળ; (૨)
રણમાં પાછા પડતાં ન બોલે ક્ષત્રિ બાળ;
હાર્યાની નિશાની શાને જણાવે આ કાળ. કેમ૦—નિર્બળ૦—

નિતિકોશલ્ય—દીર્ઘ વિચાર કરો દીનબંધુ દૈત્ય [6]અરિ એ દીસે છે;
છંછેડેલો સર્પ છછુંદર પકડી પુરૂં પીસે છે. એ ટેક.
મુને આખરનું સુજે છે શાને સતાવોછો શ્યામ; (૨)
અંતે એથી સઉને સંતાપો છે આમ;
નસીબાએ બંધાએલું જાવાનું છે નામ. મુને૦—દીર્ઘ૦—

ઠાંગવ—   ગીતી છંદ.

ક્ષત્રિય શિશુ રણ શરણે, સર્પ શિશુ સમ પ્રબલ વિષ ધારી;
યુદ્ધ ધર્મથી મરણે, જય જય કરતાં કરે પ્રવેશ સંરકારી.

નિતિકોશલ્ય—શ્રીકૃષ્ણ કરપરશર છે? ....
ઠાંગવ—ચક્ર વક્ર કરનાર પણ શસ્ત્રે;
નિતિકોશલ્ય—શું જય જય રણ શરણે? ....
ઠાંગવ—મરણે ભય ભરનાર પણ અસ્ત્રે,
નિતિકોશલ્ય—અરે પૃથ્વીપતિ! આપનો આવો અત્યંત દુરાગ્રહ છે તો પણ મારી જીહ્વા ઉપડતી નથી કે આપ શ્રીકૃષ્ણ સાથે વૈર બાંધવાને સત્વર થાઓ.

૧ શીયાળવું. ૨ ખાડો. ૩ સર્પ. ૪ ગરૂડ. ૫ મગતરૂં. ૬ મુર આદીના શત્રુ.

ડાંગવ— ગીતી છંદ.

નહિં ચિંતા ચંચળને, યુદ્ધક્રિયાથી [1]વિશારદો ફરશે;
શત્રૂદળ—મળ ટળતાં, ન્યાય ન્યાય ને ન્યાય ત્યાં ઝરશે.

નિતિકૌશલ્ય—તોપણ અંતે હવે મા'રો અભિપ્રાય આપને એટલોજ જણાવુંછું કે આપ કોઇપણ દેવનું શરણ કરો તો અંતમાં શુભફળ દર્શક થઇ પડે.

ડાંગવ— બહુ સરૂં પ્રધાનો ! પણ—

ગીતી છંદ.

ચિત્રમતિ શ્રી સુતને, હળી મળીને રાજ્ય ન્યાય કરજે;
સુખશાંતી [2]સુતદળમાં,—પ્રશસ્ત તસ્કર-જાર-પ્રાણ હરજે.
[3]શંકર જ્યાં [4]શંકર છે,—કિંકર થઇ કૈલાસમાં શરણે;—
અનન્ય દૃઢ ભક્તિથી, પ્રસન્ન કરતાં ડરૂં નહીં મરણે.

(એમ કહીને નાશકર્ત્રિ ઘોડી ઉપર સ્વાર થઇ ચાલ્યો જાય છે અને પડદો પડે છે)

અંક ત્રીજો સમાપ્ત.

૧ પ્રવિણ. ૨ પ્રજામંડળ. ૩ મહાદેવ. ૪ સુખ કરનાર.

અંક ચોથાનાં પાત્રજનો.

ડાંગવ... ... ...કાશીપુરીનો ચંદ્રવંશી રાજા.
ઉર્વશી... ... . ઈન્દ્રની અપ્સરા. ડાંગવની પ્રિયતમા.
નિતિકૌશલ્ય... ... ...તેનો પ્રધાન
યુદ્ધકૌશલ્ય... ... ...તેનો સેનાપતિ.
ચિત્રમતિ શ્રીહંસરાજ...તેનો પાટવી પુત્ર. (ટીલાટ)
પ્રતાપસિંહ... ... ...તેનો પ્રિયકર મિત્ર.
મર્કટ મણિસિંહ... ...રાજ્યાશ્રયી એક વ્યભિચારી મનુજ.
દેવી મહારાણી ... ...ડાંગવની પાણીગ્રહણ કરેલી સ્ત્રી.
હીરાકુમારી... ... ..તેની પ્રિય સખી. પ્રતાપની સ્ત્રી (પતિવૃતા)
દુર્મતિ... ... ...તેની સખી. મર્કટની સ્ત્રી (કુલટા)
ચંદ્રિકા...... } ... ...તેની દાસીઓ.
ચંદ્રકળા ... } ... ...
શ્રીકૃષ્ણ... ... ...ચક્રવર્તિ રાજા, સર્વેશ્વર, સત્યેશ્વર, ૪૦—
બળદેવ... ... ...શ્રી કૃષ્ણના જેષ્ઠભાઇ.
પ્રદ્યુમ્ન... ... ...શ્રીકૃષ્ણનો પુત્ર.
અનિરૂદ્ધ... ... ...પ્રદ્યુમ્નનો પુત્ર.
દુર્યોધન... ... ...ધ્રતરાષ્ટ્રનો પુત્ર, પાંડવના કાકાનો છોકરો ભાઈ
શકુની ... ...તેનો મામો
દુષ્યાસન... ... ...તેનો ભાઇ
કર્ણ ... ...તેનો સેનાપતિ, પક્ષકારી, પાંડવનો મોટો ભાઇ
ભીષ્મપીતામહ ... ...દુર્યોધનના બાપના કાકા.
સુભદ્રા ... ...શ્રીકૃષ્ણનાં બેહેન. અર્જુનની સ્ત્રી.

ધર્મ ... } ... પાન્ડુરાજાના પુત્રો, હસ્તિનાપુરના રાજા
અર્જુન .. } ... અને શ્રીકૃષ્ણના પ્રિયતમજનો.
સહદેવ ... } ...
નીકુળ ... } ...
ભીમસેન... } ...
મહાદેવ ... ...કૈલાસપતિ, સ્વયંભુ, ઇશ્વર. ઇ—

અંક ૪ થો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—દેવીનો રાજમહેલ.

પાત્રજનો.

દેવી. ચંદ્રિકા. ચંદ્રકળા. હીરાકુમારી. દુર્મતી. અને પછીથી ચિત્રમતિ શ્રીહંસરાજ.

દેવી—અરે મારી પ્રિય દાસીઓ ! જુવો જુવો આપણા મહેલની બહાર આવો ભયંકર કલાહોલ શાનો થઇ રહયો છે વારૂ ? (દાસીઓ જાયછે)

ચંદ્રિકા—(પુનઃપ્રવેશીને) અરે બાઇ સાહેબ આતો મહાઉત્પાત થયો છો

ચંદ્રકળા—(પુનઃપ્રવેશીને) હાય ! હાય ! આતો આર્યપુત્ર શ્રીમન્મહારાજા પોતેજ શ્રી કૃષ્ણના ભયથી તેમની પ્રિયતમા ઉર્વશીપર સ્વાર થઇ કોઇ દેવને શરણ થવા નાશી ગયા, તેથી પ્રજામંડળમાં શોકસાગર આવી પડવાથી કલાહોલ થઇ રહયો છે બાઇ.

દેવી—હે ! પ્રાણનાથ કયાં નાશી ગયા ? અરે તે કઇ દીશા તરફ ગયા ? લાવ લાવ દાસી મારી કટાર અને અશ્વ તૈયાર કર (ઉઠે છે) હું તેમની સમીપ જઇ પહોંચું અને સાથે રહેવા આજ્ઞા માગી તેમની સાથેજ રહી તેમને સહાયકારી થઇ પડું. અરે ! તેમને આવા સમયમાં સહાયકાર કોઇપણ નહીં હોય તો પ્રાણનાથનું સંરક્ષણ કોણ કરશે. અરે પ્રાણપતિ ! આમ એકાએક આતે શું ?—

શીદને ન લીધી નાથ, સાથે શીદને ન લીધી;
પ્રીતમ પ્રાણાધાર, સાથે શીદને ન લીધી. એ ટેક.
શત્રુ સમી શું મુજને ગણોછો, પ્રાણ પ્રિયાના શીદને હરોછો;
હાર હૈયાના આમ શું દમોછો, સાથે૦—શીદને૦—
અરૂચી કરી છે મુજપર સ્વામી, જાણું અજાણ્યું નથી રહી ખામી;
ભિન્ન ભમો શું કહું શીરનામી, સાથે૦—શીદને૦—

અહિ ઉછેર્યો મણિ લોભ માટે, અંતે આમાપે થઇ પ્રાણ સાટે;
હારા દીસે એ ! ઉરગી ઉચાટે, સાથે૦—શીદને૦—
શત્રુભૂમિ શું અતિ ભયકારી? ક્ષત્રિપત્નિને નથી એમ ધારી;
ધર્મ સતિનો પતિ લ્યો વિચારી, સાથે—શીદને૦—
કૃષ્ણ કરોરે કલ્યાણ હવે તો, ઉર્વશી કારણ શોને થવે તો;
નાખી મુકી હવે મુને દવે તો, સાથે૦—શીદને૦—

ચંદ્રિકા—અરે બાઈ સાહેબ, તેમનું સંરક્ષણ કરતા અને પૂર્ણ સલાહકાર જે અત્યંત બુદ્ધિશાળી અને યુદ્ધમાં વિશારદ નીતિકૌશલ્યજી, યુદ્ધકૌશલ્યજી અને આપના રત્નદીપક પાટવી પુત્ર શ્રીયુવરાજ ચિત્રમતિ શ્રી હંસરાજ કયાં ઓછાછે; લ્યો હું તેમને આપની પાસે લાવું બાઇ આપ શાન્ત થાવ, શાન્ત થાવ, તેમનું સંરક્ષણ કરતા આપણા સદાશીવ ભોળા શંભુ કયાં પ્રગટ નથી, તે આપ આમ શોકાર્ણવમાં પડોછો. (એમ કહી ચંદ્રિકા યુવરાજ પાસે જાય છે એટલામાં ખબર થવાથી હીરાકુમારી તથા દુર્મતી પ્રવેશ કરે છે)

હીરાકુમારી—અરે પ્રિય સખી આજ આવો એકાએક શોકસાગર ક્યાંથી આવી પડયો. અરે મારી પ્રિય સખી, તારા કરમને તો કાંઈપણ શરગજ નથી.

દેવી—(ખેદમાં) " લાગી છે પૂરી આથી " એ રાગ
નાગી-આ જોને ! લાગી લાય, લાય મા'રા દીલમાં૦—નાગી૦—
કીયારે કર્મની એ રંડારે આવી, તરછોડી નાખી મુને શોકને લાવી;
માનીતી જોને મકલાય૦—લાય. મા'રા—નાગી૦—
મારા સ્વામિને શું હું સમજાવું. નાશીરે ગયા ક્યાંથી શોધીને લાવું;
અંતે એ શૂરા અકળાય૦—લાય. મા'રા૦—નાગી૦—
અર્ધકાયાથી એ શશિરે ગ્રસાયા, છુટશે ગ્રહણ કયારે ? પતિશું ફસાયા?
શાણી આ શાને ? અટવાય૦—લાય. મા'રા૦—નાગી૦—
દુષ્ટા ટળે તો એ માનદ મનાવું, ઝેરીલી ઝંપાયાથી ફરીને ફાવું;
દાઝ ત્યારે હા ! એ હોલાય૦—લાય. મા'રા૦—નાગી૦—

હીરાકુમારી—(શાન્તતાથી) " નયણે નવરોજ આજ " એ રાગ.

મારી પ્યારી બેનીઓ! બેલી બધું એ પ્રાણ પ્રિતમનું આજ. એ ટેક.
આ નીરખરાવે શાને શાણી આજ, હો પ્યારી સાહેલી થા માં;
ઘેલી, પ્રાણપ્રિતમ શુ આજ૦— મારી૦—
શાન્તી સુખકર પ્યારી સુધારોજ આજ, હાં સંગે ને સંગે;
મનહરને અંગે વ્યંગે વળગેજ—આજ૦— મારી૦—
લ્યો કર્મ-કસોટી પ્યારી પ્રિતમથી આજ, હાં શાણી સુ રાણી;
જાણી અજાણી કરવી ઘટે પ્રિયકાજ૦— મારી૦—
જ્યાં પ્રેમની ગ્રન્થી પક્કી પ્રિતમશું—આજ, હાં હીમ્મત હોડી;
લ્યો કર જોડી શાન્તી સુધા રોજ—આજ૦—મારી૦—

દેવી— ગીતી છંદ.

સખિ! પતિની મતિ મુઝવે, ક્ષતવતી ગતિ છે અતિ કુટિલતાની;
ક્ષતહિન ભૂમિ સંઘરશે, ક્ષતે સમાશે સમસ્ત વસ્ત છાની.

હીરાકુમારી—સખિ! ન સુકુલજાપતિએ,-પિછાની-ને આ દયિતપર ધારી;
ધીરજધર પરહર તું,—અનલબલ જળ સીંચીને પ્યારી.

દેવી—અરે પ્રાણ સખિ! હવે હું પ્રાણપતિની શોધમાં રહી યુદ્ધાવધી સુધી તેમની સાથેજ રહીશ; પ્રાણનાથના વિપ્રિત કૃત્યોનો મુને નિરંતર ખેદ થયાં જાય છે. અરેરે પ્રાણ સખી મારી ભાગ્ય દશા કેવી વિચિત્ર થઇ પડીછે કે,—

રાગ સોરઠ.

પીયુ મારા વચને ન વળ્યારે, ભરથાર ઉડયાછે અળગા. એ ટેક૦
પ્રાણ પ્રિયાના આ પ્રાણ હરીને, આમ બીજાને વળ્યારે. ભરથાર૦—
સિંહણ સુતરૂપ શ્યામ છંછેડી, આમ છેવટે છટકયારે. ભરથાર૦—
ચંદ્રવંશીના અંશને રે દંશી, બંસી બજયાથી અટકયારે. ભરથાર૦—

ચિત્રમતિ—(પ્રવેશીને) **પીલુની લાવણી.** "મેનાવતી માતા" એ રાગ.
ચીંતાવતી થામાં,—વીર વરયોરે માનો યુદ્ધમાં. એ ટેક.

દેવી—પ્રિય ચિત્રમતિ શી, ભ્રાન્તિ ભરયુરે ભાસે શુદ્ધમાં. એ ટેક.

ચિત્રમતિ—નહિં ચીંતાતુર—ચાતુર માતુ! આતું આણી નીર;
શા માટે ચીંતાવતી રતવતી, શૂરવીર છે તુજ વીરરે. ચીંતા૦—

દેવી—ભાગ્ય દશા પરવારી સારી, હવે આપણી આજ;
 શ્રીકૃષ્ણ સાથે યુદ્ધજ કરશે, હરશે હંસને લાજરે. પ્રિય૦—
ચિત્ર—હરી હરનારા છે નહીં જાણો, માનો અવધી એક;
 અંતે નાશ થવાનો નિશ્ચય, એયરકરપર ટેકરે. ચીંતા૦—
દેવી—ભાવીભાવ ભરેલો ભવમાં,—ભાગે શ્રી ભગવંત;
 નહીંતો નિશ્ચય નાશ થવાનો, માનો સુત શ્રીમંતરે. પ્રિય૦—
ચિત્ર—નહીં ચીંતાતુર! આતુર હું છું, જઇ પહોંચુ જયાં ક્ષેત્ર;
 મૃગમય સર્વે ક્ષત્રિય વરના, નરનાં લાવુ નેત્રરે. ચીંતા૦—
દેવી—ના બેટા ત્યાં યુદ્ધ ન કરશો, કાર્ય સરે નહીં કોય;
 તારા પીતાની સાથે રહીને, યુક્તી કર જો હોયરે. પ્રિય૦—
ચિત્ર—વૃષ્ણિઓમાં વિષ્ટી કરવા, પાંડવ સાંય જો થાય;
 વ્યથા વિહારી સારી દશાથી, દુઃખ દધી પલટાયરે. ચીંતા૦—
દેવી—પ્રાણ સખી છે દ્રૌપદી મારી, હું જઇ પહોંચું-વીર;
 આવી મળું જયાં શ્થંભ રથપાયો,—ઉત્થાપું ધરી ધીરરે. પ્રિય૦—
ચિત્રમતિ—નહીં નહીં માતુશ્રી, આપને આ સ્વસ્થાન છોડી ત્યાં જવાનું કાંઇપણ પ્રયોજન નથી.
દેવી—અરે ચિત્રમતિ! તું નિર્સંશય થા, ચિંતા રાખીશમાં; હું રણભૂમિથી જરાય પણ ભય રાખતી નથી.
ચિત્રમતિ—(સ્વગત) અહાહા! ધન્ય છે, આવા યુદ્ધ સમયમાં પણ શુદ્ધ ક્ષત્રિય સુતાઓના હૃદયમાં શૂરત્વાંકુરો કેવા ઉત્પન્ન થઈ રહેલા હોય છે! વાહવા ધન્ય છે, માતુશ્રી! તને પણ ધન્ય છે (પ્રખ્યાત)

ગીતી છંદ.

નિર્ભય તું જનુ મારી, તનુધારી તું પ્રસારતી કીર્તિ;
પણ રણ પણ તું ક્ષણમાં, રક્ષણ કરવા વિચાર માં કરતી.
દેવી—રણપણમાં રક્ષણમાં, ક્ષણમાં હણવા રણે ધણે ધસતી;
 મન જીવન જન તનમાં, પ્રાણસખિ સમ દ્રૌપદી જ્યાં વસતી.
ચિત્રમતિ—" દેખી તેરી વફાદારી " એ રાગ.

સ્તુતી સમર્થ નથી મારી, સ્તુતિ સમર્થ નથી મારી;—એ ટેક.
કીર્તિ નીતિને પ્રીતિ વીસ્તારી, અરેહાં રેહાં રેહાં રેહાં. સ્તુતી૦—
સ્થાને સ્થિતી કરોને માન્ય, ભુલો નહીં ભાન, પ્રતાપી-પ્રાણ,
તૃપ્તિ જ્યાં ત્રિપુરારી, સ્તુતી સમર્થ નથી મારી. સ્તુતિ૦—
સત્યાસત્ય સુધારો સાર, ધરીને પ્યાર, કરૂં જયકાર;
પ્રકૃતી મતિ બલીહારી, સ્તુતી સમર્થ નથી મારી. સ્તુતી૦—
રત્નો યત્ને કરીને ઉછેર, રહી નિજ ઘે'ર, થશે નહીં વે'ર;
સહાયતા છે સારી. સ્તુતી સમર્થ નથી મારી. સ્તુતી૦—

દેવી—બહુ સારૂ સુપુત્ર, જેવી તારી ઇચ્છા; પણ શ્રેય કરવામાં હવે સત્વર તત્પર થાવ. (જાયછે ને પડદો પડેછે.)

—(૦)—

પ્રવેશ ૨ જો.

સ્થળ રસ્તો.

પાત્રજન—દુર્મતિ.

દુર્મતિ—(પૂનરસૂચન પ્રવેશીકા રૂપે—રાણી વાસમાંથી નિકળતાં સ્વગત) આહવા! હવે તો પરમેશ્વરે સારી મજા આણી છે! સતિનો ડોળ રાખી મને ચીડાવનારી અને નિંદનારી દેવી રાણીનો પતિ ઢાંગવ તો નાશી ગયો છે, હવે એને માથે કોઇ ધાડધણી રહયો નથી. વળી ચિત્રમતિ પુત્રને પણ તેની પાછળ મોકલ્યો. તેથી મારા મનના મનોરથ પુરા થશે, હીરાકુમારી તો બીચારી આપણા હાથ માંજ છે પણ એનો આંકડોય પતિના પાછળ તો વીંછીના જેવો ઝેરીલો જણાય છે માટે તેને પણ સુધારીને મનમાનીતા મણીની સાથે પેહેલી મોજ શોખ તો મારીએ પછી દેવીની વાત. માટે ચાલ હવે તો ઉતાવળી, મારા યાર પાસે પ્રસાર થઇને આ બધી એ વાતથી માહીતી તો મેળવાવું. (જાય છે ને પડદો પડેછે.)

—○—

પ્રવેશ ૩ જો.

સ્થળ-શ્રીકૃષ્ણનું મંદીર.

પાત્રજનો.

શ્રી કૃષ્ણ, બળદેવ, પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધ, અને પછીથી નારદ તથા અનુચર.

નારદ—[પ્રવેશીને] અહો કૃપાસિન્ધુ! ઈન્દ્ર મહાલયમાં ઉર્વશી વીનાતો અંધકાર મય થઈ રહયો છે, તેમજ મહેન્દ્ર અને સ્વજનો પણ નક્ષત્ર વીનાના ચંદ્ર બીંબ હોયની શું તદ્વત ભાસે છે; તસ્માત્ કાર્ય વશાત હવે સત્વર ઉર્વશીનો મોક્ષ થવો જોઈએ. અરે! ત્રિભુવનમાં પણ ત્રિપુરાસુર સમાન બીજા અસુરો ઉન્મત્ત થઇ રહયા છે તેનો પરાજય પણ મોક્ષાવધી સુધી મને સંભવતો નથી પતિત પાવન!

શ્રીકૃષ્ણ—અહો પરમભકત નારદ! તા'રૂં કહેવું યથાર્થ છે પરંતુ અત્રેથી કાશીપુરી પ્રતિ ગમન કર્તા અનુચર આવતો હશે અને મોક્ષરૂપી સપ્તાર્ધ વજ્રના સંયોગનું બીજ તો રોપાયુંજ છે માટે તું ચિંતા રાખીશમાં.

અનુચર—(પ્રવેશીને) બીહાગ લાવણી " ખુશ રહો " એ રાગ.

જયવંત! જય! ભગવંત, મહંત પ્રતાપે,—
અંતર્યામી! મતિમંત,—અંતને સ્થાપે.
તિર્થતટ શિર છત્ર! પત્ર મ્હેં તત્રે;
અત્રેથી-સોંપ્યો સ્હેજ, સુભટના છત્રે.
એકત્ર મળીને તત્ર, પત્ર વંચાયો,—
વર્ષાનો હર્ષ હાય! સુરજ ત્યાં છાયો.
ધિક્કાર! કરી મહારાજ! ગર્જના કરતો;
વીર! વિર્યવંતનો, અંત આપથી કરતો.

* * * * * *

બળભદ્ર—(ક્રોધાવેશે એકાએક) અરે શું એ દાંભિકપદ્ધીએ અધમતાને પ્રાપ્ત થએલો દુષ્ટ ડાંગવ બાહુબળની પ્રબળતા દર્શાવી ધિક્કાર શબ્દે શ્રીકૃષ્ણના પવિત્ર પત્રનું અપમાન કરે છે ?

શ્રીકૃષ્ણ—શાન્ત થાવ ! શાન્ત થાવ ! જ્યેષ્ઠભ્રાતા શાન્ત થાવ ! !

બળભદ્ર—　　રાગ—શ્યામ કલ્યાણ.

ભલેને આપ શાન્તતાથી, શત્રુને સંહારશો;　　એ ટેક૦
તથાપી વિર્યવંતની શક્તિ, ગૃહી ન ધારશો.　　ભલેને૦—
ધિક્કાર શબ્દ શું વદે એ,—શત્રુતા સંભાળવા;
થયોછું સ્વસ્થ આ સમે, ન બેસો બન્ધુ બાળવા.　ભલેને૦—
રોમાંચ—રક્ત ઉછળે છે, આ સમે વિચારશો ?
સમાધી ઉદ્ધતાઇની—આ, યુદ્ધનો પ્રચાર શો ?　　ભલેને૦—
શાન્ત શાન્ત શાન્તતાથી, ભ્રાન્તી ભારે થાય છે;
એ વૈખરી ખરી ખૂવારી, ધારી ધ્યાન ધાય છે.　　ભલેને૦—

શ્રીકૃષ્ણ—અહો ! એ વૈખરીગીરાની ગહવરતા તે ક્યાં સુધી ?

પ્રદ્યુમ્ન—“અચ્છા મેરા જાન”૦—“એવું અભીમાન”૦—એ રાગ.

બળભદ્ર—એવું અભીમાન ક્ષણ માંહી છૂટે, રણે ઘાવ પડે તૂટે. ક્ષ૦એ૦
નિર્બળ થઇ શું પ્રબળ પ્રૌઢ એ, બગવાળી વળતો યુધે ?
સિંહ સમા શૂરવીર સમીપે, મૃગયા માન્ય કરી-ચુંથે ! ક્ષણ૦—એવું૦—
નિર્બળ શત્રુ સબળ રાજ્યમાં, પ્રબળ પંથ-કરે પુઠે ?
ચાપ ચઢાવી ચંચળ બળથી, ચચડવત ચોળું-ઉઠે.　ક્ષણ૦—એવું૦—
નિષ્કંટકમાં સંકષ્ટ ઘંટ એ, કંટકવત્ ક્યાંથી ગુંથે ?
લક્ષ વસાએ-લક્ષણ ક્ષિણ ત્યાં,—દક્ષ દશા એ શું લૂંટે ?ક્ષણ૦—એવું૦—
સ્થાપ્યો નથી જ્યાં સ્થંભજ રણમાં, ત્યાં સુધી કંથા કૂટે;—
ગુહ્યગીરા એ વૈખરી ખેલે,-કાળ હવે ત્હારો ખૂટે.　ક્ષણ૦—એવું૦—

અરે હવે એ દુષ્ટ ડાંગવને યુદ્ધની કંકોત્રી આપી સાવધ કરો ! નહીં તો અમારૂં અસહ્ય બળ અમારાથી સહન થઇ શકતું નથી !

શ્રીકૃષ્ણ—અરે મતિમાન જ્યેષ્ઠબંધુ ! આપ સાહસકર્મ કરવાને સત્વરમાં આવ.

અનુચર—મહારાજ એ તો—રાગ બીહાગ લાવણી.

સમજાવ્યો શાણે સઘ, પ્રધાને પોતે;
માન્યું નહીં-મુકયું માન્ય, સચિવે કસોરે.
થઇ સ્થાન ભ્રષ્ટ ને ખષ્ટ, અતિશય ક્રોધે;
ગૃહી કારણ રક્ષણ કાજ, ગયો બહુ બોધે.

પ્રદ્યુમ્ન—આશ્ચર્ય! આશ્ચર્ય! પિતાજી!! બાહુબળનું અભિમાનકર્ત્તાને શું સહાયતાની શોધ કરવી પડે?

શ્રીકૃષ્ણ—અરે ભાઇ, અનુકૂલતાની વ્યંગતાનો પ્રભાવ તો તેવોજ હોય.

બળભદ્ર-અરે પણ આપના શત્રુને આ જગત્‌માં તો શું પણ ત્રિભુવનમાં પણ તેને અભયદાન દેનાર કયો શૂરવીર ઉત્પન્ન થાય તેવો છે?

પ્રદ્યુમ્ન—અરે પૂજ્યનિક વડીલ કાકા! એ તો આપનું કહેવું સત્ય છે પરંતુ સાંપ્રત સમયમાંજ તે મિથ્યાભિમાનીની શોધ કરી શ્રીકાલાયની શક્તીના પ્રિયકર શીલાપર તે દુષ્ટ ડાંગવને તો કમળવત પટકવોજ જોઇયે!

નારદ—સત્ય છે, સત્ય છે, બાહુબળની પ્રબળતાથી શત્રુસંહારમાં તત્પર રહેનારા શૂરવીર ક્ષત્રિઓને તો એમજ ઘટે.

અનિરૂદ્ધ—“ એ નીચ ખૂનીને આ સમે ” એ રાગ.

આજ્ઞા આપો મને ક્રોધી—દર્પિ એ—શોધી સમર્પું આ સમે. એ ટેક.
ઈચ્છિત વર વરવા વીરવાસી, નથી કેસરીસિંહ ગયા નાસી;
જશે તુરગી તે લેઇ કયાં ત્રાસી. આજ્ઞા૦—
નવખંડ પ્રચંડે નહીં—અટકું, મૃગરાજથી પણ હું નહીં છટકું,—
ઝટ આપ પ્રતિ રીપુ એ પટકું. આજ્ઞા૦—

શ્રીકૃષ્ણ—નહીં નહીં અકરમાત ઉતાવ્ય કરવાનું કાંઇપણ પ્રયોજન નથી. માત્ર તેનું વૃત્તાંત જાણવાને અનુચરનેજ તેના પાછળ મોકલો કે તે કયાં જાય છે અને તેને કોણ સહાય થાય છે.

પ્રદ્યુમ્ન—જેવી આપની ઇચ્છા.

અનિરૂદ્ધ—ત્યારે તિર્થસ્વરૂપ શ્રીમન્‌મહારાજાની ઇચ્છાપૂર્વક અનુચરને આજ્ઞા કરવાને તો પૂજ્યનિક બળભદ્રજી સત્વર થવા કૃપા કરશે.

શ્રીકૃષ્ણ—ભવતુ વત્સ! (અનિરૂદ્ધ અને બળદેવ રીસાઇને જાય છે.)

પ્રધુમ્ન—(અનુચરને) ગીતીછંદ.

અનુચર! કર તું સત્વર, ડાંગવની જ્યાં પ્રવૃતિ ત્યાં—તારી;
બુદ્ધિબળથી—મળ તું, રક્ષણુ ને તું ત્વરીત જો ધારી.

અનુચર—જેવી આપની આજ્ઞા (એમ કહી જાય છે ને પડદો પડે છે)

—(૦)—

પ્રવેશ ૪ થો.

સ્થળ—રાજમાર્ગે દેવી મહારાણીના મહેલમાં જવાનો રસ્તો.

પાત્રજનો—હીરાકુમારી તથા માણીસીંહ.

મણીસીંહ—(હીરાકુમારી ચાલી જાય છે ત્યાં પોતે પણુ ચાલતાં આશ્ચર્યતાથી) અહો આ સાયંકાળના સમયમાં ક્યાંઇપણુ વાદળું દેખાતું નથી તેમ છતાં આ એકાએક વીજળીના ચમકારા કયાંથી થવા લાગ્યા છે. (દશે દીશાઓમાં દૃષ્ટિ કરતાં હીરાકુમારીના પ્રતિ નજર જવાથી) આહાહા !!! આ હંસગતિ ગૃહણ્ કરીને રાણીમહાલયમાં પ્રવેશ કરનારી મુગ્ધાબાળાના સ્વરૂપથીજ તડિતના તડાકા તો થવા લાગ્યા છે ને શું? ચાલ તેની પાસે જઇ પહોંચું અને દર્શનનો તો લાભ લેઉં. (ઉતાવળો પાસે આવીને)

વસંતતિલકા વૃત્ત.

છો કોણુ? ક્યાં ગમન ગૌરત્રિયા તમારૂં?
ઉભાં રહી વચન એક સુણો અમારૂં;
કોકીલ કંઠ થકી કૈં, મૃદુ શબ્દ કાઢો;
સ્નેહે કરી અધર અમૃત તો ચખાડો.

હીરાકુમારી—અરે! કોઈ લંપટ મારી પાછળ પડયો છે ને શું? માટે ચાલ હવે તો સત્વર હું રાજમહાલયમાં પ્રવેશ કરી દેઉં. (પ્રવેશ કરે છે)

મણીસિંહ—(નિશ્વાસ નાખીને) અરેરે આ તો મુખમાં આવેલો ગ્રાસ નિકળી પડયો! પણુ ચિંતા નહીં, જ્યાં સુધી આ મા'રા દેહમાં

પ્રાણ છે ત્યાં સુધી એ ચંપકવર્ણીની ચતુરાઈ અને સુંદર સ્વરૂપની છબી મા'રા હૃદયમાંથી નાશ થવાની નથી માટે તેની શોધમાં રહી થોડાજ વખતમાં મનકામના પુરી કરવાને પાછી પહાની કાઢવાનો નથી. આહાહા ! શું એ મારી નજરેજ મુર્તિમાન છે ? નહીં નહીં એ તો રસિલીની રમણીય છબી મા'રા હૃદયની સાથે વજ્રલેપ થવાથી મને ભ્રાન્તીમય ભાસે છે. (એવા વીચારો કરતાં ચાલ્યો જાય છે અને પડદો પડે છે)

પ્રવેશ ૬ મો.

સ્થળ--મર્કટ મણિસિંહનું શયનગૃહ.

પાત્રજનો--મણિસિંહ અને દુર્મતી.

મણિસિંહ—(પર્યંક પડીને આત્મગત) શું એ મારા જીવને ઝાલી રાખનાર મને નહીંજ મળે? અરે એની શું વિસાત છે! એજ ચંપકવર્ણીને ચુંબન કરૂં ત્યારેજ મારૂં નામ મણિસિંહ—

શાર્દૂલવિક્રીડિત છંદ.

આહા! શું લટકાં કરી લટકતી, ચાલે સદા ચાલતી;
ભારે જે રતન ભારથી લચકતી, વસ્ત્રાભ્રણો વાળતી.
મુગ્ધા મંદ ગતી—નિતંબ ગુરૂએ, સામર્થ્ય વક્રાવતી;
વક્ત્રે હા! શિતરસ્મિ—શું! મદ—ઝરે, તારા કૃતી આપતી.
ચમ્પકવર્ણિ—ત્રિવર્ણ રક્ત—રમણે, હંસો ઘણા બાળતી;
ભ્રૂચાપે શર ચાંપતી સ્ફુર નયે,—કંઠે ભરી માલતી.
આહા! નેપુર—મેખલા—વલયના, ઘોશે ઘણી શાન્તિ દે;
અર્વિન્દાનુકુલે અહો! ભ્રમરને, આલ્હાદિની ભ્રાન્તિ દે.

દુર્મતી—(પ્રવેશ કરીને) અરે મા'રા વહાલા! આ તમે કોના વિશે-ના વિચાર કરો છો?

મણિસિંહ—અરે એ તો મારૂં હૃદય ચોરી જનારી રાણી મહેલમાં પ્રવેશ કરી બેઠી!

દુર્મતી—શું તમે પણ આજે હીરાકુમારીના ઝપાટામાં આવ્યા છો કે શું?

મણિસિંહ—હું તેને ઓળખતો નથી પણ—

શિખિરિણી છંદ.

દિસે કાન્તા ગોરી, ભ્રકુટી ભયકારી અતિઘણી;
મહર્ષી એ મુગ્ધા, મદન પ્રિય રંભા માંહ મણી;
ઠરેલી તોએ તે, વય અવયવે છે મદ ભરી;
સ્ફુરનેત્રે વન્હી,—પ્રગટ પટકે—હા! ભય કરી.

દુર્મતી—ત્યારે એવા સ્વરૂપથી તો ખરેજ પ્રતાપસિંહની પ્રેમદા હીરાકુમારીજ હોય!

મણિસિંહ—શું એ મુછપર લીંબુ ચઢાવી રાખનાર પ્રતાપસિંહની પ્રેમદા હીરાકુમારી?

દુર્મતી—હા, મા'રા વહાલા; આપને હું કહેતી હતી એજ પ્રતાપસિંહની પ્રેમદા હીરાકુમારી! પણ તેનું સુંદર સ્વરૂપ આપની નજરે ક્યાંથી પડ્યું?

મણિસિંહ—જો સાંભળ,— **ગીતી છંદ.**

દૃગ પંથે મૃગ નયની, મહિષીના એ રહસ્થળે વળતાં;—
મળ દળના મેં દળિયા,—નિષ્ફળતા એ ફળે દયિત મળતાં.

દુર્મતી—ચિંતા નહીં પ્યારા, એ વાતે તો આપને હું નિરાશ નહીંજ થવા દેઉં! કારણ કે જો હું તેના હ્રદયની પ્રેમગાંઠ આપની સાથે પડાવું તો આપને હું ઘણીજ પ્રિયકર તેમજ મનમાનીતી થઈ પડું માટે મારા હૈયાના હાર, એજ હીરાહાર આપને હું થોડાજ વખતમાં લાવી આપીશ હું ઘણા દીવસથી તેજ કામે લાગેલી છું.

મણિસિંહ—અહો પ્યારી, તારા ઉપર હું ઘણોજ પ્રસન્ન થયો છું અને થાઉં છું માટે લે આ આજે તો ભંડારમથી નવલખો હીરાહાર અને બીજા રત્નાદિ ઝવેરતાના દાગીના કાઢીને ખુશીથી ધારણ કરય પણ તેને માટે તું શું યુક્તિ લગાવીશ?

દુર્મતી—જુઓ, એ ઘણીજ વિદ્વાન છે માટે તમે કોઈ સુંદિર કવિતા લખો તો તેને હું તેજ કવિતા પ્રથમ તો ભેટ કરૂં.

મણિસિંહ—વાહવા પ્રિયા! યુક્તિ તો સારી છે. લાવ્ય તેમજ કરૂં.—

દુર્મતી—હા, તે વાંચીને ખુશી થશે પછી હું તેની પાસે આપના સ્વરૂપ-ગુણને વિદ્યાદિ સમજુતાઇના વખાણમાં તો ખામી લાવનાર નથી તેથી તેનું દીલ આપના તરફજ ખીંચાશે એટલે સઉ સારાં વાનાં થશે.

મણિસિંહ—બહુ સારૂં, લે આ પત્ર—(આપે છે તે લેઇને જાય છે અને પડદો પડે છે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ--દેવી મહારાણીના મહેલ.

પાત્રજનો--દેવી. હીરાકુમારી અને પછીથી દુર્મતી.

દેવી—(હીરાને દોડતી આવતી જોઇને સ્વગત) અરે આ શું ? આજે મારી પ્રિયસખિ હીરાના મુખમાં શ્વાસ તો જાણે સમાતો નથી અને જેમ વિકટ વનમાં વિખુટી પડેલી મૃગલીના પાછળ સિંહ પડયો હોય તેમ તે ભયભીતપણે ઉતાવળી દોડતી આવે છે તેનુ શુ કારણ હશે ? (હીરા આવી પહોંચે છે એટલે) પ્રખ્યાત—

શિખરિણી છંદ.

અરે આ શ્વાસે શું ! -હૃદય—વપુ કંપે ભય કરી;
અરે આલી આ શું ? ઝટિતગતિ પંથે પ્રિય ! ધરી.—
ધ્રુજાવે આ અંગે, સ્તન તૃટપરે હાર પટને;—
અને—આ સ્વેદે શો ! મલ સકલ અંગે સુઘટને.

હીરાકુમારી-સખિ ! શું આશ્ચર્ય ? જો શ્રવણકરઃ—
ખરી આ ખીલેલી સુઘડ વપુ—વાડી સુધન થી;
સુવાસિત્ યૌવા એ,—મદન ફળ ફાલ્યાં તપન થી.
નહીં માળી આલી ! ન પરિજન પેખી—વનચરે;—
કુદાની ફાળો જ્યાં,—સમિપ ભય ! શામા ક્યમ કરે ?

દેવી—અરે પ્રિયસખિ ! તું જેવું હોય તેવું તેનું સ્પષ્ટિકરણ મુને સત્વર નિવેદન કર ! આ તારા માર્મિક વચનોથી એ મર્કટોના દુર્વિચાર

મારાથી સમજી શકાતા નથી કારણ કે,—

માલીની છંદ.

વિકટ વન ગણે શું, સ્થાનમાં ભાન વાળી;
નૃપતિ ભય હણે શું, લંપટો લેશ આલી ?
અવની તલ સહે શું, એટલો ભાર ભારે;
જગત ભય વિદારી,—લાજ શું ? એ ન ધારે ?

હીરાકુમારી—મદન મદ ભરાયો, મોહથી જ્યાં શઠોને;
ઉજડ જગત માં આ, સ્થાન સૌ લંપટોને;
નૃપતિ ભય ભરે ના, અંતરે લેશ એ તો;
નિશદિન સતિયોના, શાપને તાપ લે તો.

દેવી—અરે પ્રિયસખિ શું ! લંપટોને નિર્ભયપણે વર્તવાને નૃપતિઓએ તેમજ પરમેશ્વરે નિરાંકુશ કરેલા છે ? નહીં ! નહીં !! જ્યાં સુધી સ્ત્રીજનોને [1]કોપ, [2]શાપ અને [3]માપ જગતની થાપ અને નૃપતિઓને તાપ રહયો નથી સાંજ સુધી એ દુષ્ટોને ઉન્મ.દ માનુ છું અરે ! શું એ નીચને કીચ જગતમાં વજ્રલેપ થઈ પડે છે ? પણ ચિન્તા નહીં, જેવી જોઇએ તેવી સત્તા મુને સર્વેશ્વરે આપેલી છે ! માત્ર તેમના પાપને કુંભપ્રકાશ થાય તેટલોજ વિલંબ રાખું છું અરે તે નિર્લજ્જો શું નિષ્કલંકી ચંદ્રને પણ અચ્છાદન કરવાને રાહુ રૂપે શકતીવાન થઈ પડે છે !

હીરાકુમારી-હા ! ભ્રાંતીકારક નથી. સખિ ! સત્ય છે; જો શ્રવણ કર,—
શશિવદન વિલોકી, અર્ધકાયા—પ્રત્રાસે;
ગૃહણ સમય સાંધે, લંપટો ગ્રાસ—આશેઃ—
અઘટિત વચનો એ, આવતો કો ધસીને;
તડિતમય ચલાવી, ચાલ મ્હેં હા ! ખસીને.

દેવી—અરે પણ હું તને એક વાતે ધન્યવાદ આપતી નથી ! કે તેં તેને જીવતો જવા દીધો.

---

૧ ભય. ૨ તિરસ્કાર. ૩ શુદ્ધ મનથી શાંતપણું.

હીરાકુમારી— ગીતી છંદ.

સજીવન પણુ નિર્જીન મ્હેં,—સ્વરૂપ શસ્ત્રે શિયળ ધાર ધારી,—
લંપટને લટકાવ્યો, પ્રાણુ-ધોશ મર્યાદ હરી પ્યારી !

દુર્મતી—(પ્રવેશ કરતાં સ્વગત) અરે આ હું પ્રેમીનો પત્ર હીરાકુમારીને આપવાને અહીંઆં તો લાવી પણુ દેવી છતાં છુપી રીતે માન્ રાથી આ પત્ર કેમ અપાશે, માટે આ પત્રને તો મારી કંચુકીમાંજ છુપાવી રાખું તો ઠીક. (તેમ કરી પાસે આવી પ્રખ્યાત) કેમ સખીઓ ! શું વિચાર ચાલે છે ?

હીરા—કાંઇ નહિં આવો બેન. (દુર્મતી બેસવા જાય છે તેથી ઉતાવળમાં છુપાવેલો પત્ર પડી જાય છે)

દેવી—(તેને ઝડપથી ઉપાડીને) અરે દુર્મતી ! આ શું ? કોનો પત્ર ગુંદરથી સજ્જડ ચોટાડેલો અહીં લાવ્યાં છો ? (દુર્મતી ગભરાઇને પાછો લેવા જાય છે તેથી દેવાને કપટ ભાસવાથી પાછો નહીં દેતાં.) અરે ! આમ ઉદ્ધતાઈ શું કરોછો ?

દુર્મતી—લાવોને ! એ તો હીરાકુમારીના પીએરથી આવેલો છે તે મા’રે તેને ખાનગીમાં દેવાનો છે.

હીરા—શું મારા પિતાજીએ મોકલાવેલો છે? (દેવી પાસેથી લેવા જાયછે)

દેવી—(તેને પણુ નહીં દેતાં) અરે તું પણ હાવી અધીરી કેમ ? જો ! તારા પિતાજીનો હોય તો લે તું સાંભળ, હું વાંચુછું. (વાંચે છે)

વસંતતિલકા વૃત્ત.

હીરા સમાન અતિ ઉજ્વળ અંગવાળી; રામા રસીલી દમયંતીસમી રૂપાળી;
કુંકૂમથી કુસુમ વેંણીભરી કૃશાંગી; વર્ષાની વિદ્યૂત તણી, ગતિ છે વરાંગી.
રત્નાભરણો કનક ચમ્પકતા પ્રમાણે; તન્નાદ યાદ કરતાં, ઉન્માદ માને;
મેળાવશો -હૃદયને, સ્મરના પ્રવાસે; મર્મજ્ઞ છો-પથિકને, પ્રિય તંત્ર ભાસે.—
નેત્રે કટાક્ષ કરી કાંઇ, નિમિત્ત લાવી, ક્યારે કયે સ્થળ સમાગમ ને જણાવી;
રે’તાં નથી ક્ષણુ ઉભાં, પિયુને પ્રબોધી,—મન્દાર માળ મદમાં, મળતી સુગંધી.
લક્ષાવતી લલિત લક્ષણુથી લળીને; શોભાવશો પ્રિય ગણી, હરિણી મળીને;
જેણે હરી હૃદયની, શુધ બુદ્ધિ મારી; ક્યારે મળો સુખદ એવી હીરાકુમારી

હીરાકુમારી—(ક્રોધાવેશે) અરે પ્રિય સખિ! બસ કર, બસ કર, બસ કર! ધિક્કાર છે એ પત્રને!! અરે આ મર્યાદશિલ પતિવ્રતા હીરાકુમારીપર કુદૃષ્ટિથી દુર્વિચાર દર્શાવનાર મર્કટને પણ શતક્રોટી ધિક્કાર છે! અરે આ સુરભીરૂપી સતિ સ્ત્રીઓના શુદ્ધ સમુહમાં શુનીરૂપી સતિનો દેખાવ દેનારી દુષ્ટા દુર્મતીના દુર્બોધનો પ્રપંચી પડદો આજે ખુલ્લો થવાથી મારા સર્વાંગે ક્રોધાગ્નિ પ્રદિપ્ત થઇ રહયો છે! અરે આ અગ્નિરૂપી પવિત્ર પ્રગલ્ભા હીરાકુમારીને બળાત્કારે વળગીને કલંકિત કરનારી ઉધેઇરૂપી ચાંડાળી નારીનો શીરચ્છેદ કરવાને સખિ! તારી આજ્ઞા માગી આ દુષ્ટાનું રક્ત પીવાને તત્પર થયેલા ખંજરનો ઉપભોગ આપું છું!! (તેનો ચોટલો પકડે છે)

દુર્મતી—(ગભરાઇને) “સૈયાં મોરા કબૂ ઘર આવે.”—એ રાગ.

અરે બે'ની મારી કલંક શીર નાંખમાં, કલંક શીર નાંખમાં, એ ટેક.
કલંક શીર નાંખમાં, નાંખમાં, નાંખમાં૦ અરે બે'ની૦—
નિર્દોશીપર શું આ ખંજર ખેંચી, તનમન કર તું ખાખમાં. અરે૦—
અત્રાવાગમને આ પત્ર અતઃપરે,-આપ્યો-લીધો મ્હેં હાથમાં. અરે૦—
ગર્ભિત વચનો મ્હેં ત્યાં નથી ગણીઆં, રોશ રોમાંચે તું રાખમાં. અ૦—
માનુની મુજને તેં માનીતી માની, અંતે હવે તું મારમાં. અરે૦—

હીરાકુમારી— રાગ મરશીઆનો.

રે હાય! વોય કેમ જીવતી મુકું વ્યભિચારી! કેમ જીવતી મુકું વ્યભિચારી;
દુષ્ટ! તારી દુર્બુદ્ધિ દૃષ્ટિ વિકારી, રે હાય વોય કેમ૦—
લાજ મર્યાદા તેં દુષ્ટ! મેલી, ખંડે ખંડે પાખંડ તું ખેલી!
છળભેદે છાની તું છકેલી, રે હાય વોય કેમ૦—
દુષ્ટ! દાવાનળે રે દીલ બાંધ્યું, જારકર્મે જુગુપ્સિત સાંધ્યું!!
ધિક! ધિક! ત્રીયા તન લાજ્યું, રે હાય વોય કેમ૦—
જાણી નહોતી રંડારે તુંને આવી,-પ્રીતિ પાશ ન દેત-ફસાવી;
આજ સુધી ચોરી તેં ચલાવી! રે હાય વોય કેમ૦—
દુષ્કર્મ કિલ્મિશે કુંભ ભરાયો,--દુરઘટ ફૂટયો ને પત્ર ઝલાયો;

દુષ્ટા જુઠ જપી !! જીહવાએ ગાયો, રે હાય વોય કેમ૦—
સિંહ ક્ષત્રિય સુતા આ ફસાશે, કર્યું કર્મ કુટિલ તેં એ આશે;
સિંહણુ વઢી-શીરચ્છેદ થાશે, રે હાય વોય કેમ૦—

દેવી—અરે પ્રિય હીરા, હવે તું શા માટે વિલંબ કરે છે ? અરે ! આ દુષ્ટા દુર્મતીનું પ્રપંચી વદન તારા સદનમાંથી ન્હદન શેકતાં, એની મદન મોજમાં યમ રાજાના પ્રમુખ મંડપે સત્વર તું મંડાવી દે !!

દુર્મતી—(ભયભીત મુદ્રાથી) અરે મારી પ્યારી બ્હેનો ! તમે આમ એકાએક મારે માથે મિથ્યા આરોપ મુકવામાં સાહસ કર્મ કરવાને ઉતાવળાં શુ થાવ છો

હીરા—અરે આ સતિઓને બળાત્કારે વળગીને પૂર્ણ પ્યારમાં લાવનારી અને દુષ્કૃત્યોના દુર્પાશમાં ફસાવનારી દુષ્ટા દુર્મતી ! તારા દુર્બોધનો અને દુષ્કૃત્યોનો પ્રપંચી પડદો આજે પરિપૂર્ણ ખુલ્લો કરીને સત્વર તું નિવેદન કર કે આ પત્ર તુંને કયાંથી પ્રાપ્ત થયો ? !!

દેવી—(ક્રોધાવેશે તિરસ્કાર કર્ત્રિ મુદ્રાઓથી) અરે કપટ સ્વરૂપ ! હં-જુ તારો નિર્દોષ થવારૂપી પ્રપંચી પડદો દુર કરતી નથી ! અરે ધિક્કાર છે તુને !! અરે નીચ ! પાતકી ! વિષયાશક્ત ! સ્વરૂપાંધ દુર્બુદ્ધે કામાંધી તુને ધિક્કાર છે !! અરે જારકર્મ કરનારી વ્યભીચા-રીણી ! તુને ધિક્કાર છે ! ! અરે શિયળ સ્વરૂપી અત્યૂત્તમ સ્થંભને મૂ-ળમાંથી ડગાવનારી અને ખંડીત કરનારી કલંકરૂપી ચાંડાળી નારી તુને ધિક્કાર છે !! અરે આ રાજરત્નરૂપી પવિત્ર પ્રમદા હીરાકુ-મારીની રઢીયાળી રીદ્ધીને એક નિમિષ માત્રમાં વિચ્છેદિત્ કરવાને ઇચ્છા રાખનારી કુલક્ષણી દુષ્ટા ! તુને ધિક્કાર છે !! અરે આ નિ-ષ્કલંકરૂપી બહિર્શુદ્ધિ બતાવી અંતર્શુદ્ધિમાં કુબુદ્ધિના કીચને વજ્ર-લેપ કરનારી કપટ સ્વરૂપી કામની તુને શતકોટી ધિક્કાર છે !! અ-રે ! આ પવિત્ર પ્રમદાઓમા મલિન ન્હદયની ! કિલ્મિશને નિર્વિષ કરનારી કામાંધી ! પતિવ્રતાઓની પવિત્રતાનો નિર્વંશ કરનારી કપટી કુચાલી અને સર્વ દુર્ગુણોમાં શિરોમણી દુષ્ટા દુર્મતી ! તારા દુર્બોધ-

ને સ્મરણમાં લાવતાં મુને જ્વાલા પ્રગટ થાય છે!! અરે તારાં યુક્તિ પુરઃ સર માર્મિક વચનોપર વિશ્વાસ રાખનારી જો કદાચિત્ પવિત્ર હોય તોપણ તું છેવટે તેનું સત્યાનાશ વાળવામાં એક ભયંકર રાક્ષસણી રૂપે વિશ્વાસઘાત કરનારી નિર્વિવેકી અને દુર્વિચારી પાપીણી નારી તુને ધિક્કાર છે!! અરે નિર્વિકારીઓને વિકારમાં લાવનારી! નિષ્કલંકીઓને કલંકીત કરનારી, કુટીલ, કાકભૂશંડી, કુચ્છિત કર્મ કરનારી, કાર્તિક માસની કન્યકાકૃત વ્યભિચાર વર્તનારી કામની તુને, તારી જાતને, ને તારા કુળને પણ ધિક્કાર છે!! અરે આ નિષ્કંટક શિયળના સુંદીર રસ્તામાં કંટક ઉપજાવનારી અને તેનો ભંગ કરનારી દુષ્ટા દુર્મતી! ધિક્કાર છે તુને! અને શરમ છે તારા જનક વિર્યને! ને શરમ છે તારી જનુનીની કુખને!! જે તારા જેવી કુલટા પુત્રીનો પ્રસવજ કર્યો!!

હીરાકુમારી—અરે દુષ્ટા દુર્મતી! તારા કપટી વચનોના પાશમાં પડીને અદ્યાપી સુધી અમે કોઇપણ પ્રકારે અંધારી ખાઇ ભુલાવાથી કાંઇપણ વિપ્રિત કાર્ય કર્યું નથી એજ અમારા શુદ્ધ અંતઃકરણના અખંડીત ખાંડાની ધાર જેવા ખરેખરા પાળેલા પતિવૃત્તના પૂન્યનો પૂર્ણ પ્રભાવજ સમજી લેજે.

કેવી—અરે તું તો શું! પણ તારા જેવી કુભાંડી સ્ત્રીઓ સહસ્ત્ર, લક્ષ કે અસંખ્ય કદાચિત્ એકઠી થાય અને દુષ્કૃત્યોના દુર્બોધનાં કોટચાનકોટી કાવત્રાંઓ રચી આપે તદપિ શું? વિશેષમાં પ્રગટપણે વા જુગુપ્સિત અનેક પ્રકારનાં દુષ્કૃત્યો અમારા કુમળ -હૃદયમાં ઠસાવી આપવાને આવે તોપણ શું? અરે તત્સબંધમાં કદાચિત્ અવસાન સમય પ્રાપ્ત થાય વા રીબાઇ રીબાઇને કષ્ટ પામતાં કદાચિત્ કાષ્ટચિતામાં નિર્જિવપણે પ્રવેશ કરીએ તોપણ આ સાચાં વજ્રમય અંતઃકરણ કદાપિકાળે ડગવાનાંજ નથી તે તું તારા મન સાથે નિશ્ચય સમજી લેજે.

હીરા—અરે હવે હું તારા દુર્વાશની કઇ કઇ વાત યાદ કરૂં! તુને દુષ્ટાને જોઇનેજ હવે તો મુને અંગોઅંગ જ્વાળા પ્રગટ થાય છે!!

દેવી—અરે આ હીરાને તો સતિઓનું સાલ કાઢવાને અને યક્ષણીઓને પરિપૂર્ણ તૃપ્ત કરવાને તારો વધ કરવામાં વિલંબ થાય છે! પણ "સેજે ભવાની ભોગ" પ્રથમ તો હુંજ તને તારા દુષ્કૃત્યોનો અને દુર્બોધનો બદલો વાળી આપવામાં દેવીને બળીદાન આપુંછું. જય! જય અંબીકે! જય!! આ જગ ભયભંજન સતિ બાળાઓના પૂર્ણ પ્યારથી અપાએલું બળીદાન લેવાને તારી યોગણીઓને અને દીશાઓના રક્ષપાળોને તેમજ તારી યક્ષણીઓને તું સત્વર આ પવિત્ર પ્રમદાઓપર મલિનતાની શેવાળનું દુઃસંધાન નાશ કરવાને તને અતી પ્રિયતમ એવી પતિવ્રતા બાળાઓપર કૃપા કરી તું સેમને ત્વરીત્ અત્રે વિદાય કરજે. (એમ કહી પાસેનું ખડ્ગ નાશ કરવા જાય છે ને એકાએક મરણના ભયથી દુર્મતી મૂર્છા ખાઇને પડે છે તેને લાતોના અને ખડ્ગની અણીઓના પ્રહાર કરતાં) અરે દુષ્ટા! હું તુને શીક્ષા કરવાને યોગ્યછું માટે તુને શીક્ષા કરવાને નિયંતાથી નિર્ભય રહી આવશ્ય તુને યથેપ્સિત દેહાંત શીક્ષા કરીશ! માટે હે પ્રપંચી આ તારો સઘળો ઢોંગ કાઢી નાખી મુને સત્વર તું ઉત્તર આપ કે તુને આ પત્ર ક્યાંથી પ્રાપ્ત થયો?

દુર્મતિ—(થોડીવારે શુદ્ધિમાં આવીને) અરેરે પ્રિય સખિઓ! તમને આમ છેક નિર્દય થવું એ છાજે નહીં. અરે આ મારા શરીરપર પૃથક્ પૃથક્ ઉષ્ણુતા ક્યાંથી ઉત્પન્ન થઇ. (બરોબર જોઇને) અરેરે પ્રિય સખિઓ! આતો તમારા પ્રહારથીજ રૂધીરનો પ્રવાહ પ્રબળ થતો જાય છે.

હીરા—અરે દુષ્ટા! તેં અદ્યાપિ જે જે નીચ કૃત્યો કર્યાં હશે તેનું આ યોગ્યફળ તુને પ્રાપ્ત થાય છે!

દેવી—અરે દુષ્ટા દુર્મતી! તેં તારી સર્વોત્કૃષ્ટ સન્મતિનું આસ્નેહથી શ્રેય કરવામાં સત્યાનાશ વાળીને આ દુષ્ટા દુર્મતીનું સન્માન કરવામાં અદ્યાપિસુધી મૃગનીજ બોડયોમાં હાથ ઘાલ્યા હતા! પરંતુ આ સીંહણની બોડમાં હાથ ઘાલવાથી તુંને તારી દુર્મતીએજ દુષ્કાળ દર્શાવ્યો છે; માટે હે નીચ! પ્રપંચી હવે તું સત્વર નિવેદન કર કે આ પત્ર તુને ક્યાંથી પ્રાપ્ત થયો? નહીંતો તારો શીર-

ચ્છેદ કરવામાં હવે મુને જરાપણ વાર નથી!!

દુર્મતી—(ગદ્‌ગદ્‌કંઠે) રાગ સારંગની ગજલ.

પ્રારબ્ધ દશાએ પ્યારી મારી, ભુલી ગઇ હું ભાન. એ ટેક.
અંતર ભેદીને અંતર ભેદે, ખેદ કરાવ્યો આજ;
બીતી ગણી નહીં ભોળી ગણીને, ખોળી મ્હેં રોળી લાજ. પ્રારબ્ધ૦—
પાવક પાસે જ્યાં આવક જાવક, તોપણ બાળ્યાં ચીર;
ક્ષમા કરી શિરચ્છેદ ઉગારો, અર્પ્યું છે આ શરીર. પ્રારબ્ધ૦—
દુર્ભાગીને આ દુર્લભ નભમાં, આત્મિક સંગ સમાજ;
પાપી પૂરી મ્હેં ધારી ખૂવારી,—કાંઠે ડુબાવ્યું ઝાજ. પ્રારબ્ધ૦—

અરે મારી શુદ્ધ સખિઓ! મ્હેં તમારો મોટો અપરાધ કર્યો છે પણ આ વખતે મારાપર કૃપા કરીને મને અભયદાન આપો તો તમે તમારી પવિત્ર મતિનો ઉપભોગ કરીને મને પૂનર્જન્મ આપ્યો તેમ તમારો જગત્‌માં કીર્તિનો કોટ બધાશે.

હીરા—અરે દુષ્ટા! તારા જેવી દુરાચર્ણિઓનેજ પરલોકમાં પહોંચાડવાથી અમારી કીર્તિનો પ્રકાશ તો ત્રૈલોકમાં પ્રસરી રહેલો છે માટે બોલ તું સત્વર બોલ કે આ પત્ર ક્યાંથી અને શા હેતુથી લાવી?

દુર્મતી— રાગ અંજની ગીત.

રાજા લૂંટે જો પ્રજાજનોને, માતા મારે નિજ બાળકને;
પીતા વેચે જો નિજ પુત્રીને, શું સંકટ! શર્ણું કોને?

હીરા—પૂત્ય પ્રબળ જ્યાં અનળદળમાં, અંક ભરી આંવંક ગતિથી;
પણ પ્રારબ્ધે બંધન ઘન ત્યાં, છાયો છે આ શુદ્ધ મતિથી.

દેવી—અરે પ્રિય હીરા, હવે જવાદે એની સાથેનો વાક્‌વાદ; એ દુષ્ટાને આપણે સખિ કહેલી છે માટે જગત્‌લજ્જાથી તેને અભયદાન આપી અર્પણ પત્રની વ્યવસ્થા વિચારી લ્યો.

દુર્મતી— ગીતી છંદ.

પ્રાણ સખિ હર શાને, સત્ય વચન હું કહું તુને આજે;
જીવનજન તન તાપે, ઉત્થાપે શું? ઉશિર પય પાને.

દેવી—અરે ધિક્કાર છે રંડા તુને, અને તારા જીવનજન મર્કટમણીને!!

અરે શરમ છે મારા સુસંગને! જે મારી પાસે આવી તોપણ તુને મારી પવિત્રતાનો પાશ અંશ માત્ર પણ લાગ્યો નહીં!! અરે હવે તારા નીચનું મુખાવલોકન કરવામાં પણ મુને પાતિક લાગે છે માટે જા અહીંથી દુષ્ટા!! સત્વર ચાલી જા! નહીં તો તારો ઘાત થઇ જશે!!

હીરા—અરે દેવી તેં આ દુષ્ટાને અભયદાન આપી સંતુષ્ટ કરી છો નહીં તો મારો ક્રોધાગ્ની શાંત કરવાને એજ દુરાચાર્ણિનું બળીદાન દેવું એજ મને તો ઉચિત લાગે છે!!

દેવી—(બુમ પાડીને) અરે કોઇ આગારમાં———(એટલામાં બે ત્રણ દાસીઓ પ્રવેશ કરે છે તેને) અરે આ દુષ્ટા દુર્મતીને પુષ્પાંજલી અને પૂરેપૂરી પ્રસાદી આપી આપણા રત્નમહાલયની હદ પાર સત્વર વિદાય કરી તેનું સ્પર્શ સ્નાન કરો અને અંઘોળ સાહિત્યો લાવો જેથી અમે પણ સ્નાન કરી શુદ્ધ થઇએ. અરે આ ધર્મધુરિન્ધર રાજ્યસત્તાની છાયામાં પણ આવા દુષ્ટ કંટકો ભરાઇ રહેલા છે તેને હવે મારા સ્વહસ્તેજ અગ્નિમાં હુતદ્રવ્યરૂપે હોમવનો પ્રયત્ન કરવોજ પડશે તેમાં પ્રથમ તો આ મર્કટમણીનોજ મનોદ્ધાર કરવો એજ ઘટીત છે. (દુર્મતીને દાસીઓ મારતી મારતી બહાર કાઢી મુકે છે અને પડદો પડે છે) રસ્તામાં જતાં દુર્મતીને આગળપાછળથી અવાજ થાય છે કે;—

શિખરિણી છંદ.

અરે ભાબી ભોળી, ભરમ ભવ માંહી ભમી ગયો;
ધણીના ધાર્યાનો, મરમ સઘળો તે ધુળ મળ્યો,—
ફજેતીના ફાકા, ચતુર ચતુરીકા થઇ ગયા;
ઉપાયો સૌ શોધો, સરસ યુકતીથી સહિ થવા.

દોહરો.

ફણીમણીના લોભમાં, પરમાનંદ પ્રકાશ;
મણિના મૂળદ્વારમાં અરત થયો હુલ્લાસ.

(મર્કટમણિસિંહ દેવીના ભયથી વિરક્ષેત્રમાં વિચરી જાય છે,

પ્રવેશ ૭ મો.

સ્થળ—અરણ્ય.

ડાંગવ—(એક ઝાડના થડ સાથે ઘોડીને બાંધી પોતે બીછાનું બીછાવી બેઠા પછી સ્વગત) અહો પરમેશ્વર તારી ગતિનો કોઈપણ પાર પામતુંજ નથી. આહા! એકબીજાની ભાગ્યદશા કેવી વિચિત્ર થઈ પડી છે! નહિં તો દુર્વાસાનું અમરાપુરીમાં જવું ક્યાંથી! પ્રિયતમા ઉર્વશીને શાપ શો! દિવસે ઘોડીરૂપે શું! અને રાત્રીએ વળી પાછી મદન ઉલ્લાસિની પ્રિયતમાના રૂપે એ શું! તેમાં વળી મારા જેવા નિર્ભાગીના ભાગ્યને તે આવી શોભા શી! આહા! શું આશ્ચર્યજન્ય ફળ પ્રાપ્ત થઇ છે!! (એમ સ્વભાગ્યની શ્લાઘા કરતાં પાસેંના શરોવરમાં નાશકારક ઘોડીને અત્યંત પ્રેમથી સ્નાન કરાવે છે ને ઘો તે પણ જળપાન કરે છે.) અહો આ વટવૃક્ષોની ગંભીર ઘટામાં શીવાલય ઘણુંજ પ્રાચિન જણાય છે ને શું? લાવ દર્શનનો તો લાભ લેઉં. (ત્યાં આવીને) વાહવા! સાક્ષાત્ સ્વયંભૂ પ્રાપ્ત થયાને શું! જય! જય! શંકર હર મહાદેવ! હર હર મહાદેવ હર! ચાલ હવે હું સત્વર સ્નાન કરી તેમનું પંચોપચાર પુજન તો કરૂં જેથી તત્કાળ મને સદાશીવ પ્રસન્ન થઇ મારૂં સંરક્ષણ કરે તો મનેપ્સિત સિદ્ધ થાય. (પુજન કર્યાનંતર સ્તુતિ કરે છે)

" વિનતી ધરજ્યો ધ્યાન—એ રાગ.

કરૂણા કરજે કૃપાળ, જય! જય! ભક્તવત્સળ ભૂપાળ! એ ટેક૦
ચન્દ્ર શેખર હે શંકર શંભૂ, ભસ્માંકીત ભ્રગુ ભાળ! જય૦—
પન્નગધર હે! વિશ્વેશ્વર હર, મન્મથ હર મહિપાળ! જય૦—
તુજ પદ વંદન જગદાનંદ રૂપ, યાચક ભય ભવ! ટાળ. જય૦—
શરણાગતને વાંચ્છિત વરતું, અર્પણ કર હે કૃપાળ. જય૦—
સંકટ પટમાં ચટપટ પટક્યો,—લટકાવ્યો રે દયાળ. જય૦—

અન્યાયી એ હળધર-બન્ધુ, પેટ પડાવેરે ફાળ. જય૦—
હા! રક્ષણ ક્ષણમાં કરવારે શંકર; તું તેનો થાને કાળ. જય૦—
દૃષ્ટ! અભિષ્ટમાં ખષ્ટ ન કરશો, અષ્ટ પ્રહર જપે બાળ. જય૦—

શંકર—(શીવલીંગ ફાટીને અંદરથી શંકર સ્વરૂપ પ્રગટ થઈને) પ્રસન્નોસ્મિ! પ્રસન્નોસ્મિ વત્સ! પ્રસન્નોસ્મિ!!

ડાંગવ—(સહર્ષે) જય! જય! કૃપાસિન્ધુ! અભિવંદન કરી યાચના કરૂં છું કે,—

ગીતી છંદ.

હળધર– દળ–દળવાને, સબળ કર તું મહેશ મળ ટાળી;
શિત રશ્મિ–નૃપ અંશે, વંશ વિસર્જન કરે નહીં બાળી.

શંકર—અહો ચન્દ્રવંશી! હું તને પ્રસન્ન-હૃદયથી વરદાન આપું છું કે પારણાગે તારો વંશ વિસર્જન કદાપિકાળે થશે નહીં પરંતુ જો તું મારૂં વચન શ્રેયસ્કર માની ગ્રહણ કરે તો એ ઉર્વશી તને ઘણા પ્રયાસે પ્રાપ્ત થએલી છે તદપિ એજ અશ્વની તારૂંજ અશ્રેય કરે તેવી છે તેથી તું તેને શ્રીકૃષ્ણના ચરણાર્વિન્દમાં અર્પણ કરી તેમની સ્તુતિ કર જેથી તારાપર તે શ્રીમાન્‌શ્રી ભગવાન્ લક્ષ્મિપતિનું કૃપાછત્ર ઢળી પડે.

ડાંગવ—(નિશ્વાસ નાંખીને) હર હર શંકર! આ શું ઉચ્ચારો છો?

" તુમને મેરી લાસકી મટ્ટી ખરાબ કી " એ ચાલ.

એ શું! ઉચ્ચારો! આપ શંભૂશ્રી મુખે? મારીને મુને પછી નાશર્ણુશો સુખે. એ.
લાજ જાય મારી જો નમું શ્રીકૃષ્ણને, ક્યાં ગઇ પ્રભુતા પ્રભૂ આપની રણે. એ.
સ્વયંભૂ આપ શીવ તત્વ તામસે રમે; તથાપિ આપ ભકત યુદ્ધ ભ્રાન્તિમાં ભમે.
માટે સધ સા'ય થાઓ ત્રિપુરારી તમે; શરણ રાખો બાળસ્વામી નેહથી નમે.

શંકર—અરે ચંદ્રવંશી! તું મારા શ્રેયસ્કર વાક્યોપર વિશ્વાસ નહીં રાખખતાં તારૂં અશ્રેય માની તેનું સન્માન કરવામાં અસંતુષ્ટતાથી કેવળ દુરાગ્રહી થાય છે!! તેજ તારી વૈકલ્યતા દર્શાવી આપે છે અને પ્રત્યવાયને પાત્ર થાય છે! તસ્માત્ તારી ઈચ્છાપૂર્વક જા હવે તારૂં સંરક્ષણ કરવાનાં સુખદાઇ સાધનો શોધી લે! હું મારા આ-

ત્માની સાથે યુદ્ધ કરવું ઇચ્છતો નથી !! (શંકર અંતર્ધ્યાનથાય છે)

ડાગવ—(નિશ્વાસ નાંખીને આગળ ચાલતાં) અરે સમુદ્રાધિપતિએ નાગાધિપતિએ અને સદાશિવે તો ગારૂં સંરક્ષણ કર્યુંજ નહીં અને આ સૌંદર્યવાન્ તુરગી છે તે પણ શ્રીકૃષ્ણને અર્પણ કરવાનો ઉલટો આગ્રહ દર્શાવે છે તો હવે મારે ક્યાં જવું અને શું કરવું!

" કોઇ હાલ કહો જાકે "—એ રાગ.

થઇ દુરદશા મારી, પડ્યું કષ્ટ અતી ભારી. થઇ૦—
કાનનના હે! અધિપતિ ઉર લ્યો, અર્જ અમારી આજ; (૨)
સાહ્ય થયા નહીં શામ્બ, બગાડ્યું કામ, બન્યો લાચારી. થઇ૦—
કેમ કરૂં ને ક્યાંરે જવું હું, સુજે ન એકે આજ; (૨)
બળથી બીડી બાથ,—રહ્યું નહીં હાથ, બન્યો આજારી. થઇ૦—
બતલાવો કોઇ બાંહ્ય ગ્રહીને, આ ઘડીએ ઇલાજ; (૨)
દીન થઇ રહું દાસ, સદા તે પાસ, હવે હું હારી. થઇ૦—
ગર્વે દુર્યોધન-સબળ છે,—સૈન્ય દ્રવ્યે ભરપૂર; (૨)
હા! શર્ણાગતને, રક્ષણ દઇને, લેશે ઉગારી. થઇ૦—

(ઘોડીપર સ્વાર થઇને દુર્યોધનની છાયા તળે વિચરી જાય છે.)

પ્રવેશ ૮ મો.

સ્થળ—દુર્યોધનની કચેરી.

પાત્રજનો.

દુર્યોધન, શકુની, દુષ્યાસન, કર્ણ અને ભીષ્મપિતા મહાદી સભાજનો પછીથી ડાંગવ.

દુર્યોધન—કેમ રાજ્યસ્થંભના અધિપતિઓ! સાંપ્રત સમયમાં તો સર્વે ક્ષત્રિઓ આનંદ લહરીમાં નિર્વિકારે વર્તાય છે કે શું?

કર્ણ—મહારાજ! ગયાં ક્ષત્રિયષટ્માસિક વૃત્તાંતોનો સમુદાય આપના પુસ્તકાલયમાં મ્હેં મોકલાવેલો છે તેથી આપે સર્વે ક્ષત્રિય વૃત્તાંતો ધ્યાનમાં લીધાંજ હશે; તેમજ આજે અષ્ટેન્હી વૃત્તાંત આપને આપવા-

નું છે, તે જો આપની આજ્ઞા હોય તો અત્રેજ નિવેદન કરૂં.

દુર્યોધન—મ્હને ગયાં ષટ્માસિક વૃત્તાંતો વાંચવાનો સમય મળ્યોજ નથી માટે મારી જીજ્ઞાસા તૃપ્ત કરવાને તે સર્વેનો કિંચિત્ કિંચિત સાર નિવેદન કરો.

કર્ણ—મહારાજ, ક્ષત્રિય ષટ્માસિક વૃત્તાંતોમાંથી તો માત્ર આપને એકજ વૃત્તાંત આનંદીત થવા જેવું છે.

દુર્યોધન—વાહ! વાહ! એવા શું આનંદિત સમાચાર છે?

કર્ણ—મહારાજ, ચંદ્રવંશી કાશીપતિને સ્વભાગ્યે ભૂજ વિક્રમથી શાપિત ઉર્વશી અપ્સરા પ્રાપ્ત થઇ છે, તે દિવસે તુરગી સ્વરૂપે હોવાથી શ્રીકૃષ્ણે પત્ર સાથે દુત મોકલી તેની માગણી કરાવી પછી કાશી દરબારમાં તે દૂત સંમુખેજ શ્રીકૃષ્ણનું અત્યંત અપમાન કરી તેણે તે તુરગી દૂત સાથે મોકલી નથી અને યુદ્ધ કરવાને સાવધ થયો છે.

દુર્યોધનાદિ—ધન્ય છે! ધન્ય છે! કાશીપતિ તને પણ ધન્ય છે!!

દુશ્યાસન—ક્ષત્રિય વિર્યને તો એમજ ઘટે!

દુર્યોધન—સત્ય છે; શું ભાગ્યવાન કૃષ્ણ અને કાશીપતિ નહીં!

શકુની—હા! એ કપટી કૃષ્ણ કરવા તો તેમજ ગયા પણ કાશીપતિ ટેકમાં ક્યાં ઓછો છે, જે એના વિસ્તર પરાક્રમથી અંજાયો જાય!

ભીષ્મપીતા—ભાઇ પૃથ્વી તો વીર પુરૂષોનાજ બાપની તમે સર્વે એક માર્ગે કેમ ઉતરી પડો છો?

કર્ણ—સત્ય છે, વૃદ્ધ પિતામહનું કહેવું પણ સત્ય છે; કારણ કે ગતેન્હી વૃત્તાંતમાં આવ્યું છે કે કાશીપતિ આપ જેવા સબળ ક્ષત્રિયોનું શરણ શોધવા નીકળી પડયો છે.

દુર્યોધન—હેં! સહાયતાની શોધમાં પણ નિકળી પડયો! ત્યારે તો ફરતો ફરતો આપણી પાસે પણ આવશે ખરો.

ભીષ્મપીતા—ભાઇ મારા વિચારથી અને માનવા પ્રમાણથી તો એ સાક્ષાત્ પરમાત્મા પરમેશ્વર તે શ્રીકૃષ્ણ પોતેજ છે, માટે તેમના શત્રુનું સંરક્ષણ કરવામાં પોતાની સ્ત્રીઓનાં મિથ્યા કંકણ ફોડાવવાં એ મને તો યોગ્ય લાગતું નથી પછી જેવી નૃપર્યની ઇચ્છા.

દ્વારપાળ—(પ્રવેશીને) મહારાજ! શ્રીમાન શ્રી કાશીપતિ રાજન્ અત્રે પધારવાને સુચવે છે; આજ્ઞા હોય તો પ્રવેશ કરાવું.

દુર્યોધન—(સહર્ષે) ભલે, તેમને માન્યપૂર્વક પ્રવેશ કરવા દ્યો.

ડાંગવ—(પ્રવેશીને) જય જય છત્રપતિ મહારાજાધિરાજ અભિવંદન કરૂંછું. (સર્વે તેનું સન્માન કરવામાં યથાયોગ્ય કરે છે.)

દુર્યોધન—પધારો પધારો અભિવંદન, ટેકીલા કાશીપતિ પધારો!

ડાંગવ—(ગદ્ ગદ્ કંઠે) પદ. રાગ ઝીંઝોટી.

" પ્રભુ તોરે નામકી લ્હે મોયે લાગી "—એ રાગ.

આર મારો ભૂપતિ આપ ઉતારો, ક્ષત્રિયોમાં સિંહ તમે છો ઉગારો.આર
અન્યાય કરીને હરી હરવાને, આવે છે તે નિવારો;
તુરંગી મારી હું આપને અર્પું, રક્ષણ તેનું સુધારો. આર૦—
સગળ સઉમાં આપને ગણીએ, એમાં નથીરે ઉધારો;
આપને શર્ણ હુંરે પડયોછું, જીવાડો કે પછી મારો. આર૦—
જય કીર્તિ આ મહિ મંડળમાં, આપની આજ વધારો;
શર્ણાગતને રક્ષણ અર્પી, યુદ્ધ પ્રસંગે ઉગારો. આર૦—

દુર્યોધન—અહો કાશીપતિ! તમે જે આ ટેક ધારણ કરી છે તેથી હું અત્યંત આનંદપૂર્વક આપને ધન્યવાદ આપુંછું કે આપ જેવા ટેકીલા નૃપતિઓ આ અવનીમાં હવે ભાગ્યેજ પ્રાપ્ત થવાના છે; તથાપિ આપને હું મારા શુદ્ધ અંતઃકરણથી નિવેદન કરૂંછું કે આવા આપત્સમયમાં તો માત્ર ધૈર્ય રાખી આપણા ક્ષત્રિય ધર્મનું સંરક્ષણ કરવામાં યુદ્ધ પ્રસંગે પાછી પહાની કાઢવી નહીં એજ આપણી મુખ્ય કર્તવ્યતા છે.

ભિષ્મપિતા—(મિથ્યાભિમાની વાકયો સાંભળીને) મહારાજ, પણ તેમાં આપ જેવા સમર્થ ક્ષત્રિયોની સહાયતા એ મુખ્ય સાધન છે.

ડાંગવ—અહો સમર્થ મહારાજા! મારી પ્રબળતા અને સ્થિતિ આપ સર્વથા જાણો છો તસ્માત્ આ અન્યાયી આહીર ક્ષત્રિય ધર્મ મદોન્મત થએલો કૃષ્ણ આપ જેવા સિંહ ક્ષત્રિઓના સમાન સમુહમાં પ્રવેશ કરીને નિર્ભયતા દર્શાવે છે એ શું ઓછું આશ્ચર્ય છે? માટે

સહાય થાઓ! સહાય થાઓ! અને પ્રભુતા દર્શાવનારનો મદ ઉતારવામાં સંગીભૂત ઉમંગી થાઓ.

દુર્યોધન—સત્ય છે, સત્ય છે, કાશીપતિ આપનું કહેવું સત્ય છે.

ભીષ્મપિતા—ધન્ય છે કાશીપતિ! આપના આ શૂરત્વાંકુરોનું સંરક્ષણ કરવાને મહારાજા કૃપા કરશે એવી મારી પ્રાર્થના છે.

દુર્યોધન—શિરછત્ર પૂજ્યનિક વડિલ! આપના અંતઃકરણરૂપી સમુદ્રલહરીની લક્ષણા મારાથી બરોબર થઇ શકતી નથી.

કર્ણ—(ડોસાએ તો દાટ વાળ્યો એમ વિચારી) અરે મહારાજા આપ એકાએક દધિમંથનમાં કેમ ગુંથાવ છો; મનસા નિશ્ચય કરો પછી વડીલ કાકાને પુછો પરંતુ મારા વિચારમાં તો પુનરપિ આવો સાનુકુલ યોગ નહીં આવે.

દુર્યોધન—(આવા સંજ્ઞીક વાકયોનો સાર સમજીને) અહો કાશીપતિ! આપનું સંરક્ષણ કરવાને હું શ્રીકૃષ્ણથી ભય ધરાવતો નથી પરંતુ આપણા ક્ષત્રિઓનો મૂખ્ય ધર્મ છે કે શર્ણે આવેલાનું સંરક્ષણ કરવુંજ જોઇએ તસ્માત્ સાંપ્રત સમયમાં પાંડવો ઘણાજ ધર્માભિમાની થયા છે અને શ્રીકૃષ્ણ તેમને ઘણા પ્રિય છે માટે તેઓ તમારૂં ક્ષત્રિય ધર્મથી સંરક્ષણ કરે છે કે નહીં માત્ર તેજ હેતુથી એટલે મારી જીજ્ઞાસા તૃપ્ત કરવાનેજ હું તમને નિવેદન કરૂં છું કે પ્રથમથી આપ તેમના રાજદ્વારમાં પ્રવેશ કરીને નિર્ભયદાન માગો.

ડાંગવ—(નિશ્વાસ નાંખીને) ગીતી છંદ.

નિરાશ નહીં કરવાને, ઉચ્ચારો આ વિવેકથી પોતે;
પણ દીપક પછવાડે, અંધારાનો નાશ નહીં-જ્યોતે.

કર્ણ—નહીં, નહીં, પ્રથમ તો મહારાજના વિચાર પ્રમાણેજ કરો અને તેઓ જો તિરસ્કાર કરે તો પુનરપિ અત્રે સુખેથી પધારજો (ડાંગવ નિરાશ થઇ નીકળી જાય છે ને પડદો પડે છે.

ડાંગવ—(રસ્તે ચાલતાં) રાગ ગજલ સંયુક્ત સાખી.

અરે આ શી! દશા મારી, પડયો આ રણે દુઃખી ભારી. અરે૦—
સુખમાં સૌથી હું હતો, આ અવનીમાં આજ;

રાજપાટ તજવાં પડયાં,-લક્ષ્મીને ગઇ લાજ;
કરે નહીં સાહ્ય કો મારી, તડુકયા છે ત્રિપુરારી. અરે૦—
એ પેખી હું આવીઓ, દુર્યોધનની પાસ;
તેણે પણ પુરી નહીં, યુદ્ધ પ્રસંગે આશ;
બાઝે સૌ કૃષ્ણ ભય ભારી, કરૂં હું કેમ આઝારી. અરે૦—
મુજને ઝીતી જો જશે, લેઇ ઘોડી ગોપાળ;
નિશ્ચે મારે એ ઘડી, કરવો પડશે કાળ;
રહગો હું તો હવે હારી, બીજી એકે નથી બારી. અરે—
હવેજ લ્યાંથી હું જઉં, હસ્તિના પુર માંહ્ય;
પાંડવો બહુ પ્રવિણ છે, કરશે મારી સાહ્ય;
કૃપા કરશે કૃપા ધારી, કરગ તારી ગતિ ન્યારી. અરે—
(એમ ધારી ઉતાવળો પાંડવોની સભામાં જવા વિચરી જાય છે)

प्रवेश ९ मो.

સ્થળ—પાંડવોનો દરબાર.

પાત્રજનો.

ધર્મ. અર્જુન. સહદેવ. નિકુળ. ભીમસેન. અને પછીથી ડાંગવ.

ધર્મ—કેમ સહદેવ, આજે કાંઇ વિશેષ વર્તાય છે કે?

સહદેવ—અહો ભ્રાતાઓ! આપણા મહાલયમાં કાશીપતિ ડાંગવ શ્રીકૃષ્ણ પરમાત્માનો શત્રુ થઇને આપણી પાસે શરણ રહેવા આવે છે. કારણ કે દુર્યોધનની પણ પ્રેરણા તેવીજ થઇ છે.

ધર્મ—કાશીપતિને હું કાંઇ ઉત્તર આપવાનો નથી કારણ કે ક્ષત્રિય ધર્મનું ઉલ્લંઘન કરવામાં કીર્તિને ક્ષત થાય છે.

અર્જુન—ભાવી પ્રબળ છે માટે ગમે તેમ થાઓ પરંતુ શ્રીકૃષ્ણ પરમાત્માના અરિનું સંરક્ષણ આપણાથી કેમ થઇ શકે?

સર્વેભાઇ—ના, તે કદાપિકાળે થાયજ નહીં!

દ્વારપાળ—(પ્રવેશીને) મહારાજ! શ્રીમાન્ શ્રી કાશીપતિ રાજન અત્રે

પધારવાને સુચવે છે. જો આપની આજ્ઞા હોય તો પ્રવેશ કરવા દેઉં.

અર્જુન—દ્વારપાળ તેમને માન્યપૂર્વક પ્રવેશ કરવાદ્યો.

ડાંગવ—(પ્રવેશીને) જય જય ધર્મધુરિન્ધર ધર્મ મુર્ત્તિ! આપ સર્વેને અભિવંદન કરૂં છું. (યથાયોગ્ય તેને માન્ય આપે છે.)

ધર્મ—અભિવંદન, કાશીપતિ; પધારો અભિવંદન!

અર્જુન—અહો કાશીપતિ, આજે એકાએક આપનો આમ દીનપ્રવર્ત્તં પ્રવેશ કયાંથી?

ડાંગવ—અરે પ્રિય મિત્રો! મારી દુરદશાનું કારણ આપના સખા શ્રીકૃષ્ણ પોતેજ છે; માટે હું આપનું શરણ ઇચ્છું છું.

અર્જુનાદિ—શિવ, શિવ, શિવ, એ શું ઉચ્ચારો છો શ્રીકૃષ્ણ પરમાત્માના શત્રુનું સંરક્ષણ અમારાથી કેમ થઇ શકે? એ કેવળ આપનો અઘટિત ઉચ્ચાર થાય છે.

ડાંગવ—અરે! સાક્ષાત્ પરમાત્મા ધર્મમુર્તિઓરૂપ આપને જાણીને મ્હેં અત્રે પ્રવેશ કર્યો છે તેને તમે શું ક્ષત્રિય ધર્મનો ત્યાગ કરી નિરાશજ કરશો?

નિકુળ—નૃપવર્ય! આપનો કેવળ અઘટિત ઉચ્ચાર થાય છે. તેનું કારણ આપના જાણવામાંજ છે; જુવો અમારો શ્રીકૃષ્ણ પરમાત્મા સાથે માતા, પિતા, સ્વજન, બાંધવ, સખા, મિત્રાદી જેમ ગણીએ તેમ પ્રેમપાશની ગ્રથી પડી રહેલી છે, તેનું હવે ત્રોટન કેમ થઇ શકે.

ડાંગવ—(અહીં કાંઇ નહીં વળે એમ ધારી) બહુ સારૂં કૃપાળુ જેવી આપ સર્વેની ઇચ્છા. (જાય છે)

સર્વેભાઇ—રાજન્! કૃપા કરી પુનરાપ શુભાવસરે પધારજો. પરંતુ અમારાપર ક્રોધરૂપી દુઃખ ધરશો નહીં. (પડદો પડે છે.)

प्रवेश १० मो.

સ્થળ—અરણ્યમાં સરીતાનો તટ.

પાત્રજનો.

ડાંગવ, ઉર્વશી, અને પછીથી સુભદ્રા, અભીમન્યુ પંડીતજી અને શિષ્યો.

ડાંગવ—(નિશ્વાસ નાંખીને) ગીતી છંદ.

' પ્રેમ-ધર્મ બે વચમાં, થઇ ત્રિશંકુ સમાન ગતિ મારી;
ધર્મ યુદ્ધ પ્રતિ ખિંચે, હીંચોળે છે પ્રેમપાશ ભારી.

અરે પરમાત્મા ! જગતૂનિયંતા ! આ મારી ભાગ્યદશા તેં કેવી વિચિત્ર વર્તાવી છે ! અરે આ આપત્સમયમાં જો મારી પાસેં શ્રી કુબેરભંડારીના પ્રતાપથી અંશમાત્ર પણ ભંડાર ભરેલો હોય તો અત્યારે સર્વે સહાયકારી થઇ પડે, પણ પ્રારબ્ધદશા એવી છે કે, ભંડારમાં તો રાજ્યકાર્યભારજ પુરો ભવિષ્યે થઇ પડે છે ! તો પછી બળીઆની સાથે બાથ ભરવાનાં સાધનો અને ભારથ યુદ્ધના યોદ્ધાઓની તો આશાજ શી ! સત્ય છે દંત કથાઓ પણ સત્ય છે,—પરંતુ આ વિષય તો પ્રથમથી આપણા હાથમાં આવ્યોજ નહીં !

"પૈસા પૈસા પૈસા તેરી"—એ રાગ.

જર વિના નર ખર સમ જાણો, કષ્ટે તેની કાયા;
સગાં સહોદર મિત્ર માનવી, ધરે ન મનથી માયા;
દામ વિના સન્માન મળે નહીં, દમડીવાળા ડાહયા;
હોય મુરખ પણ એ સૌ ઉત્તમ, આ જગમાં ગવાયા. એ ટેક.
મુરખ જરથી મ્હોટા, મ્હોટા જરવિણુ ખોટા;
વસુ વિના નર પશુ ગણાઆ, આ જગમાં જે જાયા. જર વિ૦—

આકાશવાણી— ગીતી છંદ.

ઐશ્વર્ય-પ્રતાપી-વિક્રમ,-ભૂજબળ સર્વે ભુલી ગયો ભૂપઃ—
ભાવી પ્રબળ-બળ ભારે,-સબળ થયો તું પ્રબળપર-તદ્રૂપ.

ડાંગવ—[ધ્યાન દેઇ સાંભળી વિચારીને] અરે આ સત્યવક્ત્રી આકાશ દેવ્યાએ-પણ મારી વૈકલ્ય દશાનું વર્ણન કરી મને પૂરેપૂરી સીક્ષાનું ઉદ્ઘાટન કર્યું હોય તેમ જણાય છે! [એટલામાં પોતાના દૈવી પ્રતાપે ઉર્વશીની સખી ચિત્રલેહા અંતરિક્ષ માર્ગે સખિના સુખનો અનુભવ કરવા પ્રવેશી ને સ્વગત] અરે હજુ મારી સખી તો સૂર્યારત સુધી દુઃખદાઈ દશામાંજ રહેવાની છે, તોમારાથી તેનો શ્રેયસ્કરી સમાગમ કેમ થઇ શકશે! (ડાંગવ સ્તબ્ધ થઇ સાંભળે છે, તેના પ્રતિ નજર થવાથી) અરે આ તેનું પ્રિય કરનાર પણ અત્રેજ શોભા આપે છે ને શું! આહાહા!! આ મૃત્યૂચારો માનવોની સૌંદર્યતા પણ ક્યાં ઓછી જણાય છે!!

"પદમણી નિરખીરે સોરઠની હદમાંય,,—એ રાહ.

આખા અંગમાંરે [૨] વાપ્યો અનળ અનંગ. આખા૦—એ ટ્રેક.
સુંદીર મનોહર મુર્તિ દેખી, દીલડું હરખેરી;
વાણી શાણી સુણતાં સરીયું, ચીતડુંરે આ સંવેરી.
ચમક ચમક ચમકે ઘણું, ભાલ તિલક જેમ ભાણ;
ભમર ધનૂષ્ય મય સ્થિર થઈ, માર્યું મોહનું બાણ. આખા૦—
નિર્મળ નયન નચાવેરે આ, નૌતમ નારી સંગેરી;
કામ કળામાં કુશળ એ સૌ, ઉત્તમ રાખે રંગેરી.
ભાગ્યવંત જે ભામની, મળશે આ ભરથાર;
પણ પૂન્ય વિના પર લોકમાં, કયાંથી કામાવતાર. આખા૦—
નખ શિખ નિરખી જોતાં દીસે, ડાહયા પણ માં દરીએરી;
અવગુણ એક અરે નહીં કાંઈ, ગુણ સાગર છે સરખેરી.
બસ બસ મન માન્યો મળ્યો, કરવોજ તેને કંથ,
સમજાવી સખી સર્વને, હસ્ત ગ્રહી પડું પંથ. આખા૦—

ડાંગવ—[અંતરીક્ષે દેખવાથી] અરે સુંદરી! તું કોણ અને કેમ આવી?

ચિત્રલેહા—મહારાજ, હું આપની પ્રિયતમા ઉર્વશીની પ્રિયકર સખિ ચિત્રલેહા છું, મારી પોતાની ઈચ્છાથી દૈવી પ્રભાવે મારી સખિના સુખની

પ્રાપ્ત શું દશા છે તે જોવાને આવીછું. મહિપતિ!

ઢાંગવ—ત્યારે તારા દૈવી પ્રભાવથી આ દંપતિના સુખનું સઘળું વૃત્તાંત યથા-સ્થિત જાણીને સખિના સુખની વૃદ્ધિનો કાંઇ ઉપાય યોજવામાં પ્રબળપણે સહાય કરવામાં કુશળ થા.

ઉર્વશી—[સર્વાંરત થવાથી પ્રગટ પણે ભેટી પડીને] અરે મારા દીનોધારક પ્રાણ સખા! આજે આપ એકાએક આવા શોક સાગરમાં કેમ નિમગ્ન થયા છો!

ઢાંગવ—અંતરિક્ષ જો, પ્રિયા અંતરિક્ષ જો; સખીનું સન્માન કર.

ઉર્વશી—અરે સખિ ચિત્રલેહા! તારૂં આવાગમન અહીં ક્યાંથી?

ચિત્રલેહા—પ્રિયા! હું તારા સુખની પરિસીમાનો અનુભવ કરૂં છું.

ઢાંગવ—અરે આ સાંપ્રત સમયમાં તો દંપતિની પ્રારબ્ધ દશાનો સંસાર સાગર ઉલટો દુઃખદાઇ ભરતીમાં ભરપૂર મોજા ઉછાળે છે.

ચિત્રલેહા—શાન્ત થાઓ, શાન્ત થાઓ, રાજન્ શાન્ત થાઓ; આપનો સદાકાળ જય થશે, એવો અમારો અપ્સર જનોનો આશિર્વાદ છે.—

"મેરા ગમકા તારાનું ના સુનીએ ફીસાના"—એ રાહ.

રહો સુખી સદાશે, સંકટ જાશે, આપ તણાં શિરતાજ;
એવી વાણી વદાએ, પુરની માંહે; જયજય થાશે, આપનો હે મહારાજ. ટેક.
પ્રેમી પ્રજા પોકાર કરે સૌ, ગુણ તમારા ગાય;
રાજ અવિચળ આપનું ચાહે, આનંદે હરખાય.
પ્રભુ આપના પાએ, રેહેવા સદાએ, ચિત્તમાં ચા'હે, પેખીને પૂન્યની પાજ. રહો૦—
આયૂષ્ય વધતું આપ તણું તે, ભોગવજો ભૂપાળ;
વિનતી એવી આ વર માની, સુણજો દીન દયાળ.
થાઓ ઇશ્વર સ્હાયે, આ જગ માંહયે, ગુણ ગવાએ, આપનો હે મહારાજ. રહો.—

અરે પ્રિય સખી હવે મહેન્દ્રની રાજ્ય સભામાં જવાનો સમય થઇ ગયોછે. માટે જયથાઓ! જયથાઓ, સખી તમારો જયથાઓ!! (ઉડી જાયછે.)

ઉર્વશી—(આક્રંદ સાથે) અરે સખી! જરાતો સ્થિર થા અને—

ઢાંગવ—[તેને હૃદય સાથે ચાંપીને] અરે શાન્ત થા, શાન્ત થા, પ્રિયા શાન્ત થા;

તેનાથી હવે ઘડીભર પણ કેમ ટકી શકાયા!

ઉર્વશી—અરે પ્રાણ નાથ, હું હવે કાંઇ સ્વર્ગના સુખને ઇચ્છતી નથી પણ હવે આપણે સુખેથી નિવાસવાનો સમય ક્યારે સાંપડશે.

ડાંગવ—[એ સાંભળીને]　　રાગ પરજ.—ઠુમરી.

"મોરી અખીઆં ફરકન લાગી"—એ રાહ.

પ્રિયે! ભદ્રદશા પરવારીરે, સુરનાદ થયો-સંહારીરે. પ્રિયે૦—
સો સ્થાન તણા પણ દધિ મંથન પર, લાવ્યો ન માખણ તારીરે. પ્રિયે૦—
હવે ન હિતકર પ્રિયા શિતકર ફૂલપર, હળધર હરશે સંહારીરે. પ્રિયે૦—
રીપુ પંઝામાંરે સપડાયો પણ, અંજાયો તો વળી છારીરે. પ્રિયે૦—
આમ તેમ હું બહુ અથડાયો પણ, અવસર નાવ્યો ઉપકારીરે. પ્રિયે૦—
પૂર્વાચરિત મારી અજ્ઞાની પ્રતિજ્ઞા,—પ્રાણ તજું હવે પ્યારીરે. પ્રિયે૦—

ઉર્વશી—"કંથ બીન રહી એકીલી મેરી જાન"—એ રાહ૦

પ્રિતમજી ધરો ધનૂષ્ય પર બાણ [૨] છો ક્ષત્રિયસિંહ શૂરવાન. પ્રિતમ૦
આત્મ પ્રબોધો લ્યો મનમાંહી, ધરો ન વિનતી ધ્યાન. પ્રિતમ૦—
છે જય વિજયનું કારણ હિમ્મત, કાયર નહીં ગુણવાન. પ્રિતમ૦—
કાયરતાથી આહી નિષ્ફળ થઇ, ધરો ન બાણ કબાન. પ્રિતમ૦—
હા! "એક હઠીલો એ સોને હઠાવે," એમ ગણી વરદાન. પ્રિતમ૦—
આત્મિક જનથી આદર શો તો, થશે ફતેહ નિશાન. પ્રિતમ૦—
સાથ તણું નહીં કામ પ્રિતમજી, આપ ઘણા શૂરવાન. પ્રિતમ૦—
આમ અકાળે આપ કરો નહીં, મુકો ન મનથી માન. પ્રિતમ૦—
યુધ્ધ પ્રસંગે જો હરી હરશે તો, હરીશ મારા હું પ્રાણ. પ્રિતમ૦—
કંટાળો નહી પણ કરો કેસરીઆં, પ્રાણ પતિ પ્રિય પ્રાણ. પ્રિતમ૦—
કલ્યાણ કરો પ્રિય પ્રાણ હવેતો, આપ તજો નહીં પ્રાણ. પ્રિતમ૦—
શ્યામ કળાનુરે ત્રોટન કરવા, શ્યામાને ઘો બલીદાન. પ્રિતમ૦—

ડાંગવ—(ગદ્ગદ્ કંઠે) શિખિરિણી છંદ.

અરે આ દુષ્કાળે, ક્રમ વિધિ સુકાયો ન સરથી;
સરે આ સ્પર્ધાએ, સુખદ મદ મ્હારો હૃદયથી;

પ્રસંશાના અંશે, પ્રબળ બળથી મ્હેં=પ્રિય કર્યું.
અહી લાવ્યો જ્યારે, પ્રિયતમ! તને મ્હેં પ્રિય હર્યું.

ઉર્વશી—અરે પ્રાણ નાથ, આપતું વજ્ર મય અંતઃકરણ આમ એકાએક યુદ્ધ પ્રસંગની પ્રવર્તિ થવાના અગ્ર સમયમાંજ અંત સમય સમાન કાયરતા કેમ દર્શાવી આપે છે? અરે આપ શૂરવીરનો સુખદમદ કયાંઇ પણ નાશ થવાનો નથી; માટે આવા આપત્સમયમાં તો કંટાળો નહીં કરતાં માત્ર શત્રુનો સંહાર કરવામાં આત્મિકજનોથીજ તત્પર થઇ યથોચિત ઉપાયોની યોજના કરવી એજ ધૈર્યતાની લક્ષિત કર્તવ્યતા છે.

ડાંગવ— ઢીલ બશરકો ગુજર.—એ રાહ.

પ્યારી કહો કેમ ધૈર્યને ધારીએ, કયો કાળીએ કેર હાયા શું ઉચ્ચારીએ. પ્યારી.
કર્યું કામ કઠોણ મ્હેંરે મૂળથી, જાણી સુખનું સ્થાન આ અવિચારીએ. પ્યારી.
શત્રુ વિક્રમને બળ બહુ સૈન્યનું, કરૂં કેમ હાય! હિમ્મત હારીએ. પ્યારી.
હાર્યા કરતાં પ્રથમથીરે મારા પ્રાણનો, કરૂં ત્યાગ પ્રિયા ભય અરિભારીએ. પ્યારી

ઉર્વશી— "ન બોલો તારા તારા"—એ રાહ.

તજો ન પ્રાણ પ્યારા (૨) છો પ્યારા, કેમ ન્યારા? તજો૦—
કરો ન કુધારા, શૂરાના સૂધારા, લ્યો હૃદયમાં પ્યારા. તજો૦—
હા! એકવાર તારા, દેખાડો તેને પ્યારા, હે! હિમ્મત હરનારા;
છો પ્રાણ થકી પ્યારા, આ ઉઠેછે અંગારા. તજો૦—
અકસ્માતી આ સ્માર્ત પણ, એકવાર અટકાવીએ;
અંતે પ્રિતમ ધ્વંધ યુદ્ધ કરતાં, ત્રાસ દેઇ પછી હારીએ;
તો કીર્તિનો પણ સૂર્ય કોટી, તેજમાં પરજાળીએ.
આપ વિચિક્ષણ સિંહ નરેશે, ચંદ્રવંશને તારીએ. પ્યારા—તજો૦—

ડાંગવ— રાગ. ભૈરવી ઠુંમરી.

એ કૃષ્ણ પન્નગ જાણીએ સદારે, વૈરી વિષધરા તે થકી ભય ભારેરે; એ૦—
વિધિબળ નિર્બળા દુર્બળ તો ત્યાં હારે, ભય ભારેછે આ જય વિચારેરે. એ૦—
ગભરાય મન મારૂં પ્રિયા અત્યારે, સુજે ન ઉપાય એકે ભય ભારેરે. એ૦—
ભય ભારેરે આ સુખ ન સારેરે, વળી દુસ્તર દુઃખ મન ધારેરે. એ૦—

નિર્બળતાએ હિમ્મત હારેરે, આવે ન ઉપાય પ્રાણ ઘાત વિનારે. એ૦—

ઉર્વશી— "જરા મારૂં કહ્યું બેની માન."—એ રાહ.

એ શું બોલ્યા? તમે ભુલીભાના!!! એ શું.—ટેક

મુકી દ્યો માન, ભુલ્યાં ભાન, ગયું જ્ઞાન. એ શું૦—

દુઃખોઘ દર્દ મર્દનારા, પ્રભુજી નથીરે ન્યારા;

પ્રાણ ઘાત કરો નહીં, પ્રીતમજી રણે રહી;

આપની શી દશા થઈ? શુદ્ધજ્ઞાન ઉડી ગઈ;

શોકાદીક છાયા સઉ, કરેછે હેરાન. એ શું—

મારી દશા તણું ભાન, રાખશો નહીં નિદાન;

મુકી જાઓ મુને રાન, હરો ન તમારા પ્રાણ;

કરમની ગતિ ન્યારી, ગણશો હવે ન પ્યારી;

આત્મઘાત કરવાને, ધારો નહીં ધ્યાન. એ શું૦—

ડાંગવ— ગીતી છંદ.

સાકરના જે હીરા, ગળ્યા પછી નહીં ઇંડાય તે પાછા;

પ્રાણ પ્રિયા મ્હેં ન્હદયે, પ્રથમ કરી તે વિચાર નહીં કાચા.

પણ પૂર્વ પ્રતિજ્ઞા મારી, "રક્ષણ તારૂં થશે નહીં જ્યારે;

ત્યારે પ્રવેશી બળવું, ચિતા જવલિતમાં"—ચુકું ન અત્યારે.

ઉર્વશી—અરેરે પ્રાણનાથ, આપની ચિત્ત વૃત્તિ દુરાગ્રહમાં કેમ પ્રવર્તે છે!

ડાંગવ—અરે આ અનિયમિત કૃત્યોનો અનુભવી હું હવેજ થયો.

ઉર્વશી—[ગ્લાની પામીને] "દયાળુ દેવ કૃપા તારી"—એ રાહ.

તજી ઘો આપ, સઉ પરિતાપ; મુને મારી, મુને મારી. તજી૦—

હા ઉગારો પ્રાણ, આપનો પ્રમાણ; બીતી મ્હારી, બીતી મ્હારી. તજી૦—

પ્રિયાના પ્રાણ, તજો સુજાણ;—સુખાકારી, સુખાકારી. તજી૦—

લાવો નહીં અંત, આપનો શ્રીમંત; લ્યોને તારી, લ્યોને તારી. તજી૦—

કરો જો એ વાત, થશે ઉત્પાત; લેજો ધારી, લેજો ધારી. તજી૦—

કીર્તિ કલ્યાણ, જશે મારા પ્રાણ; હૈયે ધારી, હૈયે ધારી. તજી૦—

રીપુ જયકાર, કરી કહે સાર, "મુઓ હારી, મુઓ હારી." તજી૦—

ચઢાવો ચાપ, અરે તેથી આપ, કીર્તિ સારી કીર્તિ સારી. તજી૦—

ઢાંગવ—[પશ્ચાત્તાપથી નિસ્વાસ નાંખીને] અરે પ્રિય મીત્ર પ્રતાપ સિંહ તારાં વચનામૃત મને આમર્ણાન્મુખ વખતે સાંભરી આવેછે કેઃ—(આક્રંદ યુકત સજલ નેત્રે)

રાગ. સોરઠ ગઝલ.

ભુલ્યો ભાન માન પ્રતાપનું, માન્યું મ્હેં ન મિત્ર વિચારીરે;
પોતે પત્ની રત્નને છોડીને, આ યત્ન કર્યો દુઃખ કારીરે. ભુલ્યો૦—
થયો સ્થાન ભ્રષ્ટ હું આ સમે, રાજ બીજ તે આ રણે રમે;
ભ્રમે ભાન ભુલી સૌને નમે, દુરભાગ્ય જાગ્યું આ ભારીરે. ભુલ્યો૦—
આ સદૈવ દૈવ! શું સાંપડી? નહીં નાથ સાથે ધ્રુમી ઘડી;
દ્વંધ યુદ્ધની મૃત પાશે પડી, આ પ્રસિદ્ધિમાં મરૂં હારીરે. ભુલ્યો૦—
રે પ્રતાપ! તાપ તારો ગણી, હા! સત્ય છે જી એવું ભણી.
માન્યું જો મેં હોતે ગણી ઘણી, તો આવી દશા નહીં મારીરે. ભુલ્યો૦—

અરે હવે હું મારા દુષ્કર્મનો કેટલો પશ્ચાત્તાપ કરૂં પણ હે પ્રિયમિત્ર પ્રતાપસિંહ તારી સન્મિત્રતાનો બદલો હવે હું તને પાછો ક્યારે વળી આ પીશ. અરેરે પ્રિય મિત્ર, તારી બુદ્ધિ પ્રમાણે જો હું ચાલ્યો હોત તો આ મારી દુર્દશા મને કદાપી કાળે સંપ્રાપ્ત થાતજ નહીં. પણ હે મારા હિતકારી પ્રિયમિત્ર પ્રતાપ, મ્હેં મારી કુબુદ્ધિના કીચમાં વજ્ર લેપ થઇને ઉપકારને બદલે ઊલટો તારો તિરસ્કાર કરી ફીટકાર આપ્યોછે તેની તું મને ક્ષમા કરજે અરે હવે હું મારા અવસાન સમયે તારાં ઉપકારી વાકયો પર વિશ્વાસ રાખી તારી સન્મિત્રતાનું પરિપૂર્ણ ચિત્ર પરમેશ્વરને ત્યાં નોંધાવી તારાં મોક્ષદ્વાર ખુલ્લાં કરવાનો પ્રયત્ન હવે હું પરલોકમાં પ્રવેશ કરીને પણ કદાપિ કાળે ચુકવાનો નથી. અરે સન્મિત્ર, તારી મીત્રતાનું ચિત્ર શું આપી શકું પણ હે પ્રિયમીત્ર પ્રતાપ હું કેવો મુર્ખ કે,—

માલીની છંદ.

સુશિળ વદની શામા, સ્નેહને રક્ષનારી; તનમનધન માની, પ્રાણને અર્પનારી;
સતિમતિ ધરનારી;શુદ્ધનારી વિસારી, જીવન જય વિનાશી, હવેશી મ્હેં પ્રસારી

અરેરે પ્રિયમિત્ર પ્રતાપ તારૂં કહેલું આખરે સત્યજ થયું; હવે આ મર્ણોન્મુખ વખતે તેજ તારાં અહિત લાગેલાં વચનો અત્યારે મને અમૃત તુલ્ય લાગે છે, અરેરે તેં મને પ્રથમથીજ સુચવ્યું હતું કે "આ બોધ બધો તુજ વહાણુ, જ્યાં, બર દરીઆમાં ભાગશે; પણ યાદ રાખજે નરપતિ, પસ્તાવો પૂરો થશે." ઇત્યાદી જે જે વાકયો તેં મને કહ્યાં હતાં તેજ પ્રમાણે હે પ્રતાપી પ્રતાપ, મને આ પોતાની પત્નીપર અપ્રિતિ થવાથી અને આ અપ્સરા ઉર્વશીનો કુયોગ થવાથી પૂરેપૂરો પસ્તાવો થયો છે અને આ અંતમાં તેનો યથોક્ત દુષ્ફળ દર્શક જીવતાં ચીતા પ્રવેશ કરવો પડે છે. અરેરે આ અવસાન સમયમાં એ મારી શુદ્ધ હૃદયની સતિ સાધ્વી દેવી મહારાણી પણ મહારા મલિન હૃદયમાં ઉદ્ઘોરા દર્શાવે છે. (આંખમાં આંસુલાવીને) અરે મારા હૃદય સાથે જોડાએલી પ્રિયતમા, મ્હેં તારો ઘણોજ મોટો અપરાધ કર્યો છે જેથી હું તારી પાસે પણ આ મારા દેહાંત સમયમાં ક્ષમા માગીને યાચના કરૂં છું કે,—

ગીતી છંદ.

ત્રિભુવનમાં તું નિશંકે, તપસ્વિની જ્યાં—પ્રવેશ ત્યાં કરજે;
પૂન્ય પાપ સમજાવી, પતિ દુર્ગતિ તું સતિ મતિથી હરજે.

અરે આમ વિચારમં ને વિચારમાં સૂર્યોદય થઇ જશેતો મારાથી ચીતા પ્રવેશ નહીં થઇ શકે; માટે ઉઠ જીવ, હવે તારે વલિંબ શા માટે કરવો જોઇએ. અરે આ જગતમાં કોઇ પણ તારૂં છેજ નહીં. [વિચારીને] અરે પ્રથમતો ચીતા રચવાને શુષ્ક કાષ્ટ વીંણી લાવું. [જવા માંડે છે.)

ઉર્વશી—[તેને અટકાવીને] રાગ બેલાવર. "સહીયર શું દુખ"

પ્રાણુ સખા શું આ આદર્યું મ્હારા હૈયાના હાર;
કીર્તિનો કોટ ઉત્થાપિને, ધાર્યોછે શું ધિક્કાર. પ્રાણુ૦—
આ યુદ્ધપ્રસંગ પ્રસિદ્ધ છે, નથી કુલડીમાં ગોળ;
વ્હાલા વિચારો વિવેકથી, ટેક ટેકવી તોલ. પ્રાણુ૦—
સ્પર્ધા પ્રસારી આ અંગનો, કરો અગ્નીમાં હોમ;
હા યુદ્ધ કારણુ ભુત—અરતથી, શાન્ત શત્રુનાં રોમ. પ્રાણુ૦—

જીવતારે નર ભદ્ર પામશે,—વામો સર્વે વિશાદ;
આત્મ હત્યારે કીર્તિ કાપશે, રે'શે કલકી આ નાદ. પ્રાણુ૦—
આ ચંદ્રવંશીનારે અંશને, દેશો દંશ નિદાન;
આરે અવસર કયાંથી આવીઓ; ધાર્યો આપે અવસાન. પ્રાણુ૦—

ડાંગવ—રાગ આશાવરી. "રંડાપો રાણુક દેવીને"—એ રાહ.

બીતીછે મુદ્દગર મારની, આ લોકને પરલોક.—એ ટેક
પ્રેમ ખંડીતા તું નાયિકા, હું નાયક—નહીં—શાન;
આ લોકને પરલોક મ્હેં, ભ્રષ્ટ કર્યા પ્રિય પ્રાણ. બીતી૦—
પ્રોશિત પ્રિયા જે મારરી, તેનો તજ્યો ઉપભોગ;
સંગ સમયે અર્ધ વિહાર્યો,—હાય! બન્યો આ જોગ. બીતી૦—
પણ લખ્યું હશે ભવિષ્યમાં,—આરે થયા બેહાલ;
સુધારૂં હું અપવાદને, બળી મરી આ કાળ. બીતી૦—
બળી મરૂં છું બોધતું આ, શોધ કરી સન્માન;
ત્રાસ! ત્રાસરે!! હાય! હવેથી,—નીવડો નહીં નાદાન. બીતી૦—

ઉર્વશી—[આક્રંદયુક્ત] ઓધવજી સંદેશો કહેજ્યો શામને એ રાહ.

વ્યાકુળ થઇને આમ ન કરશો નાથજી, એ ટેક.—
દુઃખ દરીઆમાં ડુબી રહી આ વારજો;
આપ વિચિક્ષણ સિંહ નરેશે રાજવી,
આકુળ વ્યાકુળ થાઓ નહીં ધીર ધારજો. વ્યાકુળ૦—
પ્રેમ પટારે પૂરી મને પ્રિય પ્રાણ શું?
કાળજામાં સળગાવ્યું દાવાનળ દુઃખજો;
તરછોડો નહીં છેલ છબીલારે છેતરી,
સંકટ પટમાં સ્નેહે કરી સન્મુખજો. વ્યાકુળ૦—
શૂરવીર તમે થઇ ધીર ધરો નહીં ધ્યાનમાં,
આ અવળી પટમાળ પડી છે હાલજો;
કાષ્ટ ચીતામાં આપ તજો નિજ પ્રાણને,
સતીપણે આ ભસ્મ થશે તતકાળજો. વ્યાકુળ૦—

ડાંગવ—તે તારી ઇચ્છા પૂર્વક તને જેમ પ્રીય લાગે તેમ કરજે પણ હવે તું મને શા માટે સતાવે છે; હું નિશ્ચયપૂર્વક તને નિર્દોશ કરી આપું છું કે આમાં કયાંઇ કિંચિત્ પણ તારો દોશ નથી, મ્હેં પોતેજ નિતિશાસ્ત્રનું ઉલ્લંઘન કરીને મારી પાણી ગ્રહણ કરેલી સતિપત્નીનો ત્યાગ કર્યો અને તારા યોગમાં સંપૂર્ણ સુખ માન્યું તો આ અયોગ્ય સુખથી મારી દુર્દશા અને અહિત થાયજ એમાં શું આશ્ચર્ય છે. માટે તું તારે શાંત થા અને મને મારા ઉદ્ધારનો ઉદ્યોગ કરવા દે. [ચાલ્યો જાય છે.]

ઉર્વશો—(આક્રંદયુક્ત સજલ નેત્રે) રીક્તા છંદ.

હાય! હાય રે !! જાનમેં જીવત બુરી !! જલ જાય તો જીયા ઝેર કીયા !!!
અબી બોલતા થા અબી ચાલતા થા, અબી માન મુરજાદ મેં ધર કીયા !!
કોડી તીનકી આગ મગરાય લીયા, લખ ચાર કે માલ જલાય દીયા;
સુખ સાગર સાર ઉડાયી દીયા, સંસારકે સાર દીખલાયી દીયા !!! હાય૦—

(બેશુદ્ધી થયા પછી સાવધપણે) ભૈરવી ગઝલ.

"ચંદ્ર મુખીને"—એ રાહ.

દુષ્કૃત્ય આ શું આચર્યું, આ કૃત્ય સ્વામી નાથજી.—એ ટેક.
વિશ્વાસ શ્વાસ આપીને, આ દાસીને ઉદાસીમાં,—
પૂરો પ્રબોધ શોધવો ? નિમજ્જ—નાથ ના—સીમા૦ દુષ્કૃત્ય૦—
અર્વિન્દને આ છોડીને, મકરંદ કયાં ઉડી ગયો;
હાય! હાય!! કયાં સુગંધીનો,—ભોગી વિયોગી તું થયો. દુષ્કૃત્ય૦—

રાગ જીલ્લા—મનસવી.

"જફાહોસ્ત તમકો સજાવાર હું."—એ રાહ.

અહા ! કયાં અજીને, કોપીત્ કર્યો; મનોત્સર્ગ મ્હારો, તમે શું હર્યો. અહા૦—
ક્ષુધીત્ ત્યાં સુધી,—આલ્હાદે ભર્યો; પૂરો પાશમાં શું, પ્રભુ આંતર્યો. અહા૦—
પ્રોશીત્ પ્રીતિને શું, વિસર્જન કરી; હરી હાર દુઃખાબ્ધી, ની લહરી. અહા૦—
પ્રતિ સ્પર્ધિકા છે સુખી વાંધકાએ; અરે અર્થિકાએ, રહી સ્વાર્થિતાએ. અહા૦—
હા ! હુતદ્રવ્ય ફર્યાદ, કેરું થશે; અરે નાથ હોતા, સુભટ્ટો કયાં હશે. અહા૦—

શ્રુતીને સ્મૃતી–શુ, કરી વિસ્મૃતી; તજી ધર્મ દાંપત્ય, ની આકૃતી. અષ્ટા૦—
અરે મેનકા–ચિત્ર,–લેહારે પ્રિયા; સખી દુર્દશામાં શું, હારી કીયા. અષ્ટા૦—
લલાટે લખેલું હા! થયું એટલું,–સહ્યું ભુક્ત મ્હેં ભોગ્ય હવે કેટલું. અષ્ટા૦—

(મીત્રાંકુરો ફુટવાથી) અરે પ્રાણનાથ! માં પાહી! પાહી!! હર-હર શામ્ભ સદાશીવ!!! [ઘોડી રૂપે થાય છે અને સુભદ્રાદી આવે છે તેમાં તોફાન કરતા શિષ્યો પ્રવેશે છે.)

પ્હેલો શિષ્ય—"બંધ કીલ્લો બાપુ તે શું કામ." એ રાગ.

કહેવા ચોને તમારૂં તોફાન, હજુ આવી નથી કાંઇ સાન;
પંડીત આંહીં પધારેરે, કહેવા ચોને તમારૂં તોફાન. એ ટેક.

કાંણીઓને તીકમો બંને મળીને [૨] કરતા'તા બહુ ગીત ગાન [૨] પંડી–કહે૦—
જગલોને ભગલો નાચી કૂદીને [૨] ખાતા'તા પીંપળનાં પાન [૨] પંડી–કહે૦—
નાથીઓને પેથીઓ ઢેડા મારીને [૨] કરી નાખ્યું એકસાન [૨] પંડી–કહે૦—
કાં–તી—સાળા! અમોએ કયારે કર્યું'તું (૨) નાચી કુદી ગીત ગાન [૨]
એટ મજી બાહારે તમે પધારો (૨) પછી ભુલાવીએ સઉ ભાન [૨]
જ–ભ—હરામજાદા! એવું બકે શું? (૨) કયારે તોડી ચાવ્યાં પાન [૨]
હવે પોળે આદાપાક આપું સવાયો (૨) કેવો જાયછેરે આપનો જાન [૨]
ના–પે—ઢેડા ધારો અમે કયારે અડયા'તા [૨] નીકળને તું તો લ્યા નાદાન! (૨)
સૌ સાથે મળી આને માર બહુ મારો (૨) કાપો નાક અને બેઉ કા'ન (૨)
પ્હેલો શિષ્ય—પંડીત આંહી પધારોરે, કેહેવા ચોને તમારૂં તોફાન. પં–કહે૦—

(સુભદ્રાના અશ્વરથ સાથે પંડીતજી પધારે છે તેથી શિષ્યો શાંતપણે સ્નાન વિધિ કરે છે.)

પંડીતજી—(સર્વેના હાથમાં પાંણી આપીને) અદ્ય પૂર્વોત્તર ચરિતસ્ય—

એવં ગૃહ ગુણ વિશેષેણ વિશેષ્ઠાયાં શુભ પૂન્યસ્તિથૌ મહા માંગલ્ય પ્રદ માસોત્તમે માસે શુભકારીક માહાધ માસે સિતેતરે પક્ષે અમાવાસ્યાં ચંદ્રવાસરાન્વિતાયાં, અનેન વ્યતિપાત–યોગેન મમ આત્મનઃ શ્રુતિ, સ્મૃતિ પુરાણોક્ત ફળ પ્રાપ્ત્યર્થં કાયિક, વાચિક, માનસિક, સાંસર્ગાદીક સર્વ પાપ ક્ષયાર્થં દેહ શુધ્યર્થં અક્ષય મોક્ષફળ પ્રાપ્ત્યર્થં અનેન ગંગા સ્નાન મહંચ

કરિષ્યે. [અંજલી મુકાવી ફરી ભરાવીને] તદંગત્વેન આદૌ દેહ શુદ્ધ પ્રાયશ્ચિત્તાંગ ભૂતં દશવિધિ સ્નાન મહંચ કરિષ્યે. [અંજળી મુકાવીને સર્વે સ્નાન વિધિ કરે છે.]

ડાંગવ—[કાષ્ટ ચીતામાં અગ્ની પ્રદિપ્ત કરીને] **રાગ ભૈરવી ગઝલ.**

દીલગીર કે આ મેંશ મ્હોંઢે, ચોપડી મરૂં;
ક્યાં જઇને હું આવારે પાપે, જીવતો રહી ઠરૂં. દીલગીર૦—
પંચત્વ કરવું સ્વ હસ્તમાં છે, વિલંબ શું કરૂં,—
દુષ્કૃત્ય પૂર્વે મ્હેં કર્યા તે, શાંરે હું સ્મરૂં. દીલગીર૦—
કીર્તિ પ્રવર્ધક આ નથી પણ, ભોગ્ય આચરૂં;
કલંકાનળ શાંતી વારી, ક્યાંઈ નહીં ખરૂં. દીલગીર૦—
બ્વંધ યુધ્ધે પ્રસિદ્ધ બુદ્ધિ, શાથી આદરૂં;
ત્રાહ્ય! ત્રાહ્ય!! કર સાહ્ય હવે તો, સાયુજ્યથી-હરૂં. દીલગીર૦—

અરે જગત્ નિયંતા! હવે આ દેહાંત સમયની આર્જવતાને તું કૃપા કરીને શ્રવણ કર,—

શિખિરિણી વૃત્તમ્.

ममोर्वश्यासंगात् दखिलसुखहानीसमभवम् ॥
स्थिरंदुखंप्राप्तं ह्यनुपममनल्पंस्वदहनम् ॥
अतोहंसंयाचे भवभयहरंविश्वजनकम् ॥
मदीयाप्तांजन्तून् कुरुपरकलत्रेषु विमुखाम् ॥

રાગ ભૈરવી ગઝલ. " ખેંચી ખડ્ગ હાથ આજ" એ રાહ.

આ પ્રદિપ્ત વન્હી મ્હેં કર્યો, હા! એક ટેક કારણે;
અહી પ્રતિજ્ઞા પાર પાડી, હું બળુંછું આ રણે. આ૦—
અપાર દુઃખ માહ્યરાનો, આજ જાણું અંત છે;
પણ વાક્યપાળું શ્રેષ્ટતાએ, સ્નેહ તો શ્રીમંત છે. આ૦—
બળો મરો હજારો કષ્ટ, પામી દુઃખ દાખજો;
પણ ઐક્યતા હા! વાક્યની, નિર્બાધ રૂપે રાખજો. આ૦—

અવન્તીકા નિવાસીઓ, સૌ ત્રાસ પામી નાસજો:
વારાંગના ને પરાંગનાનું, ચિત્ર આ વિલાસજો, આ૦—

અયિ અવન્તિકે ! આ તારી પીઠપર ઉત્પન્ન થયેલા સર્વે ભવ્ય જીવોને આ મારૂં અનુભવી ઉદાહરણ આપીને તેઓને આવી દુર્દશાથી મુક્ત કરજે; આ મારી તને અંતની એટલીજ પ્રાર્થના છે, તેપર તું લક્ષ રાખી આ પ્રબળ પ્રચાર નાશ કરજો નાશ કરજે. લે હવે મારા પણ તને છેલ્લા પ્રણામ છે. જય ! જય ! વસુધા મૈયા ! જય !! જય ! જગજ્જનનીની જય !!! (એમ કહી કુદીને કાષ્ટચીતામાં પડવા જાય છે એટલામાં તે દેખાવ સુભદ્રાની નજરે પડે છે).

સુભદ્રા—અરે ! જો ! જો ! અભીમન્યુ જો !! આ પણે મારા સતિસમક્ષ કોઈ જીવતાં બળી મરે છે તેનું તું સંરક્ષણ કરવામાં સત્વર થા.
(સર્વે સ્તબ્ધ થાય છે અને એકી નજરે જોયા કરે છે.)

અભીમન્યુ—અરે તે કોણ છે? [દોડતાં] સબુર ! સબુર ! મૃત્યુચારી સબુર !!! [ત્યાં આવીને] અરે આપ કોણ છો અને શા કારણથી જીવતાં ચીતાપ્રવેશ કરવો પડે છે? [સર્વે આવી મળે છે.]

ડાંગવ—અરે ભાઇ હું ચંદ્રવંશમાં ઉત્પન્ન થયેલો ક્ષત્રિયછું અને આ અશ્વનીએ મને મારી દુરભાગ્ય દશાને પ્રાપ્ત કર્યો છે.

અભીમન્યુ—કેવા પ્રકારથી આપ દુર્ભાગ્ય દશાને પ્રાપ્ત થયાછો તે કહેશો?

ડાંગવ—હા, ભાઈ; પૂર્વે મ્હેં અજ્ઞાનપણે-પ્રતિજ્ઞા કરી છે કે મારા દેહમાં પ્રાણ હશે ત્યાં સુધી હું આ અશ્વની પરહસ્તમાં આપવાનો નથી

અભીમન્યુ—ત્યારે તે પ્રતિજ્ઞા ભંગ કરવાને સાંપ્રત સમયમાં કયો શૂરવીર ઉત્પન્ન થયેલો છે? જે આપને આ દેહાંત કરવો પડે છે.

ડાંગવ—બળાત્કારે ગૃહણ કરવાને તો શ્રીકૃષ્ણ પોતેજ નિર્ભયતા દર્શાવેછે.

સુભદ્રા—અરે ચીંતા નહીં, એ તો મારા સહોદર ભાઈ થાય છે.

અભીમન્યુ—(ઉત્સાહથી] શાંત થાઓ, શાંત થાઓ રાજન્ શાંત થાઓ; ચિંતાથી વિમુક્ત થાઓ; શ્રીકૃષ્ણ પરમાત્મા તો મારા માતુલ થાય છે માટે આપ હવે નિર્ભય થાઓ, હું આપનું ઉત્સાહપૂર્વક રક્ષણ કરૂંછું માટે ચાલો અમારા દરબારમાં આપ સુખેથી નિવાસો.

ડાંગવ—અરે ભાઇ, આપ આવી બાળચેષ્ટા કરવી જવા દ્યો, પાછળથ પસ્તાશો.

અભીમન્યુ—અરે શું હું મારા ક્ષત્રિય ધર્મને ખંડિત કરીને આપને જીવતાં બળી મરવા દેઉં ? એ કેવી આશ્ચર્યતા! અરે કદાપિ નહીં શું શ્રીકૃષ્ણ પરમાત્મા યુધ્ધે ચઢશે? અને કદાપિ તેમ થશે તોપણ શું. મારાં અસ્ત્રશસ્ત્ર ને બાહુબળ ક્યાં અસ્તાસ્ત થયાં છે! તેમજ મારા પૂજ્યનિક વડીલ કાકાજી ભીમસેન હજુ ક્યાં નાશ પામ્યા છે, જે આપને તેમના સકોપ ભયથી મારી માતુશ્રીના સંમુખ પ્રાણ ત્યાગ કરવા દેઉં. [ચીતાને લાત મારી વંખેરી નાખે છે]

સુભદ્રા—અરે ભાઈ આ હું બ્રાહ્મમૂહુર્તવેળાએ દાનાધ્યક્ષ સમક્ષે ગંગાસ્નાન કરી જતાં આપનો દેહાંત દૃષ્ટિગોચર થયા છતાં પણ આપને શું મરતા મુકી ચાલી જઉં ? અરે તે મારા પવિત્ર ક્ષત્રિય કુળને ઘટેજ કેમ! માટે ચાલો સુખેથી ચાલો; અશ્વારોહણ કરી લ્યો.

ડાંગવ—(સહર્ષે) માતુશ્રી! આપના આગ્રહથી આવુંછું પણ—

સુભદ્રા—અરે ભાગ્યવંત ભૂપતિ! જો આપને અમારો વિશ્વાસ ન આવતો હોય તો હું પણ એક પ્રૌઢ પ્રતિજ્ઞા ધારણ કરૂંછું કે જો આપનું સંરક્ષણ મારાથી નહીં થાય તો હું પણ તમારી સાથે જીવતાં ચીતામાં પ્રવેશીને મારો પ્રાણ ત્યાગ કરીશ. માટે ચાલો. (સર્વે જાય છે ને પડદો પડે છે)

અંક ચોથો સમાપ્તમ્.

અંક પાંચમાનાં પાત્રજનો.

ડાંગવ—કાશીપુરીનો ચંદ્રવંશી રાજા.
ઉર્વશી—ઇન્દ્રની અપ્સરા. ડાંગવની પ્રિયતમા.
શ્રીકૃષ્ણ—ચક્રવર્તિ. ત્રિભુવનપતિ. સર્વેશ્વર. સત્યેશ્વર. ઈ૦—
બળદેવ—શ્રીકૃષ્ણના જેષ્ટ બંધુ.
પ્રદ્યુમ્ન—શ્રીકૃષ્ણનો પુત્ર.
અનિરૂદ્ધ—પ્રદ્યુમ્નનો પુત્ર.

ધર્મ———
અર્જુન—
સહદેવ—
નીકુળ—
ભીમસેન-
} પાંડુરાજાના પુત્રો હસ્તિનાપુરના રાજા અને શ્રીકૃષ્ણના પ્રિયતમ જનો અને પછીથી ડાંગવના પક્ષકારી-સહાયકારી.ઇ.-

અભીમન્યુ—અર્જુનનો પુત્ર અને શ્રીકૃષ્ણનો ભાણેજ.
બંનેનું સૈન્ય તથા પક્ષકારી અન્ય ક્ષત્રિયો વિગેરે ચિકિત્સા જોનારાઓ.

અંક પાંચમો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—પાંડવોનો રાજમહેલ.

પાત્રજનો.

ભીમસેન અને પછીથી સુભદ્રા. અભીમન્યુ અને ડાંગવ.

અભીમન્યુ—[ભીમની પાસે ઉતાવળો જઇને] અહો પૂજ્યનિક કાકા ! આજે તો હું આ એક આપણા શસ્ત્રોનો કાટ ઉતારવાનું અગ્રાહ્ય ગ્રહણ કરી લાવ્યોછું તે આપને અર્પણ કરૂંછું.

ભીમસેન—અરે અભીમન્યુ ! એવું અગ્રાહ્ય શું ગ્રહણ કરી લાવ્યોછું ?

અભીમન્યુ—શીરછત્ર પૂજ્યનિક ! એ તો આ એક શ્રીકૃષ્ણ પરમાત્માના શત્રુવત્ વર્તાએલા ડાંગવ મહારાજાને સરિતા ત્રટે બળીમરતા જોઈ આપણા ક્ષત્રિયધર્મનું સંરક્ષણ કરીને રણસ્થંભનું બીજ લાવ્યોછું.

ભીમસેન—ધન્ય છે! ધન્ય છે! ક્ષત્રિય કૈમારોને તો એમજ ઘટે ભાઇ!!

સુભદ્રા—દેરૂ ભીમસેનજી! આજે આ એક પ્રૌઢ પ્રતિજ્ઞાપૂર્વક કાશીપતિ ડાંગવ મહારાજાને અગ્નિપ્રવેશથી ઉગારી લાવીછું તેનું આપ સન્માન પૂર્વક સંરક્ષણ કરશો એવી મ્હારી યાચના આજે તો આપને માન્ય કરવીજ પડશે.

ભીમસેન—ચિન્તા નહીં ભાભી! આપ નિર્ભય થાઓ તમે લાવ્યાં તે હું જ લાવ્યોછું. [ડાંગવને] પધારો પધારો ટેકીલા કાશીપતિ પધારો. (જોડે બેસારે છે)

સુભદ્રા—દેરૂજી! ત્યારે હવે હું શિવાલયમાં નિર્ભયપણે પ્રવેશ કરૂંછું હો!

ભીમસેન—ભલે સુખેથી શિવપૂજન કરો, જાઓ ભાભી; જેથી જય પામીએ. (ડાંગવને) કાશીપતિ ચાલો! આયુદ્ધાગારમાં શસ્ત્રો સંજીવન કરીએ. (જાય છે)

પ્રવેશ ૨ જો.

સ્થળ—શ્રીકૃષ્ણ પરમાત્માનું મંદિર.

પાત્રજનો.

શ્રીકૃષ્ણ. બળદેવ. પ્રદ્યુમ્ન અનિરૂધ્ધ અને પછીથી અનુચર.

બળદેવ—અરે આજે બે સંક્રમણ સૂર્ય વ્યતિત થયા તોપણ ડાંગવની ખબર લેઈ અનુચરો આવ્યા નહીં તેનું શું કારણ હશે વારૂં?

અનુચરો—(પ્રવેશીને) જય જય કૃપાસિંધુ! આપના શત્રુનું સંરક્ષણ તો આપની સખાવત ધરાવનારા પાંડવોએજ કર્યું છે.

બળદેવ—(શ્રી કૃષ્ણને) જોયું! જોયું! આ લ્યો સાંભળો!! તમારા ખરા હિતસ્વીજનોએજ શરણ પ્રદાન કર્યું!!! મારૂં કહેવું આગળ આવ્યું હવે? પોતે તો કદાપી માન્ય કરતાજ નહીં! અમે જ્યારે તમને કહેતા ત્યારે પોતે શ્રીમુખેજ કહેતા કે "એતો અમારા હૃદય સાથે જોડાએલા પ્રિયજનો છે.

પ્રધુમ્ન—પૂજ્યનીક વડીલ કાકા! એતો એમના હિતસ્વી નહીં પણ હિતશત્રુ કહ્યા હશે, આપના સાંભળવામાં કદાપિ એમ અવળું આવ્યું હશે તો?

બળદેવ—હા ભાઈ, હવે ઠર્યું તો તેમજ!

શ્રીકૃષ્ણ—અરે આ તમે સર્વે વક્રોક્તીમાં વ્યંગતા કરી કહોછો તો ખરા પણ તેમના જાણવામાં નહીં હોય કે તે કાશીપતિ આપણો શત્રુ છે માટે તેમને ખબર તો કરાવો.

પ્રદ્યુમ્ન—આજ્ઞા હોય તો હું મળી આવી આપના મનોરથ પરિપૂર્ણતામાં આવે તેમ કરતો આવું.

શ્રીકૃષ્ણ—સુખેથી જાઓ! અને તેમને મારા આશિર્વાદપૂર્વક સર્વે વૃતાંત નિવેદન કરી કહેજે કે આ આપને યોગ્ય નથી, પછી તેમની જેવી ઇચ્છા. (આજ્ઞા લેઇ જાય છે અને પડદો પડે છે)

प्रवेश ३ जो.

સ્થળ—પાંડવોનો રાજ મહેલ.

પાત્રજનો.

ધર્મ—અર્જુન, સહદેવ, નીકુળ, કુન્તા, અને પછીથી પ્રદ્યુમ્ન

અર્જુન—અહો જેષ્ટ ભ્રાતા! આ ભીમસેને ડાંગવનુ રક્ષણ કરી તેને નિર્ભયદાન આપ્યું તે ઘણુંજ અઘટિત કર્મ કર્યું છે તોપણ હવે આપણે યુદ્ધ પ્રસંગમાં જોડાયા અને પડ્યા વીના છુટકોજ નથી.

ધર્મ—હવે તો એ ઉચિતજ છે! તેને અભયદાન આપ્યા પછી આપણે બીજો શું ઉપાય યોજવાના છીએ, પણ પરમાત્માને ઘણુંજ અયોગ્ય અને માઠું લાગશે તેનું આપણે કેમ કરવુ? તેનો યોગ્ય વિચાર કરો સહદેવ!

સહદેવ—આ સમસ્ત ભીમસેને પોતાનેજ માથે લીધુ છે તેથી શ્રીકૃષ્ણ પરમાત્માનો વાત્સલ્ય પ્રેમ નાશ થવાનો નથી.

પ્રદ્યુમ્ન—[પ્રવેશીને] જયજય અભિવંદન કરૂં છું.

કુન્તા—આવ ભા પ્રદ્યુમ્ન! આવ, તાપમાં તું ક્યાંથી ભુલો પડ્યો [ઓવારણાં લે છે.]

પ્રદ્યુમ્ન—માતુશ્રી! વીના કારણ કોઇ પણ પ્રવેશ કરે.

ધર્મ—[આસન આપીને] આવો પ્રદ્યુમ્ન બીરાજો. [બેસે છે] કેમ બાઇ ભક્ત વત્સળ વિગરે સર્વે આનંદમાં તો છે ને?

પ્રદ્યુમ્ન—આપ જેવા હિતરવીઓના અંતર્પદથી સર્વે આનંદમાં છે. અને અત્રેની પણ મારા પિતાજીએ કુશળતા પુછાવી છે.

ધર્મ—ભાઈ, અત્રેતો એમના પૂન્ય પ્રતાપથી સર્વે કુશળ છે.

કુન્તા—બાપલા! આપણી માતુશ્રીનું શરીર પણ કુશળજ હશે.

પ્રદ્યુમ્ન—હા! માતુશ્રી; તેમણે પણ આપને પ્રણામ કહયા છે.

કુન્તા—બહુ સારૂં ભાઈ, જાઓ ત્યારે મારા પણ પ્રણામ કહેજો. પણ બાંપુડા તું ઉઠ હવે તારૂં સ્નાન સંધ્યાદી નિત્યકર્મ સમેટીને ભોજન કરી લે સમય થઇ ગયો છે. હેંડ હું તને ભોજન કરાવી લેઉં [ઉઠેછે.]

પ્રદ્યુમ્ન—માતુશ્રી હું સઉ સંગાતે ભોજન કરીશ માટે જાઓ પરવારો. [ગયાપછી] પૂજ્યનિક વડીલો આપને શ્રીમત્ ભક્તવત્સળે આ એક વિનતી કહાવી છે કે આપે ડાંગવને અભયદાન આપ્યુંછે તે ઘણુંજ અઘટિત કર્યું છે કારણ કે તે અમારો પ્રતિસ્પર્ધિ શત્રુ છે.

અર્જુન—અરે ભાઇ શું કરવું હવે, પ્રથમતો આપણા દરબારમાંથી એને નિર્મુખ કાઢયો હતો પણ ચીતા પ્રવેશથી પાછો ભીમસેને ગ્રહણ કર્યો છે. પણ આપનો શત્રુ છે એવું તેના જાણવામાં નહીં હોય માટે તેને યથાર્થ હું સમજાવી લાવું. પછી આપ પણ ભીમસેનને એવાનાં કહેવાં ઘટીત હોય તે કહેજો. [જાય છે.]

સહદેવ—મ્હોટા ભાઇને ગયાં ઘણો વખત થયો તો પણ પોતે આવ્યા નહીં માટે લાવ હું પણ જરા જઇને તેને સમજાવી લાવું. (જાયછે.)

નીકુળ—અરે બે જણા ત્યાંના ત્યાંજ રહ્યા ને શું? કાંઈ વિપ્રિત તો થયું નહીં હોય? જેષ્ટભ્રાતા! હું તેમની ખબર મેળવી આવુંછું.(જાય છે.)

ધર્મ—ચાલો પ્રદ્યુમ્ન આતો કોઇ પણ જણાયુંજ નહીં માટે ત્યાં કેમ થયું હશે તે વિશેની મને બહુ ચિંતા થાય છે (બંને જાયછે.]

પ્રવેશ ૪ થો.

સ્થળ—ભીમસેનનું શયનસ્થળ.

ભીમસેન. ડાંગવ. અને પછીથી અનુક્રમે સર્વે આવી મળે છે.

અર્જુન—(ભીમસેનની કરડી નજર જોવાથી) કેમ ભાઈ આજે કાંઇ વિચારસાગરમાં નિમગ્ન થયા છો? શું કાંઇ દુઃસહ પ્રાપ્ત થયું છે?

ભીમસેન—પ્રદ્યુમ્ન અહીં આવ્યો છે એજ! પણ હું મારા વાક્યને

ખંડીત્ કરવાનો નથી.તે તમારા મન સાથે નિશ્ચય સમજી લેજો ॥

અર્જુન—ક્યારે તમે અધમ કામ કર્યું છે તે વાક્યનું ખંડન કરી કીર્તિને ક્ષત લગાડવામાં આગ્રહ કરવાના છે.

સહદેવ—[પ્રવેશીને સભય] ધન્યછે, ભાઇ ધન્યછે, જે સિંહ બુદ્ધિવાપરીછે.

ભીમસેન—શું પ્રદ્યુમ્ન વિષ્ટી કરવા આવ્યા છે કે? ભલે પધારો !!

સહદેવ—ક્ષત્રિય ધર્મનું સંરક્ષણ કરવામાં તમને કોણ બાધ કરનાર છે.

નિકુળ—(પ્રવેશીને) ભાઇઓ! પાંડવ કુળને કલંકીત કરશોમાં.

ભીમસેન—કલંકીત શા માટે કરશે! શું આપણે કંકણ કુંચુકી તો પરિધાન નથી કરી. [ધર્મ અને પ્રદ્યુમ્ન પ્રવેશ કરેછે એટલે] આવો.

ધર્મ—ભીમસેન! તેમને ભક્તવત્સલે મોકલ્યા છે અને કહાવ્યું છે કે કાશીપતિ અમારો પ્રતિસ્પર્ધિ દોશિત્ શત્રુવત્ વર્તાએલો ભૂપતિ છે.

ભીમસેન—[રક્ત નેત્ર કરીને] શું તેમનો પ્રતિસ્પર્ધિ હોવાથી હવે મારૂં નિર્ભયદાન પ્રદાન પાછું ખીંચીને મારા આવા પવિત્ર કુળને લાંચ્છન લગાડી આપું? આવ બેશ પ્રદ્યુમ્ન!

પ્રદ્યુમ્ન—(તેની ઉદ્ધતા સમજીને) મારે ઉતાવળું જાવુંછે માટે હુંતો જઇશ.

ભીમશેન—જાઓ ત્યારે કુશળ રહેજ્યો અને પરમાત્માને કહેજોકે એ ડાંગવ તો મારા હૃદય સાથે વજ્રલેપ થઇ ચુક્યોછે માટે છોડાય તેમ નથી.

ધર્મ—[પ્રદ્યુમ્ન રીસાઇને જાય છે તેથી] ભાઇ તું પણ આવો ક્રોધી કેમ થાય છે?

ભીમસેન—જવાદ્યો જ્યેષ્ટ ભ્રાતા! ક્રોધ કરીને રણસ્થંભજ ના રોપે.

ધર્મ—[પ્રદ્યુમ્ન જાય છે તેને] ભાઇ ભોજન કર્યાવિના શામાટે જાય છે?

પ્રદ્યુમ્ન—વડીલ! મ્હેં ઘણા દીવસ ભોજન કર્યું છે માટે હવે મને જવા દ્યો

[એમ કહી ચાલ્યો જાય છે અને પડદો પડે છે.]

प्रवेश ५ मो.

સ્થળ—શ્રી કૃષ્ણ પરમાત્માનું મંદિર.

શ્રીકૃષ્ણ. બળદેવ. અનિરૂધ્ધ અને પછીથી પ્રદ્યુમ્નઆવે છે.

બળદેવ—કૃપા સિંધુ! પ્રદ્યુમ્ન ત્યાં ઘણા દિવસ રોકાય તેમ સંભવતુ નથી

પ્રદ્યુમ્ન—[ક્રોધાંધપણે પ્રવેશીને] "ખુશ રહો સનમજા"—એ રાહ.
કરો દંધ યુદ્ધ આ વાર, વિચારો શાને !! એ ભીમ ભયાનક આપ, તણું નહિંમાને;
બોલે છે અઝા બોલ, બળે મરડાઈ ! માન્યું નહીં મુકયું માન્ય, કસોટે કયાંઇ.
રે ! ક્ષત્રિયોમાં શાન, હતું કયાં એતું; દુધપાઇ ઉછેર્યો સાપ, ફળ્યું ફળ તેનું;
લ્યો ! કરો સાબ્રતા આપ, હવે જઇ તેની; કૌરવોનું લઇ વૈર, બ્હાર કરી જેની.

બળદેવ—અરે ભાઇ જ્યાં હોય ત્યાં જઇને તેમનું સંરક્ષણ કરવામાં પોતાનું સર્વસ્વ નાશ કરતા પણ પોતે તો તેમના સુખે સુખ માની લેતા!!

અનીરૂદ્ધ—ત્યારેજ અત્યારે ઉન્નત થઇને સામા થઇ પડયા છે ! નહીતો એમનું શું સામર્થ્ય હતું કે કેસરીપ્રતિ દ્રષ્ટિ પણ કરી શકે !!!

શ્રીકૃષ્ણ—રાગ મારૂ અથવા ગોડી. ચાલ ઓખાહરણની.

અરે ભાઇ તમે બધા આમ,—કરો કેમ મ્હને નિષકામ;
મ્હારે માથે નથી—કાંઈ લેતો, ધ્યાન માંહી વળે કશ તેતો. અરે૦—;
યુદ્ધ કરવાની ના નથી મ્હારે, થયું થાય છે—જોયું અત્યારે;
જ્યારે સિંહ શિયાળીવાં થાશે, ત્યારે આહીરે શું બળ જાશે.? અરે૦—
યુદ્ધ કરશો પરસ્પર ભૂપ,—નથી નવાઈ જેવું આ રૂપ,—
અંતે આબરૂ આપશો વીર,—ભીમ ભારે ગદાધર ધીર. અરે૦—
ઘટોત્ કચ્છ માયાવી -માયા, રચનાએ ઉપાડશે કાયા;
અભીમન્યું ને હું નહીં મારૂં, પાંડવો ને પણ ચક્રે ઉગારૂં. અરે૦—
ઘેરો ઘાલી તમે ઘોડી લાવો, તો તો રણનો સ્થંભ રોપાવો;
પાંડવોનેરે મ્હેં બાંધ્યા કોટે, કહું છું એટલું આજ કસોટે. અરે૦—

બળદેવ—ત્યારે એમજ કહોને કે મહારે યુદ્ધ કરવાની ઇચ્છા નથી!

પ્રદ્યુમ્ન—એતો જ્યાં હોય ત્યાં અર્જુનના ગાંડીવથી જય મેળવતા હતા ! પણ આ પ્રસંગમાં તો અર્જુનનું ગાંડીવ સાંમુ પડવાનું છે !!

શ્રીકૃષ્ણ—અહો જેષ્ટ ભ્રાતા ! આપના વિચારમાં જો એમ વિપ્રિત આવતું હોય તો દૈવજ્ઞ જ્યોતિર્વિદને બોલાવી ઉત્તમોત્તમ મૂહૂર્ત કઢાવો, અને પછી લખો યુદ્ધની કંકોત્રીઓ કે જેથી સત્વર જય મેળવો.

બળદેવ—તથાસ્તુ ! તથાસ્તુ !! કૃપાસિંધુ ! હવે આપની અનુજ્ઞા પૂર્વક વર્તવાને અમે સર્વે આનંદ માનીએ છીએ.

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—પાંડવોને રાજ મહેલ.

સપરિવાર પાંડવો અને પછીથો શ્રીકૃષ્ણ તરફથી આવેલો કંકોતરીઓ

નિકુળ—અહો ભ્રાતાઓ! પ્રદ્યુમ્નના પલાયન પછી સાંપ્રત સમયમાં કાંઇ યુદ્ધની ધામધુમ જણાતી નથી માટે પરમાત્માએ કાંઈ પ્રબોધ ચીંતામણી રચ્યો હોય તેમ જણાય છે. પણ તે દૈવજ્ઞ સહદેવજીના જાણવામાં હોવું જોઇએ.

સહદેવ—શા માટે અકળાવ છો? કંકોતરીઓ પણ આવી પહોંચ્યો છે.

પ્રતિહાર—[પ્રવેશીને] જય જય મહારાજા! શ્રી દ્વારીકાથી કોઇ પ્રવાસી વિપ્રવર્ય દરબારમાં પ્રવેશ કરવા માગે છે.

ધર્મ—પ્રતિહાર! તેમને અત્રેજ પ્રવેશ કરાઓ.

સહદેવ—ભીમસેન! ઉઠો; વધાવાનું સાહિત્ય લાવી યુદ્ધની કંકોત્રીવધાવી લ્યો.

ભીમસેન—[સહર્ષે] ચિન્તા નહીં ભ્રાતાઓ! આપ સર્વેની આજ્ઞાપૂર્વક તેને હું પોતેજ વધાવી લેવાનોછું.

કંકોતરી—[પ્રવેશીને] જય જય ધર્મમૂર્તિઓ! આ શ્રીકૃષ્ણ પરમાત્માએ યુદ્ધની કંકોત્રી મોકલી છે, તે વધાવી લેવાની કૃપા કરશો.

ભીમસેન—[વધાવીને] લ્યો મહારાજ આ નવરત્ન હીરાહાર આપને દક્ષિણામાં અર્પણ થાય છે (કંકોત્રી લઈ ધર્મને આપે છે)

ધર્મ—અહો ગાંડીવાધારી અર્જુન! લ્યો આ કંકોત્રી વાંચો (આપે છે)

અર્જુન—(લેઇને વાંચે છે) " **ખુશ રહો સનમજા**." એ રાહ.

શ્રી ઈન્દ્રપ્રસ્થ સ્વસ્થાન,સ્વસ્તિની આ વાસે;વસો વરિષ્ટાત્મિક વંશ,પાંડવ કુળ પાશે;
છો પ્રમૂખ ધર્મ અર્જૂન, નીકુળ સહદેવા; વળી ભીમ ભયાનક, યુદ્ધ વિશારદ કેવા.
લ્યો પ્રણામ દ્વારીકાં ધામ, થકી અરપુંછું;આશિર્વચનો પણ તેમ, સદા સરજુંછું;
પ્રિય! ભુલ ભરેલી વાત, ભલી વરતાવી; અંતર નહીં ભીન્ના ભીન્ન,ભૂમાં ભરમાવી
આ આરોપી વરમાળ,કન્યકા વરીઓ; નહીં ન્યાય નહીં અન્યાય, ભીમે આદરીઓ;
પણ જે ખરા રીપુઓ જરા, આજ ઊંઘમાં જાગે; લક્ષીત લેવાને લક્ષ, લાગમાં લાગે
શા! હાસ્યતણું સન્માન,મનાવી લાવે, દેશાટણુંમાં પણ તેમ, સદા ફરકાવે;
[illegible]

નહીં વિપ્ર વૈશ્ય કે શુદ્ર, રણાંગણ ગાજે; જ્યાં હોય કેસરી બાળ,–બળાબળ બાઝે;
આ એવું સમજી શુભ મૂહૂર્ત્ત,લખી મુકાવ્યું;કરી કેસરીઆં લ્યો લ્હાવ,પરસ્પર ફાવ્યુ.
છે અક્ષયત્રતિયાનું મૂહૂર્ત, મણી વાસરમાં; પહોંચે નક્ષત્રે ચંદ્ર, ચાપે વા શરમાં;
જ્યોતિર્વિદે સઉ સઘ,મ્હને સમજાવ્યું;અંતર નહીં બીજા બીજ,પરસ્પર ફાવ્યુ.
હા! સૈન્ય સ્હાય પરીવાર,સુખેથી લાવો;અંતરમળ ત્યાગી મિત્ર,રણાંગણ આવો;
વળી ઉત્થાપન જો મૂહૂર્ત, કર્યું હોય કહેજો;હા ના તણો ઉત્તર એક,વિવેકથી દેજો.
નહીં માન્ય કરી સન્માન,યુદ્ધનહીંકરશો;લઇશું નિજ ભૂજ બળભયે, દુઃખબહુધરશો;
માટે કરશોજી જયકાર, કરી કેસરીઆં શોભે રણ નર્તનકાળ તદા તતથઇઆં.

ભીમસેન—અરે શું આ શ્રીકૃષ્ણે પણ નિરાંકુશપણું નથી વાપર્યું કે?

ધર્મ—તેનું તમારે શું પ્રયોજનછે પણ આ મૂહૂર્તાનુકુળ કુશળછે કે નહીં?

ભીમસેન—અમે કાંઈ ચુડીઓ નથી પ્હેરી કે મૂહૂર્તાનુકુળ નહીં પડે!

અર્જુન—ત્યારે શ્રીમુખેજ કહેવરાવી દો કે મૂહૂર્તાનુકુળ કુશળ છે.

ધર્મ—[કંકોતરીઆને] અહો જગતૂપૂજ્ય ભૂદેવા! શ્રી મન્મહારાજા શ્રી કૃષ્ણ પરમાત્માને અમારા પ્રણામપૂર્વક નિવેદન કરજો કે અમારે મૂહૂર્તાનુકુળ કુશળ છે. (નમૃતાથી જવામાંડે છે)

નીકુળ—પ્રતિહાર! આ ભૂદેવને પાકશાળામાં પ્રવેશાવી ભોજનાનુકુળ કરી આપો. (બંને જાય છે)

અર્જુન—અહો ભ્રાતાઓ! પરમાત્માનું ચક્ર પ્રવર્તન થશે ત્યારે શું ઉપાય યોજવો, તે કાંઇ વિચાર?

સહદેવ—મહાદેવની ભક્તી કરી વજ્રમય ત્રીશુળાયુદ્ધ મેળવો પછી શું?

ધર્મ—ત્યારે તે કામ કરવાને ભીમસેનજી સત્વતારથી કૃપા કરશે.

ભીમસેન—આપ સર્વેની આજ્ઞાપૂર્વક હું તત્પરજ છું. [જાય છે.]

પ્રવેશ ૭ મો.

સ્થળ—અરણ્યમાં મહાદેવ.

ભીમસેન—[શીવનું પંચોપચારે પૂજન કરીને] અરે આ હું એકે એકે બીલ્વીપત્ર ચઢાવુંછું પણ તેનો પારગામી ક્યારે થવાનો! માટે લાવને આ અરણ્યમાં જેટલાં બીલ્વીનાં વૃક્ષો હોય તેટલાં લાવીને અર્પણ કરી દેઊં એટલે તત્કાળ સદાશીવ પ્રસન્ન થવામાં દીર્ઘસત્રી નહીં થતાના!!! (...)

મહાદેવ—(પ્રસન્નાનને] વરંબ્રુહિ !! વરંબ્રુહિ !! વત્સ ! વરંબ્રુહિ !!!

ભીમસેન- મહારાજ! શ્રીકૃષ્ણ પરમાત્માનું વજ્રરૂપી ચક્ર સાથે અમને નિર્બાધપણે સહાયકારી થઈ પડે એવું કાંઇ આયુદ્ધ આપો.

મહાદેવ—વત્સ! લે; આ પણ વજ્રમય ત્રિશુળ છે. [આપે છે.]

प्रवेश ८ मो.

સ્થળ—રણસ્થંભ.

પાંડવોનું અને યાદવોનું સપરિવાર સૈન્ય સ્હાયકારી અન્ય ક્ષત્રિયો વિગેરે ચિકિત્સાત્મિક મધ્યસ્થ ક્ષત્રિયો અને આકાશ માર્ગે વૈમાનારૂઢ સુરેન્દ્ર સહિત દેવ અને દાનવો.

બળદેવ—અહો મ્હારા શૂરા સામંતો! હવે અસ્ત્રશસ્ત્રાદિ મંત્રોના પુનરોદ્ધારમાં પ્રવર્ત થાઓ !!! અને ચંદ્રવ્યૂહાદિ રચના કરવામાં સંયુક્તપણે સાવધ હો !! સાવધ હો !!!

ભીમસેન—અહો મ્હારા શૂરા સામંતો! અસ્ત્રશસ્ત્રાદિ મંત્રાધ્યક્ષોની સમિપ જઇ પહોંચો!!! અને અન્યવ્યૂહાદિ રચના કરવામાં સંયુક્તપણે સાવધ હો !! સાવધ હો !!!

નીકુળ—અહા ! આ ગાંડીવાધારી અર્જૂન તો શ્રીકૃષ્ણ પરમાત્માના રથપર જઇને નિશ્ચિંત પણે ચઢી બેઠા !!!

ભીમસેન—ચિન્તા નહીં ભ્રાતાઓ! આ ભીમસેન તો પદભ્રષ્ટતાને પાત્ર થવાનો નથી !?! (સાંમસાંમી વ્યૂહ રચના થયા પછી રણગીત અને શૂરત્વાંકુરોનાં વાજીંત્રો વાજે છે) આહા! આ પંચજન્યનો પ્રમાદરૂપી નાદ થાય છે માટે મ્હારા શૂરા સામંતો! હવે તમે ધનૂષ્યોની પ્રત્યંચાઓ ચઢાવી સાવધ હો !! સાવધ હો !!!

સહદેવ—સાબાશ! સાબાશ! મારા શૂરા સામંતો સાબાશ !!!

ભીમસેન—અહો કાશીપતિ ડાંગવ મહારાજા! હવે તમારા પ્રદિપ્ત સામર્થ્યનો પણ પ્રાદુર્ભાવ થવો જોઇએ! માટે સાવધ હો! સાવધ હો!! જુવો! આજે આ આપનો ભાગ્યરૂપી સૂર્ય કેવો ઉદય પામ્યો છે આહા! આ રણભૂમી શૂરા સામંતોથી કેવી આલ્હાદીની થઈ પડી છે!!

ડાંગવ—ધન્ય છે! ધન્ય છે ભીમસેનજી! ધન્ય છે આપને !! આ આપ-

ન પામું એવું દૈવે જોર કર્યું છે! તથાપિ આ અશ્વની પરની સર્વ સત્તાઓ નિર્બાધપણે હરણ કરવાનો સમય ક્યારે જોવાશે?

ભીમસેન—નિશ્ચિન્ત થાઓ કાશીપતિ! એવો સમય પણ હવે સર્વેશ્વરે સમિપ લાવી મુકયો છે! માટે સાવધ હો!! સાવધ હો!!!

નિકુળ—અહો! આ નાગાસ્ત્ર આવી પહોંચ્યું છે માટે ગરૂડાસ્ત્ર મુકવામાં મંત્રાકર્ષિત સાવધ હો!! સાવધ હો!!!

બળદેવ—અહો! આ ગરૂડાસ્ત્ર આવી પહોચ્યું છે માટે અગ્ન્યાસ્ત્ર મુકવામાં મંત્રાધ્યક્ષો સાવધ હો!! સાવધ હો!!!

સહદેવ—અહો! આ અગ્ન્યાસ્ત્ર આવી પહોચ્યું છે માટે વરૂણાસ્ત્ર મુકવામાં નિર્ભયપણે સાવધ છું!! સાવધ છું!!!

પ્રદ્યુમ્ન—અહો! આ વરૂણાસ્ત્ર આવ્યું છે માટે પવનાસ્ત્ર મુકવામાં પ્રબળપણે સાવધ છું!! સાવધ છું!!!

વિક્રમાદિત્ય—(લશ્કરને શૂર ચઢાવતાં) અહો મારા શૂરા ક્ષત્રિય મિત્રવીરો! આ પવિત્ર ભર્ત ભૂમિના શૂરા ક્ષત્રિય વીર પુરૂષોમાં આ નિર્બળ રણસ્થંભ કેમ ઉખડી પડતો નથી!! અરે આ યાદવોની ધ્વજા પાંડવોના શૂરા સામંતોથી કેમ જોઇ રહેવાય છે!! અરે આ પાંડવોની ધ્વજા પતાકા યાદવોના શૂરા સામંતોથી કેમ જોઈ રહેવાય છે!! અહો! આજે તો આ શૂરવીર સામંતોનેજ કીર્તિ અપ્સરાઓ વરવાને તૈયાર થયેલી નિરાશાયે શા માટે પાછી જવી જોઇએ!! માટે સર્વે સાવધ હો! સાવધ હો!!!

ભીમસેન—અરે! આ રણસ્થંભથી ઘોડીને છોડાવનારો કયો શૂરવીર ઉત્પન્ન થાય તેવો છે? !! એક તો જોઉં?

બળદેવ—અરે! ત્યારે પાછી લેઈ જનારાઓએ પણ સિંહણનું દુધ પીધું નથી!!!

ભીમસેન—એ! જોઈ લ્યો! ત્યારે આ ગદા પ્રહારથીજ પ્રથમતો પરમાત્માના રથના કટકા થઇ પડેછે!! સાવધ હો! સાવધ હો! શૂરા સામંતો!!!

શ્રીકૃષ્ણ—અહો આ સદાકાળ સંરક્ષણ કરવાવાળા પરમાત્માના રથના કટકા કરવાવાળો ભીમસેન નિડરપણે ક્યાં છુપાઇ રહયો છે? !!

(એમ કહી વજ્રરૂપી સુદર્શનચક્ર મુકે છે)

ભીમસેન—સિંહ ક્ષત્રિયો છુપાઈ રહેવાના નથી! એ તો આ રણસ્થં અને ગૃહાંગણુ બે સમાનભાવે માનીને પ્રદ્યુમ્નજીએ પ્રવેશ કર્યો ત્યારપહેલાનાજ પ્રકાશ પડેલાછે! માટે જુઓ ચક્રભંગી ત્રશુળ! [એમ કહી વજ્રરૂપી ત્રીશુળ મુકે છે તે બંને એકઠાં થઈ આકાશ માર્ગે ચાલે છે તેમાંથી અગ્ની ઝરે છે તેથી]

મધ્યસ્થો—ત્રાહી! ત્રાહી! પરમકૃપાળુ ત્રાહી! આ બે વજ્રોમાંથી ખરતા અગ્નીએ અમે દગ્ધ થઇએ છીએ માટે પાહી!! પાહી!!

શ્રીકૃષ્ણ—અહો હનુમંત! આ બે વજ્રોને જુદાં કરવાને માત્ર તારૂંજ વજ્રમય શરીર ઘડેલું છે માટે તું તેને અવકાશ માર્ગેથી છુટાં કર!

હનુમંત—આપ કૃપાળુની આજ્ઞાપૂર્વક કરવાને અનુચર સત્વર પ્રવર્તે છે! [મ્હોટી ભયાનક ચીસ પાડીને ચક્ર અને ત્રીશુળને જુદાં પાડતાં તે ત્રણે વજ્ર ભીમસેનની એક બાજુની અડધી વજ્રમય કાયાપર આવી પડવાથી સાડાત્રણ વજ્રનો સંયોગ થયો એટલે નાશકારક ઘોડી સાક્ષાત્ દૈવી ઉર્વશીના એટલે પોતાના પૂર્વસ્વરૂપને પ્રાપ્ત થાય છે અને આકાશથી પુષ્પની વૃષ્ટી થાય છે તેની સાથે દૈવી વિમાન આવે છે તેમાં ઉર્વશી શ્રીકૃષ્ણ પરમાત્માને અને ધર્મરાજાને નમન કરી સ્વર્ગે ચાલી જાય છે એટલે ડાંગવાદી ગ્લાની પામી શ્રીકૃષ્ણની કૃપા મેળવી પોત પોતાના સ્થાન પ્રતિ ગતિ કરે છે.

પૂર્વે પરિશિષ્ટ આપવાનું લખ્યું છે પરંતુ ગ્રન્થ ભૂયસ્ત્વના ભયથી અત્ર આપી શકતો નથી.

समाप्त

અગાઉથી આશ્રય આપનાર સદ્ગ્રહસ્થોના નામનું લિષ્ટ.

સુચના—જે સદ્ગ્રહસ્થોએ આ પુસ્તકમાં હેન્ડબીલના ઠરાવ મુજબની તારીખ સુધીમાં પોતાનું નામ અમર કરાવ્યું છે તેજ શાહેબોનાં નામ અત્રે દાખલ કરવામાં આવ્યાં છે; ત્યાર પછીના જે ગ્રાહકોએ નામ મોકલાવ્યાં છે તે દાખલ કરવામાં આવ્યાં નથી માટે તેઓ ક્ષમા કરશે એવી આશા છે.

નકલ	નામ
	શ્રી માહારાજાધિરાજ શ્રી ૭ કેસરીસીંહજી સાહેબ.
૧૨	કે. સી. એસ. આઈ. સ્વસ્થાન ઈડર.
૫	દીવાનબહાદુર. મણીભાઇ જસભાઇ.
૫	રાવબહાદુર. રણછોડલાલ છોટાલાલ
૧૦	શેઠ. બાલુભાઈ મગનલાલ
૧૦	રા. રા. મહાશંકર વિદ્યારામ.
૫	કુંવરસિંહજી આલામભાઇ રાણપુર દરબાર.
૫	ઝવેરી. કેસવલાલ ગોકળભાઇ.
૨	શેઠ. હરીલાલ પ્રેમચંદભાઇ.
૨	પટેલ. પાનાચંદ ગીરધરલાલ.
૨	શેઠ. વીમલભાઈ લલુભાઈ.
૨	ઝવેરી. મનસુખભાઈ બાલાચંદ
૨	રા. રા. જેએશંગભાઇ ચુનીલાલ
૨	પુરાણી. નરભેશંકર કરૂણાશંકર
૨	શાહ. હઠીશંઘ નગીનદાસ.
૨	શાહ. ત્રીભોવનદાસ કાલીદાસ.
૨	શેઠ. મણીભાઇ પ્રેમચંદભાઇ.
૧	શેઠ. અમરતલાલ લલુભાઇ.
૧	શેઠ. મોહનભાઇ માહાસુખભાઇ
૧	શાહ. કેશવલાલ લલુભાઇ
૧	શાહ રવચંદ ફુલચંદ
૧	શાહ. લાલભાઇ ફકીરભાઈ
૧	પટેલ ગણેશ લાલદાસ
૧	શેઠ. મગનલાલ છગનલાલ

નકલ.	નામ.
૧	શાહ. ગીરધરલાલ મુલચંદ
૧	શાહ. મોહનલાલ છગનલાલ
૧	શાહ. જમનાદાસ ઘેહેલાભાઇ
૧	શેઠ. મોહોલાલભાઇ ઉમેદચંદ
૧	શાહ. જેએશંઘભાઇ ભાઇચંદ
૧	શાહ. ચુનીલાલ ઉજમલાલ
૧	પટેલ. મોહનલાલ હરગોવંદ
૧	બાપુભાઇ ફતેચંદ કાર્યભારી
૧	ઝવેરી ચંદુલાલ લલુભાઇ
૧	શાહ. જેએશંઘ મોહનલાલ
૧	શેઠ જગાભાઇ કહાંનદાસ વીમાવાળો
૧	શાહ. બાળચંદ ખુશાળચંદ
૧	શાહ. નાથાલાલ મથુરદાસ
૧	શાહ. મગનલાલ વખતચંદ
૧	શાહ. ચુનીલાલ છગનલાલ
૧	શાહ. મણીલાલ તરભોવનદાસ
૧	શાહ. લલુ વુધ્યમ ઘોલેરાવાળા
૧	વ્યાસ મોહનલાલ નાનાલાલ
૧	મેરાઈ. મુલજી નાંહાંનજી
૧	શાહ. ભીખાભાઇ દેવચંદ
૧	જોશી ઉમીયાશંકર સેવકરામ
૧	શાહ. માહાસુખરામ પાનાચંદ
૧	સોદાગર મોહોલાલભાઈ જમનાદાસ
૧	શાહ ડાહ્યાભાઇ પરેમચંદ
૧	દરબાર સીસાભાઇ
૧	ભાવસાર જીવરામ લાલચંદ

નકલ.	નામ.
૧	નેનચંદ ગોરજી
૧	ઝવેરી ન્યાલચંદ હકમચંદ
૧	શેઠ નાંહાંનાલાલ નથુભાઇ
૧	ગોપાળરાવ નારણરાવ કીણગી
૧	રા. રા. જય કીસનદાસ
૧	રા. રા. આતમારામભાઇ ગુડસકલાર્ક
૧	પાઠક મોતીભાઇ ગોપાળજી
૧	શેઠ. મગનલાલ ફુલચંદ
૧	રા. રા. જીવણલાલ ત્રીકમલાલ
૧	શેઠ. જમનાદાસ સવચંદ
૧	પા. ગોવંદજી નાંહાંનજી
૧	રા. રા. ઇશ્વરલાલ અમરજી આ. ખા. કારભારી.
૧	રા. રા. હીરાલાલ લવજી પાંડેજી.
૧	શાહ. કુબેરદાસ આતમારામ
૧	શાહ. ડાહ્યાભાઈ ધોલસા
૧	શ્રી દાંતાદરબારના કારભારી સાહેબ ભાઇ પ્રહ્લાદજી દુલભરામ
૧	શાહ. અચરતલાલ હરજીવંનદાસ
૧	શાહ. છગનલાલ અમથાશાહ.
૧	શાહ. જેમેશંગ નથુભાઇ
૧	શાહ. કેશવલાલ નગીનદાસ
૧	શેઠ. લાલભાઇ મોહોલાલભાઇ
૧	કુંવરજી સીહાભાઇ દેસાઇ
૧	શાહ. મથુરદાસ ઝવેરદાસ
૧	પટેલ દામોદર ચુનીલાલ
૧	શેઠ. જેઐશંગભાઈ નામચંદભાઇ
૧	શાહ. લાલચંદ લલુભાઇ
૧	ટલારી. માણેકલાલ ભગવાનદાસ

નકલ.	નામ.
૧	પટવારી મોહનલાલ જસરાજ
૧	શા. મોહનલાલ જમનાદાસ.
૧	શાહ. વરજલાલ મનોરદાસ
૧	મુખતીયાર ગોપાળજી વશનદાસ
૧	પરી જસરાજ કાલીદાસ
૧	શાહ. નારાયણદાસ ગોપાળજી
૧	ગાંધી શાંમળદાસ મોતીભાઈ
૬	મોદી પરસોતમદાસ રણછોડદાસ
૧	મુખતીયાર છગનલાલ વાઘજી
૧	શાહ. વાડીલાલ ઘેડુલાભાઇ
૧	શાહ. હીમતલાલ માણેકચંદ
૧	શાહ. ચુનીલાલ નગીનદાસ વહોરા
૧	શાહ. બાલાભાઈ રણછોડદાસ
૧	શાહ વીજલાલ ચતુરભાઈ
૧	શાહ. ત્રીકમલાલ મગનલાલ
૧	લાલા. ગુલાબરાવ ધીરજરાવ
૧	રા. રા. પરેમશંકર રેવાશંકર
૧	શાહ. વાડીલાલ મનસુખરામ
૧	શાહ. પોપટલાલ મુલચંદ
૧	શુકલ સોમેસ્વર ભાઉ
૧	ચોકસી મોતીલાલ લલુભાઇ
૧	શાહ. મોહનલાલ મગનલાલ
૧	શાહ. મણીલાલ સાંકલચંદ
૧	શ્રી વૈષ્ણવી. રંગદાસજી
૧	વૈદ્ય. માણેકલાલ કાલીદાસ
૧	જાંની જયશંકર છોટાલાલ
૧	ત્રીવેદી મોતીલાલ કેસવલાલ
૧	શાસ્ત્રી વિસ્વનાથ જેઐશંકર
૧	ભટ. ગણપતરામ છગનલાલ

સુચના.

જેઓને નાટક, ત્રાટક, નિબંધો અને વારતાઓ રચાવવી હોય અથવા હરકોઈ સંસ્કૃત પુસ્તકનો તરજુમો કરાવવો હોય અથવા ગુજરાતીનું સંસ્કૃત કરાવવું હોય તેમજ માગધી ભાષાનું સંસ્કૃત અથવા ગુજરાતી કરાવવું હોય એવા વૈષ્ણવી, શૈવી અને જૈનીમાંના હરકોઈ ગ્રન્થોનું ભાષાન્તર કરાવવું હોય તેમજ જ્યોતિષ્ય અને વૈદક સબંધી હરકોઇ કામ હોય તેમણે અમારી "સરસ્વત્યુદ્ઘાટન" શાળામાં એટલે નિચેના શીરનામે લખી મોકલવું તો તેને ઘણીજ કીફાયતથી અને જલદીથી તે કામ કરી આપવામાં આવશે. નોટપેડ પત્ર લીધામાં આવશે નહીં.

લી૦
કૃપાશંકર ગંગાશંકર મહેતા.

અમદાવાદ.

તા૦ ૨૭—૭—૯૨

અમદાવાદમાં પંચભાઇની પોળમાં
અથવા ઝવેરીવાડે હસ્તીબીબીના
સામેની શાળામાં લખી મોકલવું.

इति

डांगवोपाख्यान

अथवा

नाशकारक घोडी

समाप्त.

જાહેર ખબર.

સર્વે સદ્‌ગ્રહસ્થોને ખબર આપવામાં આવે છે કે આ પુસ્તક તેમજ નીચે લખેલાં સર્વે પુસ્તકો અમદાવાદમાં પંચભાઈની પોલમાંથી ગ્રંથ કર્તાની પાસેથી તથા સાંકડીશેરીમાં સરકારી ગુજરાતી નિશાળમાંથી માસ્તર જેએચંદ હીરાચંદની પાસેથી અથવા કાપડ બજારમાં શા. ભીખાભાઇ મોહોલાલભાઇ ટોપીઓના વહેપારીની દુકાનેથી રોકડી કીંમતે વેચાથી મળશે.

પુસ્તકનાં નામ.	કિંમત.
રતિરત્નમંજરી.	રૂ૦—૮—૦
સાભ્રમતી મહાત્મ.	રૂ૦—૮—૦
શ્રી તાજીક (જ્યોતિષ્ય)	રૂ૦—૪—૦
ગરૂડ પુરાણ. (સટીક)	રૂ૦-૧૨—૦
એકાદશીમહાત્મ. (સટીક	રૂ૧—૦—૦
પુરૂશોત્તમમહાત્મ. (સટીક)	રૂ૧—૦—૦
ક્રીયમાણ ગંગાધર	રૂ૦-૧૨—૦

ઉપર લખેલાં સર્વે પુસ્તકો અમારે ઘેરથી અથવા ઝવેરીવાડે પાંજરાપોળ પાસે હસ્તીબીબીના સામેની નિશાળમાંથી રોકડી કીંમતે મળશે સાંમટી લેનારને રૂબરૂમાં મળવાથી બંદોબસ્ત કરવામાં આવશે.

લી૦ ગ્રંથકર્તા.